AL FAROOQ TOURS & TRAVELS
Since 1996
હજ ૨૦૨૬ બુકીંગ ચાલુ છે
(દિવસ-૪૦) (રવાનગી તારીખ 21 મે)
નવે.-ડિસે. ઉમરાહ દિવસ-૨૦ અમદાવાદથી અમદાવાદ
રમઝાન ઉમરાહ દિવસ-32 અમદાવાદથી અમદાવાદ
હાજી યાકુબ મુન્શી ૯૮૨૫૨ ૭૫૩૩૩-૯૮૯૮૦ ૩૪૪૭૮
૧, સંજરી એપાર્ટમેન્ટ, શાહેઆલમ, અમદાવાદ-૨૮

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

ઈન્શાઅલ્લાહ
Member of IATA
ACTIVE MEMBER
AIHUTOA
હજ્જ-૨૦૨૬ બુકિંગ ચાલુ છે.
દિવાળી વેકેશન ઉમરાહ - ૨૦૨૫
રવા.તા.૧૬/૧૦/૨૦૨૫ રવા.તા.૧૯/૧૦/૨૦૨૫
રિટર્ન તા.૦૨/૧૧/૨૦૨૫ રિટર્ન તા.૦૫/૧૧/૨૦૨૫
દિવસ - ૧૭
ઉમરાહ વિઝા
દુબઈ વિઝા
રઝાક એન્ડ સન્સ
કાકીવાલા ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ગુજરાત ટુરીઝમ પાસે, આશ્રમરોડ, અમદાવાદ.
M.9898099980, 9426579900
www.hajindia.com

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૫ અંક-૬૫ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# ગાઝા જતાં સહાય કાફલાની એક સિવાયની તમામ બોટ અટકાવતું ઈઝરાયેલ

## ઈઝરાયેલ નૌકાદળની સખત નાકાબંધીના કારણે સહાયનો પુરવઠો ભૂખે મરતા પેલેસ્ટીન નાગરિકો સુધી ન પહોંચ્યો

(એજન્સી) જેરૂસલેમ તા.૨

ભૂખથી તડપી રહેલા ગાઝા સિટીના પેલેસ્ટીની નાગરિકોને સહાય પહોંચાડવા માટે રવાના થયેલા જંગી ગ્લોબલ સુમુદ ફ્લોટીલાને ગાઝા સુધી પહોંચતા અટકાવી દઈને જંગી સહાય કાફલાના એક સિવાયના તમામ વહાણને ઈઝરાયેલના નૌકાદળ દ્વારા અટકાવી દેવામાં આવ્યા હતા અને સહાય કાર્યકરોની મોટા પ્રમાણે અટકાયતો કરી લેવામાં આવી હતી. જાણીતી સ્વીડસ પર્યાવણ કાર્યકર ગ્રેટા થુનબર્ગ સહિત ૩૭ દેશોના સામાજિક કાર્યકરો અને આગેવાનોની અટકાયત કરી લેવામાં આવી હતી. માત્ર એક બોટ બચીને નીકળી ગઈ હતી જે ગાઝાના કાંઠે પહોંચી ગઈ છે. ઈઝરાયેલના દળોએ એક સિવાયના તમામ સહાય બોટ વહાણને રોકી લીધા છે. ગૈટા અને ડઝનબંધ કાર્યકરોની અટકાયતો કરી લેવામાં આવી છે. આ રીતે ગાઝાવાસીઓ સુધી સહાય પહોંચાડવાનો વિશ્વનો વધુ એક મોટો પ્રયાસ દમનકારી ઈઝરાયેલના લશ્કર દ્વારા નિષ્ફળ બનાવી દેવામાં આવ્યો છે. વિશ્વભરના દેશોએ ૪૭ દેશોમાંથી પહોચેલા ૪૪૫ કાર્યકરોની અટકાયતની ટીકા કરી છે અને એ તમામ સામાજિક કાર્યકરોને તાત્કાલિક ગેરકાયદે અટકાતમાંથી મુક્ત કરવાની માંગણી કરી છે. કતાર સહિતના અરબ દેશોએ આંતરરાષ્ટ્રીય કાયદાનો ભંગ કરવા બદલ અને સહાય કાફલો રોકવા બદલ ઈઝરાયેલની સખ્ત ટીકા કરી હતી. ઈઝરાયેલ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે ગ્રેટા સહિત તમામ અટકાયતીઓને પાછા રવાના કરી દેવામાં આવશે. ઈઝરાયેલી સૈન્યએ ગાઝા પટ્ટીમાં માનવતાવાદી સહાય લઈ જતા જહાજોના ફ્લોટિલામાં ઘણા જહાજોને અટકાવ્યા છે, જેમાં ઘણા કાર્યકરોની અટકાયત કરવામાં આવી છે. આયોજકોના જણાવ્યા અનુસાર, ગ્લોબલ સુમુદ ફ્લોટિલાના ઓછામાં ઓછા ત્રણ જહાજો, જેમાં ૪૪ જહાજો અને લગભગ ૫૦૦ કાર્યકરોનો સમાવેશ થાય છે, ગાઝાના કિનારાથી લગભગ ૭૦ નોટિકલ માઇલ (૧૩૦ કિમી) દૂર અટકાવવામાં આવ્યા હતા.

ઈઝરાયેલના વિદેશ મંત્રાલયે બુધવારે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ફ્લોટિલાના ''ઘણા જહાજો''ને સુરક્ષિત રીતે રોકવામાં આવ્યા હતા અને તેમના મુસાફરોને ઈઝરાયેલી બંદર પર સ્થાનાંતરિત કરવામાં આવી રહ્યા છે. તેમાં લખ્યું છે કે સ્વીડિશ કાર્યકર્તા ગ્રેટા થનબર્ગ, જે મુખ્ય જહાજ અલ્મા પર સવાર હતી, તે અને તેના મિત્રો સુરક્ષિત અને સ્વસ્થ છે. કાર્યકર્તાના જૂથ અનુસાર, અત્યાર સુધીમાં, ઈઝરાયેલી નૌકાદળ દ્વારા ઓછામાં ઓછા છ જહાજોને અટકાવવામાં આવ્યા છે. જહાજોના નામ દેઈર યાસીન/માલી, હુગા, સ્પેક્ટર, અદારા, અલ્મા અને સિરિયસ છે. ઘણા જહાજોને ''સક્રિય આક્રમકતા''ના કૃત્યો સાથે નિશાન બનાવવામાં આવ્યા હતા. યુલારા, મેટેક અને અન્યને વોટર કેનનથી નિશાન બનાવવામાં આવ્યા છે. તેમાં સવાર તમામ મુસાફરોને કોઈ નુકસાન થયું નથી.

## ગ્રેટા થુનબર્ગ અને ૩૭ દેશોના ૪૦૦થી વધુ કાર્યકરોની અટકાયત



### ઈઝરાયેલી નૌકાદળ અત્યાર સુધીમાં ઓછામાં ઓછા છ જહાજો પર ચઢી ગયું છે અને વધુ અવરોધો ઊભા થવાની ધારણા છે

ઈઝરાયેલે ગાઝા તરફ જતા પેલેસ્ટીની સમર્થક ફ્લોટિલાના ઘણા જહાજોને અટકાવ્યા છે અને તેમને ઈઝરાયેલી બંદર તરફ વાળ્યા છે. ગ્લોબલ સુમુદ ફ્લોટિલા તરીકે ઓળખાતા ફ્લોટિલાએ માનવતાવાદી સહાય અને ગ્રેટા થનબર્ગ સહિત સેંકડો કાર્યકરોને લઈને સફર કરી હતી, ઈઝરાયલ દ્વારા વારંવાર ચેતવણી આપવામાં આવી હતી કે તેની નૌકાદળ નાકાબંધીનો ભંગ ન કરવો જોઈએ. ગ્લોબલ સુમુદ ફ્લોટિલામાં ૪૦થી વધુ નાગરિક બોટનો સમાવેશ થતો હતો જેમાં લગભગ ૫૦૦ લોકો હતા, જેમાં સંસદસભ્યો, વકીલો, કાર્યકરો અને થનબર્ગ અને અભિનેત્રી સુસાન સારાન્ડન જેવી હસ્તીઓનો સમાવેશ થતો હતો. આયોજકોએ જણાવ્યું હતું કે ફ્લોટિલા ગાઝા માટે માનવતાવાદી સહાય લઈ જઈ રહી હતી, ઈઝરાયેલી ચેતવણીઓ હતી કે તેને પ્રદેશ સુધી પહોંચવા દેવામાં આવશે નહીં.

## વિશ્વ સુમુદ ફ્લોટીલામાં સામેલ ૪૫ સહાય વહાણોમાંથી માત્ર એક ગાઝા કાંઠે પહોંચી શકયું : પકડાયેલા બધાને પાછા રવાના કરશે ઈઝરાયેલ

તેઓને અટકાવવામાં આવે તે પહેલાં, જહાજો એ સ્થાનેથી આગળ વધવામાં સફળ થયા હતા જ્યાં આ વર્ષની શરૂઆતમાં ઈઝરાયેલી દળો દ્વારા મેડલીન ફ્લોટિલાને અટકાવવામાં આવ્યું હતું.

કાર્યકરોએ ચેતવણી આપી હતી કે અવરોધ શરૂ થાય તે પહેલાં, ઈઝરાયેલી સૈન્યએ તેમના ઉપકરણોને અક્ષમ કરીને તેમના કનેક્શન કાપી નાખ્યા છે, જેના કારણે તેમના કેમેરા, તેમના લાઈવસ્ટ્રીમ અને સંદેશાવ્યવહાર પ્રણાલીઓ પર અસર પડી હતી. ગ્લોબલ સુમુદ ફ્લોટિલાના સત્તાવાર ચેનલોએ એક નિવેદનમાં ઈઝરાયેલની કાર્યવાહીની નિંદા કરી હતી, અને કહ્યું હતું કે મિશનના જહાજોને ''ગેરકાયદેસર રીતે અટકાવવામાં આવી રહ્યા છે. માનવતાવાદી લોકોનું અપહરણ કરવામાં આવ્યું છે, ફ્લોટિલાએ કોઈ કાયદો તોડ્યો નથી. તે ગેરકાયદેસર નથી પણ ઈઝરાયેલનો નરસંહાર, ઈઝરાયેલ દ્વારા ગાઝા પર ગેરકાયદેસર નાકાબંધી અને ઈઝરાયેલ દ્વારા ભૂખમરાનો હથિયાર તરીકે ઉપયોગ અયોગ્ય છે. આ નિવેદનમાં સમર્થકોને સરકારોને કાર્યવાહી કરવા દબાણ કરવા વિનંતી કરવામાં આવી હતી, જેમાં લખ્યું હતું. યુનાઈટેડ સ્ટેટ્સ નાગરિક અને કાર્યકર્તા લીલા હેગાઝી, જે એક જહાજ પર છે, તેણે સોશિયલ મીડિયા પર એક પૂર્વ-રેકોર્ડ કરેલ સંદેશ પોસ્ટ કર્યો હતો જેમાં જણાવ્યું હતું કે તેણીએ વિડિઓ શેર કરવાનો અર્થ એ છે કે તેણીનું ઈઝરાયેલી કબજા દળો દ્વારા અપહરણ કરવામાં આવ્યું છે અને તેણીની ઈચ્છા વિરુદ્ધ ઈઝરાયેલ લાવવામાં આવી છે. હું તમને બધાને વિનંતી કરું છું કે તમે ગાઝામાં પેલેસ્ટીની લોકોના નરસંહારમાં તેની ભાગીદારીનો અંત લાવવા અને આ મિશન પરના દરેક માનવતાવાદીના સુરક્ષિત પાછા ફરવાની ખાતરી કરવા માટે યુનાઈટેડ સ્ટેટ્સ સરકાર પર દબાણ કરો. ભૂતકાળમાં ફ્લોટિલા કાર્યકરોનું પ્રતિનિધિત્વ કરનારા કાનૂની કેન્દ્ર અદાલાહના ડિરેક્ટર હસન જબરીને અલ જઝીરાને કહ્યું કે, આ વખતે, અમને ખબર નથી કે ઈઝરાયેલ શું કરશે. કાયદા અનુસાર, કાર્યકરોને ૭૨ કલાકની અંદર દેશનિકાલ કરી શકાય છે, અથવા ૯૬ કલાકની અંદર કોર્ટમાં રજૂ કરી શકાય છે. તેમણે કહ્યું કે કેટલાક કાર્યકરોની ધરપકડ કરી શકાય છે પરંતુ નોંધ્યું કે ઈઝરાયેલ સામાન્ય રીતે તાત્કાલિક મુક્તિનો વિકલ્પ પસંદ કરે છે. જો તેઓ તેમની ધરપકડ કરે છે અને અટકાયત કરે છે, તો તે હારી જવાની પરિસ્થિતિ તરફ દોરી શકે છે, કારણ કે મીડિયા કવરેજ જ્યાં સુધી તેઓ કસ્ટડીમાં રહેશે ત્યાં સુધી ચાલુ રહેશે. સંયુક્ત રાષ્ટ્રમાં ઈઝરાયેલના રાજદૂત, ડેની ડેનોને જણાવ્યું હતું કે ગુરુવારે યોમ કિપ્પુરની યહૂદી રજા પૂર્ણ થયા પછી કાર્યકરોને દેશનિકાલ કરવામાં આવશે. તુર્કીના વિદેશ મંત્રાલયે ઈઝરાયેલ દ્વારા બોટોને અટકાવવાની નિંદા કરી, અને તેને ''આતંકવાદનું કૃત્ય'' અને આંતરરાષ્ટ્રીય કાયદાનું ગંભીર ઉલ્લંઘન ગણાવ્યું. મંત્રાલયે કહ્યું કે તે ઈઝરાયેલી દળો દ્વારા અટકાયતમાં લેવામાં આવેલા તુર્કી નાગરિકો અને અન્ય મુસાફરોની તાત્કાલિક મુક્તિ સુનિશ્ચિત કરવા માટે પહેલ કરી રહ્યું છે. ઈટાલીના વિદેશ પ્રધાન એન્ટોનિયો તાજાનીએ કહ્યું કે ઈઝરાયેલી કાર્યવાહીમાં બેથી ત્રણ કલાકનો સમય લાગવાની ધારણા છે.

## ગાઝા પર સરકારનું મૌન ભારતની પેલેસ્ટીન પ્રત્યેની નીતિ સાથે 'સંપૂર્ણ વિશ્વાસઘાત' છે : કોંગ્રેસ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

કોંગ્રેસે બુધવારે ગાઝામાં થયેલા "ભયાનક અત્યાચારો" પર કથિત મૌન બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ટીકા કરી, અને કહ્યું કે આ "નૈતિક કાયરતા" છે અને ભારત જે મહત્ત્વપૂર્ણ સિદ્ધાંતો માટે ઊભું છે તેની સાથે "સંપૂર્ણ વિશ્વાસઘાત" છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે લખ્યું કે, ''પોતાના સારા મિત્ર રાષ્ટ્રપતિ ટ્રમ્પને ખુશ કરવા અને તેમના બીજા સારા મિત્ર બીબી નેતન્યાહૂ સાથે એકતા દર્શાવવા માટે, વડા પ્રધાન મોદીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પની ગાઝા માટે નવી ૨૦-મુદ્દાની યોજનાનું સ્વાગત કર્યું છે. તેમણે પૂછ્યું કે, ''આ શાસન પ્રણાલીમાં ગાઝાના લોકો પોતે ક્યાં છે? સંપૂર્ણ પેલેસ્ટીની રાજ્ય અસ્તિત્વમાં આવવા માટેનો રોડમેપ ક્યાં છે?'' તેમણે એ પણ પૂછ્યું કે અમેરિકા અને ઈઝરાયેલ પેલેસ્ટીની રાજ્યત્વને ક્યાં સુધી અવગણતા રહેશે. છેલ્લા વીસ મહિનામાં ગાઝામાં થયેલા નરસંહાર માટે જવાબદારી ક્યાં છે? ગાઝામાં હજારો નાગરિકોની હત્યા તરફ દોરી ગયેલા ભયાનક અત્યાચારો પર પીએમએ સંપૂર્ણ મૌન જાળવી રાખ્યું છે. કોંગ્રેસ ગાઝામાં "અત્યાચારો" પર સરકારના આ મૌન પર સવાલ ઉઠાવી રહી છે. કોંગ્રેસ કાર્યકારી સમિતિ (CWC)એ ગયા અઠવાડિયે એક ઠરાવ અપનાવ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે, "ભારત હંમેશા નૈતિક અંતરાત્મા અને વસાહતી-પશ્ચિમ પછીના વિશ્વનું ચેમ્પિયન રહ્યું છે; તે હવે શરમજનક રીતે મૂક પ્રેક્ષક બની ગયું છે. આપણી વિદેશ નીતિ હવે નૈતિક રીતે કલંકિત થઈ ગઈ છે. મોદીએ મંગળવારે ગાઝા સંઘર્ષને સમાપ્ત કરવાની યુએસ પ્રમુખ ટ્રમ્પની યોજનાનું સ્વાગત કરતા કહ્યું કે તે પેલેસ્ટીની અને ઈઝરાયેલી લોકો તેમજ મોટા પશ્ચિમ એશિયાઈ ક્ષેત્ર માટે લાંબા ગાળાની શાંતિ, સુરક્ષા અને વિકાસ માટે એક વ્યવહારૂ માર્ગ પૂરો પાડે છે.

## ભાજપ/RSSની વિચારધારાના કેન્દ્રમાં જ ડરપોકપણું છે : કોલમ્બિયામાં રાહુલ ગાંધીનું આક્રમક પ્રવચન

**આજે ભારત ઉપરનું સૌથી મોટું જોખમ લોકશાહી પર ચારેતરફથી થઈ રહેલું સર્વાંગી આક્રમણ છે ● રાહુલના વિદેશની ધરતી પરના વિધાનો સામે ભાજપની પ્રતિક્રિયા**

(એજન્સી) નવી દિલ્હી,તા.૨

લોકસભામાં વિરોધપક્ષના નેતા અને કોંગ્રેસના અગ્રણી રાહુલ ગાંધીએ આજે ભાજપ અને આરએસએસ પર જોરદાર પ્રહારો કરતા તેઓએ આક્ષેપ કર્યો હતો કે ભાજપ-આરએસએસની વિચારધારાના કેન્દ્રમાં જ ડરપોકપણું અને ભીરૂતા છે. તેમણે એવો ગંભીર આક્ષેપ પણ કર્યો હતો કે શાસક પક્ષ નબળાઓને નિશાન બનાવી રહ્યું છે અને શકિતશાળી સામે આવી જાય તો ઘર્ષણથી દૂર ભાગે છે.

કોલમ્બિયામાં ઈઆઈએ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સંબોધન કરતા તેમણે વિદેશમંત્રી એસ. જયશંકરના વિધાનોને ટાંકીને જણાવ્યું હતું કે ભાજપ અને આરએસએસની પ્રવૃત્તિ આવી જ છે તમે વિદેશમંત્રીનું નિવેદન જુઓ એ કહે છે કે ચીન આપણા કરતા વધુ શકિતશાળી છે તો હું તેની સાથે કેવી રીતે ઝઘડો કરી શકું. રાહુલે ઉમેર્યું હતું કે સંઘની અને ભાજપની વિચારધારાના જ મૂળડમાં જ ડરપોકપણું છે. તેમણે કહ્યું હતું કે દેશ ઉપરનો અત્યારે સૌથી મોટો ખતરો હોય તો એ લોકશાહી વ્યવસ્થા ઉપરનું સંપૂર્ણપણે થઈ રહેલું આક્રમણ છે. લોકસભા વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના અગ્રણી રાહુલ ગાંધીએ ભારતના લોકશાહી માળખાને વેરવિખેર કરી રહ્યાનો વધુ એક વખત ભાજપ ઉપર જોરદાર આક્ષેપ કર્યો હતો. કોલંબિયામાં ઈઆઈએ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સંબોધન કરતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે ભારત ઉપરનો સૌથી મોટો ખતરો કોઈ હોય તો એ લોકશાહી પર થઈ રહેલો સંપૂર્ણ મોટું આક્રમણ છે.

તેમણે ગુરુવારે કોલંબિયાની ધરતી પર વિદ્યાર્થીઓ સાથેના સંવાદમાં આશા દર્શાવી હતી કે હું હજી મારા દેશ વિશે ખૂબ જ આશાવાદી છું કેમ કે ભારતની સાંસ્કૃતિક વિવિધતા તથા ટેકનોલોજી ક્ષેત્રમાં ભારતની શક્તિઓ અને સર્વશ્રેષ્ઠ આરોગ્ય સારસંભાળની સિસ્ટમને કારણે હું હજુ પણ ભારત વિશે ખૂબ જ આશાવાદી છું પરંતુ દેશ ઉપર ઘણા બધા ગંભીર પ્રકારના જોખમો ઊભા થયા છે. એક સૌથી મોટું જોખમ લોકશાહી ઉપર થઈ રહેલું આક્રમણ છે. ભારત વિવિધ સમાજો સમુદાયો અને કોમનું મિશ્રણ સમાન દેશ છે અહીં ભિન્ન ભિન્ન પ્રકારની પરંપરાઓ છે, અલગ અલગ ધર્મો છે, ભિન્ન ભિન્ન વિચારસરણી છે એ બધાને વિકાસ માટે અવકાશ જોઈએ એટલે એવો અવકાશ લોકોને આપવાનો શ્રેષ્ઠ માર્ગ લોકશાહી વ્યવસ્થા છે પરંતુ અત્યારે લોકશાહી વ્યવસ્થા ઉપર જ સંપૂર્ણ અને એકધારું પૂરેપૂરું આક્રમણ થઈ રહ્યું છે એ જ મોટું જોખમ છે. તેમણે ચીન સાથે સરખામણીની વાત કરતા કહ્યું હતું કે ચીન જે કરે છે તે કર્યું છે તે આપણે કરી શકીએ નહીં. ચીન લોકોના અવાજને બિલકુલ દબાવી દેશે અને ત્યાં ખૂબ જ તાનાશાહ શાસન વ્યવસ્થા છે પરંતુ અમારા દેશનું માળખું અને અમારો દેશ એ વ્યવસ્થાને સ્વીકારી શકે નહીં. ભાજપ સરકારે ૨૦૧૬માં અમલમાં મૂકેલી નોટબંધીની નીતિની સખત ટીકા કરતા રાહુલ ગાંધીએ એ નીતિને નિષ્ફળ ગણાવી હતી અને કહ્યું હતું કે ચલણ પર પ્રતિબંધ મૂકવાનો વિચાર એ કાળા નાણાથી છુટકારો મેળવવા માટેનો આશય ધરાવતો હતો પણ એ હેતુ પાર પડ્યો નથી અને એવું થયું નથી. એટલે નોટબંધીની નીતિ નિષ્ફળ ગઈ છે. ભ્રષ્ટાચાર રોકવા માટે કઈ પદ્ધતિ અપનાવી જોઈએ અને શું થઈ શકે એવા સવાલના જવાબમાં કોંગ્રેસના નેતાએ કહ્યું હતું કે ભ્રષ્ટાચારને નાબૂદ કરવા માટેનો સૌથી અસરકારક રસ્તો સત્તાનું વિકેન્દ્રીકરણ છે. પરંતુ હાલની શાસક સરકારમાં બેફામ ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. ભારતમાં પહેલા મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર થતો હતો પરંતુ હવે તો ભ્રષ્ટાચાર ખૂબ ખૂબ કેન્દ્રસ્થાને આવી ગયો છે.

## કાશ્મીર અમારૂં છે : POK યુદ્ધભૂમિ બન્યું; સેના અને પ્રદર્શનકારીઓ વચ્ચે અથડામણ, ૧૨ લોકોનાં મોત

**POK હિંસા : પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં અશાંતિના ત્રીજા દિવસે, પાકિસ્તાની સુરક્ષા દળોએ પ્રદર્શનકારીઓને વિખેરવા માટે ગોળીબાર અને ટીયર ગેસનો ઉપયોગ કર્યો હતો**

(એજન્સી) તા.૨

પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (POK)માં પ્રદર્શનકારીઓ પર પાકિસ્તાની સુરક્ષા દળોએ ગોળીબાર કરતા ઓછામાં ઓછા ૧૨ નાગરિકો માર્યા ગયા છે. ૩૮ મુખ્ય માંગણીઓ પૂરી કરવામાં સરકારની નિષ્ફળતા પર શરૂ થયેલા વિરોધ પ્રદર્શનો, સૈન્ય દ્વારા કરવામાં આવેલા અતિરેક સામે વ્યાપક આંદોલનમાં ફેરવાઈ ગયા છે, જેના કારણે આ પ્રદેશની ગતિવિધિ સ્થગિત થઈ ગઈ છે.

ગુરૂવારે ત્રીજા દિવસે પણ ચાલુ રહેલી અશાંતિમાં દડિયાલમાં સેના સાથે પ્રદર્શનકારીઓ અથડાયા હતા અને સરકારે અશાંતિને શાંત કરવા માટે હજારો વધારાના સૈનિકો મોકલ્યા હતા. મુઝફ્ફરાબાદ ઉપરાંત, હિંસા રાવલકોટ, નીલમ ખીણ અને કોટલી સુધી ફેલાઈ ગઈ છે. અહેવાલો અનુસાર, મુઝફ્ફરાબાદમાં પાંચ, ધીરકોટમાં પાંચ અને દડિયાલમાં બે પ્રદર્શનકારીઓ ગોળીબારમાં માર્યા ગયા હતા. ઓછામાં ઓછા ત્રણ પોલીસ કર્મચારીઓ પણ માર્યા ગયા છે. આ ઉપરાંત, ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે, જેમાંથી ઘણા ગંભીર છે, જેમાં મોટાભાગનાને ગોળી વાગી છે.

જમ્મુ કાશ્મીર જોઈન્ટ આવામી એક્શન કમિટી (AAC)ના નેતૃત્વમાં આ વિરોધ પ્રદર્શનોએ આ અશાંત પ્રદેશમાં જનજીવન ઠપ કરી દીધું છે. આ આંદોલનના કેન્દ્રમાં પાકિસ્તાનમાં રહેતા કાશ્મીરી શરણાર્થીઓ માટે અનામત POKમાં ૧૨ વિધાનસભા બેઠકો રદ કરવાની માંગ છે. અન્ય માંગણીઓમાં કર રાહત, લોટ અને વીજળી પર સબસિડી અને વિકાસ પ્રોજેક્ટ્સ પૂર્ણ કરવાનો સમાવેશ થાય છે. ૨૯ સપ્ટેમ્બરથી વિરોધ પ્રદર્શન શરૂ થયા




ત્યારથી બજારો, દુકાનો અને સ્થાનિક વ્યવસાયો બંધ છે. મોબાઈલ, ઈન્ટરનેટ અને લેન્ડલાઈન સેવાઓ પણ સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવી છે. સોશિયલ મીડિયા પર હજારો આંદોલનકારીઓ પથ્થરમારો કરતા અને મોટા શિપિંગ કન્ટેનર તોડી પાડતા દેખાય છે. મુઝફ્ફરાબાદમાં તેમની કૂચને રોકવા માટે પુલ પર અવરોધો મૂકવામાં આવ્યા હતા. અન્ય શહેરોમાં, પ્રદર્શનકારીઓ કૂચ દરમિયાન "શાસકો, સાવધાન રહો, અમે તમારો વિનાશ છીએ" અને "કાશ્મીર અમારૂં છે અમે તેનું ભાવિ નક્કી કરીશું" જેવા નારા લગાવતા હતા. આ સૂત્રોચ્ચાર મહત્વપૂર્ણ છે. દાયકાઓમાં કદાચ પહેલી વાર એવું બન્યું છે કે POKના નાગરિકો સીધા પાકિસ્તાની સરકાર અને સૈન્યને નિશાન બનાવી રહ્યા છે. પરિસ્થિતિ અસ્થિર છે અને તેની વચ્ચે, પાકિસ્તાનના વડા પ્રધાન શેહબાઝ શરીફે કહ્યું કે સરકાર મુદ્દાઓને ઉકેલવા અને શાંતિપૂર્ણ ઉકેલ શોધવા માટે વાટાઘાટ સમિતિની રચના કરવા તૈયાર છે. યુએસની મુલાકાત પછી લંડનમાં રજાઓ ગાળી રહેલા શરીફે શાંતિની અપીલ કરતા સુરક્ષા એજન્સીઓને પ્રદર્શનકારીઓ સાથે સંયમ અને ધીરજ રાખવાનો નિર્દેશ આપ્યો છે. આ દરમિયાન, યુનાઈટેડ કાશ્મીર પીપલ્સ નેશનલ પાર્ટી (યુકેપીએનપી)ના પ્રવક્તા નાસિર અઝીઝ ખાને સંયુક્ત રાષ્ટ્ર (યુએન) અને આંતરરાષ્ટ્રીય સમુદાયને તાત્કાલિક હસ્તક્ષેપ માટે અપીલ કરી છે. જીનીવામાં યુએન માનવાધિકાર પરિષદના ૬૦મા સત્રમાં ખાને પીઓકેમાં માનવતાવાદી કટોકટીની ચેતવણી આપી અને સભ્ય દેશોને આંતરરાષ્ટ્રીય સંધિઓ હેઠળ તેમની જવાબદારીઓની યાદ અપાવી હતી. ખૈબર પખ્તુનખ્વામાં ગયા અઠવાડિયે થયેલી દુર્ઘટનાને પગલે આ ઘટના વધી છે, જેમાં પાકિસ્તાન વાયુસેનાના હવાઈ હુમલામાં ૩૦ નાગરિકો માર્યા ગયા હતા.

## ક્યા બાત હૈ ?!

મેં તેને ઓપરેશનનો ખર્ચ કહ્યો !



- જામી

# RSSના કાર્યક્રમમાં વડાપ્રધાને પહેલી વાર ચલણ પર ભારત માતાના ચિત્ર સાથે ૧૦૦ રૂપિયાનો સિક્કો બહાર પાડ્યો

## ૧૦૦ રૂપિયાના સિક્કામાં એક તરફ રાષ્ટ્રીય પ્રતીક અને બીજી તરફ વરદ મુદ્રામાં ભારત માતાની આકર્ષક છબી છે

(એજન્સી) તા.૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના શતાબ્દી ઉજવણી સમયે ભારતીય ચલણ પર ભારત માતાનું પ્રથમ વખત ચિત્રણ દર્શાવતો એક સ્મારક સિક્કો અને એક ખાસ ટપાલ ટિકિટ અને બહાર પાડી છે. ૧૦૦ રૂપિયાના સિક્કામાં એક બાજુ રાષ્ટ્રીય પ્રતીક છે, જ્યારે બીજી બાજુ વરદ મુદ્રામાં ભારત માતાની ભવ્ય છબી દર્શાવે છે, જે હથેળીને બહારની તરફ રાખીને અર્પણ કરવાનો સંકેત છે, તેની સાથે સિંહ પણ છે. સ્વયંસેવકોને ભક્તિ અને સમર્પણમાં તેમની સમક્ષ નમન કરતા દર્શાવવામાં આવ્યા છે. આ સિક્કામાં RSSનું સૂત્ર "રાષ્ટ્રસ્વાહા, ઈદમ રાષ્ટ્ર, ઈદમ ના મામા" પણ છે, જેનો અર્થ થાય છે "બધું રાષ્ટ્રને સમર્પિત છે, બધું જ રાષ્ટ્રનું છે, કંઈપણ મારું નથી." પીએમ મોદીએ દિલ્હીમાં લોન્ચિંગ કાર્યક્રમમાં કહ્યું કે, "સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં પહેલીવાર, ભારત માતાની છબી ભારતીય ચલણ પર દર્શાવવામાં આવી છે, જે ખૂબ જ ગર્વ અને ઐતિહાસિક મહત્ત્વપૂર્ણ ક્ષણ છે.

સિક્કાની સાથે બહાર પાડવામાં આવેલી ટપાલ ટિકિટ ૧૯૬૩ના પ્રજાસત્તાક દિવસની પરેડમાં RSS કાર્યકરોની ભાગીદારીને પ્રકાશિત કરે છે, જે સંગઠનના ઐતિહાસિક યોગદાનને રેખાંકિત કરે છે. PM મોદીએ આ ક્ષણને ભારત




માતા અને RSSની સેવા અને સમર્પણની સદી લાંબી યાત્રાને ગૌરવપૂર્ણ શ્રદ્ધાંજલિ ગણાવી હતી. શતાબ્દી ઉજવણીનું આયોજન સંસ્કૃતિ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું હતું અને RSSના મહાસચિવ દત્તાત્રેય હોસાબલે, દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા અને સંસ્કૃતિ મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત હાજર રહ્યા હતા. ૧૯૨૫માં નાગપુરમાં કેશવ બલીરામ હેડગેવાર દ્વારા RSSની સ્થાપના નાગરિકોમાં સાંસ્કૃતિક જાગૃતિ, શિસ્ત, સેવા અને સામાજિક જવાબદારીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે સ્વયંસેવક-આધારિત સંગઠન તરીકે કરવામાં આવી હતી. PM મોદી પોતે RSSના 'પ્રચારક' હતા અને ભાજપમાં સ્થળાંતરિત થતાં પહેલાં તેમણે એક આયોજક તરીકે પોતાની છાપ છોડી હતી, જે હિન્દુત્વ સંગઠનમાંથી તેની વૈચારિક પ્રેરણા લે છે. આ ઉજવણીઓ અને પ્રકાશનોનો ઉદ્દેશ્ય RSSના સામાજિક સેવા કાર્ય અને રાષ્ટ્ર નિર્માણમાં ભાગીદારી પ્રકાશિત કરવાનો છે, જેમાં રક્તદાન ઝુંબેશ અને ખાદ્ય વિતરણથી લઈને કેદારનાથ અને બિહાર પૂર અને કોવિડ-૧૯ રોગચાળા જેવી આફતો દરમિયાન રાહત પ્રયાસોનો સમાવેશ થાય છે.

## 'ભારત ફિલિપાઈન્સની સાથે મજબૂતીથી ઊભું છે' : ધરતીકંપ આવ્યા પછી વડાપ્રધાન મોદીની ખાતરી

નવી દિલ્હી : ફિલિપાઈન્સમાં ભયાનક ભૂકંપ આવ્યા પછી સોશિયલ મીડિયા પર વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, ફિલિપાઈન્સમાં થયેલા નુકસાન અને જાનહાનિ વિશે જાણીને મને ઊંડું દુ:ખ થયું છે. પીડિત પરિવારો માટે મારી પ્રાર્થના અને સંવેદનાઓ સાથે છે. આવા મુશ્કેલ સમયમાં ભારત ફિલિપાઈન્સની સાથે એક બનીને ઊભું છે. તેમણે ઘાયલો ઝડપથી સાજા થઈ જાય એ માટે પ્રાર્થના કરી હતી. ફિલિપાઈન્સમાં ભૂકંપથી ૬૯થી વધુ લોકોનાં મોત થયા છે એ હોનારત અંગે વડાપ્રધાને પોતાનો શોક સંદેશો પાઠવ્યો હતો.

## રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન આગામી પાંચથી છ ડિસેમ્બરના રોજ ભારતની મુલાકાતે આવે તેવી શક્યતા, SU-57 અને અન્ય સુરક્ષા સોદાઓ અંગે ચર્ચા થવાની શક્યતા

નવી દિલ્હી : રશિયાના પ્રમુખ પુતિન આગામી તારીખ પાંચ કે છ ડિસેમ્બરના રોજ ભારતની મુલાકાતે આવે તેવી શક્યતા છે. તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે શિખર બેઠક કરશે એવું સત્તાવાર સૂત્રોએ જાહેર કર્યું છે. રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ શરૂ થયા પછી પુતિનની આ પહેલી ભારત મુલાકાત છે. મહત્ત્વના સંરક્ષણ સોદા અને ખાસ કરીને S-400 તથા S-500 મિસાઈલ સિસ્ટમ અંગે બંને મહાનુભાવો વચ્ચે ચર્ચા વિચારણા થશે તેવી શક્યતા છે. SU-57ની ખરીદી અંગેના કરાર વિશે પણ ચર્ચા વિચારણા થશે તેવું જાણવા મળ્યું છે. ભારત ૫૭ જેટલા ફાઈટર જેટ વિમાન સહિતના સંખ્યાબંધ સંરક્ષણ સોદાને આ મુલાકાત દરમિયાન આખરીરૂપ આપે તેવી શક્યતા છે.

## હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતના દિગ્ગજ પંડિત છન્નુલાલ મિશ્રાનું ૮૯ વર્ષની વયે અવસાન

૧૯૩૬માં આઝમગઢમાં જન્મેલા મિશ્રા શાસ્ત્રીય સંગીતમાં એક ઉત્કૃષ્ટ વ્યક્તિ બન્યા હતા અને જેમણે ખયાલ, ઠુમરી, દાદરા, ચૈતી, કજરી અને ભજનમાં નિપુણતા મેળવી હતી. પદ્મવિભૂષણ ગાયક પંડિત છન્નુલાલ મિશ્રાના નિધનથી હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતની દુનિયામાં એક અભૂતપૂર્વ ખોટ પડી છે, જેમણે ગુરૂવારે વહેલી સવારે ૮૯ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા હતા. પંડિત મિશ્રાના પરિવારમાં તેમના પુત્ર તબલાવાદક રામકુમાર મિશ્રા અને ત્રણ પુત્રીઓ છે. તેમની પત્નીનું ચાર વર્ષ પહેલા અવસાન થયું હતું. તેમના અંતિમ સંસ્કાર વારાણસીમાં સાંજે પાંચ વાગ્યે કરવામાં આવશે. તેમની પુત્રી નમ્રતા મિશ્રાએ જણાવ્યું હતું કે, તેમનું લાંબી બીમારી બાદ સવારે ૪ વાગ્યે અવસાન થયું હતું, તેઓ તેમની સૌથી નાની પુત્રીના પરિવાર સાથે મિર્ઝાપુરમાં રહ્યા હતા. તેઓ છેલ્લા ૧૭-૧૮ દિવસથી વય સંબંધિત સમસ્યાઓને કારણે હોસ્પિટલમાં દાખલ હતા. આજે સવારે લગભગ ૪ વાગ્યે તેમનું ઘરે અવસાન થયું હતું. ૧૯૩૬માં આઝમગઢમાં જન્મેલા પંડિત છન્નુલાલ મિશ્રા ભારતીય શાસ્ત્રીય સંગીતમાં એક ઉત્કૃષ્ટ વ્યક્તિ હતા, જેમણે ખયાલ, ઠુમરી, દાદરા, ચૈતી, કાજરી અને ભજન જેવી શૈલીઓને આકાર આપ્યો હતો. શરૂઆતમાં તેમના પિતા બદ્રી પ્રસાદ મિશ્રા પાસેથી તાલીમ લીધી અને પછી કિરણઘરના ઉસ્તાદ અબ્દુલ ગની ખાન અને ઠાકુર જયદેવ સિંહ પાસેથી તાલીમ મેળવી હતી. તેઓ બનારસ ઘરાના અને ઠુમરીની પૂરબંગ પરંપરાના આદરણીય પ્રતિપાદક બન્યા હતા, જેમાં ટેક્નિકલ નિપુણતાને ભાવનાત્મક અભિવ્યક્તિ સાથે મિશ્રિત કરવામાં આવી હતી. તેમના શાનદાર કારકિર્દી દરમિયાન મિશ્રાના યોગદાનને ૨૦૧૦ માં પદ્મ ભૂષણ અને ૨૦૨૦માં પદ્મ વિભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા, જે એક ઉસ્તાદને યોગ્ય સન્માન છે જેમનો અવાજ ભક્તિ, ચોકસાઈ અને અજોડ કલાત્મકતા સાથે ગુંજતો હતો. સાથી સંગીતકારોએ તેમના નિધનને બનારસના સંગીત વારસા માટે એક અપૂર્ણ નુકસાન ગણાવ્યું છે, જેમણે આ શહેરને તેમણે તેમના કાર્ય દ્વારા ગૌરવ અપાવ્યું હતું.

## દેશદ્રોહીઓએ મજા માણી હશે: ભારત અને પાકિસ્તાન વચ્ચે એશિયા કપ મેચ પર શિવસેના યુબીટીના વડા ઉદ્ધવ ઠાકરે

નવી દિલ્હી : શિવસેના (UBT)ના વડા ઉદ્ધવ ઠાકરેએ તાજેતરના પૂરને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર રાજ્ય સરકારની ટીકા કરી હતી, સંઘર્ષ કરી રહેલા ખેડૂતો માટે પ્રતિ હેક્ટર ૫૦,૦૦૦ રૂપિયા સહાયની માંગ કરી હતી. તેમણે ખાંડ મિલ માલિકો માટે વીમા અને ખેડૂતો પર લાદવામાં આવેલી વધારાની ફી અંગે ચિંતા વ્યક્ત કરી હતી. સંબંધિત રાજકીય નિવેદનમાં, ઠાકરેએ એશિયા કપમાં તાજેતરમાં ભારત-પાકિસ્તાન મેચ જોનારા વ્યક્તિઓને દેશદ્રોહી ગણાવ્યા હતા, જેનાથી નોંધપાત્ર વિવાદ થયો હતો. મેચનું સમયપત્રક જાહેર થતાં જ દેશભરમાં વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા હતા, જેમાં વિરોધ પક્ષો કેન્દ્ર સરકાર પર નિશાન સાધી રહ્યા હતા અને તેને રદ કરવાની હાકલ કરી હતી. શિવસેના (UBT) એ મેચનો વિરોધ કર્યો છે, જોકે કેન્દ્ર સરકારે નિયમોનો ઉલ્લેખ કરીને દરમિયાનગીરી કરવાનું ટાળ્યું છે. મુંબઈમાં એક પત્રકાર પરિષદ દરમિયાન, ઠાકરેએ પોતાની દેશભક્તિ પર પ્રકાશ પાડતા કહ્યું હતું કે તેઓ મેચ જોવાનું ટાળે છે અને ભાર મૂકે છે કે સાચી દેશભક્તિ રાષ્ટ્રીય ચિંતાઓથી વાકેફ રહેવામાં સામેલ છે.

## કાશ્મીરમાં અલગતાવાદી નેટવર્ક પર કાર્યવાહી : બડગામ પોલીસે તહરીક-એ-હુર્રિયતનું કાર્યાલય જપ્ત કર્યું

નવી દિલ્હી : જમ્મુ અને કાશ્મીરમાં અલગતાવાદી અને ગેરકાયદેસર તત્વો પર મોટી કાર્યવાહીમાં, બડગામ પોલીસે બુધવારે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, ૧૯૬૭ (UAPA) હેઠળ પ્રતિબંધિત સંગઠન તહરીક-એ-હુર્રિયત (TeH)ના મુખ્ય કાર્યાલયને જપ્ત કર્યું. આ સંગઠનની સ્થાપના ૨૦૦૪માં પાકિસ્તાન તરફી અલગતાવાદી નેતા સ્વર્ગસ્થ સૈયદ અલી શાહ ગિલાની દ્વારા કરવામાં આવી હતી. જપ્ત કરાયેલી ઈમારત શ્રીનગરની બહારના ભાગમાં હૈદરપોરામાં સ્થિત છે અને લાંબા સમયથી અલગતાવાદી પ્રવૃત્તિઓનું કેન્દ્ર રહી સેવા આપી રહી છે. જમ્મુ અને કાશ્મીરમાં વિધ્વંસક પ્રવૃત્તિઓમાં સામેલ હોવાના આરોપ હેઠળ UAPA, ૧૯૬૭ની કલમ ૨૫ હેઠળ જપ્તી માટે માલિકી ઈમારતનું જર્જરિત કરવામાં આવ્યું હતું. આ મિલકત એક કનલ અને એક મરલા જમીન પર બનેલી છે.

## RBI એ રેપો રેટ ૫.૫ ટકા પર જાળવી રાખ્યો, વિવેકપૂર્ણ ધોરણોને હળવા કર્યા, UPI મફત રહેશે તેની પુષ્ટિ કરી

નવી દિલ્હી : ભારતીય રિઝર્વ બેંકની નાણાકીય નીતિ સમિતિ (MPC) એ ૧લી ઓક્ટોબર, બુધવારના રોજ, બેન્ચમાર્ક રેપો રેટને ૫.૫ ટકા પર યથાવત રાખ્યો હતો અને તટસ્થ વલણ અપનાવ્યું હતું, જે આ વર્ષની શરૂઆતમાં ત્રણ દર ઘટાડા પછી સતત બીજા વિરામ તરીકે ચિહ્નિત થયું હતું. આ નિર્ણય સર્વસંમતિથી લેવામાં આવ્યો હતો અને ગવર્નર સંજય મલ્હોત્રા દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો કારણ કે કેન્દ્રીય બેંક નાણાકીય વર્ષ ૨૬ની તેની ચોથી દ્વિમાસિક નીતિ સમીક્ષા રજૂ કરી હતી. ઉધાર ખર્ચ સ્થિર રાખતી વખતે RBI એ સમજદારીપૂર્વક સરળતા દ્વારા ક્રેડિટ વૃદ્ધિને ટેકો આપવાનું શરૂ કર્યું, જેમાં નિયમનકારી ધોરણોને હળવા કરવાનો સમાવેશ થાય છે જે નિયમન કરે છે કે બેંકોએ ધિરાણ સામે કેટલી મૂડી અલગ રાખવી જોઈએ. પગલાંનો હેતુ જોખમ વજન ઘટાડવા અને તરલતા કવરેજ આવશ્યકતાઓને સરળ બનાવવાનો સમાવેશ થાય છે, જે બેંકોને વ્યવસાયો અને ઘરોને વધુ મુક્તપણે ધિરાણ આપવા સક્ષમ બનાવશે. મલ્હોત્રાએ ભાર મૂક્યો કે આ પગલું નાણાકીય સ્થિરતાને વૃદ્ધિ સાથે સંતુલિત કરવા માટે હતું.

## ચેન્નાઈ પાવર સ્ટેશન ધસી પડવાના કેસમાં કોન્ટ્રાક્ટર સામે ગુનો નોંધાયો, જેમાં સ્થળાંતરિત કામદારોના મોત થયા

નવી દિલ્હી : ૩૦ સપ્ટેમ્બરના રોજ ઉત્તર ચેન્નાઈમાં એન્નોર થર્મલ પાવર સ્ટેશનમાં થયેલા જીવલેણ ધસી પડવા બાદ કોન્ટ્રાક્ટર વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે, જેમાં આસામના નવ સ્થળાંતરિત કામદારોનું મોત થયું હતું અને એક ઘાયલ થયો હતો. આ ઘટના નિર્માણાધીન સ્થળે કોલસા-હેન્ડલિંગ યુનિટ ઉપર બાંધવામાં આવી રહેલ સ્ટીલ કમાન અચાનક તૂટી પડતાં બની હતી, જેના કારણે ૧૦ કામદારો લગભગ ૩૫ મીટરની ઊંચાઈથી નીચે પડી ગયા હતા. સ્ટેનલી સરકારી હોસ્પિટલમાં ૯ લોકોને મૃત જાહેર કરવામાં આવ્યા હતા, જ્યારે એકને ગંભીર ઈજાઓ થઈ હતી. એન્નોર સ્ટેશનની પોલીસે પુષ્ટિ આપી છે કે, કોન્ટ્રાક્ટર વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. તપાસ ચાલી રહી છે. ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ (BHEL) માટે મેટલમાર્ગ એન્જિનિયરિંગ ટેક્નોલોજીસ (MET) દ્વારા કાર્યરત આ બધા કામદારો તમિલનાડુ જનરેશન એન્ડ ડિસ્ટ્રિબ્યુશન કોર્પોરેશન લિમિટેડ (TANGEDCO) દ્વારા દેખરેખ હેઠળના એક મોટા વિસ્તરણ પ્રોજેક્ટમાં રોકાયેલા હતા.

## ઝુબીન ગર્ગ મૃત્યુ તપાસ : દિલ્હી એરપોર્ટ પરથી ધરપકડ કરાયેલા ફેસ્ટિવલ આયોજક શ્યામકાનુ મહંતા કોણ છે

નવી દિલ્હી : આસામી ગાયક ઝુબીન ગર્ગના મૃત્યુની તપાસમાં એક નવો વળાંક આવ્યો જ્યારે તેમના મેનેજર સિદ્ધાર્થ શર્મા અને નોર્થ ઈસ્ટ ઈન્ડિયા ફેસ્ટિવલના આયોજક શ્યામકાનુ મહંતાની આજે ધરપકડ કરવામાં આવી. મહંતને સિંગાપોરથી પરત ફર્યા બાદ મધ્યરાત્રિએ નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર રાખવામાં આવ્યા હતા, જ્યારે શર્માને રાજસ્થાનથી દિલ્હી જતા માર્ગ પર ગુરૂગ્રામ ટોલ પ્લાઝા પર રાત્રે ૧ વાગ્યાની આસપાસ ધરપકડ કરવામાં આવી હતી. કેટલાક અહેવાલો સૂચવે છે કે શર્માને ગુરૂગ્રામના એક એપાર્ટમેન્ટમાંથી ધરપકડ કરવામાં આવી હતી. ૫૨ વર્ષીય ગર્ગનું ૧૯ સપ્ટેમ્બરના રોજ સિંગાપોરના લાઝારસ ટાપુ પર ડૂબી જવાથી મૃત્યુ થયું હતું. તેઓ નોર્થ ઈસ્ટ ઈન્ડિયા ફેસ્ટિવલમાં પરફોર્મ કરવા માટે સિંગાપોર ગયા હતા, જે બાદમાં તેમના મૃત્યુ પછી રદ કરવામાં આવ્યું હતું. ગર્ગને ૨૩ સપ્ટેમ્બરના રોજ આસામના કામરૂપ જિલ્લામાં પૂર્ણ રાજ્ય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. મહંત અને શર્માને પોલીસ સુરક્ષા હેઠળ ગુવાહાટી લઈ જવામાં આવ્યા હતા અને મુખ્ય ન્યાયિક મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. તેમને ૧૪ દિવસ માટે પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે.

## મેઘાલયના મુખ્યમંત્રી હજુ પણ યુરેનિયમ ખાણકામનો વિરોધ કરે છે, કેન્દ્રીય સૂચના પર સ્પષ્ટતા માંગે છે

નવી દિલ્હી : મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ કે. સંગમાએ રાજ્યમાં યુરેનિયમ ખાણકામ સામે તેમની સરકારના વિરોધનો પુનરોચ્ચાર કર્યો છે, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (MoEFCC) દ્વારા તાજેતરમાં જારી કરાયેલા એક જાહેરનામા પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. જાહેરનામામાં યુરેનિયમ સહિતના પરમાણુ ખનિજોને લગતા ખાણકામ પ્રોજેક્ટ્સને ફરજિયાત જાહેર પરામર્શ અને પર્યાવરણીય જાહેર સુનાવણીમાંથી મુક્તિ આપવાની દરખાસ્ત છે – જે પર્યાવરણીય અસર મૂલ્યાંકન (EIA) પ્રક્રિયાના મુખ્ય ઘટકો છે. મંગળવારે પત્રકારોને સંબોધતા સંગમાએ કહ્યું કે, રાજ્ય સરકાર કેન્દ્ર પાસેથી ઔપચારિક સમજૂતી માંગશે. અમે જે જોઈએ છીએ તેના આધારે, અમે કેન્દ્ર સરકાર પાસેથી સ્પષ્ટતા માંગીશું. જો જરૂર પડે તો હું આ મામલો વિવિધ સ્તરે ઊઠાવીશ જેથી ખાતરી કરી શકાય કે અમારા લોકોના હિતોનું રક્ષણ થાય, સંગમાએ કહ્યું. તેમણે સ્પષ્ટ કર્યું કે, યુરેનિયમ ખાણકામ અંગે તેમની સરકારનું વલણ યથાવત્ છે. સરકાર તરીકે અમે અમારૂં વલણ ખૂબ જ સ્પષ્ટ કર્યું છે કે, અમે યુરેનિયમ ખાણકામના પક્ષમાં નથી. અમે આ પહેલા પણ ખુલ્લેઆમ કહ્યું છે અને હું આજે તેનો પુનરાવર્તન કરી રહ્યો છું. યુરેનિયમ નિષ્કર્ષણ અંગે મેઘાલય લાંબા સમયથી ચર્ચાના કેન્દ્રમાં રહ્યું છે. રાજ્ય, ખાસ કરીને પશ્ચિમ ખાસી હિલ્સ જેવા વિસ્તારોમાં યુરેનિયમનો નોંધપાત્ર ભંડાર હોવાનું માનવામાં આવે છે. જો કે, આદિવાસી સમુદાયો અને સ્થાનિક સંગઠનોએ આરોગ્યના જોખમો, જૈવવિવિધતા માટે જોખમો અને જમીન અધિકારોના ઉલ્લંઘનનો ઉલ્લેખ કરીને ખનિજ ખાણકામના કોઈપણ પ્રયાસોનો સખત વિરોધ કર્યો છે.

## જમ્મુ અને કાશ્મીરમાં પુસ્તકો પર પ્રતિબંધ : હાઈકોર્ટ સરકારના આદેશને પડકારતી અરજી પર સુનાવણી કરશે

**આ વર્ષે ૫ ઓગસ્ટના રોજ, જમ્મુ અને કાશ્મીર વહીવટીતંત્રે "અલગતાવાદને પ્રોત્સાહન આપવા" અને "ભારતીય રાજ્ય સામે હિંસા ભડકાવવા"ના આરોપસર રાજ્યમાં ૨૫ પુસ્તકો પર પ્રતિબંધ મૂક્યો હતો. આ આદેશને પડકારતી અરજી જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સમક્ષ દાખલ કરવામાં આવી હતી. જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશે કહ્યું હતું કે તેઓ આ અંગે વિચાર કરશે અને ત્રણ ન્યાયાધીશોની બેન્ચની રચનાનો આદેશ આપશે.**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

આ વર્ષે ૫ ઓગસ્ટના રોજ જમ્મુ અને કાશ્મીરમાં ૨૫ પુસ્તકો પરના સત્તાવાર પ્રતિબંધને પડકારતી અરજી મંગળવારે (૩૦ સપ્ટેમ્બર) જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સમક્ષ દાખલ કરવામાં આવી હતી. એક અહેવાલ મુજબ, જમ્મુ અને કાશ્મીર વહીવટીતંત્રે આ પુસ્તકો પર પ્રતિબંધ મૂક્યો હતો, જેમાંથી કેટલાક અગ્રણી ભારતીય અને વિદેશી લેખકો અને ઈતિહાસકારો દ્વારા લખાયેલા હતા, તેમના પર કેન્દ્રશાસિત પ્રદેશમાં "અલગતાવાદને પ્રોત્સાહન આપવા" અને "ભારતીય રાજ્ય સામે હિંસા ભડકાવવા"ના આરોપ છે. વરિષ્ઠ વકીલ વૃંદા ગ્રોવરે પૂર્વ એર વાઈસ માર્શલ કપિલ કાક, નેતાજી સુભાષચંદ્ર બોઝના પ્રપૌત્ર સુમંત્ર બોઝ (પ્રતિબંધિત પુસ્તકોમાંથી બેના લેખક), લેખક અને જમ્મુ અને કાશ્મીરના પૂર્વ વાર્તાલાપકાર રાધા કુમાર અને ભારતના પૂર્વ મુખ્ય માહિતી કમિશનર વજાહત હબીબુલ્લાહ દ્વારા દાખલ કરાયેલી અરજીનો ઉલ્લેખ કર્યો હતો.

**"પુસ્તકો પર પ્રતિબંધ મૂળભૂત અધિકારો પર પ્રતિબંધ છે."**

અરજદારોનો દલીલ છે કે આ આદેશ અભિવ્યક્તિની સ્વતંત્રતા અને જાણવાના અધિકારના મૂળભૂત અધિકારોને પ્રતિબંધિત કરે છે. અરજદારોએ જણાવ્યું હતું કે, "પ્રશાસનનો વાંધાજનક આદેશ એ નિષ્કર્ષ પર કોઈ નક્કર આધાર પૂરો પાડતો નથી કે આ ૨૫ પુસ્તકો... જમ્મુ અને કાશ્મીરમાં 'ખોટી વાર્તા'નો પ્રચાર કરે છે અને અલગતાવાદને ઉશ્કેરે છે, અને તેને પ્રતિબંધિત જાહેર કરવા જોઈએ. આદેશમાં આ પુસ્તકોમાંથી આવા કોઈ ફકરાઓ ઉલ્લેખિત નથી." માત્ર કાયદાકીય જોગવાઈઓનું પુનરુત્પાદન અથવા કાયદાકીય જોગવાઈઓની સામગ્રીનો ઉલ્લેખ કરતા બ્લેન્કેટ સ્ટેટમેન્ટ, પુસ્તક(પુસ્તકો)ની સામગ્રીમાંથી તે કેવી રીતે અનુમાનિત થાય છે તે દર્શાવ્યા વિના, કલમ ૯૮ BNSS મુજબ 'તર્કસંગત આદેશ' સાથે અસંગત છે.

અરજદારોએ એમ પણ જણાવ્યું હતું કે ઉક્ત પુસ્તકોની ઓળખ કેવી રીતે કરવામાં આવી હતી તે પણ વાંધાજનક આદેશમાં સમજાવાયેલ નથી. નાગરિક જીવનને અસર કરતા કોઈપણ વહીવટી અથવા અર્ધ-ન્યાયિક આદેશે આદેશના ભાગ રૂપે કારણો જાહેર કરવા આવશ્યક છે, અને આ કારણો પછીથી જાહેર કરી શકાતા નથી. અરજદારો દલીલ કરે છે કે BNSSની કલમ ૯૮ની જપ્તીની જોગવાઈનો ઉપયોગ "જીવંત વાસ્તવિકતાઓ અને લોકોના ઈતિહાસને ભૂંસી નાખવા માટે કરી શકાતો નથી, કારણ કે આ રાષ્ટ્રના ઈતિહાસને ભૂંસી નાખવા સમાન હશે, જે લોકોના જાણવાના અધિકારનું ઉલ્લંઘન કરે છે. તેઓ જણાવે છે કે "શૈક્ષણિક રીતે ઉચ્ચ ધોરણો, ચોકસાઈ, પ્રતિબદ્ધતા, સંશોધન દ્વારા પ્રકાશિત ઐતિહાસિક કૃતિઓ માટે ચર્ચા જરૂરી છે, પરંતુ તે માત્ર એવી ક્ષણિક સંવેદનશીલતાના આધારે તેને નષ્ટ કરી શકાતી નથી. આ બાબતે, મુખ્ય ન્યાયાધીશ અરુણ પલ્લીએ જણાવ્યું હતું કે તેઓ આ દસ્તાવેજોની તપાસ કરશે અને પછી, ભારતીય નાગરિક સેવા સંહિતાની કલમ ૯૯(૨) અનુસાર, ટૂંક સમયમાં એક ખાસ ત્રણ ન્યાયાધીશોની બેન્ચની રચના કરતો આદેશ પસાર કરશે. એ નોંધનીય છે કે પુસ્તકો અંગેનો આ પ્રતિબંધનો આદેશ જમ્મુ અને કાશ્મીર ગૃહ વિભાગ દ્વારા જારી કરાયેલ છે, જે સીધા લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હાને રિપોર્ટ કરે છે. ઉલ્લેખનીય છે કે BNSSની કલમ ૯૯ જપ્તીની ઘોષણા રદ કરવા માટે અનુસરવામાં આવતી પ્રક્રિયાની રૂપરેખા આપે છે. પેટા કલમ ૨ મુજબ, આવી અરજીની સુનાવણી હાઈકોર્ટના ત્રણ કે તેથી વધુ ન્યાયાધીશોની બેન્ચ દ્વારા થવી જોઈએ. જમ્મુ અને કાશ્મીર વહીવટીતંત્રે ૨૫ પુસ્તકો પર પ્રતિબંધ મૂક્યાના એક દિવસ પછી, અગ્રણી નાગરિક સમાજ કાર્યકરો, અભિવ્યક્તિ સ્વતંત્રતાના હિમાયતીઓ અને રાજકીય પક્ષો સહિત અન્ય લોકોએ આ નિર્ણયનો વિરોધ કર્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટીતંત્રને પ્રતિબંધ હટાવવા વિનંતી કરી હતી. આ પુસ્તકો પર પ્રતિબંધ મૂકવાની વહીવટી કાર્યવાહીને "અસંમતિનું દમન," "સરમુખત્યારશાહી" અને "લોકશાહી અવાજોનું ગળું દબાવવા" જેવુ કૃત્ય ગણાવતા, ઘણા વિરોધીઓએ ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારને રાજ્યનો દરજ્જો પુન:સ્થાપિત કરીને "જમ્મુ અને કાશ્મીરમાં માનવાધિકાર ઉલ્લંઘન બંધ કરવા" હાકલ પણ કરી હતી. ઉલ્લેખનીય છે કે, પ્રતિબંધિત પુસ્તકોમાંથી કેટલાક પ્રકાશન ઉદ્યોગના અગ્રણી કંપનીઓ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યા છે, જેમાં પેંગ્વિન, બ્લૂમ્સબરી, હાર્પરકોલિન્સ, પાન મેકમિલન ઈન્ડિયા, રૂટલેજ અને વર્સો બુકનો સમાવેશ થાય છે. આ પુસ્તકોની યાદીમાં ભારતીય બંધારણીય નિષ્ણાત અને બૌદ્ધિક એ.જી. નૂરાનીનું ખૂબ જ પ્રશંસનીય પુસ્તક "ધ કાશ્મીર ડિસ્પ્યુટ", બ્રિટિશ લેખક અને ઈતિહાસકાર વિક્ટોરિયા સ્કોફિલ્ડનું "કાશ્મીર ઈન કોન્ફ્લિક્ટ - ઈન્ડિયા, પાકિસ્તાન એન્ડ ધ અનએન્ડિંગ વોર", બુકર પ્રાઈઝ વિજેતા અરુંધતી રોયનું "આઝાદી" અને લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સના પ્રોફેસર સુમંત્ર બોઝનું "કોન્ટેસ્ટેડ લેન્ડ્સ" શામેલ છે.

## અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની પાકિસ્તાન લશ્કરના વડા સાથે બેઠકોની ટીકા કરતી કોંગ્રેસ અને ભારતની રાજદ્વારી નીતિ અંગે સવાલો ઉઠાવ્યા

**સોશિયલ મીડિયા હેન્ડલ એક્સ ઉપર કોંગ્રેસના નેતા જયરામ રમેશ દ્વારા એવું દર્શાવવામાં આવ્યું હતું કે અસીમ મુનીરના ૨૨ એપ્રિલ પહેલાના ખૂબ જ ભડકાવી દેનારા અને ઉશ્કેરણીજનક વિધાનોને કારણે જ પહેલગામમાં આતંકવાદી હુમલો થયો અને ૨૬ નિર્દોષ લોકોએ જાન ગુમાવ્યા હતા**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને પાકિસ્તાન લશ્કરના વડા અસીમ મુનીર સાથેની બેઠકોની કોંગ્રેસે આજે સખત ઝાટકણી કાઢી હતી અને આ બેઠકોને ભારતની રાજદ્વારી નીતિ માટેના મોટા ફટકા સમાન ગણાવી હતી.

સોશિયલ મીડિયા હેન્ડલ એક્સ ઉપર ઉપર કોંગ્રેસના નેતા જયરામ રમેશ દ્વારા એવું દર્શાવવામાં આવ્યું હતું કે મુનીરના ઉશ્કેરણીજનક ભડકાઓ વિધાનોને કારણે પહેલગામમાં આતંકવાદી હુમલો થયો હતો અને ૨૬ લોકોએ જાન ગુમાવ્યા હતા. ડોનાલ્ડ ટ્રમ્પ સતત એ વ્યક્તિની નજીક જઈ રહેલા દેખાઈ આવે છે. ૨૨ એપ્રિલ પહેલા પાકિસ્તાનના લશ્કરના વડાના ભડકાવી દેનારા તથા ખૂબ જ ઉશ્કેરણીજનક અને કોમી ઝેરથી ભરેલા નિવેદનોને કારણે જ આતંકવાદી હુમલો થયો હતો ત્યારે અમેરિકાના પ્રમુખ વધુને વધુ એ વ્યક્તિની નજીક સરી રહ્યા છે. તેમણે આગળ લખ્યું હતું કે ભારતીય રાજદ્વારી નીતિને લાગે વળગે છે ત્યાં સુધી હવે મોટા મોટા સૂત્રો બોલવા અને દેખાવો કરવા તથા બડાશ હાંકવાનો અને ઉપદેશો આપવાનો યુગ પૂરો થઈ ગયો છે. એ માત્ર અમેરિકા સામે નહીં પણ ઘણા બધા દેશો સામે ઘણા બધા નવા પડકારો ઊભા થયા છે એટલે આવા આવા મનમાં કહેવાતા વિશ્વ ગુરુ અને તેમના શિષ્યો ઉઘાડા પડી ગયા છે. વ્હાઈટ હાઉસમાં પાકિસ્તાનના લશ્કરીવાળાની હાજરી અને બેઠકોથી ભારતમાં વિવાદ ઉભો થયો છે અને આ બેઠકો ભારતીય રાજદ્વારી નીતિ માટે કેટલી બધી પ્રતિકૂળ અસરો ઊભી કરે છે એ વિશે સવાલો ઊભા થઈ રહ્યા છે અને આ બેઠકને સૂચક ગણવામાં આવી રહી છે કેમ કે પાકિસ્તાનના ભારત સાથેના સંબંધો ખૂબ જ ગૂંચવાડાભર્યા રહ્યા છે. એટલે કોંગ્રેસે ભારતની રાજદ્વારી નીતિઓ અંગે સવાલો ઊભા કર્યા છે.

## મધ્યપ્રદેશમાં ત્રણ અઠવાડિયામાં છ બાળકોનાં મોત; કફ સિરપ ઝેરી હોવાની શંકા

**છિંદવાડામાં એકથી સાત વર્ષની વયના બાળકો કફ સિરપ લીધા પછી કિડની સંબંધી ગૂંચવણોથી મૃત્યુ પામ્યા હોવાનું કહેવાય છે, અધિકારીઓએ સિરપના પ્રિસ્ક્રિપ્શન, વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો છે**

(એજન્સી) ભોપાલ, તા.૨

મધ્યપ્રદેશના છિંદવાડા જિલ્લામાં અધિકારીઓએ ૪થી ૨૬ સપ્ટેમ્બર દરમિયાન કિડની સંબંધિત ગૂંચવણો અને એન્યુરિયાથી એકથી સાત વર્ષની વયના છ બાળકોના મૃત્યુ પછી ઓછામાં ઓછા બે કફ સિરપના પ્રિસ્ક્રિપ્શન, વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ મૂકતી સલાહ જારી કરી છે. છ સગીરોને આપવામાં આવેલી દવાઓના વિશ્લેષણમાં બે કફ સિરપ સમાન જોવા મળ્યા. વિગતવાર પરીક્ષણ માટે મોકલવામાં આવેલા સિરપના નમૂનાઓ સાથે, જિલ્લા વહીવટીતંત્રે ડોક્ટરોને તેમને લખવાથી દૂર રહેવાની સલાહ આપી છે અને તેમના વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો છે. છિંદવાડા જિલ્લા કલેક્ટર શીલેન્દ્ર સિંહે મીડિયાને જણાવ્યું હતું કે, "જ્યાં સુધી સીરપના નમૂનાઓના પરીક્ષણ અહેવાલો બહાર ન આવે ત્યાં સુધી, તે સીરપના ઉપયોગ, વેચાણ અને પ્રિસ્ક્રિપ્શન પર પ્રતિબંધ મૂકવા માટે એક સલાહ જારી કરવામાં આવી છે. જિલ્લાના ડોક્ટરોને કડક સલાહ આપવામાં આવી છે કે તેઓ ફક્ત લક્ષણો માટેની ખાસ દવાઓ લખે, જેમ કે ઉધરસ અને શરદી માટે દવાઓનો વ્યાપક સ્પેક્ટ્રમ લખવાને બદલે, તાવ માટે ફક્ત પેરાસીટામોલ લખે. પરસિયા વિસ્તાર (જેને કોલસાની ખાણકામ પ્રવૃત્તિ માટે કોયલાંચલ તરીકે પણ ઓળખવામાં આવે છે)ના વિવિધ ભાગોમાંથી એકથી સાત વર્ષની વયના છ બાળકોને શરૂઆતમાં શરદી અને હળવો તાવ આવ્યો હતો. સ્થાનિક ડોકટરોએ કફ સીરપ સહિતની નિયમિત દવાઓ લખી આપી હતી. દવા લીધા પછી, બાળકો શરૂઆતમાં સ્વસ્થ થયા હોય તેવું લાગતું હતું, પરંતુ થોડા દિવસોમાં તેમના લક્ષણો ફરી દેખાયા, સાથે પેશાબની માત્રામાં તીવ્ર ઘટાડો થયો. બાદમાં કિડની સંબંધિત ગૂંચવણોથી મૃત્યુ પામેલા મોટાભાગના બાળકોને મહારાષ્ટ્રના નાગપુરની નજીકની ખાનગી હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા હતા. એક શોકગ્રસ્ત માતાપિતાએ જણાવ્યું કે, "બાળકોને ફક્ત હળવો તાવ અને શરદી હતી, પરંતુ કફ સિરપ પીવડાવ્યા પછી, તેમની સ્થિતિ વધુ ખરાબ થઈ, જેના પરિણામે પેશાબ બંધ થઈ ગયો અને શરીરમાં સોજો, નિયમિત ઉલટીઓ જેવી ગૂંચવણો શરૂ થઈ, જેના પરિણામે મૃત્યુ થયા." છિંદવાડા જિલ્લાના મુખ્ય તબીબી અને આરોગ્ય અધિકારી નરેશ ગોનારાએ જણાવ્યું હતું કે, "નાગપુરની હોસ્પિટલોમાં મૃત્યુ પામેલા સગીરોના લોહી અને સેરેબ્રોસ્પાઈનલ ફ્લુઈડ (CSF)ના નમૂનાઓ વાઈરોલોજી પરીક્ષણો માટે મોકલવામાં આવ્યા હતા. પરંતુ પરીક્ષણોમાં જાપાનીઝ એન્સેફાલીટીસ અથવા ચાંદીપુરા વાયરસ જેવી કોઈ વેક્ટર-જન્મેલી/વાયરલ બીમારી જાહેર થઈ નથી. મૃત્યુ પામેલા તમામ છ બાળકોમાં એન્યુરિયા (કિડનીની ખામીને કારણે પેશાબના ઉત્પાદનમાં ચિંતાજનક ઘટાડો) સામાન્ય સમસ્યા હોવાનું જણાય છે." આધિકારિક સૂત્રોએ જણાવ્યું હતું કે કફ સિરપમાં ઝેરી અને દૂષણની શંકા પાછળથી ઉભી થઈ, જેના કારણે અધિકારીઓએ વિગતવાર વિશ્લેષણ માટે ભોપાલ નમૂનાઓ મોકલવા પડ્યા. પુષ્ટિ ન થયેલા અહેવાલો સૂચવે છે કે મૃત બાળકોના કિડની બાયોપ્સીમાં ડાયથિલિન ગ્લાયકોલની હાજરી જાહેર થઈ, જે એક ઝેરી રસાયણ છે જે ઘણીવાર ફાર્માસ્યુટિકલ ઝેર સાથે સંકળાયેલું છે. અસરગ્રસ્ત વિસ્તારોના પાણીના નમૂનાઓ પણ વિશ્લેષણ માટે રાષ્ટ્રીય સ્તરની પરીક્ષણ પ્રયોગશાળામાં મોકલવામાં આવી રહ્યા છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) અને નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ (NCDC)ની ટીમો છિંદવાડામાં મૃત્યુની તપાસ કરવા માટે છે, જે દૂષિત કફ સિરપ સાથે સંકળાયેલા હોઈ શકે છે. છિંદવાડા જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે"રાજ્ય આરોગ્ય વિભાગની રેપિડ રિસ્પોન્સ ટીમો (RRTs) પણ સમાન સ્વાસ્થ્ય સમસ્યાઓ માટે રહેવાસીઓની ઘરે-ઘરે તપાસ અને દેખરેખ કરી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં ક્યાંયથી કોઈ નવો કેસ નોંધાયો નથી." ICMR ટીમે બાળકો અને દવાઓના નમૂનાઓ વધુ વિશ્લેષણ માટે પુણે સ્થિત નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી (NIV)ને મોકલ્યા છે.

## કરૂર ભાગદોડ : ટીવીકેએ તમિલનાડુમાં વિજયની રેલીઓ સ્થગિત કરી

**ટીવીકેએ તમિલનાડુમાં વિજયની ચૂંટણી પ્રચાર યાત્રા સ્થગિત કરી દીધી છે, આગામી રેલીઓ રદ કરી છે અને જિલ્લા સચિવોને પોલીસ પરવાનગી ન લેવાની સૂચના આપી છે, આ નિર્ણય ભાગદોડ અને કાનૂની મુદ્દાઓને પગલે લેવામાં આવ્યો છે, વિજય ઓક્ટોબરના અંત સુધીમાં પ્રચાર ફરી શરૂ કરશે તેવી અપેક્ષા છે. પાર્ટીના કાર્યકરોને સોશિયલ મીડિયા પર પણ સાવધાની રાખવાની સલાહ આપવામાં આવી છે**

(એજન્સી) ચેન્નઈ, તા.૨

ટીવીકેએ સમગ્ર તામિલનાડુમાં વિજયના પ્રચાર અભિયાનને અટકાવી દીધું છે, જિલ્લા સચિવોને રેલીઓ યોજવા માટે પરવાનગી માટે પોલીસ પાસે વિનંતીઓ ન કરવા જણાવ્યું છે. ટીવીકેના જિલ્લા સચિવોએ પુષ્ટિ આપી છે કે વિજયની આ શનિવારે વેલ્લોર અને રાનીપેટ ખાતે યોજાનારી બેઠક યોજાશે નહીં. દરેક જિલ્લામાં સપ્તાહાંત રેલીઓનું સમયપત્રક નક્કી કરવામાં આવ્યું હતું, જે ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય હતું. જ્યારે વિજયે ત્રણને બદલે દિવસમાં બે જિલ્લાઓને આવરી લેવાની યોજના બદલી, ત્યારે સમયપત્રક ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી લંબાવવામાં આવ્યું. હવે, પક્ષના આંતરિક સૂત્રોએ સંકેત આપ્યો છે કે વિજય ઓક્ટોબરના ત્રીજા કે ચોથા અઠવાડિયા સુધીમાં જ પ્રચાર અભિયાનમાં પાછા ફરી શકે છે. હકીકતમાં, ભાગદોડ પછી વિજયના મૌનને પગલે, છેલ્લા ત્રણ દિવસથી પાર્ટીના નેતાઓ અજાણ હતા. જિલ્લા સ્તરના એક આયોજકે જણાવ્યું કે, "મંગળવારે અમારા નેતાનો વીડિયો આવ્યો ત્યાં સુધી આપણે કેવી રીતે આગળ વધવું તે સ્પષ્ટ નહોતું. રાજકીય લડાઈ ચાલુ રહેશે તેવા તેમના સંદેશથી અમને થોડી સ્પષ્ટતા મળી," દરમિયાન, પાર્ટી મુખ્યાલયે કાર્યકરોને તેમની સોશિયલ મીડિયા પોસ્ટમાં સાવધાની રાખવા જણાવ્યું છે. મુખ્ય હોદ્દા ધરાવતા લોકોને કરૂર કેસમાં થયેલા વિકાસ પર ટિપ્પણી ન કરવા અથવા અન્ય પક્ષોની ટીકાનો જવાબ ન આપવા માટે કહેવામાં આવ્યું છે. આધવ અર્જુન સામે ડિલીટ કરાયેલ ઠ પોસ્ટ માટે કેસ દાખલ થયા પછી વધુ કાનૂની સમસ્યાઓ ટાળવા માટે નેતાઓએ કહ્યું. પોલીસે કહ્યું કે TVK તરફથી ભવિષ્યમાં કોઈપણ વિનંતીઓ DGP ઓફિસને મોકલવામાં આવશે. અન્ય રાજકીય સંગઠનો માટે, સ્થાનિક પોલીસ એકમોને ઈવેન્ટ માર્ગદર્શિકા વધુ કડક રીતે લાગુ કરવા સૂચના આપવામાં આવી છે, જેમાં ભીડ નિયંત્રણ અને મૂળભૂત સુવિધાઓની જોગવાઈનો સમાવેશ થાય છે.

## યુપીની એક શાળામાં નિકાબ પહેરેલા વાલીઓને પ્રવેશ આપવાનો ઈન્કાર કરાયો

**એક બાળકના વાલીઓએ શિક્ષક સાથે દલીલ કરતાં જણાવ્યું હતું કે તમે બાળકોને તો શાળાનો ગણવેશ પહેરીને આવવાની ફરજ પાડી શકો છો પરંતુ એમના માતા પિતા માટે કોઈ ડ્રેસ કોડ નક્કી કરી શકો નહીં**

(એજન્સી) કાનપુર, તા.૨



ઉત્તર પ્રદેશના કાનપુરની એક ખાનગી શાળામાં સંચાલકોએ નિકાબ પહેરેલા વાલીઓને શાળામાં પ્રવેશ આપવાનો ઈન્કાર કરી દીધો હતો. વાલીઓ અને શિક્ષકોની એક ખાસ બેઠક શનિવારે યોજાઈ હતી તેમાં નિકાબ પહેરેલા વાલીઓને પ્રવેશ ન અપાતાં ભારે ધમાચકડી મચી જવા પામી હતી. ન્યુ વિઝન એન્ટર કોલેજ ખાતે આ ઘટના બની હતી. બાળકોના વાલીઓએ એવો દાવો કર્યો હતો કે એમને બુરખા અને નિકાબ કાઢી નાખવા માટે તાકીદ કરવામાં આવી હતી. ઓળખ માટે શાળામાં પ્રવેશતા પહેલા બુરખા અને નિકાબ કાઢવાનો અમને આદેશ અપાયો હતો પરંતુ ઘણા બધા વાલીઓએ આદેશનો સ્વીકાર કર્યો નહોતો, બલ્કે નારાજ થયેલા વાલીઓને શિક્ષકો સાથે પણ દલીલબાજી થઈ પડી હતી. વાલીઓએ એવી દલીલ કરી હતી કે તમે બાળકોને તો શાળાનું યુનિફોર્મ પહેરીને આવવાનું કહી શકો છો પરંતુ એમના માતા-પિતા માટે કોઈ ડ્રેસ કોડ નક્કી કરી શકો નહીં. અમે ત્રણ વર્ષથી અમારા બાળકોને આ શાળામાં મોકલી રહ્યા છીએ પણ પહેલીવાર આવી પરિસ્થિતિનો સામનો કર્યો છે. આ અંગે એક બાળકના વાલીને તો શિક્ષક સાથે જીભાજોડી થઈ પડી હતી અને સામસામા બરડા પાડવા લાગ્યા હતા. એક વિદ્યાર્થીની માતાએ જણાવ્યું હતું કે અમને કલાકો સુધી શાળાની બહાર રાહ જોવડાવવામાં આવી હતી. વાલીઓને શાળાની બહાર ઊભા રહેવું પડ્યું હતું અને છેવટે બધા ચાલ્યા ગયા હતા. સ્કૂલના પ્રિન્સિપાલ દ્વારા તેઓ ખુલાસો કરવામાં આવ્યો હતો કે અમે વાલીઓને ડ્રેસ કોડ અંગે અગાઉથી જાણ કરી હતી પરંતુ કેટલાક વાલીઓએ બેઠકમાં વિઘ્ન ઉભું કર્યું હતું. પરિસ્થિતિ કાબૂમાં લેવા માટે પોલીસને બોલાવવામાં આવી હતી પરંતુ કોઈ સત્તાવાર ફરિયાદ દાખલ થઈ નથી. બંને પક્ષો શાંત થઈ ગયા હતા એ પછી પોલીસ કમિશનરને રિપોર્ટ મોકલવામાં આવ્યો હતો. પોલીસે બાદમાં જાહેર કર્યું હતું કે શાંતિ થઈ ગઈ છે. નિયમ મુજબ જે જરૂરી લાગશે એ પગલા લેવામાં આવશે.

## છટણી થયા પછી ભારતીય મહિલાએ અમેરિકાની વિદાય લેતા રડતાં રડતાં કહ્યું," અમેરિકા, આઈ લવ યુ"

**પ્રસ્થાન કરતા પહેલા, જોશીએ અમેરિકા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી, તેને આર્થિક રીતે સ્વતંત્ર પુખ્ત વયના તરીકે પોતાનું પહેલું ઘર ગણાવ્યું**





(એજન્સી) તા.૨

તે F-1 ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ પ્રોગ્રામ દ્વારા બાયોટેક સ્ટાર્ટઅપમાં કામ કરતી હતી.

અનન્યા જોશી, એક ભારતીય મહિલા, જેણે સોશિયલ મીડિયા પર મહિનાઓ સુધી નોકરીની શોધનો ઈતિહાસ લખ્યો હતો, તેણે હવે યોગ્ય પદ ન મેળવી શકવાને કારણે અમેરિકા છોડી દીધું છે. ૨૯ સપ્ટેમ્બરના રોજ, તેણે એક આંસુભર્યો ઈન્સ્ટાગ્રામ વીડિયો શેર કર્યો, જેમાં તેણે અમેરિકા છોડ્યાનું દસ્તાવેજીકરણ કર્યું. તેણે અમેરિકા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતા કહ્યું કે દેશ છોડવો એ તેની સફરનું સૌથી મુશ્કેલ પગલું હતું. તેની વાસ્તવિકતા સ્વીકારતી હોવા છતાં, જોશીએ સ્વીકાર્યું કે વિદાયની ભાવનાત્મક અસર માટે તેને કંઈ પણ તૈયાર કરી શક્યું ન હતું.

તેણે અમેરિકામાં તેના સમય પર પ્રતિબિંબ પાડ્યો, તેને આર્થિક રીતે સ્વતંત્ર પુખ્ત વયના તરીકે તેનું પહેલું ઘર ગણાવ્યું અને તેણે અનુભવેલા અનુભવો માટે કૃતજ્ઞતા વ્યક્ત કરી. વીડિયોના કેપ્શનમાં લખ્યું છે કે, "આ સફરમાં અત્યાર સુધીનું સૌથી મુશ્કેલ પગલું. ભલે મેં મારી વાસ્તવિકતાને સ્વીકારી લીધી હોય તેવું લાગતું હતું, પણ આ દિવસ માટે મને કંઈ તૈયાર કરી શક્યું ન હતું. આર્થિક રીતે સ્વતંત્ર પુખ્ત વયના તરીકે અમેરિકા મારૂં પહેલું ઘર હતું અને તે હંમેશા મારા માટે ખાસ રહેશે. ટૂંકા ગાળાના હોવા છતાં, તે મને આપેલા જીવનની હું ખરેખર પ્રશંસા કરૂં છું અમેરિકા, હું તને પ્રેમ કરૂં છું." ૨૦૨૪માં બાયોટેક્નોલોજીમાં માસ્ટર ડિગ્રી સાથે નોર્થવેસ્ટર્ન યુનિવર્સિટીમાંથી સ્નાતક, જોશીએ F-1 ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ પ્રોગ્રામ દ્વારા બાયોટેક સ્ટાર્ટઅપમાં કામનો અનુભવ મેળવ્યો હતો. તેને તાજેતરમાં જ નોકરીમાંથી કાઢી મૂકવામાં આવી હતી અને નવી નોકરી શોધવાનું શરૂ કર્યું હતું. તેણે ચાર મહિના પહેલા લિંક્ડઈન પોસ્ટમાં લખ્યું હતું કે, "કંપની-વ્યાપી ડાઉનસાઈઝિંગના ભાગ રૂપે મને મારી પાછલી ભૂમિકામાંથી કાઢી મૂકવામાં આવી છે. હું મારી આગામી તક શોધી રહી નથી... આ માટે થોડી કટોકટી છે કારણ કે મારી STEM OPT ઘડિયાળ ટિક-ટિક કરી રહી છે, અને મારે યુએસમાં રહેવા માટે આગામી મહિનાની અંદર નોકરી સુરક્ષિત કરવાની જરૂર છે." તેના પ્રયત્નો છતાં, તે યોગ્ય નોકરી મેળવી શકી નહીં, જેના કારણે તેણે દેશ છોડીને અન્યત્ર નવી તકો શોધવાનો નિર્ણય લીધો, સંભવત : દુબઈમાં, જેમ કે તેની તાજેતરની કેટલીક પોસ્ટ્સ સૂચવે છે. કેટલાક દર્શકોએ તેની પરિસ્થિતિ પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી, જ્યારે અન્ય લોકોએ તેની પ્રથમ વર્ગમાં ઉડાન ભરવા બદલ ટીકા કરી. ઉલ્લેખનીય છે કે, F-1 ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (OPT) પ્રોગ્રામ F-1 વિઝા પર યુએસમાં રહેતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને તેમના અભ્યાસ ક્ષેત્રમાં ૧૨ મહિના સુધી કામચલાઉ ધોરણે કામ કરવાની મંજૂરી આપે છે.

## આ માંગ નહીં પણ 'ગોલ્ડિફિકેશન' છે : સોનાના ભાવ ૧ લાખ રૂપિયા કરતાં પણ વધી જતાં અખિલેશ યાદવે કેન્દ્ર પર પ્રહારો કર્યા; ભાજપ પર કાળા નાણાંનો સંગ્રહ કરવાનો આરોપ મૂક્યો

**સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે ભાજપ પર સોનાનો સંગ્રહ કરવાનો આરોપ લગાવ્યો છે, તેમણે આ પ્રક્રિયાને 'ગોલ્ડિફિકેશન' ગણાવી છે, યાદવે કહ્યું કે, ભાજપના નેતાઓ કાળા નાણાંને સોનામાં રૂપાંતરિત કરે છે, તેમણે તેને સોનાના વધતા ભાવ સાથે જોડ્યું છે, યાદવે સંગ્રહખોરો પર સરકારની કાર્યવાહી પર સવાલ ઊઠાવ્યા, તેમણે નોંધ્યું કે સોનાના ભાવ ઘણા લોકો માટે પરવડે તેવા નથી, આજે દિલ્હીમાં સોનાના ભાવ નવા ઉચ્ચ સ્તરે પહોંચ્યા હતા જે પરંપરાગત પ્રથાઓને અસર કરે છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧

સમાજવાદી પાર્ટીના પ્રમુખ અને ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે શાસક ભારતીય જનતા પાર્ટી (BJP) પર સોનાનો સંગ્રહ કરવાનો અને 'કાળા નાણાંને નક્કર સંપત્તિમાં રૂપાંતરિત કરવાનો' આરોપ લગાવ્યો છે, જેને તેમણે ગોલ્ડિફિકેશન તરીકે વર્ણવ્યું છે. યાદવે આરોપ લગાવ્યો કે સોનાના ભાવમાં તાજેતરનો વધારો સામાન્ય નાગરિકોમાં વધતી માંગનું પરિણામ નથી પરંતુ ભાજપના નેતાઓ દ્વારા મોટા પાયે સંગ્રહખોરીનું પરિણામ છે. તેમણે દલીલ કરી હતી કે, 'ગોલ્ડિફિકેશન' પ્રક્રિયા હેઠળ, શાસક પક્ષના ભ્રષ્ટ સભ્યો તેમના ગેરકાયદેસર ભંડોળને કિંમતી ધાતુઓમાં ફેરવી રહ્યા છે. ભાજપના શાસનમાં સોનાના ભાવ આસમાને પહોંચવાનું કારણ સામાન્ય લોકોમાં સોનાની માંગમાં વધારો નથી; તેના બદલે તે 'ગોલ્ડિફિકેશન' પ્રક્રિયા છે જેના દ્વારા અત્યંત ભ્રષ્ટ ભાજપના સભ્યો તેમના કાળા નાણાંને નક્કર સંપત્તિમાં રૂપાંતરિત કરી રહ્યા છે. સપા નેતાએ પ્રશ્ન કર્યો કે શું ભાજપનું 'લોખંડનું ડબલ એન્જિન' ખરેખર 'સોનામાં ફેરવાઈ ગયું છે' અને તેમણે માંગ કરી કે સરકાર સમજાવે કે આંતરરાષ્ટ્રીય બજારમાં ઉતાર-ચઢાવ છતાં આ વૈભવી ધાતુઓના ભાવ કેમ વધી રહ્યા છે. તેમણે શાસક પક્ષની પણ મજાક ઉડાવી અને પૂછ્યું કે શું તેના બહુપ્રચારિત ડ્રોન, દૂરબીન અને બુલડોઝર ફક્ત રાજકીય વિરોધીઓ માટે છે અને શું તે સોનાના સંગ્રહખોરોને ટ્રેક કરવા માટે નથી ? યાદવના મતે સોનાની વધુ કિંમત અને તેની સાથે ચાંદીની વધુ કિંમત ગરીબોની પહોંચની બહાર છે, જેના કારણે તેઓ લગ્ન દરમિયાન ઘરેણાં ભેટ આપવા જેવી પરંપરાગત પ્રથાઓથી વંચિત રહી ગયા છે. હવે ગરીબ માણસ લગ્ન દરમિયાન આશીર્વાદ તરીકે પોતાના પ્રિયજનોને સોનાની એક પણ વીંટી આપી શકતો નથી. દિલ્હીમાં સોનાના ભાવ આજે પ્રતિ ૧૦ ગ્રામ (24K) રૂપિયા ૧,૧૮,૭૯૦ રૂપિયાને સ્પર્શી ગયા છે, જે મંગળવારે પ્રતિ ૧૦ ગ્રામ ૧,૧૭,૫૬૧ રૂપિયા હતા. કિંમતી ધાતુના ભાવમાં દરરોજ વધઘટ થતી રહે છે, જે ડૉલરની ચાલ અને આંતરરાષ્ટ્રીય માંગ જેવા વૈશ્વિક પરિબળો, સ્થાનિક કર અને મોસમી ખરીદીના વલણોથી પ્રભાવિત થાય છે.

# 'કોઈએ મુસ્લિમ કર્મચારીને કામે રાખવા જોઈએ નહીં અને મુસ્લિમોને દુકાન ભાડે આપવી જોઈએ નહીં...': ઈન્દોરમાં કટ્ટરવાદી હિન્દુત્વના આદેશ પછી મુસ્લિમ કર્મચારીઓ અને દુકાનદારોને હાંકી કાઢવામાં આવ્યા

## કેટલાક હિન્દુ દુકાનદારોએ હિન્દુ-મુસ્લિમ એકતા માટે સૂત્રોચ્ચાર કરીને આ હુકમ સામે પ્રદર્શન કર્યું હતું

(એજન્સી) તા.૨

હિંદ રક્ષક સંગઠનના વડા અકલવ્ય સિંહ ગૌડ, જે ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના જિલ્લા ઉપાધ્યક્ષ પણ છે, તેમનં દ્વારા ઈન્દોરમાં એક મહિના સુધી ચાલેલા અભિયાનના પરિણામે ૬૦થી વધુ મુસ્લિમ કામદારોને કાઢી મૂકવામાં આવ્યા છે અને શહેરના શીતલા માતા બજારમાંથી ઘણા મુસ્લિમ દુકાનદારોને બહાર કાઢવામાં આવ્યા છે. ગૌડ અને તેમના સમર્થકો દ્વારા કહેવાતા "લવ જેહાદ" પર કાર્યવાહી તરીકે આ પગલાથી મધ્યપ્રદેશની વ્યાપારી રાજધાનીમાં સાંપ્રદાયિક તણાવ વધ્યો છે અને બંધારણીય અધિકારો અને મૂલ્યો અંગે ચિંતાજનક પ્રશ્નો ઊભા થયા છે. ૨૦૨૧માં સ્ટેન્ડ-અપ કોમેડિયન મુનવર ફારૂકી પર ધાર્મિક લાગણીઓ દુભાવવાનો આરોપ લગાવવા પાછળ ગૌડના જમણેરી પક્ષનો હાથ હતો.




ઓગસ્ટના અંતમાં ગૌડે કથિત રીતે શીતલા માતા માર્કેટમાં દુકાનદારોને એક ફરમાન જારી કર્યું હતું, જેમાં તેમને ૨૫ સપ્ટેમ્બર સુધીમાં મુસ્લિમ કર્મચારીઓને કાઢી મૂકવાનું કહેવામાં આવ્યું હતું. તેમણે આરોપ લગાવ્યો હતો કે મુસ્લિમ સેલ્સમેન હિન્દુ ગ્રાહકો સાથેની તેમની નિકટતાનો "દુરૂપયોગ" કરી રહ્યા છે, કપડાની ડિઝાઈન શેર કરવાના બહાના હેઠળ મોબાઈલ નંબરની આપ-લે કરી રહ્યા છે, અને આમ "લવ જેહાદ" તરીકે વર્ણવેલ સંબંધોમાં યુવતીઓને ખેંચી રહ્યા છે.

ત્રણ વખતના ભાજપ ધારાસભ્ય માલિની ગૌડના પુત્ર ગૌડે ઔપચારિક સમયમર્યાદા નક્કી કરવાનો ઈનકાર કર્યો હતો, પરંતુ આ મુદ્દો ઉઠાવવાની કબૂલાત કરી હતી. તેમણે કહ્યું કે, બધા દુકાનદારોએ એક બેઠક યોજી હતી અને તેમના નિર્ણયમાં સર્વસંમતિ હતા. તે મારો ફરમાન ન હતો. તે વેપારીઓનો કોલ અને સામૂહિક નિર્ણય હતો. ગૌડના પિતા લક્ષ્મણ ગૌડ ભૂતપૂર્વ કેબિનેટ મંત્રી હતા અને તેમની કટ્ટર હિન્દુ નેતા છબી માટે જાણીતા હતા. થોડા વર્ષો પહેલા તેમનું માર્ગ અકસ્માતમાં અવસાન થયું હતું. શીતળા માતા બજાર વેપારી એસોસિએશને ખુલ્લેઆમ આ નિર્ણયને ટેકો આપ્યો હતો. એસોસિએશનના પ્રમુખ હેમા પંજવાનીએ મુસ્લિમ કામદારોને હાંકી કાઢવાનો બચાવ કર્યો હતો. તેઓ રસ્તા પર ઊભા રહેતા, મહિલાઓને બોલાવતા અને તેમની સામે જોતા હતા. ભૈયા (અકલવ્ય ગૌડ) એ આ મુદ્દો ઉઠાવ્યો છે. કોઈએ પણ શરૂઆતમાં મુસ્લિમોને તેમની દુકાનો ભાડે આપવી જોઈતી ન હતી; તે બધાએ ખાલી કરવી પડશે.

અસરગ્રસ્ત લોકો માટે, તેની અસર વિનાશક રહી છે. વર્ષોથી બજારમાં કપડાની દુકાન ચલાવતા ૫૫ વર્ષીય મોહમ્મદ હારૂને જણાવ્યું કે તેમના મકાનમાલિકે દબાણ હેઠળ તેમને ખાલી કરવા કહ્યું છે. મારા માલિક મારા પ્રત્યે દયાળુ હતા, પરંતુ તેઓ લાચાર હતા. ગૌડના સમર્થકોએ મારા આઠ કર્મચારીઓ -છ મુસ્લિમો અને બે હિન્દુઓના ઓળખપત્રોની માગણી કરી. તેમને ડર હતો કે જો તેઓ પ્રતિકાર કરશે તો તેઓ તેમને પણ નિશાન બનાવશે. અહીં બનતી ઘટનાઓથી હું ડરી ગયો છું અને દુઃખી છું. આ કામદારોની આજીવિકાનો પ્રશ્ન છે. આ ફરમાન પછી ઓછામાં ઓછા અડધો ડઝન અન્ય મુસ્લિમ દુકાનદારોએ તેમના મથકો ખાલી કરી દીધા છે. ૬૦થી વધુ કામદારો માટે, આ ફરમાનનો અર્થ અચાનક બેરોજગારી છે અને આગળ શું થશે તેની કોઈ સ્પષ્ટતા નથી. ખજરાના વિસ્તારના કોંગ્રેસના કોર્પોરેટર રૂબીના ઈકબાલ ખાને જણાવ્યું કે ધાકધમકી શીતલા માતા બજારથી અન્ય પણ ફેલાઈ હતી. તેમણે કનકેશ્વરી મંદિર વિસ્તારમાં નવરાત્રી મેળા તરફ ઈશારો કર્યો જ્યાં ઝૂલા ચલાવતા એક મુસ્લિમ વ્યક્તિને કથિત રીતે બળજબરીથી બહાર કાઢવામાં આવ્યો હતો. આ બતાવે છે કે નફરતનું અભિયાન કેટલી હદે ફેલાયું છે.

આ ઘટના ઈન્દોરમાં રાજકીય દાવપેચની પૃષ્ઠભૂમિ સામે બની રહી છે. ધારાસભ્ય માલિની ગૌડ દ્વારા કબજે કરાયેલી "ચાર નંબર" બેઠક ગૌડ પરિવારનો ગઢ માનવામાં આવે છે. ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણીમાં, તેમના પુત્ર અકલવ્ય દ્વારા ટિકિટ માટે લોબિંગ કરવા છતાં માલિનીને ફરીથી ઉમેદવાર બનાવવામાં આવી હતી. રાજકીય નિરીક્ષકો માને છે કે વર્તમાન વિવાદ તેમના હિન્દુ રાષ્ટ્રવાદી આધારને મજબૂત કરવા અને પોતાને કુદરતી ઉત્તરાધિકારી તરીકે સ્થાપિત કરવાની તેમની વ્યૂહરચનાનો એક ભાગ છે. આ બેઠક માટેનો જંગ વધુ તીવ્ર બન્યો છે, ઈન્દોરના મેયર પુષ્યમિત્ર ભાર્ગવ પણ દાવેદાર તરીકે ઉભરી આવ્યા છે. ભાજપના એક નેતાએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, "મેયર મતવિસ્તારમાં સક્રિય રીતે વિકાસ કાર્યો કરી રહ્યા છે અને ટિકિટ પર પણ નજર રાખી રહ્યા હોવાનું માનવામાં આવે છે."

૨૦૨૧માં એકલવ્ય ગૌડે મુનવર ફારૂકી પર હિન્દુ દેવતાઓની "મજાક" કરવાનો આરોપ લગાવીને વિવાદ ઊભો કર્યા પછી, હાસ્ય કલાકારની ધરપકડ કરવામાં આવી હતી અને બાદમાં તેમને જામીન આપવામાં આવ્યા હતા, પરંતુ આ કેસ વાણી સ્વતંત્રતા અને અસહિષ્ણુતા અંગે ચર્ચાઓનો મુખ્ય મુદ્દો રહ્યો છે.

કેટલાક હિન્દુ દુકાનદારોએ તેના વિરૂદ્ધ પ્રદર્શન કરીને, પ્લેકાર્ડ પકડીને અને હિન્દુ-મુસ્લિમ એકતા માટે સૂત્રોચ્ચાર કરીને આ ખાલી કરાવવાનો વિરોધ કર્યો હતો. ૪૦ વર્ષીય દુકાનદાર બળવંત સિંહને તેમના મુસ્લિમ બિઝનેસ પાર્ટનર હારૂન સાથે દુકાન ખાલી કરવાનું કહેવામાં આવ્યું હતું, તેમણે કહ્યું, અમે ભાઈઓની જેમ બિઝનેસ પાર્ટનર છીએ. અમારી બંને દુકાનોને ખાલી કરવાનું કહેવામાં આવ્યું છે કારણ કે અમારામાંથી એક મુસ્લિમ છે. કોઈની આજીવિકા સાથે રમત ન રમવી જોઈએ, કોઈની સાથે અન્યાયી વર્તન ન કરવું જોઈએ. સિંહે કહ્યું કે જો મામલો ઉકેલાય નહીં તો તેઓ કોર્ટમાં જવાનો વિચાર કરી રહ્યા છે.

આ ઘટનાએ બંધારણીય અધિકારોના ઉલ્લંઘન અંગે ચર્ચા જગાવી છે. ધર્મના આધારે કામદારોની હકાલપટ્ટીને ટીકાકારો દ્વારા ભારતીય બંધારણમાં સમાવિષ્ટ સમાનતા, આજીવિકા અને ગૌરવના સિદ્ધાંતો પર સીધો હુમલો ગણાવવામાં આવ્યો છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના નેતા દિગ્વિજય સિંહે ૨૭ સપ્ટેમ્બરના રોજ બજારની મુલાકાત લીધી હતી, અસરગ્રસ્તોને મળ્યા હતા અને બાદમાં ફરિયાદ નોંધાવવા માટે સરાફા પોલીસ સ્ટેશન ગયા હતા. તેમણે કહ્યું કે, આ બંધારણીય મૂલ્યોનું ઉલ્લંઘન છે. જીવવાનો અધિકાર, કામ કરવાનો અધિકાર, સમાનતાનો અધિકાર બધું જ જોખમમાં છે. વહીવટીતંત્રે સાંપ્રદાયિક શક્તિઓ સામે ઝૂકવાને બદલે નાગરિકોનું રક્ષણ કરવા માટે કાર્ય કરવું જોઈએ.

જ્યારે ધ ક્વિન્ટે જિલ્લા કલેક્ટર શિવમ વર્માનો સંપર્ક કર્યો, ત્યારે તેમણે કહ્યું, "જો અમને કોઈ ફરિયાદ મળશે તો અમે સંજ્ઞાન લઈશું અને સંડોવાયેલા લોકો સામે કડક કાર્યવાહી કરીશું."

કેટલાક હિન્દુ દુકાનદારો સમર્થનમાં બહાર આવ્યા હતા, ત્યારે કેટલાકે દલીલ કરી હતી કે આ પગલું "હિન્દુ દીકરીઓનું રક્ષણ" કરવા માટે જરૂરી હતું. અન્ય લોકોએ ચિંતા વ્યક્ત કરી હતી કે સાંપ્રદાયિક ધ્રુવીકરણ વધુ ફેલાઈ શકે છે, જેનાથી એક સમૃદ્ધ વ્યાપારી કેન્દ્ર તરીકે ઈન્દોરની પ્રતિષ્ઠાને નુકસાન થઈ શકે છે.

શીતલા માતા બજારની આ ઘટના અલગ નથી. વિશ્લેષકો મધ્યપ્રદેશના કેટલાક ભાગોમાં ચિંતાજનક વલણ નોંધે છે જ્યાં "લવ જેહાદ" અથવા "સાંસ્કૃતિક શુદ્ધતા" ના બેનર હેઠળ લઘુમતીઓનો સામાજિક-આર્થિક બાકાત થઈ રહ્યો છે. પ્રશ્ન હવે ફક્ત ઈન્દોરના એક બજારનો નથી, તે વધતા સાંપ્રદાયિક દબાણનો સામનો કરીને સમાનતાના ભારતના બંધારણીય વચનના અસ્તિત્વનો છે.

# RSSની શતાબ્દી ઉજવણીને મહાત્મા ગાંધીજીના અપમાન સમાન ગણાવતા ઉદિત રાજ

## કોંગ્રેસના નેતાએ કહ્યું કે, RSSની વિચારધારા અને તેની નીતિ-રીતિઓ જ ગાંધીજીની હત્યા માટે જવાબદાર છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

કોંગ્રેસના સિનિયર નેતા ઉદિત રાજે આજે RSSની શતાબ્દી ઉજવણીની ભારે જોરદાર ટીકા કરી હતી અને સંઘને 'આતંકવાદી સંગઠન' ગણાવીને તેમણે કહ્યું હતું કે, RSS અને તેની વિચારધારા મહાત્મા ગાંધીજીની હત્યા માટે જવાબદાર છે. તેમણે કહ્યું હતું કે, આવા સંગઠનની શતાબ્દીની ઉજવણી કરવામાં આવે એ ખૂબ જ કમનસીબ છે અને ગાંધી જયંતીના દિવસે જ આવી ઉજવણી એ ગાંધીજીનું અપમાન છે. ગાંધીજી રાષ્ટ્રપિતા છે અને એમની જયંતીના દિવસે ઉજવણી એક રાષ્ટ્રવિરોધી સંગઠન કરી રહ્યું છે અને તેની ઉજવણીને ગૌરવથી રજૂ કરવામાં આવી રહી છે.



ડૉ.કે.બી. હેડગેવાર દ્વારા ૧૯૨૫માં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના કરવામાં આવી હતી જેને ૧૦૦ વર્ષ પૂરા થતાં શતાબ્દી ઉજવણી કરવામાં આવી રહી છે એટલે દશેરા તેમજ ગાંધી જયંતીના દિવસે જ શતાબ્દી વર્ષથી ઉજવણી થઈ રહી છે. કોંગ્રેસ નેતા ઉદિત રાજે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, વિજયાદશમીના પર્વ પર હું દેશવાસીઓને શુભેચ્છા પાઠવું છું પરંતુ આજે એ ઘણી મોટી કંપની છે કે, એક આતંકી સંગઠનને ગૌરવ સાથે દેશ સમક્ષ રજૂ કરવામાં આવી રહ્યો છે. ભગવાન રામના આદર્શો અને વિચારોનું ખરેખર અનુસરણ કરી રહેલા લોકોને આશ્ચર્ય થઈ રહ્યું છે કે આ દેશમાં શું થઈ રહ્યું છે. મહાત્મા ગાંધીની હત્યા કરાવનાર એક સંગઠનને ગૌરવ પ્રદાન કરીને તેના ગુણગાન ગાવામાં આવી રહ્યા છે તે અત્યંત આઘાતજનક છે.

તેમણે કહ્યું હતું કે, RSS અને તેની વિચારધારા જ મહાત્મા ગાંધીજીની હત્યા માટે જવાબદાર છે. બીજી ઓકટોબરે આપણે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું સન્માન કરીએ છીએ અને આદરથી યાદ કરીએ છીએ ત્યારે એમની જન્મજયંતીના દિવસે એમની હત્યા કરાવનાર એક સંગઠનની શતાબ્દીની ઉજવણી કરવામાં આવે એ અત્યંત અત્યંત કમનસીબ છે.

RSSની શતાબ્દી પર ટપાલ ટિકિટ અને સિક્કાનું વિમોચન કરવામાં આવ્યું તેની સખત રીતે ટીકા કરતા કોંગ્રેસ નેતાએ જણાવ્યું હતું કે, હિંસક લોકોના મનમાં ટપાલ ટિકિટ અને સિક્કો બહાર પાડવામાં આવી રહ્યા છે આ તો મહાત્મા ગાંધીજીનું સૌથી મોટું અપમાન છે. એ લોકોએ પહેલા તો ગાંધીજીની હત્યા કરી અને હવે એ લોકો આવી રીતે ગાંધીજીને અપમાનિત કરી રહ્યા છે. આજના સમયમાં RSSની કોઈ ભૂમિકા જ ન હોય. આ બધું માત્ર સત્તામાં રહેવા માટે કરવામાં આવી રહ્યું છે. સંઘની નીતિઓ તો નિષેધની નીતિ રહી છે એવું કહેતા તેમણે જણાવ્યું હતું કે, જો એ ખરેખર હિન્દુઓનું સંગઠન હોય અને હિન્દુઓ માટેનું સંગઠન હોય તો અત્યાર સુધી તેના સર સંઘ સંચાલક માત્ર બ્રાહ્મણ જ કેમ રહ્યા છે ? ક્યારેય પછાત વર્ગ કે દલિત સમાજની વ્યક્તિ કે મહિલાને કદી સંઘના વડા તરીકે કેમ નિયુક્તિ કરવામાં આવી નથી ? હકીકતે RSS રાષ્ટ્રવિરોધી આતંકવાદી સંગઠન છે.

# RSSની શતાબ્દી ઉજવણીની ઝાટકણી કાઢતા આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહ, RSS પર 'ઐતિહાસિક દગલબાજી' અને જાતિવાદી ભેદભાવનો આરોપ મૂકતા AAPના નેતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે RSSની શતાબ્દી વર્ષ ઉજવણીની જોરદાર ટીકા કરી હતી અને સંગઠન ઉપર જોરદાર પ્રહારો કરતા સંઘને 'ઐતિહાસિક દગલબાજી' સંગઠન ગણાવ્યું હતું અને જાતિવાદી ભેદભાવ કરી રહ્યાનો આક્ષેપ પણ મૂક્યો હતો.



## દેશની વાતો કરવાનો દાવો કરનાર આ સંગઠનની નેતાગીરી માટે દલિતો કે આદિવાસીઓ કે પછાત વર્ગો માટે કોઈ સ્થાન નથી

એક વીડિયો નિવેદનમાં આમ આદમી પાર્ટીના સાંસદે અનેક સવાલો RSSના વારસા અંગે ઊઠાવ્યા હતા. છેલ્લા ૧૦૦ વર્ષમાં તેની કામગીરી અને તેના વારસા વિશે સંખ્યાબંધ સવાલો ઊઠાવી સંજય સિંહે જણાવ્યું હતું કે, એક પણ દલિત કે પછાત જાતિની વ્યક્તિ કે મહિલાને કેમ અત્યાર સુધી RSSના વડાનું સ્થાન આપવામાં આવ્યું નથી ? ભારતીય સમાજનું પ્રતિનિધિત્વ કરી રહ્યાના સંઘના દાવાને નકારી કાઢતા તેમણે કહ્યું હતું કે, RSS આખા દેશની વાત કરે છે પરંતુ વાસ્તવિકતા એ છે કે, આ દેશની ૮૫ ટકા વસ્તી દલિતો તથા આદિવાસીઓ અને પછાત વર્ગોની છે ત્યારે સંઘની નેતાગીરી માટે આ વર્ગ માટે કોઈ સ્થાન નથી કે એમને કદી સંઘની નેતાગીરી આપવામાં આવી નથી.

તેમણે સંગઠન પર આક્ષેપ કર્યો હતો કે, ભારતની આઝાદીની લડાઈ ચાલી રહી હતી એ દરમિયાન સંઘ દ્વારા બ્રિટિશ શાસકોને જ ટેકો આપવામાં આવ્યો હતો. બ્રિટિશ રાજ દરમિયાન ૧૯૨૫માં RSSની સ્થાપના થઈ હતી પરંતુ બ્રિટિશ રાજનો મુકાબલો કરવાને બદલે આ સંગઠને બ્રિટિશ રાજની સેવા કરવાનું પસંદ કર્યું હતું.

તેમણે એવો પણ દાવો કર્યો હતો કે, ભારત છોડો ચળવળનો પણ RSS દ્વારા જ વિરોધ કરવામાં આવ્યો હતો અને આપણા આઝાદીના લડવૈયા એવા ક્રાંતિકારીઓની જાસૂસી સંઘ દ્વારા કરવામાં આવતી હતી અને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ભારતીય નાગરિકોને બ્રિટિશ લશ્કરમાં જોડાઈ જવા માટે પ્રોત્સાહન આપવામાં આવતું હતું. આવો છે RSSનો કાળો ઈતિહાસ જે કદી ભૂંસી શકાય તેમ નથી.

આપના સાંસદે ટકોર કરી હતી કે, છેલ્લા બાવન વર્ષમાં નાગપુર ખાતેના તેના વડા મથક પર RSS દ્વારા કદી પણ તિરંગો ફરકાવવામાં આવ્યો નથી અને તિરંગો ફરકાવવાનો ઈન્કાર કરવામાં આવ્યો છે. એટલે જે લોકો દેશની સાથે ઊભા ન હોય તેની સાથે આપણે ઊભા રહી ન શકીએ.

RSSને ભારતના બંધારણનો પણ વિરોધ છે એવો આરોપ મૂકતા તેમણે કહ્યું હતું કે, RSS માત્ર મનુવાદી વિચારધારામાં માને છે અને જાતિવાદી ભેદભાવમાં પણ માને છે અને અસ્પૃશ્યતામાં માને છે. આ સંગઠને હંમેશા ડોક્ટર બાબાસાહેબ આંબેડકરની વિચારધારા અને એમના મૂલ્યોનો વિરોધ કર્યો છે અને વંચિત વર્ગો માટે જરૂરી અનામત પ્રથાનો હંમેશા વિરોધ કર્યો છે.

સંઘની શતાબ્દીને રૂ.૧૦૦નો સિક્કો અને ટપાલ ટિકિટ બહાર પાડવાના સરકારના પગલાની ભારે ટીકા કરતાં તેમણે કહ્યું હતું કે, RSSના ગુણગાન ગાઈને તેનું ગૌરવ વધારવાના આ પ્રયાસો છે પરંતુ આઝાદીની લડાઈ વખતે તેણે જ જે દગલબાજી કરી છે તેને ઢાંકી દેવાના પ્રયાસો થઈ રહ્યા છે. આ સંગઠન જૂની રૂઢીઓ તરફ પાછા ફરવા માટે અને અધોગતિ તરફ લઈ જતું સંકુચિત માનસ ધરાવતું સંગઠન છે જે ખરેખર સાચા ભારતનું કદી પણ પ્રતિનિધિત્વ કરતું નથી. છેલ્લા ૧૦૦ વર્ષમાં કોઈ દલિત કે કોઈ આદિવાસી કે પછાત વર્ગની કોઈ વ્યક્તિ કે કોઈ મહિલા RSSના વડા તરીકે નિયુક્ત થયા નથી.

# ગયા જિલ્લાની રેણુ ઉદ્યોગસાહસિકતાનું ઉદાહરણ બની, ગામમાં એક નાનકડી દુકાન ચલાવી અને પોતાના પુત્રને IAS અધિકારી બનાવ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

૧૯૯૫થી ૨૦૦૦ સુધીનો સમયગાળો, ગયા જિલ્લા મુખ્યાલયથી આશરે ૮૦ કિમી દૂર ગયા જિલ્લાના એક દૂરના બ્લોક, ડુમરિયા સુધી પહોંચવા માટે, સાત વખત પગપાળા પર્વતીય નદી પાર કરવી પડતી હતી. નક્સલવાદીઓના તીવ્ર પ્રભાવને કારણે દુર્ગમ રસ્તો ખોરવાઈ ગયો હતો અને રોજિંદા બંધના એલાનથી બધી પ્રવૃત્તિઓ ઠપ્પ થઈ ગઈ હતી. લોકો ઊંડી નિરાશામાં ડૂબી ગયા હતા અને સુધારાની આશા ખોવાઈ ગઈ હતી. આ પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ, એક માતાએ એક સ્વપ્ન જોયું હતું, તેના ત્રણ પુત્રો અને બે પુત્રીઓમાંથી એકને IAS અધિકારી બનાવવાનું. તેણીએ દરેક ગામમાં સાંભળ્યું હતું કે, જો કલેક્ટર ઈચ્છે તો, આ વિસ્તારની રસ્તા, પાણી અને વીજળી જેવી મૂળભૂત જરૂરિયાતો પૂરી કરી શકાય છે અને ભયનું વાતાવરણ સમાપ્ત થઈ શકે છે. તેણીએ પોતે ફક્ત સાતમા ધોરણ સુધી જ અભ્યાસ કર્યો હતો, પરંતુ આગળ અભ્યાસ કરવાની તેની ઈચ્છા અધૂરી રહી. તેમના પતિ સ્નાતક હોવા છતાં, તેમણે ગુજરાન ચલાવવા માટે ડુમરિયા બજારમાં કરિયાણાની દુકાન ખોલી હતી. તેમની આવક મર્યાદિત હતી, પરંતુ તેમની પત્નીના બાળકો માટે મોટા સપના જોઈને, તેઓ શરૂઆતમાં અચકાતા હતા, પરંતુ પછી સંમત થયા. પાંચ બાળકોમાં ત્રીજો સંદીપ શરૂઆતથી જ એક તેજસ્વી વિદ્યાર્થી હતો. તેની માતા રેણુ દેવી અને પિતા શંભુ પ્રસાદ ગુપ્તાની ઈચ્છાઓ વિશે જાણ્યા પછી, તેણે એક દિવસ IAS અધિકારી બનવાનો સંકલ્પ કર્યો. તેઓ હાલમાં મસૂરીમાં લબ્શના (લાલ બહાદુર શાસ્ત્રી નેશનલ એકેડેમી ઓફ એડમિનિસ્ટ્રેશન) ખાતે ફાઉન્ડેશન કોર્સ માટે તાલીમ લઈ રહ્યા છે. તેમની માતાને આનો ગર્વ છે, પરંતુ તેઓ તેમની ફરજથી ભટકી નથી. એપ્રિલ ૨૦૧૭માં તે જ દિવસે તેમના સસરાનું મૃત્યુ, ત્યારબાદ થોડા કલાકો પછી તેમના પતિનું હૃદયરોગના હુમલાથી મૃત્યુ, ભયંકર આઘાત હતો.તેમણે પરિવારની સંભાળ રાખી.તેમના ચાર બાળકો ગામમાં તેમની સાથે હતા. સંદીપ, જેણે IIT મુંબઈમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગની ડિગ્રી મેળવી હતી અને એક ખાનગી કંપનીમાં કામ કરતો હતો, તે પણ ગામ પાછો ફર્યો. દશકર્મ પછી, સંદીપની માતાએ તેને તેના પિતાના IAS અધિકારી બનવાના અધૂરા સ્વપ્નની યાદ અપાવી. તેણે તેની માતાના આદેશનું પાલન કર્યું, એક ખાનગી કંપનીમાં નોકરી છોડી દીધી અને UPSCની તૈયારી કરવા દિલ્હી ગયો.ત્યાં એક ખાનગી કોચિંગ ઈન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ મેળવ્યો અને લગભગ ચાર વર્ષ સુધી ખંતપૂર્વક તૈયારી કરી, જ્યારે તેની માતાએ, તેની કરિયાણાની દુકાનમાંથી થતી કમાણીથી, ખાતરી કરી કે તેને કોઈ પણ વસ્તુની કમી ન રહે. ૨૦૨૦માં, તે તેના પહેલા પ્રયાસમાં જ ઈન્ટરવ્યુ સ્ટેજ પર પહોંચ્યો. તેણે તેની માતા પાસેથી ટેકો માંગ્યો, જેમણે કહ્યું, તું IITian છે, તને ગમે ત્યારે ખાનગી



કંપનીમાં નોકરી મળશે. પ્રયાસ કરતા રહો. ૨૦૨૧ વધુ મુશ્કેલ ભર્યું હતું, તે પ્રારંભિક પરીક્ષા પણ પાસ કરી શક્યો નહીં. તેની માતાએ તેને ફરીથી પ્રોત્સાહન આપ્યું. આ પછી, તેમણે પોતાના સમર્પણને બમણું કર્યું અને ૨૦૨૨, ૨૦૨૩ અને ૨૦૨૪માં સતત UPSC પરીક્ષાઓ પાસ કરી, આખરે ૨૬૬મો ક્રમાંક મેળવ્યો અને IAS માટે પસંદગી પામ્યો. વધુ મહત્વની વાત એ છે કે, તેણે ગયા વર્ષે ડિસેમ્બરથી ઓગસ્ટ દરમિયાન હૈદરાબાદમાં IPS તાલીમ પણ લીધી હતી. IAS તાલીમમાં એક મહિનાથી થોડો સમય લાગ્યો. સંદીપ કહે છે કે, તેમના માતા-પિતાએ તેમની સફળતામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમના રોલ મોડેલ બિહારના પૂર્વ DGP અને શિક્ષક અભયાનંદ સર છે. તેમણે ગામની જનતા હાઈસ્કૂલ, ડુમરિયામાં મેટ્રિક સુધી અભ્યાસ કર્યો. ત્યારબાદ, તેમણે ગયા કોલેજમાંથી ઈન્ટરમીડિયેટ પૂર્ણ કર્યું. તે સમયે, સુપર 30 IITની તૈયારી માટે એક લોકપ્રિય કાર્યક્રમ હતો. ૨૦૧૦માં, તેમણે અભયાનંદ અને આનંદની અલગ સુપર ૩૦ કોચિંગ સંસ્થાઓ માટે પ્રવેશ પરીક્ષા આપી. તેમની પસંદગી બંને માટે થઈ. તેમણે અભયાનંદની ત્રિવેણી સુપર ૩૦માં પ્રવેશ મેળવ્યો અને પટના ગયા.આ તેના જીવનનો એક વળાંક હતો. એક વર્ષની તૈયારી અને અભ્યાનંદના માર્ગદર્શનથી, તેને પહેલા જ પ્રયાસમાં IIT માટે પસંદગી મળી. આજે હું કોણ છું તે બધાની સામે છે. તેણે કહ્યું કે, જો તેને જિલ્લા મેજિસ્ટ્રેટ તરીકે નિયુક્ત કરવામાં આવે, તો તેઓ પહેલા પ્રાથમિક શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓને મજબૂત બનાવશે, કારણ કે પ્રાથમિક શિક્ષણ દરમિયાન જ બાળકો આત્મવિશ્વાસ મેળવે છે કે ગુમાવે છે. આ તેમનું ભવિષ્ય નક્કી કરે છે. શાળાઓમાં યોગ્ય માળખાગત સુવિધાઓ અને ગુણવત્તા હોવી જોઈએ.

# 'ચેન્નાઈ બોય' : ભારતના સૌથી નાની ઉંમરના અબજોપતિ અરવિંદ શ્રીનિવાસની કુલ સંપત્તિ, તેમની કારકિર્દી

## અરવિંદ શ્રીનિવાસ આર્ટીફિશિયલ ઈન્ટેલીજન્સ સંચાલિત સર્ચ એન્જિન, પરપ્લેક્સિટીનું નેતૃત્વ કરે છે, જેને તેઓ "કોઈપણ પ્રશ્નોના જવાબો મેળવવાનો સૌથી ઝડપી માર્ગ" ગણાવે છે

(એજન્સી) તા.૨

૩૧ વર્ષીય "ચેન્નાઈ બોય", જે પરપ્લેક્સિટી છેં ના સહ-સ્થાપક અને CEO છે, તેમણે ભારતના સૌથી નાની ઉંમરના અબજોપતિ બનીને ઈતિહાસ રચ્યો છે. તેઓ રૂા.૨૧,૧૯૦ કરોડની નેટવર્થ સાથે M3M હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૫માં પ્રવેશ કર્યો છે. અરવિંદ શ્રીનિવાસ પરપ્લેક્સિટીના CEO અને સહ-સ્થાપક છે.

ચેન્નાઈમાં જન્મેલા અને ઉછરેલા, શ્રીનિવાસની સફળતા વૈશ્વિક ડીપ-ટેક લેન્ડસ્કેપમાં ભારતના વધતા પ્રભાવને પ્રતિબિંબિત કરે છે. તેમની કંપની, પર્પ્લેક્સિટી એઆઈ, જે ગૂગલ જેમિની અને ઓપનએઆઈના ચેટજીપીટીને પડકાર આપતું સર્ચ એન્જિન છે, તે તાજેતરના વર્ષોમાં ઝડપી વૃદ્ધિ કરી છે.

હુરુન રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે, "M3M હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૫ ભારતના સેવા-કેન્દ્રિત ભૂતકાળથી ડીપ-ટેક, પ્રોડક્ટ-નેતૃત્વ ધરાવતા પાવરહાઉસ તરફના પરિવર્તનનો ઈતિહાસ દર્શાવે છે. પર્પ્લેક્સિટીના સ્થાપક ૩૧ વર્ષીય અરવિંદ શ્રીનિવાસનું સૌથી નાના અબજોપતિ તરીકે આ પરિવર્તનને રેખાંકિત કરે છે અને તેમની સંપત્તિ વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરતા પાયાના છેં મોડેલના નિર્માણમાંથી આવે છે.



અબજોપતિઓની રેન્કમાં શ્રીનિવાસનો પ્રવેશ તેમને વ્યવસાયને ફરીથી વ્યાખ્યાયિત કરતા અન્ય યુવા ભારતીય ઉદ્યોગસાહસિકો સાથે મૂકે છે. ઝેપ્ટોના સ્થાપકો કૈવલ્ય વોહરા (૨૨; રૂા.૪,૪૮૦ કરોડ) અને આદિતપલિચા (૨૩; રૂા.૫,૩૮૦ કરોડ), પ્રિઝમ (OYO)ના રિતેશ અગ્રવાલ (૩૧; રૂા.૧૪,૪૦૦ કરોડ), SG ફિનસર્વના રોહન ગુપ્તા (૨૬; રૂા.૧,૧૪૦ કરોડ), BharatPeના શાશ્વત નાકરાણી (૨૭; રૂા.૧,૩૪૦ કરોડ), અને TAC સિક્યુરિટીના ત્રિશનીત અરોરા (૩૦; રૂા.૧,૮૨૦ કરોડ) પણ આ વર્ષની યાદીમાં છે.

**અરવિંદ શ્રીનિવાસ કોણ છે ?**

અરવિંદ શ્રીનિવાસ એક ભારતીય મૂળના એન્જિનિયર અને ઉદ્યોગસાહસિક છે જે પર્પ્લેક્સિટીના CEO અને સહ-સ્થાપક છે, અરવિંદ શ્રીનિવાસ આર્ટીફિશિયલ ઈન્ટેલીજન્સ સંચાલિત સર્ચ એન્જિન, પરપ્લેક્સિટીનું નેતૃત્વ કરે છે, જેને તેઓ "કોઈપણ પ્રશ્નોના જવાબો મેળવવાનો સૌથી ઝડપી માર્ગ" ગણાવે છે.

૩૧ વર્ષીય આ યુવાને IIT મદ્રાસમાં અભ્યાસ કર્યો હતો, જ્યાં તેમણે ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં ડબલ ડિગ્રી મેળવી હતી, અને બાદમાં યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા, બર્કલેમાં કમ્પ્યુટર સાયન્સમાં પીએચડી પૂર્ણ કર્યું હતું. પોતાની કંપની શરૂ કરતા પહેલા, તેમણે OpenAI, Google અને DeepMind સહિત વિશ્વની કેટલીક ટોચની AI લેબ્સમાં કામ કર્યું, જેનાથી તેમને પોતાનું સાહસ બનાવવાનો અનુભવ મળ્યો હતો. ૨૦૨૨માં, શ્રીનિવાસે ડેનિસ યારાટ્સ, જોની હો અને એન્ડી કોનવિન્સ્કી સાથે પરપ્લેક્સિટી છેં ની સહ-સ્થાપના કરી. અને આ કંપનીને જેફ બેઝોસ જેવા મોટા ઉદ્યોગપતિનો ટેકો મળ્યો છે અને Apple અને Meta તરફથી પણ ખરીદીમાં રસ દાખવ્યો છે. પરંતુ શ્રીનિવાસ તેને સ્વતંત્ર રાખવા માંગે છે અને ૨૦૨૮ પછી IPO લાવવાની યોજના ધરાવે છે.

M3M Hurun India Rich List ૨૦૨૫ અનુસાર, શ્રીનિવાસની આ સફળતા સાથે રૂા.૨૧,૧૯૦ કરોડની સંપત્તિ સાથે ભારતના સૌથી નાની ઉંમરના અબજોપતિ બનાવ્યા છે.

# ભાવનગર મનપા દ્વારા સ્વચ્છતા હી સેવા અંતર્ગત એવોર્ડ સમારંભ યોજાયો



(સંવાદદાતા દ્વારા)
ભાવનગર, તા.૨
ભાવનગર મહાનગર પાલિકા દ્વારા સ્વચ્છતા હી સેવા ૨૦૨૫ અંતર્ગત સ્વચ્છતા પખવાળાના અનુસંધાને સ્વચ્છતા ઝુંબેશના ભાગરૂપે આજરોજ ઝવેરચંદ મેઘાણી ઓડિટોરિયમ ખાતે સવારે એવોર્ડ સમારંભ યોજવામાં આવ્યું હતું. જેમાં ૧૭/૯/૨૦૨૫થી ૧/૧૦/૨૦૨૫ સુધીમાં સ્વચ્છતા ઝુંબેશમાં જે વિવિધ/પ્રવૃત્તિઓ/કામગીરી અને શ્રેષ્ઠ દેખાવ કર્યું હોય તેવા વિજેતાઓને મેયરના અધ્યક્ષ સ્થાને એવોર્ડ સન્માન સમારંભ યોજવામાં આવ્યું હતું. મંત્રી (રાજય કક્ષા) ભારત સરકારના અતિથિ વિશેષ પદે, ધારાસભ્ય (ભાવનગર પશ્ચિમ વિસ્તાર), ધારાસભ્ય(પૂર્વ વિસ્તાર)ની પ્રેરક ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ સમારંભમાં અનેક મહાનુભાવો ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન, નેતા શાસક પક્ષ, દંડક શાસક પક્ષ, કમિશનર મહાનગરપાલિકા ભાવનગર વિવિધ કમિટીના ચેરમેનો તેમજ પદાધિકારીઓ, વિસ્તારના નગરસેવક, સભ્યો સંગઠનના હોદ્દેદારો, અધિકારીગણ સ્વચ્છતાના બ્રાન્ડ એમ્બેસેડર તેમજ સોલિડ વેસ્ટ વિભાગના કર્મચારીગણ તેમજ સફાઈ કામદારો ઉપસ્થિત રહ્યા હતા અને સ્વચ્છતાના શપથ લેવામાં આવ્યા હતા અને સન્માન સમારંભનો કાર્યક્રમ બહોડા પ્રમાણમાં નગરજનોની હાજરીમાં સારી રીતે સંપન્ન થયું હતું.

# રાષ્ટ્રપતિ મુર્મુ ૧૦-૧૧ ઓકટોબરે સાસણની મુલાકાતે આવવાની સંભાવના

(સંવાદદાતા દ્વારા)
જૂનાગઢ, તા.૨
રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાસણના મહેમાન બને તેવી શકયતા જોવાઈ રહી છે. જોકે રાષ્ટ્રપતિના સાસણ પ્રવાસનો સત્તાવાર કાર્યક્રમ હજી જાહેર થયો નથી પરંતુ તંત્ર દ્વારા રાષ્ટ્રપતિની સંભવિત સાસણ મુલાકાતને લઈને વિવિધ તૈયારીઓ શરૂ કરી દીધી હોવાનું જાણવા મળેલ છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના સંભવિત ગુજરાત પ્રવાસ અને સિંહ દર્શન કાર્યક્રમના કારણે આ વર્ષે વન્ય જીવોના સંવર્ધન અને સંરક્ષણ માટે ગીર અભયારણ્ય નિર્ધારિત સમય કરતા પહેલા વહેલું ખુલવાની શકયતા છે. ઉલ્લેખનીય છે કે, દર વર્ષે ગીર અભયારણ્ય ૧૫ જૂનથી ૧૬ ઓકટોબર સુધી પ્રવાસીઓ માટે બંધ રાખવામાં આવે છે. પરંતુ સૂત્રો અનુસાર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનો સંભવિત પ્રવાસ કાર્યક્રમ ૧૦ અને ૧૧ ઓકટોબર દરમ્યાન ગીર જંગલની બે દિવસીય મુલાકાત લેવાનો બની રહ્યો છે જેથી આ વર્ષે ગીર અભયારણ્ય નિર્ધારિત સમય કરતા પહેલા ૧૦ દિવસ વહેલું એટલે કે ૧૬ ઓકટોબરના બદલે સંભવત: ૭ ઓકટોબરથી જ ખુલ્લુ મૂકી દેવામાં આવશે.

# ભાવનગર કોંગ્રેસના એસ.સી. સેલ દ્વારા ગાંધીજી તથા શાસ્ત્રીજીને પુષ્પાંજલિ અર્પણ



(સંવાદદાતા દ્વારા)
ભાવનગર, તા.૨
રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની બીજી ઓકટોબરે જન્મજંયતી કે જે સમગ્ર યુનોમાં આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ તરીકે ઊજવવામાં આવે છે તેવા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતીના ભાગરૂપે શહેર કોંગ્રેસ અનુસૂચિત જાતિ વિભાગ દ્વારા આજરોજ ક્રેસંટ સર્કલ ખાતે આવેલી મહાત્માની પ્રતિમાને સુતરની આંટી પહેરાવીની શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. શહેર કોંગ્રેસના તમામ કાર્યકરોએ મહાત્મા ગાંધીજીના આદેશો અને સિદ્ધાંતો જીવનમાં ઊતારવા અને ઘર-ઘર સુધી પહોંચાડવાનો સંકલ્પ કર્યો હતો. શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ મનોહરસિંહ ગોહિલ, વિરોધપક્ષના નેતા જીતુભાઈ સોલંકી, અનુસૂચિત જાતિ વિભાગના ચેરમેન વિપુલભાઈ ખુમાણ સહિતના કોંગ્રેસના આગેવાનો હાજર રહી બાપુને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

આજરોજ ભારત દેશના પૂર્વ વડાપ્રધાન અને જય જવાન અને જય કિસાનનું સૂત્ર આપનાર લાલબહાદુર શાસ્ત્રીજીની જન્મજયંતી હોય તેઓના પણ કાર્યોને યાદ કરીને કોંગ્રેસ પક્ષે પુષ્પાંજલિ અર્પણ કરી હતી તેમ ભાવનગર શહેર કોંગ્રસ સમિતિના પ્રવક્તા કિશોરભાઈ કંટારિયા તેમજ કાળુભાઈ બેલીમની સંયુક્ત યાદીમાં જણાવ્યું છે.

# પાલીતાણા ડેપો ખાતે સફાઈ કર્મીઓનું કરાયું સન્માન



(તસવીર : આરીફ શેખ, પાલીતાણા)

(સંવાદદાતા દ્વારા)
પાલીતાણા, તા.૨
સ્વચ્છતા હિ સેવા-૨૦૨૫ અંતર્ગત આજ રોજ મહાત્મા ગાંધીજીની જયંતિ નિમિતે પાલીતાણા ડેપો ખાતે સફાઈ કર્મચારીઓના સત્કારો સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં પાલીતાણા, શહેરના ભાજપ તાલુકા પ્રમુખ રાજપાલસિંહ સરવૈયા, ગોપાલ સિંહ ગોહિલ, પાલીતાણા તાલુકા યુવા પ્રમુખ ઋષિરાજસિંહ સરવૈયા મનીષભાઈ રાજયગુરૂ બાંધકામ શાખાના સુપરવાઈઝર ઓફિસર સુધીત્રાભાઈ, ડેપો મેનેજર, પાલીતાણાડેપોના માન્ય ત્રણેય યુનિયનના હોદ્દેદારો, પાલીતાણાડેપોના ટ્રાફિક સુપરવાઈઝર, મીકેનિક સ્ટાફ તેમજ ડ્રાઈવર કન્ડકટર કર્મચારીઓએ હાજરી આપી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ સંચાલન મનીષભાઈ રાજયગુરૂ તથા કાંતિભાઈ સાંડેશ જુનિયર આસિસ્ટન્ટદ્વારા કરવામાં આવ્યું હતું.

# અમરેલી ખાતે સંસ્કાર કોમ્પ્લેક્ષના પ્રમુખ ઉપર હુમલો, પાંચ સામે પોલીસ ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)
અમરેલી, તા.૨
અમરેલીના ચક્કરગઢ રોડ ઉપર સંકુલ પાછળ આવેલ સંસ્કાર કોમ્પલેક્ષમાં અસંસ્કારી માણસોની ધમાલ સંસ્કાર કોમ્પલેક્ષ એપાર્ટમેન્ટના પ્રમુખને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા પાંચ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. થોડા દિવસ પહેલા આ કોમ્પ્લેક્સમાં એક યુવતીની છેડતી થયેલ હોય જે અંગે કોમ્પ્લેક્સના પ્રમુખે યુવતીના માતા-પિતા સાથે સમાધાનમાં રહેતા ત્યારબાદ આ કોમ્પ્લેક્સમાં રહેતા એક શખ્સની વિરૂદ્ધ પોલીસમાં અનામી અરજીઓ થયેલ જે બાબતની શંકા એ હુમલો થવા પામ્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર અમરેલીના સંકુલની પાછળ સંસ્કાર એપાર્ટમેન્ટમાં રહેતા અને કોમ્પ્યુટર ક્લાસીસના વ્યવસાય સાથે સંકળાયેલ મિતલભાઈ જીવણભાઈ કગથરા (ઉ.વ.૪૨)એ અમરેલી સિટી પોલીસમાં નોંધાવેલ ફરિયાદ અનુસાર તેવો ગત તા.૩૦ના રાત્રીના ૮:૩૦ વાગ્યાના રોજ પોતાના ઘરે હાજર હતા ત્યારે શેલારઆપા તેમજ ત્રણ અજાણ્યા માણસો તેના ઘરે આવેલ અને શેલાર આપાએ કહેલ કે તું મેરામભાઈ જીણાભાઈ વાઘોશીની પોલીસમાં અનામી અરજીઓ કેમ કરે છે ? તેમ કહેતા માથાકૂટ થતા આ શેલાર આપા તેમજ તેની સાથેના માણસો તેને નીચે લઈ ગયા હતા જ્યાં મેરામભાઈ વાઘોસી પણ આવી ગયા અને આ શેલાર આપા ગાળો બોલવા લાગતા મિતલ ભાઈએ ગાળો બોલવાની ના પાડતા શેલાર આપાએ તેને લાફો મારેલ અને તેની સાથેના ત્રણ શખ્સો સહિત એ ઢીકાપાટુનો મુઢ માર મારેલ અને શેલાર આપા તેમજ મેરામભાઈ વાઘોસીએ કહેલ કે તારો બે દિવસમાં કાંટો કાઢી નાખવો છે એવી જાનથી મારી નાખવાની ધમકી આપેલ. આ ઘટનાથી કૉમ્પ્લેક્સના માણસો ભેગા થઈ જતા વધારે મારથી બચાવી લીધા હતા. આ ઘટનાનું મિતલભાઈએ ફરિયાદમાં કારણ એવું જણાવ્યું હતું કે કોમ્પ્લેક્સમાં રહેતી એક યુવતીની થોડા દિવસ પહેલા છેડતી થયેલ અને તેના સમાધાનમાં યુવતીના માતા પિતા સાથે હું હતો. ત્યારબાદ કૉમ્પ્લેક્ષમાં રહેતા મેરામભાઈ વાઘોસીની અનામી અરજી થતા તેની ઉપર શંકા રાખી ઉપરોક્ત શખ્સોએ હુમલો કર્યો હતો. બનાવ અંગે મેરામભાઈ જીવણભાઈ વાઘોશી તેમજ શેલાર આપા અને ત્રણ અજાણ્યા શખ્સો સામે સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# પાલીતાણાની ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળામાં ગાંધી જયંતી - શાસ્ત્રી જયંતી તથા દશેરાની ઉજવણી



(તસવીર : આરીફ શેખ, પાલીતાણા)

(સંવાદદાતા દ્વારા)
પાલીતાણા, તા.૨
ગાંધી જયંતી અને લાલબહાદુર શાસ્ત્રી જયંતીના અવસરે, તેમજ દશેરાના શુભ સંયોગ સાથે, પાલીતાણાની ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળામાં એક પ્રેરણાદાયી અને અનોખી ઉજવણી કરવામાં આવી. સરકારી રજા હોવા છતાં, શાળાના બાળકોએ ઉત્સાહભેર આ કાર્યક્રમમાં ભાગ લીધો અને મૂલ્ય શિક્ષણ, સ્વચ્છતા અને રાષ્ટ્રીય ભાવનાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

આ વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન પાલીતાણા નગરપાલિકાના સ્વચ્છતાના બ્રાન્ડ એમ્બેસેડર નાથાભાઈ ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું, જેમાં નગરપાલિકાના અધિકારીઓ અને શાળા પરિવારે સહકાર આપ્યો હતો. બાળકોએ સૌપ્રથમ ગાંધી વંદના કરી રાષ્ટ્રપિતાને શ્રદ્ધાંજલિ અર્પી હતી. ત્યારબાદ, તેઓએ પાંચ મિનિટ સ્વચ્છતા અભિયાન અંતર્ગત શાળા પરિસરની સફાઈ કરી સ્વચ્છતાનો સંકલ્પ લીધો હતો. ઉજવણીમાં બાળકોએ ગાંધીજીના જીવન સંદેશો જેવા કે સત્ય, અહિંસા અને સ્વદેશી વસ્તુઓના ઉપયોગ વિશેના પાઠો શીખ્યા હતા. આ પ્રસંગે, શાળા દ્વારા આખું વર્ષ સ્વચ્છતાના આગ્રહી રહેલા બાળકોનું સન્માન કરવામાં આવ્યું હતું, તેમજ ગાંધીજીનું પાત્ર ભજવનાર બાળકોને પણ પ્રોત્સાહિત કરીને સન્માનિત કરાયા હતા. આ ઉજવણીમાં શરદભાઈ વોરા દ્વારા આર્થિક સહયોગથી જાહેરાત કરાઈ હતી. આ રકમનો ઉપયોગ શાળામાં મૂલ્ય શિક્ષણ અને પર્યાવરણ સંબંધિત કાર્યોમાં કરવામાં આવશે. ઉપરાંત, પ્રાર્થના પરિવાર દ્વારા બાળકોને મોં મીઠું કરાવી તેમની ખુશીમાં વધારો કરવામાં આવ્યો હતો.

# જૂનાગઢમાં સવારે ધોધમાર વરસાદ, માર્ગો પાણી-પાણી

જૂનાગઢ, તા.૨
જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં અષાઢી માહોલની માફક મેઘરાજા સટાસટી બોલાવી રહ્યા છે ત્યારે આજે જૂનાગઢ શહેરમાં પણ સવારના ધોધમાર વરસાદ પડયો હતો અને રસ્તા ઉપર પાણી વહેવા લાગ્યા હતા. તેમજ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં પણ નોંધપાત્ર વરસાદના અહેવાલ છે.ગત રવિવારથી જૂનાગઢ શહેર અને જિલ્લામાં મેઘરાજાનો મુકામ રહ્યો છે અને વરસાદનું જોર યથાવત છે. ગઈકાલે બપોર બાદ સતત વરસાદ રહ્યો હતો. આજે સવારે પુરા થતા છેલ્લા ૨૪ કલાક દરમ્યાન જૂનાગઢ જિલ્લાના માણાવદર ૨૨ મીમિ, વંથલી ૧૦ મીમિ, જૂનાગઢ ૧૦ મીમિ, ભેંસાણ ૫૬ મીમિ, વિસાવદર ૧૫ મીમિ, મેંદરડા ૧૫ મીમિ, કેશોદ ૧૭ મીમિ, માંગરોળ ૧૮ મીમિ, માળિયા હાટીના ૧૬ મીમિ વરસાદ નોંધાયો હતો. જયારે આજે સવારે પડેલા વરસાદમાં માણાવદર ૧૭ મીમિ, વંથલી ૫૨ મીમિ, જૂનાગઢ ૪૧ મીમિ, ભેંસાણ ૧૫ મીમિ, વિસાવદર ૨૭ મીમિ, મેંદરડા ૪૬ મીમિ, કેશોદ ૨૧ મીમિ, માંગરોળ ૧૦ મીમિ, માળીયા ૩૩ મીમિ વરસાદ નોંધાયો છે.

# રાજુલામાં કૌટુંબિક વિવાદના કેસ મુદ્દે કાકાએ બે શખ્સો સાથે મળી બે ભાઈઓ પર જીવલેણ હુમલો કર્યો

અમરેલી, તા.૨
રાજુલામાં જમીન વિવાદ બાબતનો કેસ કોર્ટમાં ચાલુ હોય અને કેસની તારીખ પતાવી બે ભાઈઓ બાઈક લઈને જઈ રહ્યા હતા ત્યારે કૌટુંબિક કાકા બે શખ્સો સાથે કાર લઈને આવી કાર માથે ચડાવી લોખંડના પાઈપ વતી બંને ભાઈઓ ઉપર જીવલેણ હુમલો કરી એક ભાઈના હાથ પગ ભાંગી નાખી મારી નાખવાની ધમકી આપતા રાજુલા પોલીસમાં ત્રણ સામે ફરિયાદ નોંધાઈ છે.પ્રાપ્ત વિગત અનુસાર રાજુલાના બીડી કામદાર સોસાયટીમાં રહેતા અને ખેતી કામ કરતા મહેબુબભાઈ હકીમભાઈ જોખિયા (ઉવ ૪૪)એ રાજુલા પોલીસમાં નોંધાવેલ ફરિયાદ મુજબ તેઓની રાજુલામાં સાવરકુંડલા બાયપાસ રોડ ઉપર આવેલ ૪૪ વીઘા જમીન હોઈ અને આ જમીન બાબતે તેમના કૌટુંબિક કાકા જાફર ઉંમરભાઈ જોખીયા સાથે વિવાદ ચાલતો હોય અને આ જમીન બાબતનો કેસ રાજુલા કોર્ટમાં ચાલુ હોય ગઈકાલ સવારે તેઓ તેમના ભાઈ ફિરોજભાઈ સાથે આ જમીન બાબતના કેસ માટે કોર્ટમાં ગયેલ હતા અને ત્યાંથી પરત ઘરે જતા રસ્તામાં સામેથી તેમના કૌટુંબીક કાકા જાફરભાઈ ઉમરભાઈ જોખીયા કાર લઈને આવેલ જેમાં કાર રિયાઝભાઈ રસૂલભાઈ જોખીયા ચલાવતો હતો તેમણે મારી તેમજ ભાઈ ફિરોઝ ઉપર કાર ચડાવી દેતા પડી જતા કારમાંથી કાકા અને રિયાઝ ઉતરી બંને ભાઈઓ ઉપર લોખંડના પાઈપ વડે હુમલો કરતા મહેબૂબ ભાઈને હાથ અને પગના ભાગે મારમારી બને હાથ પગ ભાંગી નાખી ફિરોઝ ઉપર માથાના ભાગે હુમલો કરી ઈજા પહોંચાડી હતી અને કારમાં આવેલ અન્ય યુસુફ નાથાભાઈ જીરૂકાએ તેમજ જાફરભાઈએ કેસ પાછો ખેંચી લેવા અને અમને જમીન આપી દેજે નહિતર જીવતા નહીં રહો તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત મહેબૂબભાઈને પ્રથમ રાજુલા ત્યાંથી ભાવનગર સારવાર અર્થે ખસેડાયો હતો. આ અંગે રાજુલા પોલીસમાં ઉપરોક્ત ત્રણેય શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# વેરાવળની ત્રણ કોલેજના વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા ટેસ્ટ કેમ્પ યોજાયો

(સંવાદદાતા દ્વારા)
વેરાવળ, તા.૨
વેરાવળની ચોકસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા માર્ગદર્શન અને ટેસ્ટ કેમ્પ યોજાયો હતો. જેમાં ચોકસી કોલેજના ૨૧૩ વિદ્યાર્થીઓના બ્લડ સેમ્પલ લેવાયા હતા જયારે જે.એમ. સાયન્સ કોલેજના ૧૦ વિદ્યાર્થીઓના સેમ્પલ લેવાયા હતા. આ કાર્યક્રમમાં થેલેસેમિયા માટે સેવા આપવા રેડ ક્રોસ-ગીર સોમનાથના ચેરમેન એમીરેટસ્ કિરીટભાઈ ઉનડકટ, ઓન. સેક્રેટરી ગિરીશ ઠક્કર, જો.સેક્રેટરી અનિષ રાચ્છ, કમિટીના સભ્ય વિમલ ગજ્જર તેમજ અમદાવાદથી ટેક્નિશયન ટીમ ભરત શ્રીમાળી, પ્રકાશ પરમાર અને જીગર ઠાકોર જોડાયા હતા.કાર્યક્રમનો પ્રારંભ દિપ પ્રાગટયથી કરવામાં આવેલ ત્યારબાદ ચોકસી કોલેજ વતી આચાર્ય ડૉ.નિલેષ જોષીએ સ્વાગત પ્રવચન કરેલ. મહેમાનોનું પુષ્પો વડે સ્વાગત કરવામાં આવ્યુ હતું.

રેડ ક્રોસ વતી થેલેસેમિયા ટેસ્ટની જરૂરિયાત અંગે માર્ગદર્શન ગીરીશ ઠક્કરે આપ્યું હતું જયારે જન સેવા ટ્રસ્ટ(ગ્રાસિમ ઈન્ડ. ઈન્ડિયન રેયોન) વતી ઉપસ્થિત ડૉ.વિશાલ ભટ્ટ વિસ્તારપૂર્વક થેલેસેમિયાના રોગની સમજણ આપી હતી. આ પ્રસંગે જન સેવા ટ્રસ્ટ વતી અધિકારી અપૂર્વ ત્રિવેદી અને સહાયક કરશનભાઈ મોરી પણ ઉપસ્થિત રહી થેલેસેમિયા ટેસ્ટ કેમ્પમાં ઉપયોગી બન્યા હતા. આભાર દર્શન પ્રોફેસર નીતિન સુબાએ રજૂ કર્યું હતું.

બપોરે થેલેસેમિયા માર્ગદર્શન અને ટેસ્ટ કેમ્પ ગવર્મેન્ટ સાયન્સ કોલેજ ખાતે પણ યોજાયો હતો. જ્યાં ૩૬ વિદ્યાર્થીઓના બ્લડ સેમ્પલ લેવાયા હતા. કોલેજના આચાર્ય સ્મિતાબેન છગ દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવેલ. રેડ ક્રોસ વતી ચેરમેન એમીરેટસ્ કિરીટભાઈ ઉનડકટે થેલેસેમિયા ટેસ્ટની જરૂરિયાત અને આવનારી પેઢીની સુરક્ષા માટે સમજણ આપી હતી. જન સેવા ટ્રસ્ટ (ગ્રાસિમ - ઈન્ડિયન રેયોન) વતી ડૉ.વિશાલ ભટ્ટ થેલેસેમિયાના રોગની વિગતવાર માહિતી આપી હતી. કાર્યક્રમનું સંકલન ડૉ.સચિન સિતાપરાએ કરેલ હતું.

# જામનગરમાં નવરાત્રિમાં કોમી એકતાના રંગ; અગ્રણીઓ દ્વારા ઈનામ વિતરણ



(સંવાદદાતા દ્વારા)
જામનગર, તા.૨
શહેરના વોર્ડ નંબર ૧૨માં નવરાત્રિ પર્વ નિમિત્તે આયોજિત ગરબીઓમાં ધાર્મિક સૌહાર્દ અને કોમી એકતાનું ઉત્તમ દશ્ય જોવા મળ્યું.આ ગરબીઓમાં તમામ ખેલૈયાઓએ જે ઉત્સાહ અને અનુશાસન સાથે ભાગ લીધો, તે ખરેખર પ્રશંસનીય રહ્યો હતો.ખેલૈયાઓને પ્રોત્સાહિત કરવાના હેતુથી પૂર્વ વિરોધપક્ષ નેતા અને કોર્પોરેટર અસલમભાઈ ખીલજી, કોર્પોરેટર વકીલ જેનબબેન ખફી તથા સંધી સમાજના પ્રમુખ હાજી રીઝવાનભાઈ જુણેજા દ્વારા ખેલૈયાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ ઈનામ વિતરણના કાર્યક્રમને સફળ બનાવવા માટે અનવરભાઈ ખીલજી, આસિફભાઈ ખીલજી, અકરમભાઈ ખફી, સદામભાઈ શેખ સહિતના સમાજ અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# કાલાવડ પંથકની સગીરાના અપહરણ અને વારંવાર દુષ્કર્મ અંગેના કેસમાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદ

(સંવાદદાતા દ્વારા)
જામનગર, તા.૨
જામનગર જિલ્લાના કાલાવડ પંથકના ગ્રામ્ય વિસ્તારની એક સગીરાના અપહરણ અને દુષ્કર્મ ગુજારવા અંગેના ચકચારી પ્રકરણમાં અદાલતે કાલાવડ તાલુકાના સોરઠા ગામના આરોપીને તકશીરવાન ઠરાવ્યો હતો અને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા ફટકારી છે, જ્યારે ભોગ બનનારને રૂપિયા ચાર લાખનું વળતર આપવા આદેશ કરાયો છે.આ કેસની હકીકત એવી છે કે આ કામના ફરિયાદીની સગીર વયની દીકરી ભોગ બનનાર ઉંમર વર્ષ ૧૫ અને ૯ માસ વાળીને આ કામના આરોપી પરેશ પ્રભાત ડાંગી (રહેવાસી સોરઠ ગામ તાલુકો કાલાવડ)એ ભોગ બનનાર સાથે મજૂરી કામ કરવા માટે આવતો હોય તેથી ભોગ બનનાર સાથે પરિચય કેળવી લલચાવી ફોસલાવી, લગ્નની લાલચ આપી સાથે સાતથી આઠ વખત શરીર સંબંધ બાંધ્યો હતો. તારીખ ૨૪.૧૧.ના રોજ લીંબુડીના બગીચામાં મજૂરી કામ કરતા હતા ત્યારે ભોગ બનનારને લગ્ન કરવા ભગાડી ગયા હતો. ત્યાં પણ તેણીની બનનાર સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. ત્યારબાદ સોરઠ ગામમાં મજુરી કામ માટે રહેતા હોય અને ત્યાં પોલીસ આવી જતા બંને પકડાઈ ગયેલા. જે બાબતની ફરિયાદ કાલાવડ પોલીસ સ્ટેશનમાં પોક્સો સહિત વિવિધ કલમ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. જે કેસ સ્પેશિયલ કોર્ટ મેજી. આર પી મોગેરાની કોર્ટમાં ચાલી જતાં સરકાર તરફે ૧૬ જેટલા સાક્ષીઓ તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા, તેમજ સરકારી વકીલની દલીલ ગ્રાહ્ય રાખી આરોપીને તકસીરવાન ઠરાવી પોકસો કલમ ચાર મુજબ ૧૦ વર્ષની સખત કેદની સજા તથા ૧૦,૦૦૦ દંડ અને દંડ ના ભરે તો વધુ બે વર્ષની સજા તેમજ પોકસો કલમ ૬ મુજબ ૨૦ વર્ષની સખત કેદની સજા તથા ૫,૦૦૦ દંડ અને દંડ ન ભરે તો એક વર્ષની સાદી કેદની સજા તેમજ ભોગ બનનારને વળતર પેટે રૂપિયા ૪ લાખ ચૂકવવા, તેવો હુકમ સ્પેશિયલ કોર્ટના જજ આર પી મોગેરાએ કર્યો છે.

# ભાવનગર જિલ્લામાં 'નશા મુક્ત' અને 'બાળવિવાહ મુક્ત' સંકલ્પ સાથે વિશેષ ગ્રામસભા યોજાઈ



(સંવાદદાતા દ્વારા)
ભાવનગર, તા.૨
રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિતે ભાવનગર જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોમાં ખાસ ગ્રામસભાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ ગ્રામસભામાં દરેક ગામના સરપંચો, તલાટી કમ મંત્રી અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામસભાનો મુખ્ય એજન્ડા 'નશા મુક્ત ભારત અભિયાન'ને ગામડાં સુધી પહોંચાડવાનો હતો. આ અંતર્ગત ગ્રામજનોએ ઓનલાઈન તેમજ ઓફલાઈન માધ્યમથી ગામને વ્યસનમુક્ત બનાવવાની પ્રતિજ્ઞા લેતા સામૂહિક શપથ લીધા હતા.

'નશા મુક્ત ભારત' ક્વિઝ સ્પર્ધામાં ગ્રામ્ય વિસ્તારના વધુમાં વધુ યુવાનો ભાગ લે તે માટે ખાસ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ગ્રામસભામાં બાળ લગ્ન જેવી ગંભીર સામાજિક બદીને જડમૂળમાંથી દૂર કરવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. દરેક ગ્રામ પંચાયતમાં ગામને સંપૂર્ણ બાળ લગ્ન મુક્ત બનાવવાનો સર્વસંમતિથી ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. તલાટી કમ મંત્રી દ્વારા બાળ લગ્ન પ્રતિબંધક કાયદાકીય જોગવાઈઓની વિસ્તૃત સમજણ આપી ગ્રામજનોને જાગૃત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તમામ ઉપસ્થિતોએ તેમના ગામમાં ક્યારેય બાળ લગ્ન ન થાય તેની ખાતરી કરવાના શપથ લીધા હતા. ભાવનગર જિલ્લાની આ પહેલ ગામડાઓને વિકાસ અને સકારાત્મક પરિવર્તન તરફ દોરી જવા માટેનું એક મજબૂત પગલું છે.

# વેરાવળમાં ૭મીએ ફ્રી નેત્રયજ્ઞ યોજાશે

વેરાવળ, તા.૨
વેરાવળમાં દિવંગત ભીખાભાઈ સોલંકીના સ્મરણાર્થે તેમના પુત્ર ભગવાનભાઈ સોલંકી અને શિવાનંદ મિશન હોસ્પિટલ, વીરનગરના સંયુક્ત ઉપક્રમે વિનામૂલ્ય નેત્ર યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ નેત્રયજ્ઞ તા.૭-૧૦-૨૦૨૫ના રોજ સવારે ૭:૦૦ વાગ્યે સોનારિયા પ્રાથમિક શાળામાં યોજાશે. આ કેમ્પમાં દરેક જરૂરિયાતમંદ લોકોને વિનામૂલ્યે નેત્ર નિદાન, ચકાસણી અને જરૂરી ઓપરેશનની સુવિધા ઉપલબ્ધ રહેશે.

# ઘોઘાના વાવડી પાસેથી વિદેશી દારૂ ભરેલી કાર સાથે એક શખ્સ ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)
ભાવનગર, તા.૨
ઘોઘા તાલુકાના વાવડી ગામના સ્મશાન પાસેથી ઘોઘા પોલીસે વિદેશી દારૂ ભરેલી કાર સાથે એક શખ્સને ઝડપી લીધો હતો, જ્યારે એક શખ્સ ફરાર થઈ ગયો હતો.

ઘોઘા પોલીસ ગત રાત્રિના સમયે પેટ્રોલિંગમાં હતી. દરમિયાન વાવડી ગામથી ઓદરકા ગામ તરફ જવાના રોડ પર આવેલ સ્મશાનના દરવાજા પાસે એક કાળા કલરની કાર ઊભી હતી. પોલીસે સ્મશાન પાસે પહોંચી તપાસ કરતા ત્યાં હાજર એક શખ્સ પોલીસને જોઈને ફરાર થઈ ગયો હતો. પોલીસે તપાસ કરતા કારની અંદર એક ઈસમ હાજર હોય તેને સાથે રાખી તપાસ કરતા કારની પાછળની સીટના ભાગેથી તેમજ ડીકીમાંથી વિદેશી દારૂની ૨૦૧ બોટલ, કિં. રૂા. ૨,૫૧,૨૫૦/- મળી આવી હતી.ઘોઘા પોલીસે વિદેશી દારૂનો જથ્થો, એક મોબાઈલ ફોન તેમજ કાર મળી કુલ રૂા. ૧૦,૫૬,૨૫૦/-ના મુદ્દામાલ સાથે કાર ચાલક યશરાજ મનસુખભાઈ ચૌહાણ (રહે. રાજકોટ)ની ધરપકડ કરી તેની પૂછપરછ કરતા પોલીસને જોઈને ફરાર થઈ ગયેલો શખ્સ નીલદીપસિંહ રાજેન્દ્રસિંહ ગોહિલ (રહે. નડિયાદ) હોવાનું ખુલ્યું હતું અને વિદેશી દારૂનો જથ્થો ઓદરકા ગામમાં રહેતા બ્રિજરાજસિંહ સુખદેવસિંહ ગોહિલને આપવાનો હોવાનું જણાવ્યું હતું. ઘોઘા પોલીસે ત્રણેય વિરૂદ્ધ પ્રોહિબિશનની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# ગલેન્ડા ગ્રામ પંચાયતને આર્થિક નુકસાન પહોંચાડવા બદલ સરપંચને પદભ્રષ્ટ કરાયા

(સંવાદદાતા દ્વારા) વાગરા. તા.૨
વાગરા તાલુકાની ગ્લેન્ડા ગ્રામ પંચાયતના મહિલા સરપંચને ટાંકીના કાટમાળમાં ગોબચારી આચરવા મામલે જિલ્લા વિકાસ અધિકારીએ સસ્પેન્ડ કરતા પંથકમાં ચકચાર વ્યાપી જવા પામી છે. વાગરા તાલુકાની ગલેન્ડા ગ્રામ પંચાયતના સરપંચ તેમજ સરપંચ પતિ દ્વારા એકબીજાના મેળાપીપણામાં જર્જરિત પાણીની ટાંકી તોડતા નીકળેલ લોખંડના સળિયા તેમજ પાણીની પાઈપો સહિતનો કાટમાળ ઠરાવ, ટેન્ડર પ્રક્રિયા કે હરાજી વિના નિયમોને અભરાઈએ ચઢાવી બારોબાર વેચાણ કર્યો હોવાના આક્ષેપો ગલેન્ડા ગામના ફિરોઝ ઉદેસંગ રાજ દ્વારા કરાયા છે. આ બાબતે તેઓએ ઉચ્ચ કક્ષાએ લેખિતમાં રજૂઆતો કરી સરપંચ વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી માટે માગણી પણ કરવામાં આવી હતી. ફરિયાદ સંદર્ભે ઉચ્ચ અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરી કસૂરવાર જણાતા સરપંચને હોદ્દા પરથી દૂર કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. ફીરોજ ઉદેસંગ રાજ દ્વારા કરાયેલ લેખિત રજૂઆતમાં જણાવ્યા અનુસાર ગલેન્ડા ગામની જર્જરિત પાણીની ટાંકી તોડવાની મજૂરી કાટમાળની અવેજમાંથી આપવામાં આવી હતી અને તમામ કામગીરી સપંચના પતિ દ્વારા કરવામાં આવી હતી. સરપંચ પતિએ કાટમાળ વેચેલ છે તેમજ તેમાંથી મજૂરી પેટે પૈસા પણ ચૂકવવામાં આવ્યા હતા. વધુમાં ટાંકીનો કાટમાળ સરપંચ અને તેઓના પતિ દ્વારા એકબીજાના મેળાપીપણામાં બારોબાર વેચી મારી ઉપજેલ રકમ આજદિન સુધી ગ્રામ પંચાયતના સ્વભંડોળમાં જમા કરવાને બદલે પોતાના અંગત હેતુ માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો તેમ અરજદાર થકી રજૂઆત કરવામાં આવી હતી. આમ કરી સરપંચ દ્વારા ગ્રામ પંચાયત તેમજ સરકારને આર્થિક નુકસાન પહોંચાડેલ છે. અરજદાર ફીરોજ રાજની ફરિયાદને આધારે તપાસ હાથ ધર્યા બાદ ભરૂચ જિલ્લા વિકાસ અધિકારી યોગેશ કાપસેએ ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૫૭(૧) હેઠળ ગલેન્ડા ગ્રામ પંચાયતના મહિલા સરપંચ ગીતાબેન જયંતિભાઈ રાઠોડને સરપંચ પદેથી દૂર કરવાનો હુકમ કર્યો હતો. હાલ ગ્રામ પંચાયતનો ચાર્જ ડેપ્યુટી સરપંચ હમીદાબેન યુનુસખાનને સોંપવામાં આવ્યો છે. નોંધનિય છે કે, ફિરોજ રાજ દ્વારા ગ્રામ પંચાયત પાસે આરટીઆઈ એક્ટ હેઠળ અરજી કરી પાણીની ટાંકી વિશે ઠરાવો, મંજૂરીઓ તેમજ કાયદેસરની કામગીરી વિશેની માહિતીની માગણી પણ કરવામાં આવી હતી. એક લાખ રૂપિયાની આસપાસની કિંમતનો ભંગાર બારોબાર વેચી માર્યાની ચર્ચાઓ ગલેન્ડા ગામ સહિત પંથકમાં જોરશોરથી ચર્ચાઈ રહી છે.

## સરપંચ પતિ વિરૂદ્ધ પોલીસ ફરિયાદની માંગ

પાણીની ટાંકી તોડયા બાદ કાટમાળ સરપંચ પતિ દ્વારા નિયમોને નેવે મૂકી વેચી નાખવા બાબતે ફિરોજ ઉદેસંગ રાજે સરપંચ પતિ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ કરવા તલાટીને લેખિત પત્ર પાઠવી માંગ કરવામાં આવી હતી. તલાટીએ આ બાબતે કોઈ નક્કર પગલાં ન લેતાં અરજદારે તાલુકા વિકાસ અધિકારી તેમજ જિલ્લા વિકાસ અધિકારીને આ બાબતે અરજી કરી રજૂઆત કરાઈ હતી. પરંતુ આજદિન સુધી પરિણામ શૂન્ય રહેવા પામ્યું છે. અરજદાર ફીરોજ ઉદેસંગ રાજે સરપંચ પતિ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવા કોર્ટના દ્વાર ખટખટાવવા ચક્રો ગતિમાન કર્યા છે.

### બોરીવલી-અમદાવાદ લોકલ ટ્રેનના

# વરેડિયાથી વડોદરા વચ્ચેના સ્ટોપેજ રદ કરાતા પ્રજાજનોમાં કચવાટ

(સંવાદદાતા દ્વારા) પાલેજ, તા.૨
કોરોના સમયથી બંધ કરાયેલ અમદાવાદ લોકલ ટ્રેન તા.૬ જૂનથી ફરી સારૂં કરવામાં આવી હતી. આ ટ્રેન રાત્રે ૧૦ વાગ્યા પછી પાલેજ રેલવે સ્ટેશનેથી પસાર થાય છે. પાલેજ સહિત કરજણ ઈટાલા વડોદરા વચ્ચેના તમામ સ્ટેશનોના સ્ટોપેજ રદ કર્યા છે. આ ટ્રેન રાત્રે બોરીવલીથી આવતાં નબીપુર વરેડિયા સ્ટેશનોએ સ્ટોપેજ કરે છે. ત્યાર બાદ સીધી એક્સપ્રેસ ઝડપે વડોદરા પહોંચી જાય છે. પાલેજ અને કરજણ જેવાં સ્ટેશનોના સ્ટોપેજ છેલ્લા વર્ષોથી રદ કરી દેવાતાં મુસાફરોમાં કચવાટ જોવા મળે છે. મોડી રાત્રે સુરત અંકલેશ્વર ભરૂચથી નોકરી વેપાર ધંધો કરી પાલેજ આવતાં મુસાફરો રઝળી પડે છે. પાલેજ ઔધોગિક વસાહતોમાંથી વતન જવાં માટે વડોદરાથી રાત્રે એક્સપ્રેસ ટ્રેનો પકડવા જતાં મુસાફરો પણ મુશ્કેલીમાં મુકાય રહ્યા છે. ઘણીવાર ડી આર.યુ.સી.સી. મેમ્બર લોખંડવાલાએ પણ ડી.આર.એમ સમક્ષ રજૂઆતો કરી છે. જી.એમ પશ્ચિમ રેલવે મુંબઈને લેખિતમાં પણ આવેદન આપ્યા છે. જેમાં બોરીવલીથી અમદાવાદ જતી ટ્રેન નંબર ૧૯૪૧૭ ડાઉનમાં કરજણ પાલેજનાં સ્ટોપેજ ચાલું કરવા માગણી ઊઠી રહી છે. ઉલ્લેખનીય છે કે, અપમાં મોડી રાત્રે ૩ વાગ્યાની આસપાસ પસાર થતી અમદાવાદ બોરીવલી ટ્રેનનું પાલેજનું સ્ટોપેજ ચાલું છે. તો ડાઉનમાં બોરીવલી અમદાવાદ ટ્રેનનું સ્ટોપેજ રદ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનિય છે કે, ભરૂચ અથવા વડોદરા તરફથી પસાર થતી અને લૂપ લાઈનમાં સાઈડિંગ થતી ટ્રેનો હવે ભૂતકાળ બની જવા પામી છે. અહીં સ્ટેશનનું મોટાભાગનું સંચાલન પાલેજ રેલવે સ્ટેશન અધિકારીઓ દ્વારા હાથ ધરવામાં આવી રહ્યું છે. જ્યાં આસપાસના ગામોનો મુખ્ય રેલવે ટ્રેનોમાં મુસાફરી કરવાનો વ્યવહાર હતો. ત્યાં ટિકિટનું સિઝન પાસનું કલેક્શન નહિવત થતાં રેવન્યુનો મોટો પ્રશ્ન ઉભો થયો છે. નોકરિયાતો સ્કૂલ કોલેજ જતા ભરૂચ પાલેજનો સિઝન પાસ કઢાવે છે.

# અંકલેશ્વર નગરપાલિકા દ્વારા ગાંધી જયંતી નિમિત્તે સ્વચ્છ ભારત દિવસની ઉજવણી

### પાલિકાના વોર્ડ નંબર ૧, ૬ અને ૭નું શ્રેષ્ઠ સફાઈ બદલ સુપરવાઈઝરનું તથા સફાઈ અભિયાનમાં યોગદાન આપનાર સંસ્થાઓનું સન્માન કરાયું

(સંવાદદાતા દ્વારા)
અંકલેશ્વર, તા.૨
અંકલેશ્વર નગરપાલિકા દ્વારા શારદા ભવન ટાઉન હોલ ખાતે ગાંધી જયંતી નિમિત્તે સ્વચ્છતા હી સેવા અંતર્ગત સ્વચ્છ ભારત દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ત્રણ વોર્ડમાં શ્રેષ્ઠ સફાઈ બદલ સુપરવાઈઝરનું સન્માન અને સફાઈ અભિયાનમાં યોગદાન આપનાર શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આજ રોજ ગાંધી જયંતી નિમિત્તે સ્વચ્છતા હી સેવા અંતર્ગત સ્વસ્થ ભારત દિવસની ઉજવણીના ભાગરૂપે અંકલેશ્વર નગરપાલિકા દ્વારા સ્વચ્છતા હી સેવા અંર્તગત સ્વચ્છતા રેલી, સ્વચ્છ વોર્ડ સ્પર્ધા સહિત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, આ સ્વચ્છતા હી સેવા અભિયાનમાં શહેરની શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓ જોડાઈ હતી. જેમાં સામાજિક સંસ્થા અને


(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

વિદ્યાર્થીઓએ નિબંધ રંગોળી સહિતની વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ત્યારે આજ રોજ શારદા ભવન ટાઉન હોલ ખાતે નગરપાલિકાના પ્રમુખ લલીતાબેન રાજપુરોહિતની અધ્યક્ષતા હેઠળ સ્વચ્છતાની સિદ્ધિઓની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પાલિકા વિવિધ વોર્ડ પૈકી વોર્ડ નંબર ૧, ૬ અને ૭માં શ્રેષ્ઠ સફાઈ બદલ સુપરવાઈઝરનું સન્માન કરવામાં આવ્યું હતું. સાથે સ્વચ્છતા હી સેવા અભિયાનમાં સહભાગી બની યોગદાન આપનાર શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓનું સન્માન પત્ર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા, સાથે વિવિધ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

### અરવલ્લી જિલ્લાના નવનિર્મિત

# શામળાજી તાલુકાને મળી પોતાની તાલુકા પંચાયત અને મામલતદાર કચેરી

### સાંસદ શોભનાબેન બારૈયાના અધ્યક્ષસ્થાને યોજાયો કાર્યક્રમ

(સંવાદદાતા દ્વારા) મોડાસા, તા.૨
રાજ્યના અવિરત વિકાસને ગતિ આપવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં રાજ્યમાં નવા ૧૭ તાલુકાઓની રચનાને રાજ્ય મંત્રીમંડળની મંજૂરી આપવામાં આવી છે. જે પૈકી અરવલ્લી જિલ્લામાં ભિલોડામાંથી શામળાજી નવો તાલુકો, બાયડમાંથી સાઠંબા નવો તાલુકો જાહેર કરવામાં આવ્યા છે.

નવા તાલુકાની રચના થકી લોકોને જિલ્લા-તાલુકા કક્ષાની કચેરીઓ સાથેના કામકાજમાં સુગમતા રહેશે તેમજ નવુ તાલુકા મથક નજીકમાં જ મળવાથી સામાજિક, આર્થિક, આરોગ્ય અને શૈક્ષણિક સહિતની સર્વગ્રાહી સુવિધામાં વધારો થશે તેમજ અંતરિયાળ ગામોમાંથી તાલુકા મથકે આવવા-જવામાંથી સમય, શક્તિ અને નાણાંનો પણ બચાવ થશે. આજે સાબરકાંઠા મતવિસ્તારના સાંસદ શોભનાબેન બારૈયાના અધ્યક્ષસ્થાને શામળાજી તાલુકાની મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત કચેરીના


(તસવીર : યુસુફ જમાદાર, મોડાસા)

શુભારંભનો કાર્યક્રમ યોજાયો. આજના કાર્યક્રમમાં લોકોને સંબોધન કરતા સાંસદ શોભનાબેન બારૈયાએ લોકોને નવી તાલુકો મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા અને આગામી સમયમાં નવીન તાલુકા થકી થનારા લાભ પણ જણાવ્યા હતા. આજના કાર્યક્રમમાં લોકોને સંબોધન કરતા જિલ્લા કલેક્ટર પ્રશસ્તિ પારીકએ જણાવ્યું કે, નવીન તાલુકા થકી લોકોની કામગીરી સરળતાથી પૂર્ણ થશે. આ તાલુકા થકી લોકોને વહીવટી સુગમતા પણ થશે તેવી આશા વ્યક્ત કરી હતી. તો ભિલોડા ધારાસભ્ય પી.સી. બરંડાએ લોકોને નવીન તાલુકા બદલ શુભકામનાઓ પાઠવી. આગામી સમયમાં જે વેગથી અરવલ્લી જિલ્લો પ્રગતિ કરી રહ્યો છે તે જ વેગથી શામળાજી તાલુકાના વિકાસની પણ આશા વ્યક્ત કરી હતી. આજના કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી દિપેશ કેડિયા, પ્રાંત અધિકારી વિશાલ પટેલ, શામળાજી તાલુકા વિકાસ અધિકારી, શામળાજી મામલતદાર, જિલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયત પ્રમુખ, તાલુકા સંગઠનના સભ્યો સહિત મોટી સંખ્યામાં સરપંચો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# વાવ-થરાદ જિલ્લાનો વિધિવત્ પ્રારંભ : જિલ્લામાં ૮ તાલુકા, ૨ નગરપાલિકા અને ૪૧૬ ગામડાઓનો સમાવેશ

### ઢોલ-નગારા અને બાઈક રેલી સાથે સરહદી વિસ્તારમાં નવનિર્મિત જિલ્લાની ઉજવણી કરતા નાગરિકો

(સંવાદદાતા દ્વારા)
પાલનપુર, તા.૨
સુશાસન, વિકાસ અને એકતાના નવા અધ્યાયની સાથે આજથી વાવ થરાદ જિલ્લો સત્તાવાર રીતે અસ્તિત્વમાં આવ્યો છે. વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી અને મંત્રી બલવંતસિંહ રાજપૂતના હસ્તે થરાદ ખાતેથી કલેક્ટર કચેરીનો વિધિવત્ શુભારંભ કરાયો હતો. આ સાથે ચાર નવા તાલુકાઓ ઓગડ, ધરણીધર, રાહ અને હડાદ પણ અસ્તિત્વમાં આવ્યા છે.

આ પ્રસંગે અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી અને મંત્રી બલવંતસિંહ રાજપૂતે ઉપસ્થિત તમામ લોકોને શુભેચ્છાઓ પાઠવીને નવીન વાવ-થરાદ જિલ્લાની કલેક્ટર કચેરીનું રીબીન કાપીને કચેરીનો પ્રારંભ કર્યો હતો. બંને મહાનુભાવોનું ખોરડા, જેતડા, ભોરડું અને ખેંગારપુરા ગામના લોકોએ ઢોલ-નગારા સાથે ભવ્ય સ્વાગત કરીને નવીન જિલ્લા માટે સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. આજનો દિવસ સમગ્ર સરહદી વિસ્તારના નાગરિકો માટે ઉત્સાહ અને ઉમંગના દિવસ તરીકે ઉજવાયો હતો અને



થરાદથી રાહ સુધી બાઈક રેલીનું આયોજન કરાયું હતું. થરાદ ખાતે નવી જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા પોલીસ અધિક્ષક કચેરી અને જિલ્લા પંચાયત કચેરી સહિતની કચેરીઓનો પ્રારંભ થયો છે. નવીન વાવ-થરાદ જિલ્લામાં થરાદ, વાવ, સુઈગામ, ભાભર, દિયોદર, લાખણી અને નવીન ૨ તાલુકા ઢીમા અને રાહ મળીને કુલ ૮ તાલુકાનો સમાવેશ થયો છે. નવનિર્મિત જિલ્લામાં ૮ તાલુકા, ૨ નગરપાલિકા, ૪૧૬ ગામડા તથા ૯ લાખ ૭૮ હજાર ૮૪૦ વસ્તીનો સમાવેશ થાય છે. બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર, ડીસા, વડગામ, દાંતીવાડા, દાંતા, અમીરગઢ, ધાનેરા, કાંકરેજ સહિત નવીન ૨ તાલુકા ઓગડ અને હડાદ મળીને કુલ ૧૦ તાલુકાનો સમાવેશ. સરકારે વાવ થરાદ જિલ્લા માટે જિલ્લા કલેક્ટર તરીકે જે.એસ. પ્રજાપતિ, જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી અને જિલ્લા પોલીસ અધિક્ષક ચિંતન.જે. તેરૈયાની નિમણૂંક કરી છે. કલેક્ટર કચેરી શુભારંભ વખતે વાવ ધારાસભ્ય સ્વરૂપજી ઠાકોર, પૂર્વ સાંસદ પરબતભાઈ પટેલ, બનાસકાંઠા કલેક્ટર મિહિર પટેલ, જિલ્લા વિકાસ અધિકારી એમ.જે. દવે, જિલ્લા પોલીસ અધિક્ષક પ્રશાંત સુમ્બે સહિતના અધિકારીઓ, પદાધિકારીઓ અને બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# સિદ્ધપુર ખાતે કોંગ્રેસ દ્વારા ગાંધી જયંતી નિમિત્તે ગાંધી પ્રતિમાને માલ્યાર્પણ



(સંવાદદાતા દ્વારા) સિદ્ધપુર, તા.૨
ગાંધી જયંતી નિમિત્તે સિદ્ધપુર કોંગ્રેસ સમિતિના પદાધિકારીઓ અને કાર્યકરો દ્વારા પૂર્વ ધારાસભ્ય ચંદનજી ઠાકોરની આગેવાનીમાં સિદ્ધપુર ખાતે મહાત્મા ગાંધીની પ્રતિમાને માલ્યાર્પણ કરી ભાવાંજલિ આપવામાં આવી હતી. સાથે-સાથે આજે લાલ બહાદુર શાસ્ત્રીની પણ જન્મજયંતી હોવાથી તેઓને પણ યાદ કરીને સૂત્રોચાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મ્યુ. સદસ્યા જયાબેન શાહ, તાલુકા કોંગ્રેસ અધ્યક્ષ હમીદભાઈ માંકણોજિયા, પૂર્વ શહેર પ્રમુખ અમરસિંહ ઠાકોર, રશિદભાઈ કુરેશી, ભુરાભાઈ પઠાણ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : જહીર મન્સુરી, સિદ્ધપુર)

# ધોળકા ખાતે ફૈઝાને નવબહાર પીર મદ્રેસાના બાળકોનો ઈનામી જલસો યોજાયો



(સંવાદદાતા દ્વારા) ધોળકા, તા.૨
ધોળકા ખાતે પટેલવાડામાં ફૈઝાને નવબહાર પીર મદ્રસાના બાળકોનો જશ્ને ઈદે મિલાદુન્નબીની ઉજવણીના ભાગરૂપે ઈનામી જલસો રાખવામા આવ્યો હતો. જેમાં ૧૪ બાળકોએ પયગમ્બર હઝરત મુહમ્મદ (સ.અ.વ.) સાહેબની શાનમાં તકરીર પેશ કરી હતી. આ પ્રસંગે ઈર્શાદઅલી બાવા, એડવોકેટ અસદખાન પઠાણ, પૂર્વ શહેર કોંગ્રેસ પ્રમુખ ફિરોજખાન પઠાણ, બિસ્મિલ્લાખાન પઠાણ, ઝહીરઅબ્બાસખાન તેમજ પટેલવાડાના રહીશો હાજર રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિજેતા સહિત તમામ બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન પટેલવાડા યંગ યુનિયન અને નવબહાર પીર મસ્જિદના પેશ ઈમામ હસનેન રઝાએ કરી ભારે જેહમત ઉઠાવી બાળકોને તૈયાર કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ચકલાસી પોલીસે ચોરી થયેલા સાત મોબાઈલ મૂળ માલિકને પરત કર્યા

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૨
ચકલાસી પોલીસે CEIR (Central Equipment Identity Register) પોર્ટલની મદદથી ગુમ થયેલા અથવા તો ચોરી થયેલા સાત મોબાઈલો શોધીને તેના મૂળ માલિકને તેરા તુજકો અર્પણ હેઠળ પરત કર્યા છે. મળતી માહિતી મુજબ ચકલાસી પોલીસ સ્ટેશનના



ઈન્સ્પેક્ટર એમ.બી. ભરવાડના માર્ગદર્શન હેઠળ પોલીસે ગુમ થયેલા કે ચોરી થયેલા મોબાઈલની વિગતો CEIR પોર્ટલમાં અપલોડ કરવાની કાર્યવાહી કરી હતી. આ પોર્ટલ ચોરી થયેલા મોબાઈલ ટ્રેક કરવા અને તેને બ્લોક કરવા માટેનું એક રાષ્ટ્રીય પોર્ટલ છે, જેની મદદથી ગુમ થયેલા ઉપકરણોની ભાળ મેળવવી સરળ બને છે. પોલીસ કર્મચારીઓએ સતત મોનીટરીંગ અને ટેક્નિકલ વર્કઆઉટ કરીને આ સાત ફોનની લોકેશન અને ઉપયોગની માહિતી મેળવી હતી. સઘન પ્રયાસોના અંતે, કુલ રૂા.૧,૩૮,૪૮૬/-ની કિંમતના ૦૭ મોબાઈલ ફોન સફળતાપૂર્વક શોધી કાઢવામાં આવ્યા હતા. ત્યારબાદ આ તમામ મોબાઈલ ફોન, 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત અરજદારોને સન્માનપૂર્વક પરત કરવામાં આવ્યા હતા.

## ડભોઈના રાજલી ગામે જુગાર રમતા પાંચ પકડાયા

ડભોઈ, તા.૨
ડભોઈ તાલુકાના રાજલી ગામે જુગાર રમતા પાંચ જુગારીઓને પોલીસે પકડી પાડ્યા હતા અને તેમની પાસેથી કુલ રૂા. ૧,૫૬,૯૦૦નો મુદ્દામાલ કબજે લીધો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર ડભોઈ તાલુકાના રાજલી ગામે ગોચરમાં વૃક્ષ નીચે બેસીને પ્રજ્ઞેશ પટેલ, સતીશ ઉર્ફે માતા વસાવા, રિતલાલ વસાવા, વિરેન્દ્ર વસાવા અને જગદીશ વસાવા મળી જુગાર રમતા હતા. તે પાંચ જુગારીઓને પોલીસે પકડી પાડ્યા હતા અને તેમની પાસેથી રૂા.૫૧,૯૦૦ રોકડા અને ૪ મોબાઈલ ફોન મળી કુલ રૂા. ૧,૫૬,૯૦૦નો મુદ્દામાલ કબજે લીધો હતો.

# ભેંસાવહી છાત્રાલયમાં ગાંધીજયંતીની ઉજવણી : સ્વચ્છતાનો સંકલ્પ

(સંવાદદાતા દ્વારા)
પાવીજેતપુર, તા.૨
પાવીજેતપુર તાલુકાના ભેંસાવહી ખાતે આવેલ સરદાર કુમાર છાત્રાલયમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરને 'સ્વચ્છતા'ના સંકલ્પ સાથે જોડીને છાત્રાલયના વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ આવે તેવા ઉદ્દેશ્યથી વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. છાત્રાલયના સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓને સ્વચ્છતાનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. તો વિદ્યાર્થીઓને દૈનિક જીવનમાં સ્વચ્છતાના નિયમોનું પાલન કરવા પ્રેરિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ માટે સ્વચ્છતા અભિયાન અને તેના સંદર્ભમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને


(તસવીર : આસીફ ખત્રી, પાવીજેતપુર)

પોતાની સર્જનાત્મકતા તેમજ સ્વચ્છતા પ્રત્યેની સમજણનું પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓના અંતે, પ્રથમ આવનારા તેજસ્વી વિદ્યાર્થીઓને છાત્રાલય તરફથી ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. છાત્રાલયના ગુરૂજી રાજુભાઈએ જણાવ્યું હતું કે, ઈનામ આપવાનો હેતુ માત્ર સન્માન કરવાનો જ નહીં, પરંતુ અન્ય વિદ્યાર્થીઓને પણ સ્વચ્છતાના કાર્યોમાં સક્રિય રીતે જોડાવા માટે પ્રેરણા આપવાનો છે. કાર્યક્રમની સમાપ્તિએ તમામ વિદ્યાર્થીઓએ પોતાના છાત્રાલય અને પરિસરને સ્વચ્છ રાખવાનો સંકલ્પ લીધો હતો, જે ગાંધી જયંતીના આ પાવન દિવસે સ્વચ્છ ભારત અભિયાનને સાચા અર્થમાં સાર્થક કરે છે.

# ધોળકા ખાતે કોંગ્રેસ દ્વારા ગાંધી જયંતીની ઉજવણી કરાઈ

### વરિષ્ઠ કોંગ્રેસ અગ્રણી ઈસ્માઈલભાઈ ઘાંચીનું સન્માન કરાયું

(સંવાદદાતા દ્વારા) ધોળકા, તા. ૨
ધોળકા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ગાંધી જયંતી નિમિત્તે આજરોજ ધોળકા ખાતે મલાવ તળાવ બગીચામાં આવેલી મહાત્મા ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલિ કરી ગાંધી જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે હાજર રહેલા કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ મહાત્મા ગાંધીના આદર્શો અને વિચારોને છેવાડાના માનવી સુધી પહોંચાડવાના શપથ લીધા હતા. આ અવસરે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના આદેશ અનુસાર ગાંધી જયંતીના દિવસે કોંગ્રેસના વરિષ્ઠ અને સિનિયર આગેવાન ઈસ્માઈલભાઈ ઘાંચીનું મ્યુનિસિપલ કાઉન્સિલર મનસુરખાન તાલુકદાર દ્વારા શાલ ઓઢાડી તથા ફુલહારથી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધોળકા નગરપાલિકાના કાઉન્સિલર



મનસુરખાન તાલુકદાર, અમદાવાદ જિલ્લા કોંગ્રેસ ઉપપ્રમુખ મુનાફભાઈ રાધનપુરી, ધોળકા શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ ફિરોજખાન પઠાણ, ધોળકા શહેર કોંગ્રેસ મહામંત્રી બાવલભાઈ ખંડવી, અમદાવાદ જિલ્લા મહિલા કોંગ્રેસ ઉપપ્રમુખ વહીદાબાનુ પાનારા, ઉપરાંત ભાર્ગવ અમીન, ઈસ્માઈલભાઈ ઓઈલવાળા, જહોન મોમીન સહિતના કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# હિંમતનગર ખાતે ગાયને બચાવવા કેનાલમાં ઊતરેલ યુવાનનું મોત

(સંવાદદાતા દ્વારા)
હિંમતનગર, તા.૨
હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાંથી પસાર થતી હાથમતી કેનાલમાંથી તણાયેલા એક યુવકનો મૃતદેહ ૨૪ કલાકની શોધખોળ બાદ આજે સવારે મળી આવ્યો હતો. ફાયર વિભાગ દ્વારા મૃતદેહને હિંમતનગર એ-ડિવિઝન પોલીસને સોંપવામાં આવ્યો હતો, જે બાદ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, બુધવારે સવારે મોતીપુરા હાથમતી કેનાલમાં એક ગાય પાણીમાં તણાઈ હતી. આ ગાયને બચાવવા માટે ચાર યુવકો પાણીમાં ઉતર્યા હતા. તેમાંથી ત્રણ યુવકો સુરક્ષિત બહાર આવી ગયા હતા, જ્યારે ગાય પણ બહાર નીકળી ગઈ હતી. જોકે, એક યુવક પાણીના પ્રવાહમાં તણાઈ


(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

ગયો હતો. ઘટનાની જાણ થતાં ફાયર વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને તણાયેલા યુવકની શોધખોળ શરૂ કરી હતી. જોકે, બુધવારે મોડી સાંજ સુધી યુવકનો કોઈ પત્તો લાગ્યો ન હતો. ગુરૂવારે સવારે કેનાલમાં પાણી બંધ કરાયા બાદ GIDC પાસે સ્ટારસિટી સામેના ભાગેથી ૧૫ વર્ષીય પારસભાઈ અન્નાભાઈ શરાણીયાનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહને તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો. આ અંગે હિંમતનગર એ-ડિવિઝન પોલીસે જાણ થતાં વધુ તપાસ હાથ ધરી છે.

# મેટ્રો ટ્રેન મોટેરાથી સીધી મહાત્મા મંદિર સુધી દોડશે, ગુરૂવારે થયેલી ટ્રાયલ રન સફળ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨

ગુરૂવારે સચિવાલયથી રૂટના અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી ટ્રાયલ રન સફળતાપૂર્વક શરૂ કરવામાં આવી છે. હાલમાં સચિવાલય સુધી દોડાવવામાં આવતી મેટ્રો રેલને હવે વધુ પાંચ સ્ટેશન અક્ષરધામ, જુના સચિવાલય, સેક્ટર-૧૬, સેક્ટર-૨૪, અને અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી આગળ વધારવામાં આવી છે. આ ટ્રાયલ રન પૂર્ણ થયા બાદ કમિશનર મેટ્રો રેલ સેફ્ટી (CMRS) સમક્ષ જરૂરી મંજૂરીઓ માટે દરખાસ્ત કરવામાં આવશે.



ગાંધીનગર મેટ્રો રેલની કામગીરી વધુ વેગવાન બની છે. આજે સચિવાલયથી રૂટના અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી ટ્રાયલ રન સફળતાપૂર્વક શરૂ કરવામાં આવી છે. જેની સત્તાવાર મંજૂરી મળ્યા બાદ ગાંધીનગરના નાગરિકોને મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલની સુવિધા ઉપલબ્ધ થશે. આ કામગીરી પૂર્ણ થવાથી અમદાવાદ અને ગાંધીનગરના કુલ ૬૮ કિલોમીટરના રૂટ પરના ૫૩ સ્ટેશનોને મેટ્રો રેલની કનેક્ટિવિટી મળશે. મેટ્રો રેલની આ સુવિધા મુસાફરીને વધુ સસ્તી, આરામદાયક અને પ્રદૂષણમુક્ત બનાવશે, જેનાથી બંને જોડિયા શહેરોના નાગરિકોને મોટો ફાયદો થશે.

મહાત્મા મંદિર સુધી મેટ્રો ટ્રેન શરૂ થતાં અમદાવાદ-ગાંધીનગર વચ્ચે ઝડપી અને સસ્તી પરિવહન સુવિધા મળશે. મેટ્રો રેલ સંપૂર્ણ રીતે કાર્યરત થતાં ગાંધીનગરના રહેવાસીઓ અને અહીં કામ કરતા લોકો માટે અમદાવાદ આવન-જાવન કરવું વધુ ઝડપી અને સસ્તું બનશે. મેટ્રોના લીધે રૂટ ટ્રાફિક જામ વિનાનો હોવાથી મુસાફરીનો સમય નિશ્ચિત બનશે અને બચશે. કાર કે ટેક્સીના બદલે મેટ્રોનો ઉપયોગ કરવાથી ઈંધણ ખર્ચ અને ટોલ ટેક્સમાં નોંધપાત્ર ઘટાડો થશે. મેટ્રો રેલ એ પર્યાવરણને અનુકૂળ પરિવહન વ્યવસ્થા છે. તેના કારણે શહેરમાં હવા પ્રદૂષણ અને ટ્રાફિકની સમસ્યામાં મોટો ઘટાડો થશે. મોટી સંખ્યામાં લોકો વ્યક્તિગત વાહનોને બદલે મેટ્રોનો ઉપયોગ કરશે, જેનાથી સડકો પર વાહનોની સંખ્યા ઘટશે અને ટ્રાફિકની ગીચતા ઓછી થશે.

ખાસ કરીને સરકારી કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને ફાયદો થશે. ગાંધીનગરમાં સચિવાલય અને અન્ય સરકારી કચેરીઓ તેમજ શિક્ષણ સંસ્થાઓ આવેલી છે. મહાત્મા મંદિર, સચિવાલય, સેક્ટર-૧૬ અને સેક્ટર-૨૪ જેવા મુખ્ય સરકારી અને વ્યાપારી કેન્દ્રો મેટ્રોથી જોડાશે, જેનાથી સરકારી કર્મચારીઓ અને મુલાકાતીઓને ખૂબ જ સરળતા રહેશે. ઉપરાંત ગાંધીનગરની યુનિવર્સિટીઓ અને કોલેજોમાં ભણતા અમદાવાદના વિદ્યાર્થીઓ માટે મુસાફરી સરળ બનશે. ગાંધીનગર અને અમદાવાદના વ્યાપારી વિસ્તારો વચ્ચે સરળ કનેક્ટિવિટી થતાં બંને શહેરોમાં વેપાર-ધંધાને પ્રોત્સાહન મળશે.

# RTO ચલણના APK ફાઈલથી પરિણીતાને રૂા.૧૧.૭૫ લાખ ગુમાવવાનો વારો આવ્યો

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨

અમદાવાદમાં વેપારીને અજાણ્યા નંબર પરથી આરટીઓ ચલણના નામે એપીકે ફાઈલ મળી હતી જે વેપારીએ ફેમિલી વોટસએપ ગ્રુપમાં નાખતા પત્નીએ ફાઈલ ડાઉનલોડ કરી તેમાં વિગતો પૂરી કરી હતી. પત્નીના નંબર પર ફોનની અવરજવર બંધ થઈ ગઈ હતી. જે દરમિયાન ૧૧ લાખ રૂપિયાની રકમ ઉપડી ગઈ હતી. આ અંગે સાઈબર ક્રાઈમે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

વસ્ત્રાપુરની ખુશનુમ ખંભાતાએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. તેમના પતિ ડેલઝાદ વટવા જીઆઈડીસીમાં ફેક્ટરી ધરાવે છે. થોડા દિવસ પહેલાં તા. ૧૩ જુલાઈના રોજ તેમના પતિના મોબાઈલ પર "આરટીઓ ઈ-ચલાન 500 APK" નામની એપ્લિકેશનનો મેસેજ આવ્યો હતો. જે લિંક તેમના ફોનમાં ઓપન થઈ નહોતી, એટલે ડેલઝાદે આ મેસેજ તેમના પરિવારના ગ્રુપ "ખંભાતાઝ"માં મુક્યો હતો. પરિવારમાં ખુશનુમબેનના બે દિકરાઓ પાસે આઈફોન હોવાને કારણે તેઓ આ એપ્લિકેશન ડાઉનલોડ કરી શક્યા નહોતા. ત્યારે ખુશનુમ ખંભાતાએ આ એપ્લિકેશન ઈન્સ્ટોલ કરી હતી અને તેમાં વિગતો પણ ભરી હતી. ત્યાર બાદ તેમનો ફોન ગરમ થવા લાગ્યો હતો અને મેસેજ આવવાના બંધ થઈ ગયા હતા. બીજા દિવસે તેમણે પતિના ફોનથી કસ્ટમર કેરમાં કોલ કરીને તપાસ કરતાં જાણવા મળ્યું કે તેમનો ફોન તો બીજા મોબાઈલ પર કોલ ડાયવર્ટ મોડમાં છે. તેમણે આ કોલ ફોરવર્ડિંગ બંધ કરાવ્યું હતું. બધું નોર્મલ થતાં તેમણે ફોનમાં ઈન્સ્ટોલ કરેલી બેંકની એપ્લિકેશન ઓપન કરીને ચેક કર્યું તો તેમના ખાતામાંથી અને તેમના પતિના ખાતામાંથી કુલ ૧૧.૭૫ લાખ રૂપિયા ટ્રાન્સફર થઈ ગયા હતા. તપાસ કરતાં જાણવા મળ્યું કે, ગઠીયાઓએ તેમનો ફોન હેક કરીને તેમના પાસવર્ડ મેળવી લીધા હતા. હવે ખુશનુમ ખંભાતા અને તેમના પતિના બેંક એકાઉન્ટમાંથી ગઠીયાએ ૧૧.૭૫ લાખ રૂપિયા ટ્રાન્સફર કરી લીધા હતા. જે અંગે તેમની ફરિયાદને આધારે સાયબર ક્રાઈમબ્રાંચે તપાસ શરૂ કરી છે.

# શહેરમાં રખડતા ઢોર અને સ્ટ્રીટ લાઈટ મુદ્દે કમિશનરે રીવ્યુ બેઠકમાં અધિકારીઓને ખખડાવ્યા

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨

શહેરમાં રખડતા ઢોર અને સ્ટ્રીટ લાઈટ મુદ્દે મ્યુનિસિપલ કમિશનરે રીવ્યુ બેઠકમાં અધિકારીઓને ખખડાવ્યા હતા. રોડ ઉપર ટ્રાફિકની સમસ્યાને લઈને લારી ગલ્લાઓના થતા દબાણને લઈને પણ વિભાગના અધિકારીઓને ખખડાવતા કહ્યું હતું કે, બે ડસ્ટબિન રાખવા માટેની સૂચના આપી છે. તેઓને ચારથી પાંચ દિવસનો સમય આપો જો ડસ્ટબિન ન રાખે તો તમામના લારી-ગલ્લા ઉપાડી લેવા માટેની પણ કડક સૂચના આપી છે.

મ્યુનિસિપલ કમિશનર બંછાનીધી પાનીએ બેઠક દરમિયાન શહેરના ગોતા, નરોડા, ચાંદખેડા સહિત કેટલાક વિસ્તારોમાં રખડતી ગાયો અંગેની ફરિયાદોમાં નોંધપાત્ર વધારો થયો હોવાની બાબતને લઈ રખડતા ઢોર પકડવાની નબળી કામગીરી બાબતે CNCD વિભાગના અધિકારીનો ઉધડો લીધો હતો. રખડતા ઢોરની ફરિયાદો મળતા તાત્કાલિક ધોરણે આવા ઢોરને પકડવા માટેની અને કાર્યવાહી કરવાની સૂચના આપી હતી. નારોલ અને ઘી કાંટા વિસ્તારમાં વીજળીના કરંટ લાગવાને કારણે બે લોકોના થયેલા મોત બાબતે અને રાત્રે SG હાઈવે સહિત અલગ અલગ વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટો બંધ હોવાની વ્યાપક ફરિયાદોને પગલે લાઈટ વિભાગના વડાને ખખડાવ્યા હતા. લાઈટ વિભાગમાં શિડ્યુલ ઓફ મેઈન્ટેનન્સ ન હોવાને કારણે આ પરિસ્થિતિ ઉભી થાય છે જેથી તાત્કાલિક ધોરણે નિરાકરણ લાવવા માટે જણાવ્યું હતું. શહેરમાં રોડ ઉપર અને ફુટપાથ પર વધતા જતા દબાણો મામલે એસ્ટેટ વિભાગને આડે હાથે લીધો હતો. લારી-ગલ્લા, ફેરિયાઓ અને ખાણી પીણીનો ધંધો કરનારા તમામ લોકોએ બે ડસ્ટબિન રાખવા ફરજિયાત છે અને આ સૂચનાનું પાલન નહીં કરનારાના લારી-ગલ્લા ઉપાડી લેવા તાકીદ કરી હતી. ફેરિયાઓ, લારી-ગલ્લાવાળાને બે ડસ્ટબીન રાખવા માટે ફક્ત ચાર-પાંચ દિવસનો સમય આપો. જો બે ડસ્ટબીન ન રાખે તો લારી અને ગલ્લા ઉપાડી લીધા પછી પાછા નહીં આપવા સૂચના આપી હતી.

# વરાછામાં ઓફિસમાંથી રૂા.૧૩.૬૫ લાખના હીરાની ચોરી

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૨

શહેરના વરાછા, મીનીબજારમાં સરદાર આવાસમાં આવેલ હીરાની ઓફિસમાં ડુપ્લીકેટ ચાવીથી ઓફિસનો દરવાજા ખોલી અંદર ત્રાટકેલા તસ્કરો રૂા.૧૩.૬૫ લાખની મતાના કાચા અને તૈયાર હીરાનો જથ્થો ચોરી કરી ફરાર થઈ જતા ચકચાર મચી જવા પામી હતી. ઉત્રાણ, મનીષા ગરનાળા પાસે, રાધે રેસીડેન્સીમાં ૧૨માં માળે રહેતા ૪૪ વર્ષીય સંજયભાઈ કરશનભાઈ ગાબાણી હીરાના ધંધા સાથે સંકળાયેલા છે અને વરાછા, મીનીબજાર, સરદાર આવાસમાં છેલ્લા આઠ મહિનાથી ઓફિસ ભાડે રાખી હીરા લે-વેચ કરવાની સાથે હીરાનું મેન્યુફેક્ચરિંગનું કામકાજ કરે છે.સંજયભાઈની ઓફિસમાં ત્રણ કારીગરો છે. ૨૪મીના રોજ રાત્રે ઓફિસમાં મોડુ થઈ જતા તેઓ તેમના મિત્ર રાજેશ નારણ હિરપરાને ત્યાં સેફમાં હિરા મુકવા માટે ગયા હતા અને પોતાની ઓફિસમાં હીરા મૂકી રાખ્યા હતા. દરમિયાન મોડી રાત્રેના સુમારે તેમની ઓફિસમાં તસ્કરો ઘુસ્યા હતા અને ડુપ્લિકેટ ચાવીથી ઓફિસ ખોલી અંદર ઘૂસેલા તસ્કરોએ ટેબલના ખાનામાંથી ૬૧૨૯ કેરેટના કાચા અને તૈયાર હીરા જેની કિંમત રૂપિયા ૧૩,૬૫,૦૦૦ના મતા ચોરી નાસી ગયા હતા. વધુમાં સંજયભાઈએ ૨૪મીના રોજ ઓફિસ બંધ કરી ઘરે ગયા બાદ રાત્રે બારેક વાગ્યે તેઓ મોબાઈલમાં ઓફિસમાં લાગેલા સીસીટીવી કેમેરા ચેક કરતા કઈ દેખાતું ન હતું. તેમને એવુ કે નેટવર્કમાં પ્રોબ્લમ હશે જેથી તેઓ બાલકનીમાં જતાં ત્યાં પણ કઈ નહી દેખાતા સીસીટીવી કેમેરા રિવર્સ કરતા દસેક વાગ્યાના અરસામાં એક અજાણ્યો ઓફિસમાં ઘૂસતા દેખાતા તેઓ ઘરેથી ઓફિસમા ગયા ત્યારે ચોરી થઈ હોવાનું બહાર આવ્યું હતું. અજાણ્યાએ સીસીટીવી કેમેરા દેખાય નહી તે માટે કંઈ લગાવ્યું હતું. બનાવ અંગે સંજયભાઈ ગાબાણીએ ફરિયાદ નોંધાવતા વરાછા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમ છલોછલ

## ૩ દરવાજા ૧ મીટર સુધી ખોલી પાણી છોડાયું

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨

નર્મદા ડેમ (સરદાર સરોવર) આ સિઝનમાં પ્રથમવાર તેની મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટર પર પહોંચીને સ્થિર થયો છે. ગતરોજ ડેમ છલોછલ થતાં મુખ્યમંત્રી સહિત રાજયના નેતાઓએ નર્મદા નીરના વધામણાં કર્યા હતા. ડેમમાં ઉપરવાસમાંથી હાલ ૭૮,૮૮૦ ક્યુસેક પાણીની આવક નોંધાઈ રહી છે, જેની સામે નર્મદા નદીમાં ૭૫,૦૯૫ ક્યુસેક પાણીની જાવક ચાલુ છે. જેથી ડેમની સપાટી જાળવી રાખવા માટે આજે નર્મદા ડેમના ૩ દરવાજા ૧ મીટર સુધી ખુલ્લા રાખીને નર્મદા નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે.

નર્મદા ડેમ ૧૦૦ ટકા ભરાઈ જતાં ડેમ પર આવેલા RBPH અને CHPH પાવર હાઉસ પણ પૂર્ણ ક્ષમતાથી ધમધમતા થયા છે. જેના કારણે રાજયને રોજના રૂા.૩ કરોડ કરતાં વધુનું વીજ ઉત્પાદન મળી રહ્યું છે. નર્મદા ડેમ છલોછલ થવાના કારણે ગુજરાત રાજયને હવે સિંચાઈ અને પીવાના પાણીની ચિંતા રહેશે નહીં અને રાજયના ખેડૂતો તેમજ જનતાને મોટી રાહત મળશે. ડેમમાં સંગ્રહ થયેલું વિપુલ પ્રમાણમાં પાણી આગામી એક વર્ષ સુધી રાજયને સિંચાઈ અને પીવાનું પાણી પૂરૂં પાડવા માટે સક્ષમ છે, જેનાથી રાજયના લાખો ખેડૂતો અને નાગરિકોને મોટો લાભ થશે.

# મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને 'જમીન વહીવટ અને આપત્તિ વ્યવસ્થાપન' ઉપર મહાત્મા મંદિર ખાતે રાષ્ટ્રીય સંમેલન યોજાશે

## બે દિવસીય રાષ્ટ્રીય સંમેલનમાં કેન્દ્રીય કૃષિ મંત્રીની વિશેષ ઉપસ્થિતિ

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૨

ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે તા. ૩ અને ૪ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ 'જમીન વહીવટ અને આપત્તિ વ્યવસ્થાપન' ઉપર બે દિવસીય રાષ્ટ્રીય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને તેમજ કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણની વિશેષ ઉપસ્થિતિમાં તા. ૩ ઓક્ટોબરના રોજ સવારે ૯:૦૦ કલાકે આ રાષ્ટ્રીય સંમેલનનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે. ગુજરાત સરકાર, કેન્દ્ર સરકારના ગ્રામીણ વિકાસ અને જમીન સંસાધન મંત્રાલય (DoLR) અને ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (GSDMA) દ્વારા સંયુક્ત રીતે આયોજિત રાષ્ટ્રીય સંમેલનમાં રાજયના મુખ્ય સચિવ પંકજ જોષી, કેન્દ્ર સરકારના જમીન સંસાધન વિભાગના સચિવ મનોજ જોષી સહિત દેશભરના વિવિધ રાજયો તથા કેન્દ્રશાસિત પ્રદેશોના મહેસૂલી અને આપત્તિ વ્યવસ્થાપનની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીઓ સહભાગી બનીને વિચાર વિમર્શ કરશે.

# વિજયાદશમીએ સુરત પોલીસ હેડક્વાર્ટર ખાતે હર્ષ સંઘવીએ શસ્ત્રપૂજા કરી

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૨

દશેરા પર્વ નિમિત્તે ગુજરાતના ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં શસ્ત્રપૂજા કરી હતી. આ વખતે પરંપરાગત શસ્ત્રોની સાથે આધુનિક ડ્રોનની પણ પૂજા કરવામાં આવી હતી, સાથે તેઓએ ગોધરા કાર્યવાહીને લઈ પણ નિવેદન આપતા જણાવ્યું હતું કે, સરકારી જગ્યા પર મકાન બનાવવા અને બીજી તરફ દંગાઓ કરવા, આ બંને એકસાથે નહીં ચલાવી શકાય. શસ્ત્રપૂજા બાદ હર્ષ સંઘવીએ રાજ્યની જનતાને દશેરાની શુભકામનાઓ પાઠવી જણાવ્યું કે, આજે દશેરાના દિવસે ગુજરાત પોલીસના દરેક યુનિટમાં શસ્ત્રપૂજા કરવામાં આવે છે. અહીં વર્ષો જૂના શસ્ત્રો અને આજના લેટેસ્ટ હથિયારો નજરે પડી રહ્યા છે. પોલીસ દ્વારા નાગરિકોની સુરક્ષા માટેના આ શસ્ત્રોની આજે પૂજા કરવામાં આવી છે. કાયદો-વ્યવસ્થા જાળવવામાં પોલીસને મદદરૂપ થતા ડ્રોન જેવા આધુનિક સાધનો પણ હવે પોલીસના શસ્ત્રાગારનો ભાગ બની ચૂક્યા છે, અને તેમની પણ પૂજા કરીને ટેકનોલોજીના મહત્વને સ્વીકારવામાં આવ્યું છે. શસ્ત્રપૂજન બાદ હર્ષ સંઘવીએ ગોધરામાં તાજેતરમાં થયેલી બુલડોઝર કાર્યવાહી અંગે કહ્યું હતું કે, ગોધરાના નાગરિકોની સુરક્ષા માટે અને ભવિષ્યમાં સામાજિક પ્રોજેક્ટ માટે સુરક્ષિત રાખવામાં આવેલી સરકારી જગ્યાઓ પર અસામાજિક તત્વો દ્વારા ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવ્યું હતું. એક તરફ સરકારી જગ્યા પર મકાન બનાવવા અને બીજી તરફ દંગાઓ કરવા, આ બંને એકસાથે નહીં ચલાવી શકાય. ગેરકાયદે બાંધકામ કરનારા અને રાજ્યમાં અશાંતિ ફેલાવનારા લોકો સામે ગુજરાત પોલીસ કડકથી કડક પગલાં ભરી રહી છે. સરકારી જગ્યા પર કોઈપણ પ્રકારના કબજાઓ અને સરકારી જગ્યા પર કબજા કરીને ફરી રાજ્યમાં અશાંતિ ફેલાવવી, રાજ્યના સામાન્ય નાગરિકો પર કોઈપણ પ્રકારનો અડચણ ઊભો કરવો, આવા લોકોને શોધી શોધીને ગુજરાત પોલીસ કડક પગલાં ભરી રહી છે, અને જો કોઈ આવી ભૂલ કરશે, તો આનાથી પણ વધુ કડક પગલાં ભરવામાં આવશે.

# ઠક્કરનગર બ્રિજ પર કારે બે ટુ-વ્હિલરને અડફેટે લેતા એકનું મોત, બે ગંભીર ઈજાગ્રસ્ત

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૨

શહેરના ઠક્કરનગર બ્રિજ પર ગુરૂવારે વહેલી સવારે જીવલેણ અકસ્માત સર્જાયો હતો. કારે મોટરસાયકલ અને સ્કૂટરને અડફેટે લેતાં એક યુવકનું મોત નિપજ્યું છે, જ્યારે અન્ય બે ગંભીર રૂપે ઈજાગ્રસ્ત થયા છે.

૨ ઓક્ટોબરની વહેલી સવારે ભાવનગરની રજિસ્ટ્રર્ડ કારએ બે ટુ-વ્હિલરને અડફેટે લીધા હતા. જેમાં એક્ટિવા અને મોટરસાયકલનો લગભગ કચ્ચરઘાણ વળી ગયો હતો. આ અકસ્માતમાં એક યુવકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. જ્યારે અન્ય બેને ગંભીર ઈજાઓ થઈ હતી, તેમને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. અકસ્માતની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે કેસ નોંધી અકસ્માત કરનારા ફરાર કાર ચાલકની શોધ શરૂ કરી છે.



સમ્રાટ અશોક શસ્ત્રનો ત્યાગ કરી બૌદ્ધના રાહે ચાલ્યાં આજથી ૭૦ વર્ષ પહેલા બાબાસાહેબ ભીમરાવ આંબેડકરે તેમના લાખો અનુયાયીઓ સાથે બૌદ્ધ ધમ્મની દીક્ષા લીધી હતી. આ દિવસની ઉજવણીના ભાગ રૂપે વિશ્વ શાંતિ ધમ્મ યાત્રા બોધીસત્વ બુદ્ધ વિહારથી ૪.૦૦ વાગે પ્રસ્થાન કરી વિરમાયા રોડથી સંવિધાન સર્કલથી ચાંદખેડા બસ સ્ટેન્ડથી ગાંઠીયા રથથી આરાધ્ય હોમ્સ બાબા સાહેબની પ્રતિમા ખાતે સમાપન થઈ હતી. આજે રાણીપ તેમજ કાંકરિયા ખાતે બૌદ્ધ ધમ્મ દીક્ષા સમારોહ યોજાયો હતો. રાણીપ માટે રમેશભાઈ બેન્કર અને કાંકરિયા માટે પ્રકાશભાઈ બેન્કરએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# વાવ-થરાદ જિલ્લાનો વિધિવત્‌ પ્રારંભ : જિલ્લામાં ૮ તાલુકા, ૨ નગરપાલિકા અને ૪૧૬ ગામડાઓનો સમાવેશ

## ઢોલ-નગારા અને બાઈક રેલી સાથે સરહદી વિસ્તારમાં નવનિર્મિત જિલ્લાની ઉજવણી કરતા નાગરિકો

(સંવાદદાતા દ્વારા)
પાલનપુર, તા.૨

સુશાસન, વિકાસ અને એકતાના નવા અધ્યાયની સાથે આજથી વાવ થરાદ જિલ્લો સત્તાવાર રીતે અસ્તિત્વમાં આવ્યો છે. વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી અને મંત્રી બલવંતસિંહ રાજપૂતના હસ્તે થરાદ ખાતેથી કલેક્ટર કચેરીનો વિધિવત્‌ શુભારંભ કરાયો હતો. આ સાથે ચાર નવા તાલુકાઓ ઓગડ, ધરણીધર, રાહ અને હડાદ પણ અસ્તિત્વમાં આવ્યા છે.



આ પ્રસંગે અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી અને મંત્રી બલવંતસિંહ રાજપૂતે ઉપસ્થિત તમામ લોકોને શુભેચ્છાઓ પાઠવીને નવીન વાવ-થરાદ જિલ્લાની કલેક્ટર કચેરીનું રીબીન કાપીને કચેરીનો પ્રારંભ કર્યો હતો. બંને મહાનુભાવોનું ખોરડા, જેતડા, ભોરડું અને ખેંગારપુરા ગામના લોકોએ ઢોલ-નગારા સાથે ભવ્ય સ્વાગત કરીને નવીન જિલ્લા માટે સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. આજનો દિવસ સમગ્ર સરહદી વિસ્તારના નાગરિકો માટે ઉત્સાહ અને ઉમંગના દિવસ તરીકે ઉજવાયો હતો અને થરાદથી રાહ સુધી બાઈક રેલીનું આયોજન કરાયું હતું. થરાદ ખાતે નવી જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા પોલીસ અધિક્ષક કચેરી અને જિલ્લા પંચાયત કચેરી સહિતની કચેરીઓનો પ્રારંભ થયો છે. નવીન વાવ-થરાદ જિલ્લામાં થરાદ, વાવ, સુઈગામ, ભાભર, દિયોદર, લાખણી અને નવીન ૨ તાલુકા ઢીમા અને રાહ મળીને કુલ ૮ તાલુકાનો સમાવેશ થયો છે. નવનિર્મિત જિલ્લામાં ૮ તાલુકા, ૨ નગરપાલિકા, ૪૧૬ ગામડા તથા ૯ લાખ ૭૮ હજાર ૮૪૦ વસ્તીનો સમાવેશ થાય છે. બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર, ડીસા, વડગામ, દાંતીવાડા, દાંતા, અમીરગઢ, ધાનેરા, કાંકરેજ સહિત નવીન ૨ તાલુકા ઓગડ અને હડાદ મળીને કુલ ૧૦ તાલુકાનો સમાવેશ. સરકારે વાવ થરાદ જિલ્લા માટે જિલ્લા કલેક્ટર તરીકે જે.એસ. પ્રજાપતિ, જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી અને જિલ્લા પોલીસ અધિક્ષક ચિંતન.જે. તેરૈયાની નિમણૂંક કરી છે. કલેક્ટર કચેરી શુભારંભ વખતે વાવ ધારાસભ્ય સ્વરૂપજી ઠાકોર, પૂર્વ સાંસદ પરબતભાઈ પટેલ, બનાસકાંઠા કલેક્ટર મિહિર પટેલ, જિલ્લા વિકાસ અધિકારી એમ.જે. દવે, જિલ્લા પોલીસ અધિક્ષક પ્રશાંત સુમ્બે સહિતના અધિકારીઓ, પદાધિકારીઓ અને બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

### હઝરત સરકાર કુતુબુદીન કાદરી શાફી અલ જીલાની (૨.અ.)ના ઉર્સનો પ્રારંભ

અમદાવાદ,તા.૨

હઝરત સરકાર કુતુબુદીન કાદરી શાફી અલ જીલાની (૨.અ.)ના ૫૩૬મા ઉર્સનો પ્રારંભ થયો છે આ પ્રસંગે રબીઉલ આખરના ચાંદ-૧૦ના રોજ અમદાવાદ શહેરના જમાલપુર વિસ્તારમાં આસ્તાંના બાવામિયા સાહબ કુતુબુદ્દીન સાહબ કાદરીયહ ખાતે સજ્જાદાનશીન હઝરત મારૂફબાવા બાવામિયાં કાદરીની ઉપસ્થિતિમાં ઈશાની નમાઝ બાદ તિલાવતએ કુર્આનશરીફનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ત્યારબાદ રાત્રે ૧૨ વાગ્યે સંદલ શરીફની વિધિ કરવામાં આવી હતી.

# મોડાસામાં IT વિભાગની કાર્યવાહી ૭૨ કલાક બાદ પણ યથાવત્‌, EDની એન્ટ્રીથી શહેરમાં ચકચાર

(સંવાદદાતા દ્વારા)
મોડાસા, તા.૨

મોડાસા શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી આવકવેરા વિભાગની વિશાળ રેડ યથાવત છે. સતત ૭૨ કલાકથી ચાલી રહેલા આ સર્ચ ઓપરેશનમાં અત્યાર સુધી શહેરના અગ્રણી બિલ્ડર્સ, વેપારીઓ અને ડૉક્ટરોના ધંધાકીય તેમજ રહેણાંક સ્થળોએ તપાસ ચાલી રહી છે. કેટલાક સ્થળોએ તપાસ પૂર્ણ કરી પંચનામું પણ હાથ ધરાયું છે, પરંતુ અનેક સ્થળોએ હજી તપાસ ચાલુ છે. વિભાગના સૂત્રો અનુસાર, આ તપાસ દરમિયાન કરોડો રૂપિયાનું કાળું નાણું, બેનામી સંપત્તિ તથા શંકાસ્પદ નાણાકીય વહેવારોની વિગતો બહાર આવી હોવાની શક્યતા છે. EDની એન્ટ્રી બાદ મામલો વધુ ગંભીર બન્યો છે. સતત ત્રણ દિવસથી બિલ્ડરો, વેપારીઓ અને ડોક્ટરોના પરિવારોમાં નજરકેદ જેવી સ્થિતિ સર્જાઈ છે. સગા-સંબંધીઓ પણ માનસિક તાણ અનુભવી રહ્યા છે. શહેરમાં ચર્ચા છે કે અરવલ્લી જિલ્લામાં આ અત્યાર સુધીની સૌથી મોટી રેડ છે. વિદેશી નાણાંની હેરફેરને લઈને બહાર આવેલી વિગતો પરથી લાગણી છે કે આવનારા દિવસોમાં અન્ય એજન્સીઓ પણ જોડાઈ શકે છે. હાલ આ કાર્યવાહીથી માત્ર મોડાસા જ નહીં પરંતુ સમગ્ર જિલ્લામાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

## ક્રાઇમ ડાયરી

### બોડકદેવમાં ત્રીજા માળેથી પડી જતાં યુવાનનું મોત

હેબતપુર લેબર કોલોની નવી બનતી સાઈટ બિનોરી એરીસ્ટોલ ખાતે વોટર પ્રુફીંગનું કામકાજ કરતા અનિલ મોહનભાઈ નિનામા (ઉ.વ.૨૩, મૂળ રહે. બલાતોકા ખેડા પો.સ્ટ. ખજેરા તા-ઘાટોલ જી-બાંસવાડા રાજસ્થાન) તા.૩૦/૯/૨૦૨૫ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે નવી બનતી સાઈટના ત્રીજા માળે વોટર પ્રુફીંગનું કામ કરતા હતા ત્યારે અચાનક પગ લપસી જતા નીચે ભોંયતળીયે પડી જતા શરીરે ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતું. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી છે.

### રામોલમાં આધેડે ગળાફાંસો ખાધો

જીતેન્દ્રભાઈ દુધાભાઈ ચૌહાણ (ઉ.વ.૫૭, રહે. પ્રધુમન સોસાયટી સી.ટી. એમ રામોલ)એ અગમ્ય કારણસર તા.૧/૧૦/૨૦૨૫ બપોરના ૩/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે બેઠક રૂમમાં પંખા સાથે ધાબળો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી છે.

# વડોદરામાં લાલબાગ બ્રિજ પરથી નીચે પટકાતા બુલેટના ચાલકનું કરૂણ મોત

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૨

વડોદરા શહેરના લાલબાગ બ્રિજ પર ગઈ રાત્રે બુલેટનો ચાલક રેલિંગ સાથે અથડાયા બાદ બ્રિજની નીચે પટકાતા તેનું કરૂણ મોત નિપજયું હતું. પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના માણેજા વિસ્તારમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ ખાતે સત્યનગરમાં રહેતો પ્રમોદકુમાર રોહિણીપ્રસાદ સેન (ઉ.વ.૨૭) પાલેજ ખાતે આવેલી કીર્તિ સ્કેમ્પી નામની કંપનીમાં નોકરી કરતો હતો. ગઈકાલે સાંજે તે પોતાનું બુલેટ લઈને જાંબુઆમાં પિતાની હેર સલૂનની દુકાને ગયો હતો અને બાદમાં તે નીકળી ગયો હતો. બાદમાં રાત્રે તેમની સોસાયટીના પ્રમુખનો ફોન રોહિણીપ્રસાદ પર ગયો હતો અને જણાવેલ કે તમારો પુત્ર પ્રમોદ રાત્રે સવા દશ વાગે શ્રેયસ સ્કૂલથી લાલબાગ બ્રિજ પરથી પસાર થતો હતો અને બુલટેની સ્પીડ વધારે હોવાથી બ્રિજના ટર્નિંગ વખતે અચાનક બુલેટ ડાબી બાજુની રેલિંગ સાથે અથડાયા બાદ તે બ્રિજની નીચે પટકાયો છે. રોહિણીપ્રસાદ તુરંત જ સયાજી હોસ્પિટલમાં દોડી ગયા ત્યારે તેમનો પુત્ર મૃત પામ્યો હતો. આ અંગે માંજલપુર પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# યુદ્ધવિરામ યોજના અધૂરી રહી, ગાઝામાં ઈઝરાયેલી હુમલામાં ૭૩ લોકોનાં મોત

(એજન્સી) તા.૨

ગાઝામાં ઈઝરાયેલનો સતત વિનાશ અને પેલેસ્ટિનિયન નાગરિકોને નિશાન બનાવવાના કોઈ ચિહ્નો દેખાતા નથી, સવારથી હુમલામાં ૭૩ લોકો મૃત્યુ પામ્યા છે, જ્યારે હમાસ દ્વારા બે વર્ષના નરસંહાર યુદ્ધને સમાપ્ત કરવા માટે યુનાઈટેડ સ્ટેટ્સની યુદ્ધવિરામ યોજનાની સ્વીકૃતિ અનિશ્ચિત છે.

બુધવારે, બે મિસાઈલો અલ-ફાલા શાળાને ફટકારી હતી, જે ગાઝા સિટીની પૂર્વમાં, ઝેઈટૌન વિસ્તારમાં સેંકડો વિસ્થાપિત લોકો માટે આશ્રયસ્થાનમાં ફેરવાઈ હતી, જ્યાં ઈઝરાયેલે ભારે હવાઈ બોમ્બમારો તેમજ જમીની આક્રમણને તીવ્ર બનાવ્યું છે.

પેલેસ્ટીની સિવિલ ડિફેન્સ ટીમો ઘટનાસ્થળે પહોંચી જતાં, અન્ય હુમલામાં મુન્થર અલ-દહશાન સહિત તેમાંના ઘણાને ગંભીર ઈજા થઈ હતી, જેઓ પાછળથી તેમની ઈજાઓથી મૃત્યુ પામ્યા હોવાની ખાતરી થઈ છે.

"પ્રત્યક્ષદર્શીઓએ અહેવાલ આપ્યો કે જ્યારે સિવિલ ડિફેન્સ ટીમો ઘટનાસ્થળે પહોંચી અને લોકોને કાટમાળમાંથી બહાર કાઢવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેમના પર સંપૂર્ણ બળ સાથે હુમલો કરવામાં આવ્યો, જેનાથી તેઓ ગંભીર રીતે ઘાયલ થયા.

અલ-અહલી અરબ હોસ્પિટલના તબીબી સૂત્રોએ અગાઉ અલ જઝીરાને જણાવ્યું કે હુમલામાં છ લોકો મૃત્યુ પામ્યા અને અન્ય ઘાયલ થયા. તબીબી સૂત્રોએ અલ જણાવ્યું કે અન્ય હુમલાઓએ દરાજ પડોશમાં એક ઘરને નિશાન બનાવ્યું હતું, જેમાં સાત લોકો મૃત્યુ પામ્યા છે અને અન્ય ઘાયલ થયા હતા, અને દક્ષિણપૂર્વીય ઝેઈટૌન પડોશમાં એક બાળકનું મોત થયું છે. સૂત્રોએ



જણાવ્યું કે ગાઝા શહેરમાં ૭૩ પેલેસ્ટિનિયન પીડિતોમાંથી ૪૭ મૃત્યુ પામ્યા છે. ગાઝા સિટીના અવિરત બોમ્બમારાથી પ્રદેશના સૌથી મોટા શહેરી કેન્દ્રને તબાહ થઈ ગયું છે, દરરોજ ડઝનેક લોકો માર્યા જાય છે, અસંખ્ય રહેણાંક ઈમારતો અને શાળાઓનો નાશ કરે છે અને હજારો પેલેસ્ટિનિયનોને દક્ષિણમાં અજાણ્યા સ્થળોએ ભાગી જવાની ફરજ પડી છે, ઘણીવાર રસ્તામાં નિશાન બનાવવામાં આવે છે. વધતી જતી દુશ્મનાવટના પરિણામે, રેડ ક્રોસની ઈન્ટરનેશનલ કમિટી (ICRC) એ બુધવારે જણાવ્યું કે તેણે ગાઝા શહેરમાં તેની કામગીરી અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધી છે, જેમ કે NGO ડૉક્ટર્સ વિથાઉટ બોર્ડર્સ (તેના ફ્રેન્ચ ટૂંકાક્ષર એમએસએફ દ્વારા ઓળખાય છે) ગયા અઠવાડિયે.

# ઈઝરાયેલ ગાઝામાં દરરોજ ૧૦૦ પેલેસ્ટીનીઓને મારી નાખે છે : સંયુક્ત રાષ્ટ્ર શરણાર્થી એજન્સી

(એજન્સી) તા.૨

પેલેસ્ટીની શરણાર્થીઓ માટે સંયુક્ત રાષ્ટ્રની એજન્સી (યુએનઆરડબ્લ્યુએ)એ બુધવારે જણાવ્યું કે ઈઝરાયેલી સેના ગાઝા પટ્ટીમાં દરરોજ સરેરાશ ૧૦૦ પેલેસ્ટીનીઓની હત્યા કરે છે, જ્યારે અન્ય ભૂખમરો અને તબીબી સંભાળના અભાવથી મૃત્યુ પામે છે. યુએનઆરડબ્લ્યુએના કમિશનર જનરલ ફિલિપ લાઝારિનીએ અમેરિકન સોશિયલ મીડિયા કંપની એક્સને જણાવ્યું કે, "ઈઝરાયેલી સૈન્ય કાર્યવાહી અથવા ગાઝા હ્યુમેનિટેરિયન ફાઉન્ડેશનના રેસ્ટોરન્ટ્સ પરના તોપમારાથી ગાઝામાં દરરોજ સરેરાશ ૧૦૦ લોકો મૃત્યુ પામે છે. દરમિયાન, ઘણા ભૂખ્યા અથવા તબીબી સંભાળના અભાવે મૃત્યુ પામે છે." ઑક્ટોબર ૨૦૨૩થી, ઈઝરાયેલે ગાઝામાં ૬૬,૧૦૦થી વધુ પેલેસ્ટીનીઓની હત્યા કરી છે, જેમાંથી મોટાભાગની મહિલાઓ અને બાળકો છે. સતત બોમ્બમારાથી વિસ્તાર નિર્જન બની ગયો છે અને દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ છે. ૨૭ મેના રોજ, ઈઝરાયેલે સંયુક્ત રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય માનવતાવાદી એજન્સીઓને બાયપાસ કરીને યુએસ સમર્થિત ગાઝા હ્યુમેનિટેરિયન ફાઉન્ડેશન (GHF) દ્વારા એક અલગ સહાય વિતરણ યોજના શરૂ કરી. ત્યારથી, વિતરણ કેન્દ્રો પર સહાય એકત્રિત કરતી વખતે લગભગ ૨,૬૦૦ લોકો મૃત્યુ પામ્યા છે છેઅને ૧૯,૦૦૦ અન્ય લોકો ઈઝરાયેલી આગથી ઘાયલ થયા છે. લાઝારિનીએ જણાવ્યું કે, "વધતી જતી મૃત્યુઆંક વધતી ઉદાસીનતાને ઉત્તેજન



આપી રહી છે." તેમણે ગાઝા પટ્ટીમાં ચાલી રહેલા ઈઝરાયેલી ગુનાઓના દસ્તાવેજીકરણ માટે માંગ કરી છે. તેમણે તાત્કાલિક યુદ્ધવિરામ માટેના તેમના આહ્વાનને પુનરોચ્ચાર કરતા કહ્યું, "વેદનાઓ સાંભળવી અને સંબોધિત થવી જોઈએ." વધુમાં, ઈજિપ્તના વિદેશ મંત્રી બદર અબ્દેલતીએ વિવિધ પ્રદેશોમાં, ખાસ કરીને ગાઝામાં પેલેસ્ટિનિયન શરણાર્થીઓને મદદ કરવા માટે UNRWAના પ્રયાસો માટેના તેમના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો. સાઉદી અરેબિયામાં મ્યુનિક લીડર્સ મીટિંગની બાજુમાં બુધવારે લઝારીની સાથેની મુલાકાત દરમિયાન આ વાત કહી હતી. વિદેશ મંત્રાલયના નિવેદન મુજબ, અબ્દેલતીએ યુએન એજન્સીને નાણાકીય અને રાજકીય સમર્થન આપવાનું ચાલુ રાખવાના મહત્વ પર ભાર મૂક્યો. તેમણે આંતરરાષ્ટ્રીય સમુદાયને "યુએનઆરડબ્લ્યુએ રાહત કાફલાને ગાઝામાં પ્રવેશવાની મંજૂરી આપવા માટે ઈઝરાયેલ પર દબાણ કરવા માટે આહ્વાન કર્યું, ખાસ કરીને ઈઝરાયેલની ભૂખમરો નીતિઓના પરિણામે ગાઝા પટ્ટીનો સામનો કરી રહેલા દુકાળના પ્રકાશમાં." ઑક્ટોબર ૨૦૨૪માં, ઈઝરાયેલ સરકારે ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ થયેલા હુમલામાં કથિત રીતે UNRWA સ્ટાફ સામેલ હોવાનો દાવો કર્યા પછી નેસેટ મતને પગલે વેસ્ટ બેંક અને ગાઝામાં UNRWA કામગીરી સ્થગિત કરી દીધી હતી. UNRWAની સ્થાપના ૧૯૪૮ના પેલેસ્ટીની નકબા પછી કરવામાં આવી હતી, જેને આપત્તિ તરીકે પણ ઓળખવામાં આવે છે અને તે પાંચ મુખ્ય વિસ્તારોમાં આશરે ૫.૯ મિલિયન પેલેસ્ટીનીઓને સહાય પૂરી પાડે છે: ગાઝા, વેસ્ટ બેંક, જોર્ડન, સીરિયા અને લેબેનોન.

# ઈઝરાયેલે પેલેસ્ટીનીઓને ગાઝા શહેર છોડવાનો આદેશ આપ્યો, તેને 'છેલ્લી તક' ગણાવી

(એજન્સી) તા.૨

ઈઝરાયેલના સંરક્ષણ મંત્રીએ બુધવારે બાકીના તમામ પેલેસ્ટીનીઓને ગાઝા સિટી છોડવાનો આદેશ આપતા જણાવ્યું કે તે તેમની "છેલ્લી તક" છે અને જે કોઈ રોકશે તે આતંકવાદી સહાનુભૂતિ ધરાવનાર માનવામાં આવશે અને ઈઝરાયેલના નવીનતમ આક્રમણની "સંપૂર્ણ શક્તિ"નો સામનો કરશે. સ્થાનિક હોસ્પિટલો અનુસાર, સમગ્ર પ્રદેશમાં ૧૬ પેલેસ્ટિનિયનો મૃત્યુ પામ્યા છે, કારણ કે હમાસે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની નવી દરખાસ્ત પર વિચાર કર્યો જેનો હેતુ યુદ્ધનો અંત લાવવા અને હમાસના ઑક્ટોબર ૭, ૨૦૨૩ના આક્રમણમાં પકડાયેલા બાકીના બંધકોને પરત કરવાનો હતો. ઈઝરાયેલે ગયા મહિને ગાઝાને કબજે કરવા માટે એક મોટું આક્રમણ શરૂ કર્યું ત્યારથી લગભગ ૪૦૦,૦૦૦ પેલેસ્ટીનીઓ દુષ્કાળગ્રસ્ત ગાઝા સિટીમાંથી ભાગી ગયા છે, પરંતુ હજારો બાકી છે, ઘણા કારણ કે તેઓ છોડી શકતા નથી અથવા દક્ષિણમાં તંબુ કેમ્પમાં મુસાફરી કરવા માટે ખૂબ નબળા છે. સુરક્ષા મંત્રી ઈઝરાયેલ કાત્ઝે ઠ પર લખ્યું, "ગાઝાના રહેવાસીઓ માટે આ છેલ્લી તક છે કે જેઓ દક્ષિણ તરફ જવા ઈચ્છે છે અને ગાઝા શહેરમાં હમાસના આતંકવાદીઓને એકલા છોડી દે છે. જે ગાઝામાં રહેશે તેઓને આતંકવાદી અને આતંકવાદના સમર્થકો ગણવામાં આવશે." અલ-અહલી હોસ્પિટલના જણાવ્યા મુજબ, જ્યાં જાનહાનિ લેવામાં આવી હતી, ગાઝા શહેરમાં વિસ્થાપિત લોકોને આશ્રય આપતી શાળા પરના બે ઈઝરાયેલી હુમલા,



મિનિટોના અંતરે, પ્રથમ પ્રતિસાદ આપનારાઓ સહિત સાત લોકો મૃત્યુ પામ્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે ત્રણ ડઝનથી વધુ લોકો ઘાયલ થયા છે. હોસ્પિટલે અહેવાલ આપ્યો કે ગાઝા શહેરમાં અન્યત્ર પીવાના પાણીની ટાંકીની આસપાસ એકઠા થયેલા લોકો પરના હુમલામાં બાદમાં પાંચ પેલેસ્ટીની માર્યા ગયા હતા. શિફા હોસ્પિટલે અહેવાલ આપ્યો છે કે તેના એપાર્ટમેન્ટમાં થયેલા હુમલામાં એક વ્યક્તિનું મોત થયું છે. અલ-અવદા હોસ્પિટલના જણાવ્યા અનુસાર મધ્ય ગાઝામાં થયેલા હુમલામાં વધુ ત્રણ લોકો મૃત્યુ પામ્યા છે. હોસ્પિટલના અધિકારીઓના જણાવ્યા અનુસાર, બીજો હુમલો દેર અલ-બાલાહ શહેરમાં અલ-અક્સા શહીદ હોસ્પિટલના પરિસરમાં તંબુને અથડાયો, જેમાં બે લોકો ગંભીર રીતે ઘાયલ થયા. આ પહેલા બુધવારે એ જ હોસ્પિટલમાં પેલેસ્ટીની ફ્રીલાન્સ પત્રકાર યાહ્યા બર્ઝાકના અંતિમ સંસ્કારમાં ડઝનેક લોકોએ હાજરી આપી હતી. તુર્કી પ્રસારણ ચેનલ ્ઈ્ માટે કામ કરતી વખતે મંગળવારે એક હવાઈ હુમલામાં તે અને અન્ય પાંચ લોકો મૃત્યુ પામ્યા છ. કમિટી ટુ પ્રોટેક્ટ જર્નાલિસ્ટ્સના જણાવ્યા અનુસાર, યુદ્ધ શરૂ થયું ત્યારથી ગાઝામાં ઈઝરાયેલની ગોળીબારમાં ૧૮૯થી વધુ પેલેસ્ટીની પત્રકારો અને મીડિયાકર્મીઓ મૃત્યુ પામ્યા છે. બુધવારના હુમલાઓ અથવા બર્ઝાકને મૃત્યુ પામેલા હુમલા અંગે ઈઝરાયેલી સૈન્ય તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી ન હતી. ઈઝરાયેલ કહે છે કે તે નાગરિકોને નુકસાન પહોંચાડવાનું ટાળવાનો પ્રયાસ કરી રહ્યું છે અને મૃત્યુ માટે હમાસને દોષી ઠેરવે છે, કારણ કે તેના આતંકવાદીઓ વસ્તીવાળા વિસ્તારોમાં છુપાયેલા છે. સૈન્યએ જણાવ્યું કે બુધવારે બપોરે ગાઝા નજીકના વિસ્તારોમાં સાયરન વાગ્યું હતું જ્યારે "બે અસ્ત્રો" ઈઝરાયેલમાં પ્રવેશ્યા હતા. કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

# સુમુદ ફ્લોટિલાએ ઈટલી પર ગાઝા સહાય મિશનનું રક્ષણ કરવાને બદલે તેને તોડફોડ કરવાનો આરોપ લગાવ્યો

(એજન્સી) તા.૨

ગ્લોબલ સુમદ ફ્લોટિલાના આયોજકોએ મંગળવારે સાંજે જણાવ્યું કે ઈટાલિયન વિદેશ મંત્રાલયે તેમને જાણ કરી કે "ફ્લોટિલાને એસ્કોર્ટ કરતી ફ્રિગેટ સહભાગીઓને પાછા ફરવાનું કહેશે." કુડ્સ પ્રેસ દ્વારા મેળવેલા નિવેદનમાં આયોજકોએ જણાવ્યું કે"ઈટાલી જે કરી રહ્યું છે તે સુરક્ષા નથી પરંતુ તોડફોડ છે, અને મિશનને નબળી પાડવાનો પ્રયાસ છે, કારણ કે તે સ્વયંસેવકોની સુરક્ષાને બદલે ઈઝરાયેલના હાથમાં એક સાધન તરીકે કામ કરે છે." સહભાગીઓએ ભારપૂર્વક જણાવ્યું કે તેઓ "જોખમોથી સંપૂર્ણપણે વાકેફ છે અને નાકાબંધી તોડવાથી પાછળ હટશે નહીં."

ઈટાલિયન સંરક્ષણ મંત્રાલયે જાહેરાત કરી છે કે ગ્લોબલ સુમદ ફ્લોટિલા સાથે મોકલવામાં આવેલ ફ્રિગેટ - જેનો ઉદ્દેશ ગાઝા પટ્ટીની નાકાબંધીને તોડવાનો છે - જ્યારે તે દરિયાકાંઠેથી ૧૫૦ નોટિકલ માઈલ (૨૭૮ કિલોમીટર) સુધી પહોંચશે ત્યારે પાછું વળશે. દરમિયાન, ઈટલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોનીએ ગાઝા સહાયના કાફલાને રોકવા માટે વિનંતી કરતા જણાવ્યું કે, "અન્ય કોઈપણ વિકલ્પ શાંતિને રોકવા, સંઘર્ષને વેગ



આપવા અને આ રીતે ગાઝાના લોકોને સૌથી વધુ નુકસાન પહોંચાડવાનું બહાનું બની શકે છે." કાફલામાં ૫૪ ફ્રેન્ચ નાગરિકો, ૧૫ બેલ્જિયન નાગરિકો તેમજ ડૉક્ટરો અને અગ્રણી વ્યક્તિઓ સહિત લગભગ ૪૫ દેશોના ૫૦ થી વધુ બોટ અને સેંકડો કામદારોનો સમાવેશ થાય છે.

# ગાઝા નરસંહાર દરમિયાન બ્રિટને એક જ મહિનામાં ઈઝરાયેલને ૧,૦૦,૦૦૦થી વધુ ગોળીઓ મોકલી

(એજન્સી) તા.૨

ગાઝામાં ઈઝરાયેલી સેનાના સતત નરસંહાર અભિયાન વચ્ચે ઓગસ્ટમાં બ્રિટનથી ઈઝરાયેલમાં કુલ ૧૧૦,૦૦૦ ગોળીઓ મોકલવામાં આવી હતી. આશરે ૨૦,૦૦૦ પાઉન્ડ (લગભગ ૨૭,૦૦૦ ડોલર)ની કિંમતની આ શિપમેન્ટ, ઈઝરાયેલમાં બ્રિટિશ શસ્ત્રોની નિકાસમાં વ્યાપક વધારાનો એક ભાગ છે, જે આ ઓગસ્ટમાં કુલ શિપમેન્ટને ૧૫૦,૦૦૦ પાઉન્ડથી વધુ સુધી પહોંચાડે છે - જે જાન્યુઆરી ૨૦૨૨ પછીનો બીજો સૌથી વધુ માસિક કુલ છે. અહેવાલ મુજબ, એક શિપમેન્ટ દ્વારા પ્રાપ્ત વસ્તુઓને ઈઝરાયેલની કસ્ટમ કોડબુક હેઠળ "બુલેટ" તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી. તે મહિને અન્ય શિપમેન્ટમાં "ટેન્ક" માટેના ભાગો, "શોટગન અથવા રાઈફલ્સ" માટેના ભાગો અને મિસાઈલો, વિસ્ફોટકો અને દારૂગોળો આવરી લેતી વ્યાપક "અન્ય" શ્રેણીનો સમાવેશ થતો હતો. અહેવાલ જણાવે છે કે, "ઈઝરાયેલ ટેક્સ ઓથોરિટી ડેટાનું અમારું વિશ્લેષણ દર્શાવે છે કે લગભગ £૪૦૦,૦૦૦ મૂલ્યના શસ્ત્રો યુકેથી આવ્યા અને જૂન ૨૦૨૫માં ઈઝરાયેલી કસ્ટમ્સમાંથી પસાર થયા હતા - ત્રણ વર્ષ કરતાં વધુ સમય પહેલા ઉપલબ્ધ રેકોર્ડ્સ શરૂ થયા પછી એક




મહિનામાં સૌથી વધુ રકમ." યુકે સરકારે સપ્ટેમ્બર ૨૦૨૪માં જાહેરાત કરી કે તેણે ઈઝરાયેલને શસ્ત્રોની નિકાસ કરવા માટેના ૨૯ લાયસન્સ સસ્પેન્ડ કર્યા છે કારણ કે તે માને છે કે તેનો ઉપયોગ "આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાના ગંભીર ઉલ્લંઘનમાં" થઈ શકે છે. લગભગ ૩૫૦ લાઈસન્સ હજી પણ સક્રિય છે, જેમાંથી ૧૬૦થી વધુ "લશ્કરી" તરીકે સૂચિબદ્ધ છે.

# ટ્રમ્પે ગાઝા કરાર પર હમાસને અલ્ટીમેટમ આપ્યું

(એજન્સી) તા.૨

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે હમાસને ગાઝા માટેની તેમની યોજનાનો જવાબ આપવા માટે 'ત્રણ કે ચાર દિવસ'નું અલ્ટીમેટમ આપ્યું છે, કારણ કે આતંકવાદી સમુહે ઈઝરાયેલ દ્વારા સમર્થિત પ્રસ્તાવની સમીક્ષા કરી છે.

આ યોજનામાં યુદ્ધવિરામ, ૭૨ કલાકની અંદર હમાસ દ્વારા બંધકોને મુક્ત કરવા, હમાસનું નિઃશસ્ત્રીકરણ અને ગાઝામાંથી ધીમે ધીમે ઈઝરાયેલની પીછેહઠનો સમાવેશ થાય છે, ત્યારબાદ ટ્રમ્પની આગેવાની હેઠળ યુદ્ધ પછીની સંક્રમણકારી સત્તાની રચના.

અરબ અને મુસ્લિમ દેશો સહિત વિશ્વની સત્તાઓએ આ પ્રસ્તાવને આવકાર્યો, પરંતુ હમાસે હજુ સુધી તેનો પ્રતિભાવ જારી કર્યો નથી. 'અમે લગભગ ત્રણ કે ચાર દિવસમાં તે કરવા જઈ રહ્યા છીએ' ટ્રમ્પે પત્રકારોને કોઈપણ સમયમર્યાદા વિશે પૂછતાં કહ્યું. તેમણે જણાવ્યું કે, 'અમે હમાસની રાહ જોઈ રહ્યા છીએ અને હમાસ કાં તો તે કરશે કે નહીં અને જો તે નહીં થાય, તો તે ખૂબ જ દુઃખદ અંત હશે.' ટ્રમ્પે સોમવારે વ્હાઈટ હાઉસમાં ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે મુલાકાત કર્યા બાદ કરારની જાહેરાત કરી. મંગળવારે, એક પેલેસ્ટીની સ્ત્રોત,



નામ ન આપવાની શરતે બોલતા, જણાવ્યું કે હમાસે 'પેલેસ્ટાઈનની અંદર અને બહાર, તેના રાજકીય અને લશ્કરી નેતૃત્વ સાથે' યોજના અંગે ચર્ચા કરવાનું શરૂ કર્યું છે. કતાર, જે હમાસના દેશનિકાલ નેતૃત્વનું આયોજન કરે છે, જણાવ્યું કે, સમુહે 'જવાબદારીથી' દરખાસ્તનો અભ્યાસ કરવાનું વચન આપ્યું અને ઉમેર્યું કે, તે મંગળવારે પછીથી હમાસ અને તુર્કી સાથે બેઠક કરશે.

# સર્વેમાં જાણવા મળ્યું કે, અમેરિકાનું પેલેસ્ટીન પ્રતિ સમર્થન વધતું જાય છે, જ્યારે ઈઝરાયેલ પ્રતિ સમર્થન ઘટી રહ્યું છે

(એજન્સી) તા.૨

આ અઠવાડિયે પ્રકાશિત થયેલ ન્યુ યોર્ક ટાઈમ્સ/સિએના કોલેજના મતદાન મુજબ, ગાઝા યુદ્ધના લગભગ બે વર્ષ પછી, ઈઝરાયેલ માટે અમેરિકન સમર્થનમાં તીવ્ર ઘટાડો થયો છે, અને વધુ મતદારો હવે પેલેસ્ટિનિયનો પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે.

ધ ન્યૂ યોર્ક ટાઈમ્સે ૧૯૯૮ માં ટ્રેકિંગ કરવાનું શરૂ કર્યું ત્યારથી પ્રથમ વખત, ઈઝરાયેલ (૩૪ ટકા) કરતાં વધુ અમેરિકનો પેલેસ્ટિનિયનો (૩૫ ટકા) પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે. મતદાનમાં એ પણ જાણવા મળ્યું છે કે બહુમતી ઈઝરાયેલને વધારાની અમેરિકન લશ્કરી અને આર્થિક સહાયનો વિરોધ કરે છે. દસમાંથી લગભગ છ ઉત્તરદાતાઓએ જણાવ્યું કે ઈઝરાયેલે યુદ્ધનો અંત લાવવો જોઈએ, પછી ભલેને તમામ ઈઝરાયેલી બંધકોને છોડવામાં ન આવે અથવા હમાસનો નાશ ન થાય. દરમિયાન, ૪૦ ટકા માને છે કે ઈઝરાયેલ ઈરાદાપૂર્વક ગાઝામાં નાગરિકોની હત્યા




કરી રહ્યું છે - ૨૦૨૩માં નોંધાયેલી સંખ્યા કરતાં લગભગ બમણી. પેઢીગત વિભાજન ખાસ કરીને સખત હતું ૩૦ વર્ષથી ઓછી ઉંમરના દસમાંથી સાત મતદારોએ ઈઝરાયેલને વધુ સહાયનો વિરોધ કર્યો. ડેમોક્રેટ્સ વચ્ચે, પાળી વધુ સ્પષ્ટ હતી, જેમાં ૫૪ ટકા લોકોએ પેલેસ્ટીનીઓ પ્રત્યે વધુ સહાનુભૂતિ વ્યક્ત કરી , જ્યારે ઈઝરાયેલ માટે માત્ર ૧૩ ટકા લોકોએ સહાનુભૂતિ વ્યક્ત કરી હતી.

# ગાઝા સિવિલ ડિફેન્સ : ઈઝરાયેલી સેના દ્વારા બચાવ ટુકડીઓને અવરોધિત કરવામાં આવતાં રસ્તાઓ પર મૃતદેહો પડ્યા છે

(એજન્સી) તા.૨

ગાઝામાં પેલેસ્ટીની નાગરિક સંરક્ષણ અને એમ્બ્યુલન્સ ટીમો કહે છે કે તેઓ મૃતદેહોને પુનઃપ્રાપ્ત કરવામાં અને ઘાયલોને બચાવવામાં ગંભીર અવરોધોનો સામનો કરી રહ્યા છે અને ઈઝરાયેલી દળો પર સંઘર્ષથી પ્રભાવિત વિસ્તારોમાં પ્રવેશને અવરોધિત કરવાનો આરોપ મૂક્યો છે. ગાઝા સિટી અને ઉત્તરી ગાઝામાં કટોકટી અને એમ્બ્યુલન્સ સેવાઓના ડિરેક્ટર ફારેસ અફાનાએ સોમવારે જણાવ્યું કે, સબરા, તાલ અલ-હવા, અલ-શાતી અને શેખ રદવાન સહિત અનેક વિસ્તારોમાં ડઝનેક મૃતદેહો શેરીઓમાં વિખરાયેલા હતા. તેમણે વધુમાં કે, ઈઝરાયેલી દળોએ બચાવ કામગીરીમાં અવરોધ ઊભો કર્યો છે, જે લોકોએ દરમિયાનગીરી કરવાનો પ્રયાસ કર્યો હતો તેઓને ગોળીબાર કર્યો હતો. અફાનાએ ચેતવણી આપી કે, ઘણા લોકો હજુ પણ નાશ પામેલા ઘરોના કાટમાળ હેઠળ ફસાયેલા છે અને નાગરિક સંરક્ષણ ટીમો તેમના સુધી પહોંચવામાં અસમર્થ છે. તેમણે જણાવ્યું કે, 'મોટી સંખ્યામાં ઘાયલ લોકો સ્થળ પર જ મૃત્યુ પામી રહ્યા છે.' સિવિલ ડિફેન્સે વધુમાં અહેવાલ આપ્યો છે કે રજળતા કૂતરાઓ શેરીઓમાં પડેલા મૃતદેહોને ખાવાનું શરૂ કરી દીધું છે, કારણ કે અસરગ્રસ્ત વિસ્તારોમાં ઈઝરાયેલી સૈન્યની ભારે હાજરી અને રસ્તાઓ બંધ હોવાને કારણે ટીમો દરમિયાનગીરી કરવામાં અસમર્થ છે. નાગરિક સંરક્ષણના પ્રવક્તા મહમૂદ બસલે જણાવ્યું કે, ઈઝરાયેલી સૈન્યએ તાજેતરના કલાકોમાં ૭૦થી વધુ તાકીદની વિનંતીઓ ઉપરાંત છેલ્લા ૨૨ દિવસમાં ૨૭માંથી ૨૬ સંકલન વિનંતીઓને નકારી કાઢી હતી. તેમણે કે પ્રતિબંધો નાગરિકો અને ઘાયલોને 'મહાન જોખમમાં' મૂકે છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ..........

ગુજરાત ટુડે

# વધુ એક ભગવાધારી બાબાનો વિદ્યાર્થિનીઓ ઉપર જાતીય શોષણનો આતંક

આપણે ત્યાં જાતે બની બેઠેલા કેટલાક બાબા કે બાવાઓના કાળા કરતૂતોની નવાઈ નથી. છાશવારે ક્યાંકને ક્યાંકથી ભગવા કે અન્ય ધાર્મિક વસ્ત્રો ધારણ કરીને આ બાવાઓ ધર્મના નામે પોતાની હાટડી તો શરૂ કરી જ દે છે સાથોસાથ શૈક્ષણિક સંકુલો ઊભા કરી દે છે અથવા તો કોઈ શૈક્ષણિક સંસ્થામાં ઘૂસ મારીને વહીવટ હસ્તગત કરી લે છે અને ત્યાં પછી જાતજાતના કાંડ આચરે છે. સદગુણી સંતો વર્ષોની આકરી તપસ્યા અને પરિશ્રમ કરીને સમાજને સુધારવા માટે નિઃસ્વાર્થ સેવાઓ કરતા રહે છે ત્યારે તેમને મળતા આદર-માનપાનને જોઈને કેટલાક ઠગો એમના જેવા પવિત્ર વસ્ત્રો ધારણ કરીને કુકર્મો આચરે છે આવો જ એક કુકર્મી બાવો દિલ્હીથી ઝડપાયો છે અને હવે જેલના સળિયા ગણી રહ્યો છે.

દિલ્હીની એક મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટના બની બેઠેલા આ વડાએ સ્વામી ચૈતન્યાનંદ સરસ્વતી નામ અને ભગવા કપડાં પહેરી લીધા હતા અને સંતના રૂપમાં શેતાની ચેષ્ટાઓ કરી છે. આર્થિક રીતે નબળી વિદ્યાર્થિનીઓને શિષ્યવૃત્તિને નામે તેણે ઘણી વયસ્ક વિદ્યાર્થિનીઓને ફસાવવાનો પ્રયાસ કરી શોષણ કર્યાના આરોપો છે અને હાલ આ ઠગ બાવો પોલીસના શિકંજામાં છે. શૈક્ષણિક સંસ્થાઓને સામાન્ય રીતે વિદ્યાર્થિનીઓ માટે સલામત જગ્યા માનવામાં આવે છે. જોકે, જ્યારે તેમની ગરિમાનું ઉલ્લંઘન થાય છે અને તેમને ધાકધમકી અને જાતીય સતામણીનો ભોગ બનવું પડે છે, ત્યારે તે વ્યાપક ચિંતાનો વિષય બની જાય છે. દિલ્હીના વસંત કુંજમાં એક મેનેજમેન્ટ સંસ્થાના ડિરેક્ટર ઉર્ફે બાવા દ્વારા મહિલા વિદ્યાર્થીઓ સાથે કરવામાં આવેલા વર્તનથી સંસ્થા પરનો વિશ્વાસ તૂટી ગયો છે. ઉલ્લેખનીય છે કે આ કેસમાં મુખ્ય આરોપી એક સ્વ-ઘોષિત ધાર્મિક નેતા અથવા બાબા ચૈતન્યાનંદ છે, જે સંસ્થાનો ડિરેક્ટર પણ હતો. તે લાંબા સમયથી આર્થિક રીતે નબળા વર્ગો માટે શિષ્યવૃત્તિ હેઠળ અભ્યાસ કરતી ઘણી મહિલા વિદ્યાર્થીઓને હેરાન કરી રહ્યો હતો. આશ્ચર્યજનક રીતે, વિવાદ વધ્યા પછી જ સંસ્થાના અધિકારીઓએ આવી સંવેદનશીલ ફરિયાદ પર કાર્યવાહી કરી. બીજું શરમજનક પાસું એ છે કે સંસ્થાના મહિલા સ્ટાફે પીડિત વિદ્યાર્થિનીઓ પર આરોપી બાબાની જાતીય સતામણીનું પાલન કરવા દબાણ કર્યું હતું. સંસ્થામાં તેના પ્રભાવને કારણે આરોપીએ અભદ્ર વર્તન કરવાનું તો ચાલુ જ રાખ્યું પરંતુ કોઈપણ કાર્યવાહી કરવાનું પણ ટાળ્યું. બીજી બાજુ વિદ્યાર્થિનીઓ, તેમના ભવિષ્યને બગાડવાના ભયથી, ચૂપ રહી.

આ સમગ્ર મામલો ફક્ત સંબંધિત સંસ્થાનો જ નહીં પરંતુ કાયદો અને વ્યવસ્થાની પણ મોટી નિષ્ફળતા દર્શાવે છે. લાંબો ગુનાહિત ભૂતકાળ ધરાવતો બાવો રાજધાનીની એક પ્રખ્યાત મેનેજમેન્ટ સંસ્થાનો ડિરેક્ટર કેવી રીતે બની ગયો? આ સ્વ-ઘોષિત બાબાની એક મોંઘી કાર, જેની પાસે નકલી રાજદ્વારી નંબર પ્લેટ હતી તે પણ સંસ્થાના પરિસરમાંથી મળી આવી હતી. આરોપીની ગુનાહિત પ્રવૃત્તિઓ પ્રકાશમાં આવ્યા પછી સંસ્થાએ કહ્યું કે તે તેની સાથેના બધા સંબંધો તોડી નાખશે. જો કે, પ્રશ્ન એ રહે છે: જાતીય સતામણીની ગંભીર ફરિયાદો હોવા છતાં તેની સામે પહેલાથી જ છેતરપિંડી અને છેડતીના કેસ નોંધાયેલા હોવા છતાં તેને મેનેજમેન્ટ સમિતિના સભ્ય અને પદાધિકારી તરીકે આટલા લાંબા સમય સુધી કેવી રીતે જાળવી રાખવામાં આવ્યો? નબળા સમુદાયોના પરિવારો અને તેમની પુત્રીઓએ કેટલા વિશ્વાસ સાથે શિક્ષણ મેળવવા માટે આ સંસ્થા પસંદ કરી હશે. પરંતુ તેમના વિશ્વાસઘાત માટે કોણ જવાબદાર રહેશે? શું તંત્ર કે સરકાર પોતાની જવાબદારીમાંથી છટકી શકે ખરાં? આવી તો દેશભરમાં કેટલીયે સંસ્થાઓ હશે કે જ્યાં બની બેઠેલા ગોડમેન કે અપરાધી પૃષ્ઠભૂમિ ધરાવતા લોકો પોતાના પૈસા અને પ્રભાવના જોરે શૈક્ષણિક સંસ્થાઓના કર્તાહર્તા બની જાય છે અને પછી છાત્રાલયોમાં રહેતી વિદ્યાર્થિનીઓનું શોષણ કરતાં રહે છે. પરંતુ સમયાંતરે દેશભરમાંથી આવા બનાવોના સમાચારો આવતા જ રહે છે પરંતુ કોને ખબર આજની તારીખે પણ આવી કેટલીય સંસ્થાઓ હશે કે જ્યાં વિદ્યાર્થિનીઓનું શોષણ થઈ રહ્યું હશે છતાં પણ તેના સમાચારો હજી સુધી બહાર આવ્યા નહીં હોય… આપણા ગુજરાતમાંથી પણ ક્યારેક ક્યારેક આવા લંપટ સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓના શોષણના સમાચારો આવતા રહે છે ત્યારે તેના સામના માટે એક મજબૂત વ્યવસ્થા તંત્રની તાતી આવશ્યકતા છે.

# હત્યાનું ષડયંત્ર કેવી રીતે પાર પાડવામાં આવ્યું : પત્રકાર-કાર્યકર ગૌરી લંકેશના હત્યારાઓની કાર્યપદ્ધતિ

(ભાગ -૩)

૨૦૧૭ના ઉનાળા દરમિયાન, આ ત્રણ માણસો અઠવાડિયા સુધી તેના આખા વિસ્તારમાં ફરતા રહ્યા, તેની ગતિવિધિઓનો અભ્યાસ કરતા રહ્યા, તેના ઘરની નજીકના બધા લાઈટ અને સીસીટીવી કેમેરાનું નિરીક્ષણ કરતા રહ્યા, રૂટ પર અનેક ભિન્નતાનો અભ્યાસ કરતા રહ્યા, બેંગ્લુરૂના ટ્રાફિકમાં અદશ્ય રીતે કામ કરતાં ગયા. જુલાઈમાં તેઓ વાઘમારેને બેંગ્લુરૂની જાસૂસી મુલાકાત પર લાવ્યા, પરંતુ તેની આંખો પર પટ્ટી બાંધી દીધી જેથી તે જરૂરી હોય તેટલું ઓછું જાણી શકે.

તે ઉનાળા દરમ્યાન આ જૂથે એક સભ્યની માલિકીના દૂરના ખેતરના શેડમાં હથિયારોનો અભ્યાસ પણ કર્યો, જેમાં પોલિસ્ટરીન મેનેક્વિનનો ઉપયોગ તેમના લક્ષ્ય તરીકે કરવામાં આવ્યો. તેઓ મોટે ભાગે એર પિસ્તોલનો ઉપયોગ કરતા હતા કારણ કે વાસ્તવિક ગોળીઓનો પુરવઠો ઓછો હતો. શૂટિંગ અને કરાટે વચ્ચે તેઓ ધ્યાન અને યોગ કરતા હતા.

જૂન ૨૦૧૭માં, તેઓએ ટીમના અંતિમ સભ્ય : કે. ટી. નવીન કુમારની ભરતી કરી. તે મહિને, ગોવામાં વાર્ષિક સનાતન સંસ્થા સંમેલનમાં, તેમણે હિન્દુ ધર્મના રક્ષણ માટે શસ્ત્રોનો ઉપયોગ કરવાની જરૂરિયાત વિશે અચાનક ભાષણ આપ્યું, જેનાથી તેમના સાથી સંમેલનમાં જનારાઓ ખૂબ પ્રભાવિત થયા. ત્યારબાદ હિન્દુ જનતા સમિતિના પ્રવક્તા મોહન ગૌડાએ તેમને નામહીન જૂથના ભરતીકાર પ્રવીણ સાથે પરિચય કરાવ્યો. જ્યારે તેઓ પહેલી વાર મળ્યા, ત્યારે નવીન કુમારે પ્રવીણને બે ગોળીઓ આપી, પરંતુ જ્યારે જૂથે વધુ માંગ્યું ત્યારે નવીન કુમારે મોટી મોટી વાતો કરી, પરંતુ તે બે ગોળીઓ કાવતરામાં તેમનો એકમાત્ર સ્પષ્ટ ફાળો હતો.

ઓગસ્ટ ૨૦૧૭ના બીજા અઠવાડિયામાં, નેમલેસ ગ્રુપના સભ્યો ઘણા દિવસો સુધી બેંગ્લુરૂ ઉપનગરોમાં રહ્યા. ત્યાં કાલેએ તેમને તેમના કાર્યો સોંપ્યા. વાઘમારેને શૂટિંગ (ગોળીબાર)નું કામ સોંપવામાં આવ્યું. મિસ્કીનને 'ઘટના'ના દિવસે મોટરસાયકલ ચલાવવાનું હતું અને બેકઅપ શૂટર બનવાનું હતું અને હત્યામાં દખલ કરવાનો પ્રયાસ કરનાર કોઈપણને ગોળી મારવાનું પણ હતું. બદ્દીએ ગૌરીના ઘરે જતી વાનમાં રાહ જોવાનું હતું જેથી હિટ ટીમને તેમના કપડાં અને બંદૂકોમાં મદદ કરી શકાય, આ ઘટના પછી તરત જ તેમની પાસેથી બંદૂકો અને કપડાં પાછા મેળવી શકાય, અને પછી બંદૂકો અને મોટરસાયકલ બેલગામ શહેરમાં લાવી શકાય.

દાભોલકરને ગોળી મારનાર કલાસ્કરે વાઘમારે અને મિસ્કીનને શૂટિંગની તાલીમ આપવાનું ચાલુ રાખવાનું હતું અને બેલગામના બદ્દીથી બંદૂકો એકત્રિત કરવાનું હતું. ભરત કુર્ને નામના એક સભ્ય, જેને કૌટુંબિક વ્યક્તિ હોવાને કારણે તેનું કોડનેમ અંકલ હતું, તેને હિટ ટીમ માટે રસોઈ બનાવવાનું કામ સોંપવામાં આવ્યું હતું, જેથી તેઓ ઘટનાની રાત્રે બસમાં શહેરની બહાર જાય, જો જરૂરી હોય તો પોલીસને લાંચ આપી શકે અને હિટ ટીમના મનને ધ્યાન અને પ્રાર્થના દ્વારા 'સ્થિર' રાખવામાં મદદ કરી શકે.

શૂટિંગ પ્રેક્ટિસ પછી, વાઘમારેએ તે બંદૂક પસંદ કરી જે તેને સૌથી વધુ અનુકૂળ હતી, જે તે જ બંદૂક હતી જેણે પાનસરે અને કલબુર્ગીને ગોળી મારી હતી. મિસ્કીને વાઘમારેને કહ્યું કે, તેણે કલબુર્ગીને કપાળમાં ગોળી મારી હતી અને વાઘમારેએ ગૌરીના કપાળમાં પણ ગોળી મારી દેવી જોઈએ. બદ્દીએ વાઘમારેને ગોળીબાર કરતી વખતે ભગવાનનું નામ લેવાની સલાહ આપી, જેમ કે સનાતન સંસ્થાના પુસ્તક ક્ષત્રધર્મ સાધનામાં ભલામણ કરવામાં આવી છે.

૨ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ, કાલે અને અન્ય એક સભ્ય હિટ ટીમના કપડાં, બે બંદૂકો અને પચીસ ગોળીઓ સાથે બેંગ્લોર ગયા. હત્યાના અઠવાડિયા માટે, નેમલેસ ગ્રુપે બેંગ્લોરના દક્ષિણ ઉપનગરોમાં બે છુપાવાનાં સ્થળો સ્થાપ્યા હતા. મુખ્ય હિટ ટીમ- વાઘમારે, મિસ્કીન, બદ્દી અને કુર્ને-સાથે રહ્યા. જ્યારે વાઘમારેને તે છુપાવાના સ્થળે લાવવામાં આવ્યો, ત્યારે ૩ સપ્ટેમ્બરના રોજ, બાકીના લોકોએ ફરીથી તેની આંખો પર પટ્ટી બાંધી દીધી જેથી તેને ખબર ન પડે કે તે ક્યાં છે.

૪ સપ્ટેમ્બર, ૨૦૧૭ના દિવસે ગૌરીને મારવાનું પસંદ કર્યું. હિટ ટીમ એક કે બે કલાક પ્રાર્થના કરવા માટે વહેલા ઉઠી. કુર્ને તેમના માટે બપોરનું ભોજન રાંધ્યું. જેમ જેમ 'ઘટના'નો સમય નજીક આવ્યો, તેણે હિટ ટીમને શૌચાલયનો ઉપયોગ કરવા, થોડું ખાવાનું ખાવા અને રોકડ રકમ લઈ જવા સૂચના આપી.




લગભગ ૬:૩૦ વાગ્યે, મિસ્કીને વાઘમારેને એક પિસ્તોલ આપી અને એક પોતાના માટે રાખી. ગૌરીના ઘરે જતા રસ્તામાં, તેઓ કપડાં ઉપર બીજા કપડાં પહેરવા અને રૂમાલથી ચહેરા ઢાંકવા અને મોટરસાઈકલ પર નકલી લાઈસન્સ પ્લેટ લગાવવા અને બંદૂકો લોડ કરવા માટે રોકાયા હતા. તેઓ લગભગ ૭:૪૫ વાગ્યે ગૌરીના ઘરની નજીકના પાર્કમાં પહોંચ્યા. તેઓ ત્યાં ૮:૦૦ વાગ્યા સુધી રાહ જોતા હતા, અને પછી વાઘમારે ગૌરીના ઘરે ગયા અને જોયું કે તે પહેલાથી જ ઘર પર છે.

૫ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ, તેઓએ ફરીથી પ્રયાસ કર્યો, એ જ યોજનાને અનુસરીને અને લગભગ ૭:૫૦ વાગ્યે ગૌરીના ઘરની નજીકના પાર્કમાં પહોંચ્યા. જ્યારે ગૌરીની કાર પાર્ક પાસે વળાંક લેતી દેખાઈ, ત્યારે મિસ્કીને વાઘમારે તરફ ઈશારો કર્યો. તેઓ મોટરસાયકલ પર તેનો પીછો કરવા લાગ્યા. જ્યારે તે ગેટ ખોલવા માટે કારમાંથી ઉતરી, ત્યારે વાઘમારે મોટરસાયકલ પરથી નીચે ઉતર્યો, તેની બંદૂક તેના માથા પર તાકી અને ગોળીબાર કર્યો, જે તેને બે વાર વાગી. તેણીએ ચીસો પાડી અને દોડી ગઈ. તેણે બે વધુ ગોળીઓ ચલાવી, જેમાંથી એક તેના ઘરની દિવાલ પર વાગી, બીજી તેના જમણા ખભા નીચે વાગી. દરમિયાન, મિસ્કીને મોટરસાયકલ ફેરવી. તે અને વાઘમારે છુપાયેલા સ્થળે પાછા ફરતા પોતાના વેશપલટો કરવા માટે રોકાયા અને પછી ભાગી ગયા. હત્યાના પંદર મિનિટ પછી વાઘમારેના કબજામાંથી બંદૂક નીકળી ગઈ હતી; તેણે તે બદ્દીને આપી, જેણે તેને કાલેને આપી, જેણે તેને લપેટીને લાલ સુટકેસમાં મૂકી, જે તે હેતુ માટે ભાડે રાખેલી સ્ટોરેજ સ્પેસમાં મૂકી દીધી હતી. છુપાવાના સ્થળે, કુર્ને હત્યારાઓને તેમના સામાન સાથે શહેરની બહાર બસમાં પહોંચાડવા માટે રાહ જોઈ રહ્યો હતો.

હત્યાના દિવસે અડધા આરોપી કાવતરાખોરો બેંગ્લુરૂની બહાર હતા અને તેમને બીજા દિવસે જ તેની સફળતાની જાણ થઈ. ૭ સપ્ટેમ્બરના રોજ, બેલગામમાં એક બાંધકામ સ્થળે, કાલે મુખ્ય હત્યારા ટીમ-વાઘમારે, મિસ્કીન, બદ્દી અને કુર્ને-ને મળ્યો. તેણે તેમને ચોકલેટ ખવડાવી અને વાઘમારેને ૧૦,૦૦૦ રૂપિયા અથવા લગભગ $૧૫૦ આપ્યા. વાઘમારે ટૂંક સમયમાં જ તે બધા, ૪,૦૦૦ રૂપિયા નાકની સમસ્યાઓ માટે હોસ્પિટલમાં સારવાર પર ખર્ચ કરી દીધા હતા.

ઓક્ટોબર ૨૦૧૭ સુધીમાં, આ નેમલેસ ગ્રુપે તેમની યાદીમાં આગળના શિકાર તરફ વળ્યા : પ્રોફેસર ભગવાનની હત્યા. નવેમ્બર ૨૦૧૭ના પહેલા અઠવાડિયામાં, મોટાભાગના કાવતરાખોરો વધુ તાલીમ અને યોજનાઓની ચર્ચા માટે કુર્નેના ખેતરમાં મળ્યા. હંમેશની જેમ, તેમનું તાલીમ સત્ર શસ્ત્ર તાલીમ અને ધર્મ પ્રવચનો, પ્રાર્થના અને ધ્યાન વચ્ચે બદલાયું. સપ્ટેમ્બરમાં સફળ હત્યા છતાં, કાલે તેના સહ-કાવતરાખોરોથી વધુને વધુ હતાશ થઈ ગયા હોય તેવું લાગે છે. આ 'ઘટના' દરમિયાન મદદ કરવા માટે બેંગ્લોરમાં ન હોવા બદલ તેણે એકને ઠપકો આપ્યો હતો. તે બે અન્ય લોકો પર ગુસ્સે હતો કારણ કે તેણે તેમને પુણેમાં એક સામાજિક કાર્યકર્તા પર ત્રણ દિવસ માટે જાસૂસી કરવાનું કામ સોંપ્યું હતું, પરંતુ તેઓ કંઈ જ કરી શકયા ન હતા. દરમિયાન, જૂથનો ભરતી કરનાર પ્રવીણ, ભગવાનની હત્યાના કાવતરા વિશે કે.ટી. નવીન કુમારને ફોન કરી રહ્યો હતો અને ફરીથી પૂછતો હતો કે શું તે વધુ બંદૂકો અને ગોળીઓ ખરીદી શકે છે. નવીન કુમારે તેને કહ્યું કે તે ધર્મના રક્ષણ માટે કંઈ પણ કરશે અને અસંભવિત રીતે કહ્યું કે તે એક અઠવાડિયાની નોટિસ સાથે સ્વર્ગસ્થ ડાકુ વીરપ્પનની ગેંગ પાસેથી બંદૂકો મેળવી શકે છે. આ ફોન કોલ્સ SITએ અટકાવ્યા હતા, જેનાથી તેમને મોટો બ્રેક મળ્યો અને તેમની ધરપકડનો સિલસિલો શરૂ થયો હતો.

ડિસેમ્બર ૨૦૧૭માં, કાલેના નેતૃત્વમાં, નેમલેસ ગ્રુપના દસ સભ્યો પુણેમાં ઈલેક્ટ્રોનિક ડાન્સ મ્યુઝિક ઈવેન્ટ, સનબર્ન ફેસ્ટિવલ પર બોમ્બ હુમલો કરવા માટે મળ્યા હતા, કારણ કે તેઓ તેને હિન્દુ સંસ્કૃતિના તેમના વિચારની વિરૂદ્ધ માનતા હતા, પરંતુ બે સભ્યો આકસ્મિક રીતે એડવાન્સ જાસૂસી કરતી વખતે CCTV કેમેરામાં કેદ થઈ ગયા પછી તેઓએ યોજના છોડી દીધી. તે પછીના મહિને, કાલેએ ઐતિહાસિક મહાકાવ્ય પદ્માવત દર્શાવતા મૂવી થિયેટર પર હુમલો કર્યો, કારણ કે તે, જેમ કલાસ્કરે તેમના નિવેદનમાં કહ્યું હતું કે, 'હિન્દુ રાજાઓના ઈતિહાસનું ખોટું ચિત્રણ' છે અને મુસ્લિમ પુરૂષોને હિન્દુ મહિલાઓનો પીછો કરવા માટે પ્રોત્સાહિત કરી શકે છે. અમારો હેતુ સંપત્તિનું નુકસાન કરવાનો અને ભયનું વાતાવરણ બનાવવાનો હતો. આમાં તેઓ સફળ થયા : જૂથે બે મૂવી થિયેટર પર બોમ્બ વિસ્ફોટ કર્યા. કોઈને ઈજા થઈ ન હતી, પરંતુ ગભરાટ ફેલાઈ ગયો અને ફિલ્મનું પ્રદર્શન રદ કરવામાં આવ્યું. આ સમય દરમ્યાન, નવીન કુમારે જૂથના વરિષ્ઠ સભ્યોને દાવણગેરેમાં મળવા કહ્યું કારણ કે, તેમણે કહ્યું હતું કે, ભગવાનને મારવા માટે 'વસ્તુઓ' આવી ગઈ હતી. જ્યારે તેઓ પહોંચ્યા, ત્યારે નવીન કુમારે તેમને થોડા સમય માટે દોડાદોડ કરી અને સ્વીકાર્યું કે તેમની પાસે હજુ પણ બંદૂકો નથી. દેખીતી રીતે 'તેમના પક્ષ' તરફથી 'કોઈ સંકેત' ન હતો કારણ કે તેઓ અમારા પર પૂરતો વિશ્વાસ કરતા ન હતા. કાલે ગુસ્સે ભરાયા. આ પછી, નવીન કુમારે ફરી ક્યારેય તેમનો ફોન ઉપાડ્યો નહીં.

૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ, નવીન કુમારની ધરપકડ કરવામાં આવી. જૂથના વરિષ્ઠ સભ્યોની મડગાંવમાં તાત્કાલિક બેઠક થઈ. તેઓએ તેમના શસ્ત્રોનો સંગ્રહ કરીને તેમને સુરક્ષિત જગ્યાએ ખસેડવાનું, ચહેરાના વાળ કાપવાનું, ચશ્મા અને ટોપી પહેરવાનું અને થોડા સમય માટે અલગ ઘરમાં છુપાઈ રહેવાનું નક્કી કર્યું. પરંતુ કાલેએ અન્ય કાવતરાખોરોને ખાતરી આપી કે નવીન કુમારની ધરપકડ તેમના પર કોઈ અસર કરશે નહીં; તેઓએ ધ્યાન અને પ્રાર્થના કરવી જોઈએ અને વધુ ધર્મ કાર્ય માટે તૈયારી કરવી જોઈએ. છુપાઈને, કલાસકરે બંદૂક સાફ કરતી વખતે આકસ્મિક રીતે પોતાને હાથમાં ગોળી મારી દીધી હતી.

૨૦ મે, ૨૦૧૮ના રોજ, જૂથના ભરતી કરનાર પ્રવીણની ધરપકડ કરવામાં આવી; પોલીસને તેના રસોડામાંથી બાવીસ ફોન અને ઘણા બધા છૂટા સિમ કાર્ડ, તેની ડાયરી અને ક્ષત્રધર્મ સાધના પુસ્તકની નકલ મળી. બીજા દિવસે, પોલીસે કાલે સહિત ત્રણ અન્ય લોકોની ધરપકડ કરી, જ્યારે તેઓ બસ સ્ટેન્ડ પર પ્રવીણની રાહ જોઈ રહ્યા હતા; તેમને હજુ સુધી તેની ધરપકડની ખબર ન હતી. કાલેના કબજામાંથી પોલીસને તેના ઘરેથી એકવીસ ફોન અને ત્રણ ડાયરીઓ મળી. જૂથના ખજાનચી દેગવેકરના કબજામાંથી, તેમને રોકડના ઘણા પરબિડીયાઓ મળી આવ્યા, જે કુલ ૧,૫૦,૦૦૦ રૂપિયાથી વધુ હતા, જે સનાતન સંસ્થાના બેંક ખાતામાંથી ઉપાડવામાં આવ્યા હતા અને તે ખાતાની પાસબુક પણ હતી. દેગવેકરે દાવો કર્યો હતો કે આ પૈસા સનાતન સંસ્થાના સામયિકોના વાચકો પાસેથી મળેલા સબ્સ્ક્રિપ્શન પેમેન્ટ હતા. પોલીસને જાણવા મળ્યું કે, વિવિધ ડાયરીઓમાં કર્ણાટકમાં નેમલેસ ગ્રુપના બે ડઝનથી વધુ સહયોગીઓ અને મહારાષ્ટ્રમાં ડઝનથી વધુ સહયોગીઓનો ઉલ્લેખ છે જેમાં કુલ સાઠથી વધુ હથિયારોથી તાલીમ પામેલા અને કટ્ટરપંથી ભરતી થયેલા લોકો (જેમાંથી મોટાભાગના લોકોએ હજુ સુધી કોઈ હિટ જોબમાં ભાગ લીધો ન હતો).

ગુપ્તચર એજન્સીઓએ જો તેમની પાસે હજુ સુધી ધરપકડ કરવા માટે પુરાવા ન હોય તો તેમાંથી શક્ય તેટલા લોકોને તાત્કાલિક દેખરેખ હેઠળ રાખ્યા. આ ભરતી કરનારાઓ મોટાભાગે દક્ષિણપશ્ચિમ મહારાષ્ટ્ર, ગોવા અને ઉત્તર કર્ણાટકના ત્રિ-રાજ્ય વિસ્તારમાંથી આવ્યા હતા. ગોવામાં વાર્ષિક સનાતન સંસ્થા સંમેલન, એવું લાગતું હતું કે, તેમનું કેન્દ્રિય ભરતી કેન્દ્ર હતું, જ્યાં તેઓ હિંસક વલણો અને સાંપ્રદાયિક ઉશ્કેરણીનો ઈતિહાસ ધરાવતા યુવાનોને શોધી રહ્યા હતા.

કાલેની ધરપકડની જાણ થયા પછી, સભ્યોએ મોટાભાગે તેમના બર્નર ફોનનો નાશ કર્યો. મોહન નાયકે ભવિષ્યના હુમલાઓ માટે સંગ્રહિત બોમ્બ જિલેટીનનો નાશ કર્યો. દાભોલકરને ગોળી મારનાર અને ગૌરીના હત્યારાઓને તાલીમ આપવામાં મદદ કરનાર સભ્ય કલાસ્કરે તેનો ફોન અને તેની ત્રણ ડાયરીઓ બાળી નાખી, જેમાં બંદૂકો અને બોમ્બ કેવી રીતે બનાવવી તે અંગેની તેમની નોંધો હતી. ૧૧ જૂને, વાઘમારેની ધરપકડ કરવામાં આવી હતી.

કલાસ્કર પાસે હજુ પણ બંદૂકો હતી. વાઘમારેની ધરપકડ પછી, કલાસ્કરે સનાતન સંસ્થાના વકીલ સંજીવ પુનાલેકરને મળ્યા. તેમના ટ્રેક છુપાવવા માટે, તેઓએ મળવાની એક વિસ્તૃત પદ્ધતિ અપનાવી : પુનાલેકરના સહાયકે સનાતન પ્રભાતમાં સુરક્ષા ગાર્ડની માગણી કરતી જાહેરાત આપી અને કલાસ્કરે જાહેરાતનો જવાબ આપ્યો, ત્યારબાદ સહાયક તેને પુનાલેકરને તેની ઓફિસમાં મળવા લઈ ગયો. પુનાલેકરે કલાસ્કરને પૂછ્યું કે શું ગૌરીની હત્યા કાલે કે તાવડે સાથે જોડી શકાય છે અને તેણે બંદૂકોનું સ્થાન પૂછ્યું. બે દિવસ પછી તેઓ ફરી મળ્યા અને પુનાલેકરે તેમને ગૌરીની હત્યા માટે વપરાયેલી બંદૂકો અને બોમ્બના બાકીના ભંડારનો નાશ કરવાનું કહ્યું. તેણે મને એ પણ પૂછ્યું કે નવી બંદૂકો બનાવવામાં કેટલો સમય લાગશે. કલાસ્કરે તેના નિવેદનમાં કહ્યું કે, તે બંદૂકો બનાવવાનો ખર્ચ ચૂકવશે. પુનાલેકરે કલાસ્કરને દાભોલકર હત્યા અને 'વિવિધ કેસો' વિશે વિસ્તૃત રીતે પૂછ્યું અને ચિંતા ન કરવાનું કહ્યું હતું.

હું અહીં નોંધ કરીશ કે ઉપરોક્ત ફકરામાં કાલાસ્કરની પુનાલેકર સાથેની વાતચીતનો અહેવાલ સીધા એક નિવેદનમાંથી આવ્યો છે જે કાલાસ્કરે મેજિસ્ટ્રેટ સમક્ષ લખાવ્યું હતું અને સહી કરી હતી, જેનો અર્થ એ છે કે તે કોર્ટમાં પુરાવા તરીકે સ્વીકાર્ય છે. પાછળથી, ૨૦૧૯માં, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન દાભોલકરની હત્યાના સંદર્ભમાં પુનાલેકરની ધરપકડ કરી. ગૌરીની હત્યાની તપાસ કરી રહેલી SITએ કહ્યું કે, તેઓ કાલાસ્કરને બંદૂકોનો નાશ કરવાની સલાહ આપવા બદલ પુનાલેકરને તે કેસમાં 'રસ ધરાવતા વ્યક્તિ' માનતા હતા, પરંતુ તેઓએ તેમની ધરપકડ કરી ન હતી.

૧૮ જુલાઈ, ૨૦૧૮ના રોજ, મોહન નાયકની ધરપકડ કરવામાં આવી. ૨૩ જુલાઈના રોજ, કલાસ્કરે ગૌરીની હત્યામાં વપરાયેલી બંદૂકો સહિત, તેના કબજામાં રહેલી બંદૂકોને અલગ કરી, ત્યારબાદ, પુનાલેકરના સહાયકની મદદથી, બંદૂકોના સ્લાઈડ્સ અને બેરલ મુંબઈ નજીક વસઈ ક્રીકમાં ફેંકી દીધી જે અરબી સમુદ્રમાં ખાલી થાય છે. તેણે નવી બંદૂકો બનાવવા માટે બાકીના બંદૂકોના ભાગો રાખ્યા, દેખીતી રીતે સચોટ ગણતરી કરી કે ફક્ત સ્લાઈડ્સ અને બેરલ જ બેલિસ્ટિકલી ઓળખી શકાય છે. આગામી ત્રણ અઠવાડિયામાં, SITએ નામહીન જૂથના સાત વધુ સભ્યોની ધરપકડ કરી, જેમાં કલાસ્કર, કુર્ને, મિસ્કીન અને બદ્દીનો સમાવેશ થાય છે.

૧૯ ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ, મહારાષ્ટ્ર આતંકવાદ વિરોધી ટુકડીએ સનાતન સંસ્થાના સહાયક વકીલ પુનાલેકરના ઘરે દરોડો પાડ્યો અને વિસ્ફોટકોનો વિશાળ જથ્થો, ઉપરાંત સોળ સંપૂર્ણ પિસ્તોલ અને ઘણી આંશિક રીતે બનાવેલી પિસ્તોલ અને પિસ્તોલના ભાગો મળી આવ્યા. ATSએ તારણ કાઢ્યું હતું કે, આમાંની મોટાભાગની પિસ્તોલ છ મહિના પહેલા નવીન કુમારની ધરપકડ પછી બનાવવામાં આવી હતી અથવા મેળવવામાં આવી હતી, જે સૂચવે છે કે નેમલેસ ગ્રુપના સભ્યોની ધરપકડ કરવામાં આવી રહી હતી ત્યારે પણ તેનું ચિંતાજનક રીતે ઝડપી પુનઃશસ્ત્રીકરણ કરવામાં આવ્યું હતું. ભૂતકાળમાં, આ જૂથ બે વર્ષ સુધી હુમલાઓ વચ્ચે પડ્યું હતું, જેથી પરિસ્થિતિ શાંત થાય. કાલે દેખીતી રીતે જૂથના કાર્યને વેગ આપવા માંગતો હતો, જેથી અનેક ટીમોને એકસાથે અનેક હત્યાના કાવતરા અને બોમ્બ ધડાકાનું કામ સોંપવામાં આવે. આ પર્દાફાશથી એવું પણ સૂચવાયું હતું કે, જૂથ એટલું મોટું થઈ ગયું હતું કે શક્ય હતું કે પૂરતા સભ્યો ફરીથી જૂથબદ્ધ થઈને હત્યા કરી શકે છે.

૨૦ ઓગસ્ટ અને ૮ સપ્ટેમ્બરના રોજ, વધુ બે સભ્યોની ધરપકડ કરવામાં આવી હતી. હવે ગૌરીની હત્યા માટે ચાર્જશીટ કરાયેલા અઢાર પુરૂષોમાંથી ફક્ત બે જ ફરાર રહ્યા, બંને નેમલેસ ગ્રુપના વરિષ્ઠ સભ્યો હતા. સનાતન સંસ્થાના પ્રવક્તાએ ૬ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ, ગૌરીના મૃત્યુની પ્રથમ વર્ષગાંઠના બીજા દિવસે જણાવ્યું હતું કે, 'સનાતન સંસ્થાનો આ હત્યાઓ સાથે કોઈ સંબંધ નથી. કોમ્યુનિસ્ટ પાર્ટીના પ્રચારને કારણે, અમારા વિશે ગેરસમજ ઊભી થઈ છે. સનાતન સંસ્થાના મિશનમાં હિંસા ક્યારેય ન હતી, ક્યારેય નથી અને ક્યારેય રહેશે નહીં અને તે બંધારણીય રીતે કામ કરવામાં માને છે.

**(સંપાદકો તરફથી નોંધ : અમે ગૌરી લંકેશ, ઈન્દિરા લંકેશ, કવિતા અને એશા લનેક્ષના પરિવાર સાથે અમારી હૃદયપૂર્વકની એકતા વ્યક્ત કરવા માંગીએ છીએ, જેમણે ગૌરી લંકેશની હત્યાથી સર્જાયેલા શૂન્યાવકાશ પર દયા અને દૃઢ નિશ્ચય રાખ્યો છે. ગૌરી સબરંગ ઈન્ડિયાના સહ-સંપાદક, તિસ્તા સેતલવાડના નજીકના મિત્ર અને પ્રિય કાર્યકર્તા પણ હતા.)**

**(સમાપ્ત)** **(સૌ. : સબરંગ ઈન્ડિયા)**

# આદિવાસી દેવતા મહિષાસુરને હિન્દુ સંસ્કૃતિના શિકાર બનાવાયા છે

**મહિષાસુર શહીદ દિવસ મનાવી રહેલા JNUના દલિત, પછાત અને આદિવાસી વિદ્યાર્થીઓ કહે છે કે, જો દુર્ગા પૂજા અને સરસ્વતી પૂજા જેવા હિન્દુ ધાર્મિક વિધિઓ કેમ્પસમાં કરી શકાય છે, તો બહુજન તેમના નાયક મહિષાસુરની પૂજા કેમ ન કરી શકે ?**

**આ દેશમાં અસુર એક પ્રજાતિ છે તો તેમની હાર કે તેમના નાયકોની હત્યાની ઉજવણી કરવી એ કઈ પ્રકારની માનસિકતા દર્શાવે છે ?**

**આજે પણ, દેશના ઘણા વિસ્તારો એવા છે જ્યાં મહિષાસુરની પૂજા કરવામાં આવે છે. અસુરો જેવી જાતિઓ દશેરા દરમિયાન શોક મનાવે છે. તેઓ માને છે કે દુર્ગા નામની સ્ત્રીએ વિશ્વાસઘાત કરીને તેમના દેવતાની હત્યા કરી હતી**

બ્રાહ્મણ સંસ્કૃતિ દ્વારા ગુનાહિત ઠરાવાયેલો અસુર સમુદાય આ દેશની સૌથી જૂની જાતિઓમાંનો એક છે. આ સમુદાયના સભ્યો બંગાળ, ઝારખંડ, છત્તીસગઢ અને કર્ણાટકમાં રહે છે. ભારત સરકાર દ્વારા તેમને ખાસ અતિપ્રાચીન જાતિ તરીકે માન્યતા આપવામાં આવી છે. અસુર સમુદાયને લોખંડ પીગળવાની કળાના પ્રણેતા માનવામાં આવે છે. આ લોકો સદીઓથી લોખંડ પીગળવાની પરંપરામાં કુશળ છે. લગભગ ૧૨૦ વર્ષ પહેલાં, ટાટા સ્ટીલ કંપનીએ લોખંડ પીગળવાના આધુનિકીકરણ માટે આ ટેકનોલોજીનો ઉપયોગ કર્યો હતો. પરંતુ ખાણકામનો ફાયદો ઉચ્ચ જાતિઓને મળ્યો, જ્યારે આદિવાસીઓને વિસ્થાપન અને બેરોજગારીનો સામનો કરવો પડ્યો હતો. 'પ્રાચીન ભારતમાં ક્રાંતિ અને પ્રતિ-ક્રાંતિ'માં, ડૉ. બી.આર. આંબેડકરે કહ્યું છે કે, 'અસુરો માનવ પરિવારના સભ્યો હતા, રાક્ષસો ન હતા.' જ્યોતિબા ફુલેએ દ્રવિડો, આદિવાસી લોકો અને બહુજનને રાક્ષસ બનાવવાના મનુવાદી કાવતરાનો પર્દાફાશ કર્યો હતો. વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ પણ 'ધ ડિસ્કવરી ઓફ ઈન્ડિયા'માં લખ્યું છે કે, "ભારતમાં આર્યોના આગમનથી વંશીય અને રાજકીય એમ બે નવી સમસ્યાઓ ઊભી થઈ છે. પરાજિત જાતિ, દ્રવિડિયનોની સભ્યતાનો લાંબો ઈતિહાસ ધરાવે છે. પરંતુ એ વાતમાં કોઈ શંકા નથી કે આર્યો પોતાને તેમનાથી શ્રેષ્ઠ માનતા હતા અને તેમની વચ્ચેનું અંતર ઘણું મોટું હતું." (પાના નં. ૬૨) હાંસિયામાં ધકેલાઈ ગયેલા આદિવાસી સમુદાયો પોતાને કહેવાતા મુખ્ય પ્રવાહ દ્વારા પોતાની ભૂમિથી વિમુખ થયેલા અનુભવે છે. 'અસુર' અથવા 'રાક્ષસ' શબ્દ અસંસ્કારી અને હીનતાનું પ્રતીક બની ગયો છે, જેનો ઉપયોગ અપમાન કરવા માટે થાય છે. ઉચ્ચ જાતિનો હિન્દુ સમાજ તેનો ઉપયોગ બધી પછાત અને શુદ્ર જાતિઓ માટે અપમાન તરીકે કરે છે.

**આ લેખ આદિવાસી સમુદાયના મુખ્ય દેવતા મહિષાસુર પર કેન્દ્રિત છે**

આજે પણ, દેશમાં ઘણા એવા વિસ્તારો છે જ્યાં મહિષાસુરની પૂજા કરવામાં આવે છે. અસુરો જેવી જાતિઓ દશેરા પર શોક મનાવે છે. તેઓ માને છે કે દુર્ગા નામની સ્ત્રીએ તેમના દેવતાને વિશ્વાસઘાતથી મારી નાખ્યા હતા. ભૌતિકશાસ્ત્રી અને લેખક મધુશ્રી મુખર્જી, દુર્ગા અને મહિષાસુરની કથાને પ્રાગૈતિહાસિક સંઘર્ષની વાર્તા માને છે. તેઓ કહે છે કે, આ જાતિઓ પર આજે પણ જુલમ ચાલુ જ છે, તેમને જંગલો, વૃક્ષો અને ખેતીની જમીનોથી વંચિત કરીને વિસ્થાપિત કરવામાં આવી રહ્યાં છે. છત્તીસગઢના બસ્તરમાં બારાસુરમાં ભૈંસાસુરને ગ્રામ દેવતા તરીકે પૂજવામાં આવે છે. કોરબા જિલ્લાના ભેસમા ગામમાં મહિષાસુરની પણ પૂજા થાય છે. છત્તીસગઢના બિલાસપુરમાં ભૈંસાજહર ગામ, પાકના રક્ષક તરીકે ભૈસાસુરની પૂજા કરે છે. છત્તીસગઢના અભાનપુર જિલ્લાનું બડે ઉરલા ગામ મહિષાસુરને વન દેવતા તરીકે પૂજે છે. મધ્યપ્રદેશમાં મંડલા, કટની, ડિંડોરી, સતના, સિહોર વગેરે સ્થળોએ આદિવાસીઓ મહિષાસુરની પૂજા કરે છે. સિહોરના ઈચ્છાવરમાં ભૈંસાસુર બાબાનું મંદિર છે. ઉત્તરપ્રદેશમાં પણ ઘણી એવી જગ્યાઓ છે જ્યાં મહિષાસુરની પૂજા થાય છે. મહોબા જિલ્લાના કુલપહાર તહસીલના ચૌકા-સોરા ગામમાં, ભરવાડોના પ્રાણી દેવતા મૈકાસુર નામના ભૈંસાસુરનું મંદિર છે, જે ભારત સરકારના પુરાતત્વ વિભાગ દ્વારા પણ સુરક્ષિત છે. યુપીના ઉન્નાવ જિલ્લામાં મહેશેશ્વર બાબાનું મંદિર છે, આ મંદિરનું પ્રાંગણ ભેંસોની અસંખ્ય મૂર્તિઓથી ભરેલું છે. પ્રોફેસર રાજેન્દ્ર પ્રસાદ સિંહ લખે છે કે, "જ્યારે ભારતમાં રાજાશાહીનો વિકાસ થયો, ત્યારે 'મહિષા'એ એક નવો અર્થ ધારણ કર્યો અને તે અર્થ હતો 'રાજા'. કારણ કે રાજાઓ પૃથ્વી પર સૌથી શક્તિશાળી હોય છે. તેથી જ રાણીઓને હજુ પણ 'મહિષી' કહેવામાં આવે છે. ભારતીય સાહિત્યમાં, 'મહિષા'નો 'ભેંસ' તરીકેનો અર્થ સૌપ્રથમ સ્મૃતિ ગ્રંથોમાં જોવા મળ્યો હતો. સ્મૃતિ ગ્રંથો પહેલાં, 'મહિષા'નો 'ભેંસ' તરીકેનો અર્થ ક્યાંય જોવા મળતો નથી. 'મહિષા'નો 'ભેંસ' તરીકેનો અર્થ ભાષાશાસ્ત્રમાં અર્થપૂર્ણ અર્થઘટનનું ઉદાહરણ છે."

આદિવાસી લેખિકા સુષ્મા અસુર કહે છે, "મેં શાળાના પુસ્તકોમાં વાંચ્યું હતું કે આપણે રાક્ષસો છીએ અને આપણા પૂર્વજો લોકોને ત્રાસ આપતા, લૂંટતા અને મારી નાખતા હતા. તેથી જ દેવતાઓએ રાક્ષસોનો નાશ કર્યો હતો. તેઓએ આપણા પૂર્વજોની હત્યા કરી નાંખી. તેઓએ આપણા સમુદાયનો નરસંહાર કરી દીધો. આપણા નરસંહારના વિજયની યાદમાં મનુવાદી લોકો દશેરા જેવા તહેવારો ઉજવે છે. આજે પણ, આપણને આપણા પાણી, જંગલો અને જમીનથી જ નહીં, પણ આપણી ભાષા અને સંસ્કૃતિથી પણ દરરોજ વિસ્થાપિત કરવામાં આવી રહ્યા છે. તો, હવે વિચારો કે રાક્ષસ કોણ છે." (મહિષાસુરઃ એક પીપલ્સ લીડર, સંપાદક પ્રમોદ રંજન, પાના નં. ૧૧૧) ડૉ. સૌરભ સુમનને ૮ માર્ચ, ૨૦૧૬ના રોજ રાષ્ટ્રપતિ દ્વારા તેમના કૃષિ સંશોધન માટે સન્માનિત કરવામાં આવ્યા હતા. જાતિવિહીન સમાજનું નિર્માણ કરવાનો ધ્યેય રાખતા સૌરભ, મહિષાસુરને પોતાના પૂર્વજ માને છે અને ૨૦૧૦થી મહિષાસુર શહીદ દિવસનું આયોજન કરતા આવે છે. (મહિષાસુરઃ એક લોકોના નેતા, સંપાદક પ્રમોદ રંજન, પાના નં ૧૦૬) આદિવાસીઓ માને છે કે મહિષાસુરને એક સુંદર સ્ત્રીનો ઉપયોગ કરીને કપટથી મારી નાખવામાં આવ્યા હતા. સુંદરતાનું આ આકર્ષણ માર્કંડેય પુરાણમાં પણ સ્પષ્ટ છે, જ્યાં દેવીના સ્વરૂપને વારંવાર રાક્ષસોને લલચાવતા દર્શાવવામાં આવ્યું છે. છત્તીસગઢના બલોદા બજાર જિલ્લાના ડમરુમાં, જે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ દ્વારા સંરક્ષિત છે, મહિષાસુરને ગ્રામદેવતા તરીકે પૂજવામાં આવે છે.

બાબાસાહેબ આંબેડકરે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, 'જ્યારે વૈદિક કાળમાં, દેવતાઓ દ્વારા રાક્ષસો સાથે યુદ્ધો લડવામાં આવતા હતા, ત્યારે પૌરાણિક કાળમાં આ યુદ્ધો દેવીઓ દ્વારા લડવામાં આવતા હતા. વૈદિક દેવતાઓ જે કરતા હતા તે પૌરાણિક દેવીઓએ કેમ કરવું પડ્યું? એવું તો ન હોઈ શકે કે પૌરાણિક કાળમાં કોઈ દેવતાઓ ન હતા. એવું લાગે છે કે, બ્રાહ્મણોને ખ્યાલ ન હતો કે દુર્ગાને એકલા હાથે રાક્ષસોનો નાશ કરવા સક્ષમ નાયિકા બનાવીને, તેઓ પોતાના દેવોને દયનીય કાયરોના જૂથમાં ફેરવી રહ્યા હતા. એવું લાગે છે કે, દેવતાઓ રાક્ષસોથી પોતાનું રક્ષણ કરી શક્યા નહીં અને તેમને તેમની પત્નીઓને રક્ષણ માટે વિનંતી કરવી પડી હશે. (હિંદુ ધર્મની ઉખાણાઓ, ખંડ ૮, બાબાસાહેબ ડૉ. આંબેડકર પૂર્ણ કાર્યો, પાના નં. ૧૧૫) આજે પણ, મુખ્ય પ્રવાહના હિન્દુ સમાજથી વિપરીત, આદિવાસી સમુદાયોમાં ન તો પિતૃસત્તા છે કે ન તો જાતિ વ્યવસ્થા. ત્યાં લગ્ન અને છૂટાછેડા પણ ખૂબ જ સરળ છે. ઘણી જગ્યાએ, સ્ત્રીઓને તેમના પતિની કસોટી કર્યા પછી જ તેમની પસંદગી કરવાની સ્વતંત્રતા છે. બ્રાહ્મણ કથાઓમાં વારંવાર રાક્ષસોના પોકારનું વર્ણન કરવામાં આવે છે, "દેવી, કૃપા કરીને પાછા ફરી જાવ; અમે તમારા ઉપર હાથ ઉઠાવી શકીએ નહીં." રાક્ષસો સેનાઓ સાથે લડે છે, પણ સ્ત્રીઓ સાથે નહીં. તેઓ તેમને પ્રેમ અને સૃષ્ટિના જીવો તરીકે માન્ય આપે છે. ૨૦૧૬ના એક લેખમાં, પત્રકાર ગૌરી લંકેશે મહિષાસુરને એક મહાન, ઉદાર દ્રવિડ શાસક તરીકે વર્ણવ્યા છે કે જેમણે પોતાના લોકોને ખૂની આર્યોથી બચાવ્યા હતા. તેમણે કર્ણાટક અને મૈસુરને મહિષાસુરના શાસન તરીકે વર્ણવ્યું હતું. મૈસુરનું નામ તેમના નામ પરથી રાખવામાં આવ્યું છે. તેમની હજુ પણ ત્યાં પૂજા થાય છે, અને મૈસુરમાં મહિષાસુરની એક વિશાળ પ્રતિમા પણ છે. મહિષાસુર શહીદ દિવસની ઉજવણી કરતા JNUના દલિત, પછાત અને આદિવાસી વિદ્યાર્થીઓએ દલીલ કરી હતી કે, જ્યારે દુર્ગા પૂજા અને સરસ્વતી પૂજા જેવી હિન્દુ ધાર્મિક વિધિઓ કેમ્પસમાં કરી શકાય છે, તો બહુજન તેમના નાયક મહિષાસુરની પૂજા કેમ ન કરી શકે? જ્યારે તત્કાલીન કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ સંસદમાં આ મુદ્દો ઉઠાવ્યો હતો અને JNUને દેશદ્રોહીઓનો અડ્ડો ગણાવ્યો હતો, ત્યારે ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી)ના નેતા સીતારામ યેચુરીએ દેશના વિવિધ ભાગોમાં રાજા બલી અને મહિષાસુરની પૂજાનો ઉલ્લેખ કર્યો હતો. સીતારામ યેચુરીએ કેરળમાં મલયાલી તહેવાર ઓણમ અને મૈસુરમાં મહિષાસુર ઉત્સવનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે દલીલ કરી હતી કે, વિષ્ણુએ રાક્ષસ રાજા બલીને હરાવ્યો હતો, પરંતુ ઓણમ દરમિયાન તેમના રાજા બલીના આગમનની ઉજવણી કરતા મલયાલીઓ શું હિન્દુ નથી? સમાજવાદી ચિંતક પ્રેમકુમાર મણિએ પ્રશ્ન કર્યો છે કે, "જો આ દેશમાં અસુરો એક જાતિ છે, તો તેમની હાર અથવા તેમના નાયકોની હત્યાની ઉજવણી કઈ પ્રકારની માનસિકતા દર્શાવે છે?" બ્રાહ્મણવાદી, સામંતવાદી સંસ્કૃતિએ વારંવાર હત્યાને ઉજવણીમાં ફેરવી દીધી છે અને દલિતો, પછાત વર્ગો અને આદિવાસીઓને ખલનાયક તરીકે દર્શાવ્યા છે.

આ સંદર્ભમાં, યુવા કવિ પરાગ પવનની કવિતા 'મહિષાસુર કા સંધિપત્ર' ના કેટલાક અંશો જોઈએ:



આ લડાઈ તારી નથી, દુર્ગા,
મારી પાંસળીઓમાં ઘૂસી ગયેલું
તારા હાથ પર રહેલું
આ ત્રિશૂળ કોનું છે,
મારા લોહીથી તરબોળ
તારી તલવારનું સાચું સરનામું શું છે,
મારો અંત તારું મુકામ છે
તેનું સાચું કારણ શું છે?
મેં નથી છીનવી તમારી જમીન
મેં નથી ગાયું તમારી વિરુદ્ધ કોઈ ગીત
મેં નથી રચ્યુ કોઈ કાવતરું
તમારી વિરુદ્ધ
મારો જન્મ મજાક હતો,
મને અપમાનેમાં ઉછેર્યો હતો અને
વ્યંગે વહાલ કર્યુ હતુ.
મારી જાડી અને કાળી ચામડીવાળી
માતાને કોણે ભેંસ કહી
શું તમને ખબર છે?
દુર્ગા !

એક ક્ષણ માટે આ યુદ્ધ બંધ કરો, હત્યાને ઉજવણીમાં ફેરવી નાખનાર શક્તિના તંત્રમાં ઊંડા ઉતરો. એક ક્ષણ માટે આ યુદ્ધ બંધ કરો, દુર્ગા! અને તમારા પૂર્વજોને યાદ કરો, તમારા હૃદય પર હાથ રાખો અને તમારી અજાત પુત્રીના શપથ લો કે ગયા મહિને રાજગીરની ટેકરીઓ પર બળાત્કારનો ભોગ બનેલી છોકરી સાથે તમારો કોઈ સંબંધ નથી !

**- કેતન યાદવ**

**(સૌ. : ધ વાયર**

**હદીસ બોધ**

અનાજ વહેંચીને ખાઓ, ભેગા મળીને ખાઓ અને સંતોષ અનુભવો. (હદીસ બોધ)

**બોધ વચન**

મારે દુનિયાને નવું કશું શીખવવાનું નથી. સત્ય અને અહિંસા અનાદિકાળથી ચાલ્યા આવે છે. -ગાંધીજી

**આજની આરસી**

૩ ઓક્ટોબર શુક્રવાર ૨૦૨૫
૧૦ રબીઉલ આખર હિજરી ૧૪૪૭
આસો સુદ અગિયારસ સંવત ૨૦૮૧
સુબ્હ સાદિક ૫-૧૩
ખત્મે ઝવાલ ૧૨-૨૯
તુલુએ આફતાબ (સૂર્યોદય) ૬-૩૨
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૨૬

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમની વિકેટ પર સિરાજ અને બુમરાહના ઝંઝાવાત સામે વેસ્ટઈન્ડિઝનો માત્ર ૧૬૨ રનમાં સંકેલો

## પ્રથમ દિવસે વિન્ડીઝ સુકાનીએ ટોસ જીતીને પહેલો દાવ લીધો અને ભારતીય બોલરોના શાનદાર દેખાવ સામે પ્રવાસીની બેટિંગ હરોળ પત્તાના મહેલની જેમ ધરાશાયી

(એજન્સી) તા.૨

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની બે મેચની ટેસ્ટ શ્રેણીની પ્રથમ મેચના પહેલા દિવસે ભારતીય બોલરોનું શાનદાર પ્રદર્શન જોવા મળ્યું હતું. નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાઈ રહેલી આ મેચમાં કેપ્ટન શુભમન ગિલની યુવા ટીમ ઘરઆંગણેની સિઝનની શરૂઆત ધમાકેદાર રીતે કરી રહી છે.

**વેસ્ટ ઈન્ડિઝની કંગાળ શરૂઆત**

વેસ્ટ ઈન્ડિઝના કેપ્ટન રોસ્ટન ચેઝે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો, પરંતુ તેમનો આ નિર્ણય ભારતીય બોલરોના તરખાટ સામે નિષ્ફળ સાબિત થયો. વેસ્ટ ઈન્ડિઝની આખી ટીમ પ્રથમ ઈનિંગ્સમાં માત્ર ૧૬૨ રન બનાવીને સમેટાઈ ગઈ હતી. ભારતીય ઝડપી બોલરોએ સવારે પિચ પરના ભેજનો પૂરેપૂરો ફાયદો ઉઠાવ્યો, જ્યારે સ્પિનરોએ મધ્ય ઓવરોમાં બેટ્સમેનોને બાંધી રાખ્યા. વેસ્ટ ઈન્ડીઝની પહેલી ઈનિંગ ઝડપથી ખતમ કર્યા પછી, યશસ્વી જયસ્વાલ અને કેએલ રાહુલે સારી શરૂઆત કરી, પહેલી વિકેટ માટે ૬૮ રનની ભાગીદારી કરી. જેડેન સિએલ્સે યશસ્વીને આઉટ કરીને ભારતને પહેલો ઝટકો આપ્યો. યશસ્વી ૫૪ બોલમાં ૩૬ રન બનાવીને આઉટ થઈ ગયો, પોતાની ઈનિંગ દરમિયાન તેને સાત ચોગ્ગા માર્યા. ભારતને બીજો ફટકો ૯૦ રનના સ્કોર પર પડ્યો, જ્યારે ત્રીજા નંબર પર બેટિંગ કરવા આવેલ સાઈ સુદર્શન સાત રન બનાવીને આઉટ થઈ ગયો. કેપ્ટન રોસ્ટન ચેઝે સાઈ સુદર્શનને એલબીડબલ્યુ આઉટ કર્યો.

**સિરાજ-બુમરાહની ઘાતક બોલિંગ**

ભારત તરફથી ઝડપી બોલર મોહમ્મદ સિરાજ આજે હીરો સાબિત થયો. તેણે તેની કારકિર્દીનું શ્રેષ્ઠ પ્રદર્શન આપતા ચાર મહત્વપૂર્ણ વિકેટો ઝડપી. સ્ટાર ઝડપી બોલર જસપ્રીત બુમરાહ પણ જબરદસ્ત ફોર્મમાં હતો અને તેણે ત્રણ વિકેટ લઈને વેસ્ટ ઈન્ડિઝની મધ્યક્રમની કમર તોડી નાખી. અનુભવી સ્પિનર કુલદીપ યાદવએ પણ નિયમિત અંતરે વિકેટો લઈને વેસ્ટ ઈન્ડિઝની ઈનિંગ્સને લાંબી થવા દીધી નહોતી. દિવસના પ્રથમ સત્રમાં જ ભારતે મજબૂત પકડ બનાવી લીધી હતી.

**ભારતનો મજબૂત જવાબ**

પ્રથમ ઈનિંગ્સમાં જંગી લીડ લેવાના ઈરાદા સાથે મેદાને ઉતરેલી ભારતીય ટીમે દિવસના અંત સુધીમાં મજબૂત બેટિંગ કરીને વેસ્ટ ઈન્ડિઝને જવાબ આપ્યો હતો. દિવસની રમત સમાપ્ત થઈ ત્યારે ભારતે માત્ર એક વિકેટ ગુમાવીને સારો સ્કોર બનાવી લીધો હતો. ભારતીય ટીમ હવે વેસ્ટ ઈન્ડિઝના પ્રથમ ઈનિંગ્સના સ્કોર ૧૬૨ રનથી માત્ર ૪૧ રન જ પાછળ છે. બીજા દિવસે ભારતીય બેટ્સમેનો ઝડપી ગતિએ રન બનાવી મોટી લીડ મેળવવાનો પ્રયાસ કરશે, જેનાથી મેચ પર ભારતનું નિયંત્રણ મજબૂત બનશે.

મોહમ્મદ સિરાજ આ વર્ષે અત્યાર સુધીમાં ૭ ટેસ્ટ મેચ રમ્યો છે. જેમાં તેણે કૂલ ૧૨ ઈનિંગ્સમાં ૩૦ વિકેટ ઝડપી છે. અમદાવાદમાં રમાતી પહેલી ટેસ્ટ મેચના પહેલા દિવસે વેસ્ટ ઈન્ડિઝની સામે જ્યારે તેણે ત્રીજી વિકેટ ઝડપી, ત્યારે તે આ વર્ષે હાઈએસ્ટ વિકેટની લિસ્ટમાં ટૉપ પર પહોંચ્યો હતો. આ દરમિયાન તેણે ઓસ્ટ્રેલિયાના મિચેલ સ્ટાર્કને પાછળ છોડ્યો હતો. સ્ટાર્કે ૧૪ ઈનિંગમાં ૨૯ વિકેટ લીધી છે.

કેએલ રાહુલે ૩૪મી ઓવરમાં પોતાની ફિફ્ટી પૂરી કરી છે. તેણે રોસ્ટન ચેઝની ઓવરનો પાંચમો બોલ લોંગ-ઓન માટે રમ્યો અને એક સિંગલ રન કરીને પોતાનો ૫૦મો રન બનાવ્યો. રાહુલે પોતાની ૨૦મી ટેસ્ટ ફિફ્ટી ફટકારી. તેણે ભારતમાં ૧૧ અડધી સદી ફટકારી છે. અમદાવાદમાં ભારત અને વેસ્ટઈન્ડીઝ વચ્ચે રમાઈ રહેલી પહેલી ટેસ્ટ મેચમાં જસપ્રીત બુમરાહે શાનદાર બોલિંગ કરતા ઈતિહાસ રચ્યો છે. વેસ્ટઈન્ડીઝની પહેલી ઈનિંગમાં બુમરાહે ઘાતક સ્પેલ નાખીને ૩ શિકાર કર્યા હતા. ખાસ વાત એ છે કે, તેણે આમાંથી ૨ બેટ્સમેનને બોલ્ડ કર્યા હતા. તેની સાથે બુમરાહે ૨૦૨૫માં સૌથી વધુ વાર બેટ્સમેનોને બોલ્ડ કરનાર બોલરનો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. જસપ્રીત બુમરાહ આ વર્ષે ટેસ્ટ ક્રિકેટમાં અત્યાર સુધીમાં ૧૨ બેટ્સમેનોને બોલ્ડ કરી ચૂક્યો છે. આ યાદીમાં તેના પછી મોહમ્મદ સિરાજ અને શમર જોસેફનું નામ આવે છે, જેણે ૯-૯ બેટ્સમેનને બોલ્ડ કર્યા છે. જ્યારે મિચેલ સ્ટાર્ક (૭), સ્કોટ બોલેન્ડ (૬) અને જોમેલ વારિકન (૬) પણ આ યાદીમાં સામેલ છે. જો ઈન્ટરનેશનલ ક્રિકેટની વાત કરીએ તો, બુમરાહે ૨૦૨૫માં અત્યાર સુધી ૧૫ વિકેટ બોલ્ડ આઉટ કરીને લીધી છે. આ કોઈપણ ફૂલ મેમ્બર બોલર દ્વારા આ વર્ષનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે.




## સિરાજની ઝડપી ૪ વિકેટ અને બૂમરાહની ૩ વિકેટ : પ્રથમ દિવસની રમતના અંતે ભારતે કે.એલ.રાહુલની અડધી સદીની મદદથી બે વિકેટે ૧૨૧ રન બનાવી લીધા : પ્રેક્ષકોએ કોઈ ઉત્સાહ ન બતાવતા વિશાળ સ્ટેડિયમ દિવસભર ખાલી-ખાલી રહ્યું

# સુમિત એન્ટિલે ત્રીજો પેરા વર્લ્ડ ટાઇટલ જીતવા માટે ચેમ્પિયનશિપ રેકોર્ડ તોડવાનો પ્રયાસ કર્યો




તા.૨

મંગળવારે નવી દિલ્હીમાં યોજાયેલી વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં પુરુષોની F64 ભાલા ફેંક (Javelin Throw) ઈવેન્ટમાં જ્યારે બે વખતના પેરાલિમ્પિક ચેમ્પિયન સુમિત પ્રવેશ્યો, ત્યારે તેને ખબર હતી કે તે શ્રેષ્ઠ પ્રદર્શન નહીં કરે તો પણ ત્રીજો વર્લ્ડ્સ ગોલ્ડ જીતી શકે છે (કારણ કે તેના અને અન્ય સ્પર્ધકોના વ્યક્તિગત શ્રેષ્ઠ પ્રદર્શન વચ્ચેનું અંતર ઘણું મોટું હતું)... પરંતુ સુમિતને આનાથી પણ મોટી કોઈ વસ્તુ પ્રેરિત કરે છે. ખભાના દુઃખાવા છતાં, તેણે પોતાને આગળ ધકેલ્યો અને ૭૧.૩૭ મીટરનો નવો ચેમ્પિયનશિપ રેકોર્ડ (CR) બનાવ્યો. આ સાથે, તેણે પોતાનો જ જૂનો રેકોર્ડ તોડ્યો અને પેરા વર્લ્ડ્સના ઇતિહાસમાં સૌથી સફળ ભારતીય ખેલાડી બની ગયો. જ્યારે ભારતીય ભાલા ફેંકના બે મહાન ખેલાડીઓ - નીરજ ચોપરા (ભૂતપૂર્વ ઓલિમ્પિક અને વર્લ્ડ ચેમ્પિયન) અને દેવેન્દ્ર ઝાઝરિયા (બે વખતના પેરાલિમ્પિક, એક વખતના પેરા વર્લ્ડ ચેમ્પિયન) - તેને જોઈ રહ્યા હતા અને દર્શકોનું ટોળું તેના દરેક રનઅપ પર તાળી અને બૂમો પાડી રહ્યું હતું, ત્યારે સુમિતે પોતાના ખભાના દુઃખાવા અને સ્પર્ધાના સ્પષ્ટ અભાવ છતાં પોતાને પૂરેપૂરો ઝીંક્યો. પરિણામ એ આવ્યું કે, તેણે ચેમ્પિયનશિપ રેકોર્ડ (CR) સ્થાપિત કર્યો, જેનાથી દિલ્હીના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં હાજર ઓછી (પરંતુ જોરદાર અવાજવાળી) ભીડ ઉમટી પડી હતી. તેણે કહ્યું, "મને 71m, 72m, 73mના માર્ક્સ જોઈને હવે ગુસ્સો આવે છે. બે વર્ષથી હું આ જ રેન્જમાં થ્રો કરી રહ્યો છું. આજે મારે 74m-75m સુધી ફેંકવું હતું અને જો બધું બરાબર હોત તો મેં કર્યું હોત."

આ એવા શબ્દો નથી જે તમે કોઈ ખેલાડી પાસેથી સાંભળવાની અપેક્ષા રાખો જેણે હમણાં જ એક મોટો ગોલ્ડ મેડલ જીત્યો હોય, પરંતુ આ જ પ્રકારની ધગશ સુમિતને આ સ્તરે લઈ આવી છે. આજે, શરૂઆતથી જ, તે 'સુમિત વિરુદ્ધ સુમિત'ની લડાઈ હતી. તેનો પ્રથમ થ્રો 65.59m હતો, જે સ્પર્ધામાં અન્ય કોઈએ કરેલા થ્રો કરતાં 17.21m વધુ હતો, એટલે કે તે માત્ર હાજર રહીને પણ જીતી શક્યો હોત. પરંતુ, અલબત્ત, તેણે 74m-75mના લક્ષ્યનો પીછો કરવાનું પસંદ કર્યું. સુમિતે કહ્યું, "જ્યારે સ્પર્ધાનો અભાવ હોય ત્યારે ખૂબ મુશ્કેલ છે. દરરોજ સવારે ઉઠીને પોતાને પ્રેરિત કરવું, આ થાકેલા શરીરને રોજ મેદાન પર ખેંચી જવું... તે અઘરું છે. પણ મારો હેતુ એ છે કે મારે મારા લક્ષ્યોને હાંસલ કરવા છે. આખરે, મેં જ તે લક્ષ્યો નક્કી કર્યા છે, અન્ય કોઈએ મને 75m કે 80m ફેંકવા કહ્યું નથી, તેથી હું પ્રયત્ન કરતો રહું છું... મેં પોતે જ લક્ષ્ય નક્કી કર્યું છે; મારે પોતે જ તે પ્રાપ્ત કરવું જોઈએ." જોકે, આ મહત્વાકાંક્ષાનો અર્થ મંગળવારે પોતાના શરીર સાથે લડવું પણ હતું. સુમિતે પોતાને આગળ ધકેલ્યો ત્યારે તેને ખૂબ જ પેઇનકિલર સ્પ્રે લગાવવો પડ્યો. તેણે કહ્યું, "મને મારા થ્રોમાં ઘણી મુશ્કેલી પડી રહી હતી. આ કોઈ જૂની ઈજા નથી, બસ એક દિવસ પહેલા જ્યારે હું ઉઠ્યો ત્યારે મારા ગરદનમાં જકડાઈ ગઈ હતી, હું તેને ફેરવી શકતો ન હતો. આજે, મારા વોર્મઅપ થ્રોમાંનો એક 68-69m ગયો હતો અને મને ત્યારે ખૂબ દુઃખાવો થયો; તે મારી ગરદન સુધી પહોંચી રહ્યો હતો. મેં સ્પ્રે વગેરેથી તેને મેનેજ કરવાનો પ્રયાસ કર્યો જેથી હું આ સ્પર્ધા જીતી શકું..." તેણે જે ગર્જના કરી હતી, તેનાથી વધુ મોટો અવાજ ફક્ત ત્યારે જ થયો જ્યારે ભીડે જોયું કે ભાલો કેટલી દૂર ગયો છે. સુમિત અને નીરજ જેવા ચેમ્પિયન દ્વારા પ્રેરિત, ભાલા ફેંકની લોકપ્રિયતા સંક્રમિત (infectious) છે અને એવું લાગે છે કે તેણે સમગ્ર દેશને બાંધી રાખ્યો છે. રાષ્ટ્રમાં રમત પ્રત્યેના પ્રેમ વિશે પૂછવામાં આવતાં તેણે કહ્યું, "એથ્લેટિક્સને દેશ તરફથી આટલો પ્રેમ મળી રહ્યો છે તે જોઈને હું ખૂબ ખુશ છું. મને લાગે છે કે જે બાળકો અમને જોવા આવશે, તો તેઓ પણ પ્રેરિત થશે. મારા બાળપણમાં હું કુસ્તી કરતો હતો, અને યોગેશ્વર જી એકવાર મારી શાળામાં આવ્યા હતા અને મેં તે જ સમયે નક્કી કર્યું હતું કે હું પણ ઓલિમ્પિક મેડલ જીતીશ, તેમની જેમ ચીફ ગેસ્ટ તરીકે ક્યાંક જઈશ... તેથી તમને ક્યારેય ખબર નહીં પડે કે બાળક ક્યારે અને ક્યાંથી પ્રેરિત થાય છે. આશા છે કે અમે યુવા પેઢીને પ્રેરણા આપી શકીએ."

# જસપ્રીત બુમરાહે દિલ જીત્યા; મોહમ્મદ સિરાજ માટે મોટું બલિદાન આપ્યું, વીડિયો વાયરલ થયો

(એજન્સી) તા.૨

જસપ્રીત બુમરાહ નિઃશંકપણે વિશ્વનો શ્રેષ્ઠ ફાસ્ટ બોલર છે, પરંતુ તેની એક ખાસિયત તેનો નમ્ર સ્વભાવ છે, જે ગુરૂવારે (૨ ઓક્ટોબર) અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની પ્રથમ ટેસ્ટના શરૂઆતના દિવસે મોહમ્મદ સિરાજ પ્રત્યેના તેના અડગ વર્તનમાં સ્પષ્ટ દેખાય છે. જે લોકો જાણતા નથી તેમના માટે, બુમરાહ અને સિરાજ બંનેએ અનુકૂળ ફાસ્ટ બોલિંગ પરિસ્થિતિઓનો સંપૂર્ણ લાભ લીધો કારણ કે મુલાકાતીઓ વાદળછાયું, લીલી પીચ પર પ્રથમ બેટિંગ કરવાનું પસંદ કર્યું. વેસ્ટ ઈન્ડિઝ ફક્ત ૧૬૧ રનમાં ઓલઆઉટ થઈ ગયું, જેમાં સિરાજે ચાર વિકેટ લીધી જ્યારે બુમરાહે ત્રણ વિકેટ લીધી. આ દરમિયાન, કુલદીપ યાદવે બે ખેલાડીઓને આઉટ કર્યા, જ્યારે વોશિંગ્ટન સુંદરે એક ખેલાડીને આઉટ કર્યો. સિરાજે શરૂઆતમાં નુકસાન પહોંચાડ્યું, વેસ્ટ ઈન્ડિઝના ટોચના પાંચ બેટ્સમેનમાંથી ચારને આઉટ કર્યા. આ દરમિયાન, બુમરાહે ઓપનર જોન કેમ્પબેલ અને પછી બે શાનદાર યોર્કરને આઉટ કરીને જસ્ટિન ગ્રીવ્સ અને જોહાન લાઈનનો વિકેટો લીધો. જોકે, સિરાજને પાંચ વિકેટ લેવામાં મદદ કરવા માટે બુમરાહએ જે મોટું બલિદાન આપ્યું તે દિવસનું મુખ્ય આકર્ષણ બન્યું. ઈનિંગ્સની ૪૧મી ઓવરમાં, ભારત વેસ્ટ ઈન્ડીઝને આઉટ કરવાથી માત્ર એક ઓવર દૂર હતું. બુમરાહએ એક અસામાન્ય ઓવરમાં ઓફ-સ્ટમ્પની બહાર સતત ચાર બોલ ફેંક્યા. તે સ્પષ્ટ થઈ ગયું કે સ્ટાર ફાસ્ટ બોલર ઈરાદાપૂર્વક આવું કરી રહ્યો હતો, જ્યારે બીજા છેડે સિરાજ પાંચ વિકેટ લેવાથી માત્ર એક વિકેટ દૂર હતો. યજમાન બ્રોડકાસ્ટર માટે ઓન-એર રહેલા દિનેશ કાર્તિકે કહ્યું, 'મને લાગે છે કે તે તે લેન્થ પર બોલિંગ કરી રહ્યો છે કારણ કે તે જાણીને કે સિરાજ પાંચ વિકેટ લેવાથી માત્ર એક વિકેટ દૂર છે.' ચાહકોએ તરત જ બુમરાહની કાર્યવાહીની નિંદા કરી નહીં અને તેના નિઃસ્વાર્થ કાર્યની પ્રશંસા કરી, કારણ કે તે સરળતાથી ચાર વિકેટ લઈને સિરાજના રેકોર્ડની બરાબરી કરી શક્યો હોત. જોકે, સિરાજ આ સિદ્ધિ ચૂકી ગયો કારણ કે તે ૪૨મી ઓવરમાં વિકેટ વિના ગયો. બુમરાહ ૪૩મી ઓવર ફેંકવા પાછો ફર્યો, પરંતુ વેસ્ટ ઈન્ડિઝે તે પણ જીતી લીધી. ૪૪મી ઓવરમાં સિરાજની જગ્યાએ શુભમન ગિલ આવ્યો, જ્યાં કુલદીપે વિકેટ લીધી.

# એક દલિતનું હેલિકોપ્ટરમાં ચઢવું ગમ્યું નહીં, બે દિવસ હેલિકોપ્ટરમાં શું ઉડ્યો, મને નિશાન બનાવવામાં આવ્યો : અશોક ચૌધરી

## જન સૂરજ પાર્ટીના નેતા પ્રશાંત કિશોરની હિટ લિસ્ટમાં ટોચના નિશાના પર રહેલા જનતા દળ યુનાઈટેડના મંત્રી અશોક ચૌધરીએ કહ્યું છે કે બે દિવસ સુધી એક દલિતનું હેલિકોપ્ટરમાં ઉડવાથી બધાની નજરે ચડી ગયો

(એજન્સી) તા.૨

જન સૂરજ પાર્ટી (JSP)ના નેતા પ્રશાંત કિશોરના હુમલાનો સામનો કરી રહેલા જનતા દળ યુનાઈટેડ (JDU)ના મંત્રી અશોક ચૌધરીએ કોઈનું નામ લીધા વિના કહ્યું છે કે લોકો હજુ પણ દલિતનું હેલિકોપ્ટર ઉડાડવાનું પસંદ કરતા નથી. તેમણે કહ્યું કે બે દિવસ હેલિકોપ્ટરમાં ઉડાન ભર્યા પછી, તે બધાની નજરે ચડી ગયા છે. પ્રશાંત કિશોરે અશોક ચૌધરીએ તેમની સાંસદ પુત્રી શાંભવી ચૌધરી માટે અનેક હપ્તામાં લોકસભા ચૂંટણી ટિકિટ ખરીદવાનો, ૨૦૦થી ૫૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ એકઠી કરવાનો અને કોન્ટ્રાક્ટ પર ૫ ટકા કમિશન લેવાનો આરોપ લગાવ્યો છે. અશોક ચૌધરીએ શામ્ભવી ચૌધરી માટે ટિકિટ ખરીદી છે એવા આરોપો બદલ કોર્ટમાં દાવો દાખલ કર્યો છે અને બે વર્ષમાં ૨૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ એકઠી કરવાના આરોપ માટે ૧૦૦ કરોડ રૂપિયાની માનહાનિ નોટિસ પણ મોકલી છે. પ્રશાંત કિશોરે સોમવારે અશોક ચૌધરીને ચેતવણી આપી હતી કે જો તેઓ સાત દિવસમાં કેસ અને નોટિસ પાછી ખેંચી નહીં લે, તો તેઓ આગલી વખતે તેમની ૫૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ જાહેર કરશે. અશોક ચૌધરીએ કોન્ટ્રાક્ટ પર ૫ ટકા કમિશન લીધું, ૫૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ એકઠી કરી; પ્રશાંત કિશોરનો નવો આરોપ એક ડિજિટલ ચેનલ સાથેની વાતચીતમાં, અશોક ચૌધરીએ પ્રશાંત કિશોરના વિવિધ આરોપોને સંબોધિત કરતા આરોપ લગાવ્યો કે જન સૂરજ પાર્ટીના નેતા તેમના કરતા વધુ પ્રેમમાં છે. ચૌધરીએ કહ્યું, "કેટલાક લોકો બીજા કરતા વધુ પ્રેમમાં પડે છે, તો તમે શું કરી શકો ? પ્રેમ અને યુદ્ધમાં બધું જ વાજબી છે. અમારી પાસે આ પ્રકારનો પ્રેમ નથી. અમે રાજકીય લોકો છીએ, અમે રાજકીય લડાઈ લડીએ છીએ." અશોક ચૌધરી સામેના આરોપો નીતિશ કુમાર પર દબાણ વધારી રહ્યા છે અને હવે ઉપેન્દ્ર કુશવાહાએ પણ આ વાત કહી છે. ૨૨ ઓગસ્ટના રોજ, અશોક ચૌધરી રાષ્ટ્રીય લોકશાહી જોડાણ (NDA) કાર્યકર્તાઓના સંમેલનમાં હાજરી આપવા માટે દરભંગાના કુશેશ્વરસ્થાન ગયા. ત્યારથી, તેમના હેલિકોપ્ટર અને તેના ભંડોળ અંગે પ્રશ્નો ઉભા થયા છે. ચૌધરીએ જવાબ આપ્યો, "લોકો આ પચાવી શકતા નથી. દેશ બદલાઈ ગયો છે, દુનિયા બદલાઈ ગઈ છે, પરંતુ વિચારધારા બદલાઈ નથી. અશોક ચૌધરી બે દિવસ હેલિકોપ્ટર ચલાવતા રહ્યા, અને તેઓ પ્રખ્યાત બન્યા. લોકોને હજુ પણ દલિતને હેલિકોપ્ટર ચલાવવું ગમતું નથી." તેમણે કહ્યું કે જો તેઓ લાંબા સમય સુધી રાજકારણ ચાલુ રાખે અને દેશભરમાં મિત્રો બનાવે છે, તો તેમને પૈસા વિના, ફક્ત બે દિવસ માટે નહીં, એક મહિના માટે પણ હેલિકોપ્ટર મળશે. એમાં મોટી વાત શું છે? JDU અશોક ચૌધરી પાસેથી જવાબ માંગે છે; નીરજે તેજસ્વીને પ્રશાંત કિશોરના આરોપો વિશે પણ યાદ અપાવ્યું. વિધાનસભા ચૂંટણી લડવાના પ્રશ્ન પર, અશોક ચૌધરીએ કહ્યું કે તેમને બથ્થાં બથ્થીમાં મજા આવે છે. તેમણે કહ્યું, "જો કોઈ ઓર્ડર હોય, તો હું કેમ ન લડું? મેં હંમેશા ચૂંટણી લડી છે. મને બથ્થાં બથ્થીની મજા આવે છે. પાર્ટી મને જ્યાંથી કહેશે ત્યાંથી હું ચૂંટણી લડીશ." દલિત મુખ્યમંત્રી ઉમેદવારના પ્રશ્ન પર, અશોક ચૌધરીએ કહ્યું કે તેઓ પાર્ટી લાઈનને વળગી રહ્યા છે. એ નોંધનીય છે કે JDU એ નીતિશ કુમારને પોતાના મુખ્યમંત્રી ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે, જેના પર અન્ય NDA પક્ષો વચ્ચે સર્વસંમતિ છે.

# દલિત છોકરાના મૃત્યુનો મામલો : અનુસૂચિત જાતિ પેનલે ત્રણ દિવસમાં પોલીસ રિપોર્ટ માંગ્યો

## આયોગના અધ્યક્ષે કહ્યું કે મુખ્યમંત્રીએ આ મામલાની નોંધ લીધી છે

(એજન્સી) તા.૨

હિમાચલ પ્રદેશ અનુસૂચિત જાતિ પંચે શિમલા જિલ્લાના રોહરૂ સબડિવિઝનના લિંબડા ગામમાં ૧૨ વર્ષના દલિત છોકરાના મૃત્યુની નોંધ લીધી છે અને પોલીસને ત્રણ દિવસમાં આ કેસ અંગે વિગતવાર રિપોર્ટ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. આજે અહીં વિવિધ અનુસૂચિત જાતિ સંગઠનોના પ્રતિનિધિઓની હાજરીમાં યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આયોગના અધ્યક્ષ કુલદીપ ધીમાને કહ્યું કે ફરિયાદ નોંધાઈ ત્યારે પોલીસે SC/ST અત્યાચાર નિવારણ અધિનિયમ હેઠળ કેસ નોંધવો જોઈતો હતો. તેમણે ઉમેર્યું કે, "આ કાયદા હેઠળ કેસ નોંધવામાં નિષ્ફળતાને કારણે હિમાચલ પ્રદેશની હાઈકોર્ટે આરોપીને જામીન આપ્યા, જે ખૂબ જ ગંભીર અને ચિંતાજનક છે." ધીમાને કહ્યું કે ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે અને પીડિત પરિવારને કાનૂની જોગવાઈઓ અનુસાર વળતર આપવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે સામાજિક દુષણોને નાબૂદ કરવા માટે સામૂહિક પ્રયાસો જરૂરી છે અને ૨૧મી સદીમાં આવી ઘટનાઓ અત્યંત શરમજનક છે. આયોગે પોલીસને આ ઘટનામાં સામેલ અન્ય વ્યક્તિઓની સંપૂર્ણ તપાસ કરવા અને પીડિત પરિવારને સુરક્ષા પૂરી પાડવાનો પણ નિર્દેશ આપ્યો હતો. ધીમાને કહ્યું હતું કે મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ આ બાબતની નોંધ લીધી છે અને ગુનેગારોને ન્યાય અપાવવા માટે નક્કર પગલાં લેવામાં આવી રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે કમિશન રાજ્યમાં આવા કેસોનું સતત નિરીક્ષણ કરી રહ્યું છે અને કોઈપણ વ્યક્તિ સીધી ફરિયાદ નોંધાવી શકે છે. આયોગના સભ્યો વિજય ડોગરા અને દિગ્વિજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે આવી ઘટનાઓ ફરી ન બને તે માટે ગુનેગારોને બક્ષવામાં આવશે નહીં. ડીઆઈજી (કાયદો અને વ્યવસ્થા) રંજના ચૌહાણે જણાવ્યું હતું કે એફઆઈઆર નોંધવામાં આવી છે અને ડીએસપી, રોહરૂ, કેસની તપાસ કરી રહ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે એફઆઈઆરમાં એક મહિલાનું નામ આપવામાં આવ્યું છે અને અન્ય આરોપીઓની ઓળખ કરવામાં આવી રહી છે.

# 'નો હેન્ડશેક' : ભારતની મહિલા ટીમ પણ પાકિસ્તાન ટીમ સાથે હાથ નહીં મિલાવે

તા.૨

દુબઈમાં યોજાયેલા એશિયા કપ દરમિયાન ભારતીય પુરૂષ ક્રિકેટ ટીમે જે દાખલો બેસાડ્યો હતો, તેને અનુસરીને, હરમનપ્રીત કૌર અને

**વુમન્સ વર્લ્ડ કપ**




તેની ટીમ પણ ૫મી ઓક્ટોબરે કોલંબોમાં પાકિસ્તાનના ખેલાડીઓ સાથેની વુમન્સ વર્લ્ડ કપની ટક્કર દરમિયાન હાથ મિલાવવાની પ્રથામાં જોડાશે નહીં. ભારત-પાકિસ્તાન ક્રિકેટ સંબંધો સૌથી નીચા સ્તરે હોવાથી, દુબઈમાં પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના વડા મોહસિન નકવીએ સૂર્યકુમાર યાદવને વિજેતા ટ્રોફી આપવાનો ઈન્કાર કર્યા પછી તણાવ વધુ વધી ગયો હતો. (આ પહેલા, ભારતીય પુરૂષ ટીમે પણ પાકિસ્તાની પ્રતિનિધિ પાસેથી ટ્રોફી સ્વીકારવાનો ઈન્કાર કર્યો હતો). એક વરિષ્ઠ BCCI સૂત્રએ PTIને નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, "BCCI સરકારની સાથે છે અને ટોસ વખતે પ્રથા મુજબ હાથ મિલાવવામાં આવશે નહીં, મેચ રેફરી સાથે કોઈ ફોટો-શૂટ થશે નહીં, અને મેચના અંતે પણ હાથ મિલાવવામાં આવશે નહીં. પુરૂષોની ટીમ દ્વારા અનુસરવામાં આવેલી નીતિ મહિલા ટીમ દ્વારા પણ લાગુ કરવામાં આવશે." કોલંબોમાં ટોસ કોણ રજૂ કરે છે તે પણ ધ્યાનથી જોવામાં આવશે, કારણ કે અપેક્ષા છે કે તે કોઈ તટસ્થ દેશના ભૂતપૂર્વ ખેલાડી અથવા પંડિત હશે. આ વાતાવરણ ૨૦૨૨માં ન્યૂઝીલેન્ડમાં યોજાયેલા ODI વર્લ્ડ કપથી તદ્દન વિપરીત હશે, જ્યાં ભારતીય ખેલાડીઓ બિસ્માહ મારુફની નાની પુત્રી પર વહાલ વરસાવતા હોય તેવી તસવીરો વાયરલ થઈ હતી. આ વખતે, હરમનપ્રીત કૌર અને પાકિસ્તાનની કેપ્ટન ફાતિમા સના વચ્ચે સામાન્ય સૌજન્યની આપ-લે થવાની પણ શક્યતા ઓછી છે.

# વુમન વર્લ્ડ કપ : ઓસ્ટ્રેલિયાએ ન્યૂઝીલેન્ડ પર ૮૯ રનથી જીત મેળવી ટાઈટલને જીતવા મજબૂત શરૂઆત

તા.૨

અનુભવી ઓલરાઉન્ડર એશ્લે ગાર્ડનર (૧૧૫) ની સદી અને ત્યારબાદ શાનદાર બોલિંગ પ્રદર્શનના કારણે ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાએ બુધવારે ઈન્દોરમાં ICC મહિલા ODI વર્લ્ડ કપની શરૂઆતની મેચમાં ન્યુઝીલેન્ડને ૮૯ રનથી હરાવ્યું. ગાર્ડનરની બીજી ODI સદીના કારણે ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધા બાદ શરૂઆતના પરાજયમાંથી બહાર નીકળવામાં મદદ કરી, ૪૯.૩ ઓવરમાં ૩૨૬ રનનો વિશાળ સ્કોર બનાવ્યો. લક્ષ્યનો પીછો કરતા, ન્યૂઝીલેન્ડની ટીમ કેપ્ટન સોફી ડેવાઈન (૧૧૧ રન, ૧૧૨ બોલ) ની શાનદાર ઈનિંગ છતાં ૪૩.૨ ઓવરમાં ૨૩૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. ઓસ્ટ્રેલિયાની ઉત્તમ બોલિંગે આમાં મુખ્ય ભૂમિકા ભજવી. ઝડપી બોલરો એનાબેલ સધરલેન્ડ (૩/૨૬) અને અલાના કિંગ (૨/૪૪) અને સ્પિન જોડી સોફી મોલિનેક્સ (૩/૨૫) એ ઓસ્ટ્રેલિયા માટે શાનદાર પ્રદર્શન કર્યું. ન્યૂઝીલેન્ડે બીજા ઓવરમાં જ પોતાની બંને ઓપનર બેટ્સમેન સુઝી બેટ્સ અને જ્યોર્જિયા પ્લિમરને એક પણ રન બનાવ્યા વિના ગુમાવી દીધી. બેટ્સને મોલિનાઉએ બોલ્ડ કરી દીધી, જ્યારે પ્લિમર રન આઉટ થઈ ગયો. ત્યારબાદ અમેલિયા કેર અને ડિવાઈને ઈનિંગ્સને સ્થિર કરી, પરંતુ ટીમ શરૂઆતના પતનમાંથી બહાર આવી શકી નહીં. ડિવાઈને અમેલિયા કેર (૩૩) સાથે ત્રીજી વિકેટ માટે ૭૫ રન, બ્રુક હેલિડે (૨૮) સાથે ચોથી વિકેટ માટે ૫૨ રન અને ઈસાબેલા ગેજ (૨૮) સાથે છઠ્ઠી વિકેટ માટે ૫૪ રન ઉમેર્યા. તે પૂરતું ન હતું, અને ડિવાઈનના આઉટ થયા પછી ટીમ ઝડપથી પડી ભાંગી. અગાઉ, ગાર્ડનરે સદી ફટકારીને ઓસ્ટ્રેલિયાને ૩૨૬ રનના વિશાળ સ્કોર સુધી પહોંચાડવામાં મદદ કરી. તેની ઈનિંગ્સ દરમિયાન, ગાર્ડનરે ૮૩ બોલનો સામનો કર્યો, જેમાં ૧૬ ચોગ્ગા અને એક છગ્ગા ફટકાર્યા. તેમના સિવાય, ફોબી લિચફિલ્ડે ૪૫ રન, કિમ ગાર્થે ૩૮ રન અને એલિસ પેરીએ ૩૩ રનનું યોગદાન આપ્યું. ન્યુઝીલેન્ડ તરફથી જેસ કેર અને લી તાહુહુએ ત્રણ-ત્રણ વિકેટ લીધી જ્યારે બ્રી એલિંગ અને અમેલિયા કેરે બે-બે વિકેટ લીધી. ગાર્ડનર ૧૯મી ઓવરમાં ક્રીઝ પર આવી, જ્યારે ઓસ્ટ્રેલિયાનો સ્કોર ચાર વિકેટે ૧૧૩ રન હતો. તેણીએ માત્ર ૭૭ બોલમાં પોતાની બીજી ODI સદી ફટકારી અને ટીમના મોટા સ્કોરનો પાયો નાખ્યો.

# આંધ્રપ્રદેશમાં ભયાનક ઘટના : પોતાને વન અધિકારીઓ તરીકે ઓળખાવી ચિત્તૂરમાં દલિત છોકરી પર ૩ પુરૂષો દ્વારા ગેંગરેપ; ૨ની ધરપકડ, ૧ ફરાર

## કથિત રીતે, આરોપીઓની ઓળખ ૨૧ વર્ષીય એમ. મહેશ, ૩૧ વર્ષીય પી. કિશોર અને ૨૭ વર્ષીય જે. હેમંત પ્રસાદ તરીકે થઈ છે, જે બધા ચિત્તૂરના રહેવાસી છે

(એજન્સી) ચિત્તૂર, તા.૨

આંધ્રપ્રદેશના ચિત્તૂરમાંથી એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. પોલીસે બે પુરૂષોની ધરપકડ કરી હતી, જેમણે ગયા અઠવાડિયે પોતાને વન વિભાગના અધિકારીઓ તરીકે ઓળખાવી એક સગીર છોકરી પર ગેંગરેપ કર્યો હતો અને ફરાર બીજા એક વ્યક્તિની શોધખોળ શરૂ કરી છે.

અહેવાલ મુજબ, આરોપીની ઓળખ ૨૧ વર્ષીય એમ. મહેશ, ૩૧ વર્ષીય પી. કિશોર અને ૨૭ વર્ષીય જે. હેમંત પ્રસાદ તરીકે થઈ છે, જે બધા ચિત્તૂરના રહેવાસી છે. બે આરોપીઓ, કિશોર અને મહેશને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે, જ્યારે ત્રીજા આરોપીને શોધવા માટે શોધખોળ ચાલી રહી છે. પોલીસના જણાવ્યા મુજબ, મહેશ અને કિશોર પરિણીત છે અને તેમને બાળકો છે.

શાસક તેલુગુ દેશમ પાર્ટી (TDP)એ દાવો કર્યા બાદ રાજ્યમાં રાજકીય તોફાન મચી ગયું છે કે આરોપીઓ વિપક્ષી યુવાજન શ્રમિકા રાયથુ કોંગ્રેસ પાર્ટી (YSRCP)ના સભ્યો છે. YSRCPએ દાવો કર્યો છે કે આરોપીઓ TDP સાથે જોડાયેલા છે.

મીડિયાના અહેવાલ મુજબ, ત્રણેય વ્યક્તિઓ લોન વસૂલાત એજન્ટ હતા. તેઓએ પહેલા તેને અને તેના મિત્રને પકડી લીધા હતા અને તેની સોનાની ચેઈન છીનવી લીધી હતી. મીડિયાના અહેવાલ મુજબ, સગીર છોકરી દલિત સમુદાયની સભ્ય છે. સગીર છોકરીના મિત્રને પણ ત્રણેય દ્વારા માર મારવામાં આવ્યો હતો.

તાલુકા પોલીસે છોકરીના મિત્ર દ્વારા આપવામાં આવેલી માહિતીના આધારે ૨૯ સપ્ટેમ્બરની રાત્રે FIR નોંધી હતી.

અહેવાલ મુજબ, પીડિતાનો પરિવાર શરૂઆતમાં ફરિયાદ નોંધાવવામાં ખચકાટ અનુભવતો હતો, પરંતુ એક ખાસ ટીમે તેમને શોધી કાઢ્યા અને ન્યાય મેળવવા માટે સમજાવ્યા.

આરોપીઓ પર POCSO એક્ટ, SC/ST (અત્યાચાર નિવારણ) એક્ટ અને ભારતીય ન્યાય સંહિતા (BNS)ની અન્ય સંબંધિત જોગવાઈઓ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

**ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ**

Established under the Waqf Act, 1995
Constituted by the Government of Gujarat
under Waqf Act, 1995 (Central Act - 43 of 95)

ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નંબર ૮, ભોંયતળિયે, જૂના સચિવાલય, સેક્ટર-૧૦, ગાંધીનગર

વક્ફ અધિનિયમ-૧૯૯૫ અને વક્ફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ-૩૬

વિષય :- **"મદ્રેસા-એ-તાલીમુલ ઈસ્લામ ટ્રસ્ટ - સુરત"**

ઉપરોક્ત જણાવેલ વક્ફના મુતવલ્લી **ખીલજી અલ્લાઉદ્દીન ઈબ્રાહીમભાઈ, મુ.સુરત, બોમ્બે માર્કેટ, જિ. સુરત**નાઓએ મજકુર વક્ફના ઉદ્દેશો પૂર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલકત / જંગમ મિલકત વક્ફ અધિનિયમ ૧૯૯૫ અને વક્ફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમૂનામાં દરખાસ્ત કરેલ છે. જે મિલકતની વિગત નીચે મુજબ છે.

| ગામ/મુ.પો./ઠે. | તાલુકો અને જિલ્લો | મિલકતનો પ્રકાર | જંગમ મિલકત |
|---|---|---|---|
| મુ.પો. ઉમરવાડા | જિ. સુરત | જંગમ મિલકત | રૂા.૫,૦૦,૦૦૦ (પાંચ લાખ) વક્ફ ખત દ્વારા રજૂ કરેલ છે. |

ઉક્ત જણાવેલ જંગમ મિલકત વક્ફ અધિનિયમ- ૧૯૯૫ અને વક્ફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ આ સંબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધા સૂચનો હોય તો તે દિન-૭માં ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ, ગાંધીનગરની કચેરીને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમય મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહીં મળે તો ઉક્ત જણાવેલ વક્ફના વક્ફ અધિનિયમ ૧૯૯૫ અને વક્ફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સહી/-
(એમ.એ. શેખ)
કચેરી અધિક્ષક,
ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ, ગાંધીનગર.

# ટ્રમ્પની ગાઝા યોજનાને મોદી સમર્થન આપે છે ત્યારે જયરામ રમેશે મૂળભૂત રીતે ખલેલ પહોંચાડનારા પ્રશ્નો ઉઠાવ્યા

## યુદ્ધવિરામ અને રહેવાની પરવાનગી ઉપરાંત આ યોજના પેલેસ્ટીનીઓને કંઈ નોંધપાત્ર ઓફર કરતી નથી

(એજન્સી) તા.૨

કોંગ્રેસના નેતા જયરામ રમેશે જણાવ્યું હતું કે, "ગાઝા માટે ટ્રમ્પ શાંતિ યોજના મૂળભૂત અને ખલેલ પહોંચાડનારા પ્રશ્નો ઉભા કરે છે જેને ભારત અવગણી શકે નહીં," રમેશે ૨૦-મુદ્દાના પ્રસ્તાવને ટીકા વિના સમર્થન આપવામાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ઉતાવળની પણટીકા કરી હતી. કોંગ્રેસના મહાસચિવે દલીલ કરી હતી કે મોદીએ "તેમના સારા મિત્ર રાષ્ટ્રપતિ ટ્રમ્પને ખુશ કરવા" અને ઇઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહૂ સાથે એકતા દર્શાવવાની યોજનાનું સ્વાગત કર્યું છે. જોકે, રમેશે કહ્યું કે, આ યોજના પેલેસ્ટીની લોકોની આકાંક્ષાઓ અને અધિકારોને સંબોધવામાં નિષ્ફળ જાય છે.

**X પર એક પોસ્ટમાં, રમેશે સ્પષ્ટપણે પૂછ્યું,**

- પ્રસ્તાવિત શાસન વ્યવસ્થામાં ગાઝાના લોકો પોતે ક્યાં છે?
- પૂર્ણ પેલેસ્ટીની રાજ્ય અસ્તિત્વમાં આવવાનો રોડમેપ ક્યાં છે ?
- અમેરિકા અને ઇઝરાયલ પેલેસ્ટિનિયન રાજ્યના દરજ્જાને ક્યાં સુધી અવગણશે - જેને યુએનના ૧૫૭ સભ્ય દેશો દ્વારા માન્યતા આપવામાં આવી છે, જેમાં નવેમ્બર ૧૯૮૮ માં ભારતે આગેવાની લીધી હતી ?
- છેલ્લા વીસ મહિનામાં ગાઝામાં થયેલા નરસંહાર માટે જવાબદારી ક્યાં છે?

જયરામ રમેશે મોદીની "ગાઝામાં હજારો નાગરિકોની હત્યા પર સંપૂર્ણ મૌન" રાખવા બદલ પણ ટીકા કરી હતી, તેને અત્યંત નૈતિક કાયરતા અને ભારત જે માટે ઊભા છે તેના પ્રત્યે સંપૂર્ણ વિશ્વાસઘાત ગણાવ્યો હતો. નિરીક્ષકોએ ટ્રમ્પ યોજનાની વ્યાપક ટીકા કરી છે કારણ કે તે ઇઝરાયલના હિતોને પૂર્ણ કરવા માટે રચાયેલ છે. જ્યારે તે પેલેસ્ટિનિયનોને કામચલાઉ યુદ્ધવિરામ આપે છે અને તેમને ગાઝામાં રહેવાની મંજૂરી આપે છે, એના સિવાય આ યોજના તેમને બીજું કંઈ આપતી નથી. હમાસે વિસ્થાપન કરવું પડશે, ગાઝાને ટ્રમ્પના નેતૃત્વ હેઠળ અને ટોની બ્લેર દ્વારા સંચાલિત સંક્રમણકારી શાસન સંસ્થાને સોંપવામાં આવશે અને આંતરરાષ્ટ્રીય સ્થિરીકરણ દળ સુરક્ષાને નિયંત્રિત કરશે. પેલેસ્ટીની ઓથોરિટી પાસે પણ કોઈ અર્થપૂર્ણ અભિપ્રાય રહેશે નહીં, જ્યારે ઇઝરાયલ "સુરક્ષા પરિમિતિ" જાળવી રાખશે અને શાસનના મુખ્ય પાસાઓ પર નિયંત્રણ રાખવાનું ચાલુ રાખશે. મીડિયામાં પ્રકાશિત એક વિશ્લેષણમાં કહેવામાં આવ્યું છે કે ગાઝા માટે ટ્રમ્પની શાંતિ યોજના શાંતિ યોજના સિવાય કંઈ પણ નથી. તે ઇઝરાયલ માટે રચાયેલ છે જેથી તે ગાઝામાં બે વર્ષના વિનાશક યુદ્ધ પછી પણ લશ્કરી રીતે પ્રાપ્ત કરવામાં નિષ્ફળ રહેલા ઉદ્દેશ્યોને પૂર્ણ કરી શકે. જ્યારે તે યુદ્ધવિરામના રૂપમાં ઇઝરાયલની દૈનિક હિંસાથી પેલેસ્ટીનીને ટૂંકી રાહત આપે છે અને પુષ્ટિ આપે છે કે તેમને ગાઝા છોડવાની ફરજ પાડવામાં આવશે નહીં જે ટ્રમ્પના અગાઉના નિવેદનથી યુ-ટર્ન છે જેને ઇઝરાયલના કટ્ટરપંથીઓ અસ્વીકાર્ય માને છે - આ એકમાત્ર છૂટછાટો હોય તેવું લાગે છે. યુદ્ધવિરામ અને રહેવાની પરવાનગી ઉપરાંત, આ યોજના પેલેસ્ટીનીને કંઈપણ નોંધપાત્ર ઓફર કરતી નથી. જો હમાસ પ્રસ્તાવ સ્વીકારે છે, તો તેણે ગાઝામાંથી વિખેરાઈ જવું પડશે અને ટ્રમ્પના નેતૃત્વ હેઠળ અને ટોની બ્લેર દ્વારા સંચાલિત શાંતિ બોર્ડ દ્વારા નિયંત્રિત સંક્રમણકારી સંચાલક મંડળને સોંપવું પડશે. સુરક્ષા માટે આંતરરાષ્ટ્રીય સ્થિરીકરણ દળ તૈનાત કરવામાં આવશે. વાસ્તવમાં, ગાઝાને નવા વસાહતી શૈલીના વહીવટ હેઠળ લાવવામાં આવશે. પેલેસ્ટીની ઓથોરિટીની પણ કોઈ અર્થપૂર્ણ ભૂમિકા રહેશે નહીં. બોર્ડ ભંડોળનું નિયંત્રણ કરશે, ISF સુરક્ષાનું સંચાલન કરશે અને ઇઝરાયલ બધા નિર્ણયો પર વીટો પાવર જાળવી રાખશે. હકીકતમાં, ઇઝરાયલી સૈનિકો ખૂણાની આસપાસ જ રહેશે - કારણ કે આ યોજના ઇઝરાયલને "સુરક્ષા પરિમિતિ" જાળવી રાખવાની મંજૂરી આપે છે. નેતાન્યાહૂએ તાજેતરમાં જ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પુનરાવર્તન કર્યું છે કે IDF પાછી ખેંચશે નહીં અને કોઈ પેલેસ્ટીની રાજ્ય રહેશે નહીં. જો ટ્રમ્પ યોજના - જે POTUS માને છે કે નોબેલ શાંતિ પુરસ્કાર લાયક છે - અમલમાં મૂકવામાં આવશે, તો હમાસને વિખેરી નાખવામાં આવશે, ગાઝાને વસાહતી વહીવટ હેઠળ મૂકવામાં આવશે, ઇઝરાયલી સૈનિકો ગાઝાના કેટલાક ભાગો પર કબજો કરવાનું ચાલુ રાખશે અને કોઈ પેલેસ્ટીની રાજ્ય સ્થાપિત થશે નહીં. વધુમાં, તે નરસંહારના આરોપો પર વૈશ્વિક સ્તરે અલગ પડેલા ઇઝરાયલને પ્રાદેશિક વાતાવરણમાં ફરીથી એકીકૃત થવામાં મદદ કરશે. પાકિસ્તાનના વડાપ્રધાન શેહબાઝ શરીફ અને તેમના ભારતીય સમકક્ષ નરેન્દ્ર મોદી સહિત વિશ્વ નેતાઓએ આ યોજનાનું સ્વાગત કર્યું છે જે વિશ્લેષકો કહે છે કે કોઈ આંતરિક લાયકાત રાખવાને બદલે મોટાભાગે ટ્રમ્પને ખુશ કરવા અને રાજદ્વારી કારણોસર બનાવવામાં આવી હતી. ઘણા નિરીક્ષકો શંકા રાખે છે કે તે ક્યારેય સંપૂર્ણપણે અમલમાં આવશે. દરમિયાન, પ્રસ્તાવ પર હમાસના પ્રતિભાવની રાહ જોવાઈ રહી છે, ત્યારે ગ્લોબલ સુમુદ ફ્લોટિલા ઇઝરાયલ દ્વારા ગાઝા પર સમુદ્રી નાકાબંધી તોડવા માટે આગળ વધી રહ્યું છે. અને ઇઝરાયલે ગઈકાલે રાત્રે તેના પર હુમલો કરી દીધો હોવાના અહેવાલ છે... જે નેતાન્યાહૂના યુદ્ધવિરામ પ્રસ્તાવની 'સ્વીકૃતિ' માટે ચોક્કસ અર્થઘટન મૂકે છે.



# કેટલા ગેરકાનૂની વસાહતી છે ? બિહારમાં SIRની કવાયત પરિપૂર્ણ થઈ પરંતુ આ પાંચ પ્રશ્નોના ઉત્તર હજુ મળ્યા નથી

## ચૂંટણી પંચે સઘન મતદાર યાદી પરીક્ષણની અંતિમ તબક્કાની કામગીરી પૂરી કરીને મતદારોની યાદી પણ બહાર પાડી દીધી છે, નવી બહાર પાડેલી મતદાર યાદીમાંથી ૪૭ લાખ મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા છે; એ નામો દૂર કરવા વિશેના કોઈ કારણો સ્પષ્ટ રીતે ચૂંટણી પંચે જાહેર કર્યા નથી, દસ્તાવેજો ઓછા હોવાથી નામો હટાવ્યા કે નવા મતદારો કેટલા સામેલ થયા અને ગેરકાનૂની વિદેશી વસાહતીઓની સંખ્યા કેટલી રહી એ વિશે પણ કોઈ મહત્ત્વની માહિતી આપવામાં આવી નથી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

બિહારમાં ખૂબ જ વિવાદ જગાવનાર સઘન મતદાર યાદી સુધારણાની કવાયત ચૂંટણી પંચે ૩૦મી સપ્ટેમ્બરના રોજ પૂરી કરી દીધી છે અને જાહેર કરવામાં આવેલી સુધારેલી મતદાર યાદી પરથી એવું જાણવા મળ્યું છે કે રાજ્યમાં કુલ મતદારોની સંખ્યામાં લગભગ ૬%નો ઘટાડો થયો છે એટલે કે ૪૭ લાખ નામો કાઢી નાખવામાં આવ્યા છે. ચૂંટણીપંચનું કેવું છે કે બિહારની એસઆઈઆર કવાયત દરમિયાન ૬૮.૬૬ લાખ મતદારોના નામો દૂર કરવામાં આવ્યા છે અને નવા ૨૧.૫૩ લાખ મતદારોના નામો સામેલ કરવામાં આવ્યા છે. આટલી મોટી સંખ્યામાં મતદારોના નામ શું કામ કાઢી નાખવામાં આવ્યા એ વિશે પંચ કોઈ સ્પષ્ટતા કરતું નથી. ફોર્મ નંબર ૬ મારફત સામેલ કરવામાં આવ્યા એ ૨૧.૫૩ લાખ મતદારો બિલકુલ નવા છે કે સુધારેલી યાદીનો ડ્રાફ્ટ જાહેર થયા પછી વાંધા અને દાવા રજૂ કરનાર મતદારોના નામ પણ સામેલ છે કે કેમ એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું નથી. નવી સુધારેલી યાદીના ડ્રાફ્ટમાં જોવા મળેલા ૩.૬૬ લાખ નામો અંતિમયાદીમાંથી શું કામ કાઢી નાખવામાં આવ્યા અને કેટલા મતદારો દસ્તાવેજો પૂરા કરી ન શક્યા એટલે એમના નામો નીકળી ગયા તેની પણ કોઈ માહિતી આપવામાં આવી નથી. મતદાર યાદીમાં કેટલા વિદેશી ગેરકાનૂની મતદારોના નામ હતા તેની સંખ્યા પણ પંચ બતાવતું નથી એટલે અનેક સવાલો આખરી યાદી પછી ઊભા થઈ ગયા છે જેના જવાબ હજી સુધી મળ્યા નથી. ૪૭ લાખ નામ શું કામ દૂર કરવામાં આવ્યા તેના પણ કારણો દર્શાવવામાં આવ્યા નથી. પંચની યાદીમાં માત્ર એટલું કહ્યું છે કે જે લોકોના નામ દૂર કરાયા છે તેમાં મૃતક મતદારો અથવા તો સ્થળાંતરિત મતદારો અને એકથી વધુ જગ્યાએ જેમના નામો છે એવા મતદારોના નામો દૂર કરવામાં આવ્યા છે. પેલી ઓગસ્ટના રોજ જે ડ્રાફ્ટ જાહેર કરાયો તેમાં દર્શાવાયું હતું કે ૬૫ લાખ નામો દૂર કરવામાં આવ્યા છે અને તેનું વિવરણ પણ અપાયું હતું. ૨૨ લાખ મતદારો મૃત્યુ પામ્યા છે એટલે નામ દૂર કરાયા છે જ્યારે ૩૬ લાખ સ્થળાંતર કરી ગયા છે અને એમનું બીજું સરનામું મળ્યું નથી અને સાત લાખ નામ એવા હટાવ્યા છે જેમના નામો એકથી વધુ જગ્યાએ મતદાર તરીકે નોંધાયેલા હતા. ચૂંટણી પંચે માત્ર એટલું કહ્યું છે કે એસઆઈઆર કવાયત શરૂ થઈ ત્યારે મતદાર યાદીમાં ૭.૮૯ કરોડ મતદારોના નામ હતા એટલે હવે કવાયત પછી ૬૫ લાખ જેટલા નામો નીકળી ગયા હોવાથી હવે મતદારોની સંખ્યા ઘટીને ૭.૨૪ કરોડ થઈ ગઈ છે અને હવે ફરી અંતિમયાદીમાં એ સંખ્યા વધારીને બતાવવામાં આવી છે અને અંતિમયાદીમાં કુલ ૭.૪૨ કરોડ મતદારોના નામો બતાવ્યા છે. મતદાર યાદીના ડ્રાફ્ટ જે ૩૦ સપ્ટેમ્બરે જાહેર કરવામાં આવ્યો હતો તેમાં ૩.૬૬ લાખ એવા મતદારોના નામો દૂર કરાયેલું દર્શાવ્યું છે જે મતદારોને અયોગ્ય લાગ્યા પછી તેમના નામો કાઢવામાં આવ્યા હતા. પરંતુ આ મતદારો એટલે કે ૩.૬૬ લાખના નામો ડ્રાફ્ટમાં તો બતાવવામાં આવ્યા હતા અને માત્ર બે મહિના પછી આખરી યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા તેનું શું કારણ એ પણ જાહેર કરાયું નથી. તો શું આ લોકો એટલે કે આટલા મતદારો યોગ્ય પુરાવાને દસ્તાવેજો વગર જ ડ્રાફ્ટમાં સામેલ કરવામાં આવ્યા હતા અને પછી દસ્તાવેજો આપી શક્યા હોવાથી તેમને હટાવી દેવાયા હતા કે કેમ એ પણ સ્પષ્ટ નથી. ફોર્મ નંબર ૬ એ માત્ર નવા મતદારો માટે જ ઉપયોગમાં લેવાય છે પણ જે નવા મતદારો તરીકે સામેલ બતાવ્યા છે એ ખરેખર નવા છે કે ડ્રાફ્ટ જાહેર થયા પછી વાંધા રજૂ કરનાર અને દાવા કરનાર મતદારોના નામો પણ સામેલ છે એ પણ સ્પષ્ટ નથી. ત્રણ મહિના સુધી ચાલેલી કવાયતમાં ચૂંટણી પંચે કેટલા નવા મતદારો ઉમેરાયા છે તેની સંખ્યા પણ આપી નથી. જે ૪૭ લાખ મતદારોના નામો આખરી યાદીમાંથી દૂર કરાયા છે એ ત્રણ મહિના પહેલા મત આપવાને પાત્ર લાગ્યા હતા. તો એમને જરૂરી દસ્તાવેજો ન મળવાથી કાઢવામાં આવ્યા છે કે કેમ એ પણ સ્પષ્ટ નથી. ૨૪ જૂને કવાયત શરૂ કરતી વખતે ચૂંટણી પણ છે એવું કહ્યું હતું કે પેલી જુલાઈ ૧૯૮૭ પહેલા જન્મેલા લોકોએ એમની જન્મ તારીખનું પ્રમાણપત્ર અને જન્મસ્થળનું પ્રમાણપત્ર પણ આપવાનું રહેશે. ૧ જુલાઈ ૧૯૮૭થી ૨ ડિસેમ્બર ૨૦૦૪ની વચ્ચે જન્મેલા લોકોએ એમની જન્મતારીખનું અને માતા અને પિતાની જન્મ તારીખનું તથા જન્મસ્થળનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. બીજી ડિસેમ્બર ૨૦૦૪ પછી જન્મેલા લોકોએ તેમની જન્મ તારીખ અને જન્મ સ્થળના પુરાવાની સાથે તેમના માતા પિતાની જન્મ તારીખ અને જન્મ સ્થળનું પ્રમાણપત્ર પણ આપવાનું રહેશે. એવું પંચ દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. બીજી તરફ ચૂંટણી પંચે મતદાર યાદીમાં નામની પાત્રતા માટે ૧૧ દસ્તાવેજો નક્કી કર્યા હતા તેમાં આધાર કાર્ડ અને રેશનકાર્ડ અને આઈડી કાર્ડ જેવા આસાનીથી પ્રાપ્ત થતા દસ્તાવેજો સામેલ કરવામાં આવ્યા નહોતા એટલે મોટી સમસ્યા ઊભી થઈ હતી અને મોટી સંખ્યામાં લોકો નીકળી જવાની આશંકા ઉભી થઈ હતી. જે ૧૧ દસ્તાવેજો ચૂંટણી પંચ દ્વારા માંગવામાં આવ્યા હતા તેમાં જન્મ તારીખ કે જન્મ સ્થળના પ્રમાણપત્ર નહોતો ઉલ્લેખ જ નહોતો. કેમ કે અદાલતની દરમિયાનગીરી પછી જ ચૂંટણી પંચ આધાર કાર્ડ સ્વીકારવા તૈયાર થયું હતું અને એ માટે સુપ્રીમ કોર્ટે પંચને આદેશ આપવો પડ્યો હતો. કેટલા વિદેશી ગેરકાનૂની વસાહતીઓ હતા તે વિશેનો આંકડો અપાયો નથી. કવાયત પહેલા પંચ એવું કહેતું હતું કે મોટી સંખ્યામાં નેપાળ તથા મીયામાર અને બાંગ્લાદેશથી આવીને વસી ગયેલા ગેરકાયદે વસાહતીઓના નામો મતદારયાદીઓમાં હોવાથી કવાયત કરવી પડી છે પણ આવા કેટલા ગેરકાનૂની વસાહતી હોતા તે લોકોએ આંકડો પણ આપવામાં આવ્યો નથી.




# કરૂર ભાગદોડ : ભાજપ વિજય પ્રત્યે નરમ કેમ છે ?

## આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની હોવાથી ભાજપ તમિલનાડુમાં હાંસિયામાં ધકેલાઈ ન જાય તે માટે ઉત્સુક છે. અન્નામલાઈ પાર્ટીને એક મજબૂત વિપક્ષ તરીકે રજૂ કરવા માંગે છે જે ડીએમકેને જવાબદાર ઠેરવે છે. તે જ સમયે તે વિજય સાથે તલવારો લડાવી શકે તેમ નથી

(એજન્સી) તા.૨

કરૂર ભાગદોડ બાદ કે અન્નામલાઈ ડીએમકે સરકારની ટીકા કરવામાં શૂરા રહ્યા છે, જેમાં ૪૧ લોકોનાં મોત થયા હતા. પરંતુ દુર્ઘટના પછીના તેમના નિવેદનોમાં, એક સ્પષ્ટ બાદબાકી છે. ભાજપના નેતાએ સુપરસ્ટાર વિજય, ટીવીકેના વડા અને રેલીમાં મુખ્ય આકર્ષણ જ્યાં લોકો ભીડનો ભોગ બન્યા હતા તેના પર લગભગ કોઈ સીધો દોષ મૂક્યો નથી. ભાગદોડ પછીના દિવસોમાં, અન્નામલાઈ ભાજપની પ્રતિક્રિયામાં મોખરે હતા. તે હોસ્પિટલમાં પીડિતોને મળ્યા, મૃતકોના દરેક પરિવાર માટે રૂ.૧ લાખનું વળતર જાહેર કર્યું અને ઉચ્ચ-શક્તિશાળી ભાજપ તથ્ય-શોધ પેનલ સાથે ગયા જેમાં સાંસદ હેમા માલિની, અનુરાગ ઠાકુર અને તેજસ્વી સૂર્યાનો સમાવેશ થતો હતો. પરંતુ શોકગ્રસ્ત પરિવારોએ મુખ્યત્વે તેમની પાસેથી સાંત્વના માંગી, જે લોકોમાં તેમના કદ અને લોકપ્રિયતાનો સંકેત હતો. સોશિયલ મીડિયા પર, સમર્થકોએ તેમની પ્રશંસા "એકમાત્ર સમજદાર, પ્રતિભાશાળી અને શક્તિશાળી નેતા જે કોઈપણ મુદ્દાને તથ્યો સાથે ઉકેલી શકે છે" તરીકે કરી. કરૂર દુર્ઘટના અન્નામલાઈ માટે તેમના ફાયરબ્રાન્ડ વ્યક્તિત્વને પ્રદર્શિત કરવાનો એક મંચ બની ગઈ છે, જે ગઠબંધન રાજકારણને ધ્યાનમાં રાખીને નરમ પડી ગઈ હોય તેવું લાગતું હતું. પરંતુ દ્વિભાજન સ્પષ્ટ છે : તેઓ ડીએમકે સાથે સમાધાનકારી નથી, છતાં વિજય મોટાભાગે તેમના તાપથી બચી ગયા છે. ૨૭ સપ્ટેમ્બરના રોજ, ભાગદોડના કલાકો પછી, અન્નામલાઈએ સ્ટાલિન સરકાર પર "ઘોર બેદરકારી"નો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે શાસક પક્ષ સલામત સ્થળ ફાળવવા અને વિશાળ ભીડનું સંચાલન કરવાની તેની મૂળભૂત ફરજમાં નિષ્ફળ ગયો છે. તેમણે આરોપ લગાવ્યો કે, "ડીએમકે સરકાર, જે ડીએમકે સભ્યો દ્વારા આયોજિત મેળાવડાઓ માટે સુરક્ષા પૂરી પાડવા માટે સમગ્ર જિલ્લા પોલીસ દળ તૈનાત કરે છે, તેણે વિરોધ પક્ષો દ્વારા યોજાતા કાર્યક્રમો માટે પૂરતી સુરક્ષા વ્યવસ્થા પૂરી પાડવામાં નિષ્ફળ રહેવાની આદત બનાવી દીધી છે." અન્નામલાઈએ દલીલ કરી હતી કે અપેક્ષિત મતદાનનું મૂલ્યાંકન કરવું, યોગ્ય સ્થળ પસંદ કરવું અને પૂરતા કર્મચારીઓ તૈનાત કરવા પોલીસની જવાબદારી છે. તેમણે આ દુર્ઘટના અપૂરતી સુરક્ષા, નબળા ભીડ નિયંત્રણ અથવા અચાનક વીજળી ગુલ થવાના કારણે થઈ હતી કે કેમ તે નક્કી કરવા માટે સંપૂર્ણ તપાસ કરવાની હાકલ કરી. ત્યારબાદની પ્રેસ વાતચીતમાં, તેમના નિવેદનો વધુ આકરા બન્યા. "ગઈકાલે જ્યાં કાર્યક્રમ યોજાયો હતો તે સ્થળ ૫,૦૦૦ લોકોને સમાવવા માટે પણ અયોગ્ય છે," તેમણે ઉમેર્યું હતું કે ૫૦૦ કર્મચારીઓ તૈનાત હોવાના પોલીસના દાવા "વિશ્વસનીય નથી." તેમણે દાવો કર્યો હતો કે જમીન પર ૧૦૦થી ઓછા અધિકારીઓ હાજર હતા. તેમણે જાહેર મેળાવડાઓનું નિયમન કરવામાં સરકારની છેલ્લા ચાર વર્ષમાં "રીતસર નિષ્ફળતાઓ" તરફ પણ ધ્યાન દોર્યું અને નાસભાગનો કેસ સીબીઆઈને સોંપવાની માંગ કરી. "એક વ્યક્તિના તપાસ પંચના રાજ્ય સરકારના પ્રસ્તાવને અપૂરતો ગણાવતા તેમણે આરોપ લગાવ્યો કે, આ અકસ્માતમાં ગુપ્તચર વિભાગના કર્મચારીઓ મુખ્ય ગુનેગાર હતા." એક સમયે, તે મુખ્યમંત્રી એમકે સ્ટાલિનના રાજીનામાની માંગણી સુધી પહોંચી ગયા અને સરકાર પર "પ્રામાણિક દલાલ" તરીકેની ભૂમિકામાં નિષ્ફળ જવાનો આરોપ લગાવ્યો. જો અન્નામલાઈ દ્વારા ડીએમકે પર કરાયેલી નિંદા ઉગ્ર હતી, તો વિજય સાથેનો તેમનો વ્યવહાર લગભગ રક્ષણાત્મક હતો. ભાજપના નેતાએ અભિનેતામાંથી રાજકારણી બનેલા આ નેતાની નિંદા કરવાનું ટાળ્યું એટલું જ નહીં, પરંતુ તેમનો બચાવ કરવા માટે પણ પોતાના માર્ગે ગયા. તેમણે કહ્યું, "વિજય ૧૦,૦૦૦ લોકોની અપેક્ષા રાખી શકે છે, પરંતુ ૫૦,૦૦૦ લોકો આવી શકે છે. વિજયનો વાંક નથી. ભીડનો અંદાજ લગાવવો અને પૂરતા પ્રમાણમાં પોલીસ દળો તૈનાત કરવા એ વિષય રાજ્ય પોલીસ અને ગુપ્તચર તંત્રનો છે." વિજયના મોડા આવવાથી નાસભાગ મચી ગઈ તેવા સૂચનો પણ નકારી કાઢવામાં આવ્યા. ભાજપ નેતાએ કહ્યું, "તમે તેના માટે વિજયને દોષી ઠેરવી શકો નહીં. પરવાનગી પત્રમાં બપોરે ૩ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી કાર્યક્રમની મંજૂરી આપવામાં આવી હતી, જે પોતે જ એક ખામી છે. પોલીસે આવા સમયને શા માટે મંજૂરી આપી? આ પોલીસની ભૂલ છે." તેમણે ટીવીકેના વડાને વ્યવહારીક રીતે બધા દોષોથી મુક્ત કરી દીધા જ્યારે તેમણે ટિપ્પણી કરી, "વિજય પર આરોપ ન લગાવવો જોઈએ. ભૂલો થાય છે; આપણે તેમાંથી શીખવું જોઈએ અને આગળ વધવું જોઈએ." અન્નામલાઈએ સૌમ્યતાથી સૂચન કર્યું કે વિજયને તેની પ્રચાર શૈલીને ફરીથી ગોઠવવાની જરૂર છે. "રાજકારણમાં સંક્રમણ કરી રહેલા સિનેમા સ્ટાર તરીકે, તેમણે તેમના અભિગમમાં વધુ જવાબદાર બનવાની જરૂર છે," તેમણે વિજયને એક જ જિલ્લામાં સપ્તાહના અંતે રેલીઓ યોજવાનું ટાળવા વિનંતી કરી, જ્યાં મોટી સંખ્યામાં પરિવારોની ભીડ હોય છે. તેમ છતાં, તેમનો સ્વર સાવચેતપૂર્ણ અને સહાનુભૂતિપૂર્ણ પણ હતો. તેમણે નોંધ્યું હતું કે "કોઈ પણ નેતા તેમના સમર્થકો પર નુકસાન ઈચ્છશે નહીં" અને કહ્યું હતું કે વિજય પોતે આ દુર્ઘટનાથી "ખૂબ જ દુઃખી" હતા. સ્વરમાં તફાવત આવતા વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા તમિલનાડુમાં ભાજપની મુશ્કેલ સ્થિતિને પ્રતિબિંબિત કરે છે. તમિલનાડુના રાજકીય ક્ષેત્રમાં ઐતિહાસિક રીતે DMK અને AIADMKનું વર્ચસ્વ રહ્યું છે, જ્યાં રાષ્ટ્રીય પક્ષો તેમાંથી બહાર નીકળવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. દ્રવિડિયન મુખ્ય પક્ષો સામે અન્નામલાઈના આક્રમક સ્પષ્ટવક્તાને કારણે ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા AIADMK સાથે ભંગાણ પણ થયું હતું, જ્યારે ભાજપે એકલા ચૂંટણી લડવાનું પસંદ કર્યું અને શૂન્ય બેઠક જીતી. જોકે ત્યારથી AIADMK સાથેના સંબંધો ફરી શરૂ થયા છે, જો NDA આગામી વર્ષે રાજ્ય જીતે છે તો સત્તા-વહેંચણી કેવી રીતે કાર્ય કરશે તે અંગે હજુ પણ કોઈ સ્પષ્ટતા નથી. આ અનિશ્ચિતતાએ અન્નામલાઈને વિજયને જમીન સોંપવાથી સાવચેત કરી દીધા છે, જેમના પ્રવેશથી રાજ્યના પહેલાથી જ જટિલ રાજકીય પરિદૃશ્યને વધુ જટિલ બનાવ્યું છે. સુપરસ્ટારનું TVK યુવાન અને પહેલી વાર મતદારો માટે ચુંબક તરીકે ઉભરી રહ્યું છે. તેમના પર સીધો હુમલો કરવાથી ભાજપ જે મતદારોને આકર્ષવાની આશા રાખે છે તેઓ જ અલગ થઈ શકે છે. તેના બદલે, અન્નામલાઈએ સાવચેતીપૂર્ણ ચાલ પસંદ કરી છે - DMK સામે યુદ્ધના માર્ગ પર ચાલીને વિજય પ્રત્યે કૂણું વલણ અપનાવી રહ્યા છે. એક રાજ્યમાં જ્યાં રાષ્ટ્રીય પક્ષો લાંબા સમયથી હાંસિયામાં રહ્યા છે, ત્યાં ભાજપના નેતા જગ્યા બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છેઃ સુસંગતતા રજૂ કરવી, ભૂલો ટાળવી અને ખાતરી કરવી કે તેમનો પક્ષ ફ્રિન્જ સ્ટેટસમાં ઝાંખો ન પડી જાય. ભગવા પક્ષ પોતાને એક આક્રમક વિપક્ષ તરીકે રજૂ કરવા માંગે છે જે DMKને જવાબદાર બનાવે છે. તે જ સમયે, અન્નામલાઈ જાણે છે કે વિજયના સંપ્રદાયના અનુયાયી તેમને એક એવા પ્રતિસ્પર્ધી બનાવે છે જેના પર સીધો હુમલો કરવા ખૂબ જોખમી છે. આ સંતુલન કાર્ય ૨૦૨૬ની ચૂંટણીમાં લાભદાયી રહેશે કે નહીં તે તેના પર નિર્ભર રહેશે કે તે બંને ભૂમિકાઓ જેમ કે, શાસક પક્ષના અવિરત ટીકાકાર અને જેની લોકપ્રિયતા ભાજપ અવગણી શકે નહીં તેવા ઉભરતા તારાના સાવધ હરીફ- કેટલી સફળતાપૂર્વક નિભાવી શકે છે.



# "મુસલમાન હોને કી સજા દી જા રહી હૈ"; બરેલી શરીફમાં પોલીસે ધરપકડ કરી ત્યારે મૌલાના તૌકીર રઝાના ખાસ સાથી મોહસીન રઝાએ ઉચ્ચારેલા વાક્ય

## પોલીસ જ્યારે ધરપકડ કરી રહી હતી ત્યારે મૌલાના મોહસીન રઝા એવું બોલતા સંભળાયા હતા કે હમેં મુસલમાન હોને કી સજા દી જા રહી હૈ, મુસલમાન હૈ હમ ઈસ લિયે યે કિયા જા રહા હૈ

(એજન્સી) બરેલી શરીફ, તા.૨

ઉત્તર પ્રદેશમાં"આઈ લવ યુ મોહમ્મદ"ના બેનરો સાથે જુમ્માની નમાઝ પછી દેખાવો થયા પછી અને પોલીસ સાથે અથડામણ થયા પછી ધરપકડનો દોર શરૂ થઈ ગયો છે. પોલીસે મૌલાના તૌકીર રઝાના ખાસ સાથી મૌલાના મોહસીન રઝા અને તૌકીર રઝાના મોટાભાઈના જમાઈ મનાનીમિયાની ધરપકડ કરી હતી. પોલીસ ધરપકડ કરવા આવી ત્યારે મોહસીન રઝા એવું બોલતા સંભળાયા હતા કે હમેં મુસલમાન હોને કી સજા દી જા રહી હૈ...

આ સમયે ત્યાં હાજર પોલીસવાળા અને અધિકારીઓ એવું બોલ્યા હતા કે ફાલતું ભાષણ ના કીજીએ.

પોલીસે મોહસીન રઝા તથા તૌકીર રઝા વગેરેની મિલકતો પર બુલડોઝર ફેરવી દેવાની કાર્યવાહી પણ શરૂ કરી દીધી હોવાનું જાહેર થયું છે. મંગળવારે કથિત રીતે ગેરકાયદે બાંધવામાં આવેલા એક ગેરેજ સહિતના કેટલાક બાંધકામોને ગેરકાયદે ગણાવીને તોડી પાડવામાં આવ્યા હતા. મોહસીન રઝાના રિસોર્ટને પણ સીલ મારવામાં આવ્યું હતું. હિંસામાં મુખ્ય ભૂમિકા ભજવવાના આરોપસર પોલીસે અત્યાર સુધીમાં મોલાના તૌકીર રઝા, ડોક્ટર નફીસ અને નદીમ ખાન સહિત ૭૨થી વધુ લોકોની ધરપકડ કરી છે અને તૌકીર રઝા તથા એમના સાથીઓની રૂપિયા ૧૫૦ કરોડની કિંમતની મિલકતો પણ જપ્ત કરવામાં આવી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સમગ્ર કાર્યવાહી પર નજર રાખી રહ્યા છે અને કડક પગલાં લેવાનું અધિકારીઓને આદેશ આપ્યો છે.



# મધ્યપ્રદેશમાં મદ્રેસાઓ સામેની કાર્યવાહી સંદર્ભમાં ભાજપે મદ્રેસાઓને "ધર્મ પરિવર્તનના અખાડા"સમાન ગણાવ્યા, આક્ષેપોની તપાસ કરશે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ

(એજન્સી) ભોપાલ, તા.૨

મધ્યપ્રદેશ ભાજપના ધારાસભ્ય રામેશ્વર શર્માએ રાજ્યમાં ચાલી રહેલા મદ્રેસાઓને "ધર્મ પરિવર્તનના અખાડા" સમાન ગણાવ્યા હતા અને એવો આક્ષેપ કર્યો હતો કે આ શિક્ષણ સંસ્થાઓમાં ધાર્મિક પરિવર્તનને ઉત્તેજન આપવામાં આવી રહ્યું છે. પક્ષના વલણને સ્પષ્ટ કરતા શર્માએ કહ્યું હતું કે આ પ્રકારના મદ્રેસાઓ રાજ્યમાં ચાલવા દેવાશે નહીં અને પગલાં લેવા માટે તમામ જિલ્લા કલેકટરને સૂચના આપવામાં આવી છે.

રાજ્યમાં ચાલી રહેલા કહેવાતા ધર્મ પરિવર્તન કૌભાંડની તપાસ કરી રહ્યાનું રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ દ્વારા જાહેર કરવામાં આવ્યા પછી ભાજપના ધારાસભ્ય દ્વારા આવા વિધાનો કરવામાં આવ્યા છે. પંચના નિવેદનમાં એવું બતાવવામાં આવ્યું છે કે મદ્રેસાઓમાં હિન્દુ બાળકોને પ્રવેશ આપવામાં આવી રહ્યો છે અને એમને ધર્મ પરિવર્તન માટેના નિશાન બનાવવામાં આવી રહ્યા છે અને એમને ધર્મ પરિવર્તન કરવા માટે બાદમાં સમજાવવામાં આવે છે.

૨૬ સપ્ટેમ્બરના રોજ પંચમાં ફરિયાદ થઈ હતી કે મધ્યપ્રદેશમાં ૨૭ બદલે એવા છે જેમને માન્યતા નથી અને એ મદ્રેસાઓમાં ૫૫૬ હિન્દુ બાળકો અભ્યાસ કરી રહ્યા છે. ફરિયાદીએ એવો આક્ષેપ કર્યો હતો કે હિન્દુ બાળકોનું માનસ પરિવર્તન કરવામાં આવે છે અને શિક્ષણના બહાના હેઠળ એમને ઈસ્લામ ધર્મ અપનાવવા માટે એમને તૈયાર કરવામાં આવે છે. ધારાસભ્ય શર્માએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ આ ફરિયાદ મળ્યા પછી તપાસ કરી રહ્યું છે અને ધર્મ પરિવર્તન કરનારા સામે કે કરાવનારા સામે કડક પગલાં લેવામાં આવશે અને આવું કરનારા તમામ મૌલવીઓ અને મુલ્લાઓએ પરિણામો ભોગવવાના રહેશે.

ભાજપ ધારાસભ્યએ આગળ એવી ચેતવણી પણ આપી હતી કે રાજ્ય સરકાર ધર્માંતરની પ્રવૃત્તિને જરા પણ સહન કરશે નહીં. આવું જ્યાં પણ બનતું દેખાય તો તેની નોંધ લઈને કડક પગલાં લેવાનો અધિકારીઓને આદેશ આપવામાં આવ્યો છે અને કોઈ પણ આરોપીને છોડવામાં નહીં આવે.

બાળકોને ઈસ્લામ ધર્મ અપનાવી શકે એ માટે જ મૌલાના ઉર્દૂ શીખડાવતા હોવાનો પણ ભાજપના ધારાસભ્યએ વિચિત્ર આક્ષેપ કર્યો હતો. રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે મધ્યપ્રદેશના શિક્ષણ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરી અને સરકારને ફરિયાદ અંગે લેખિત જાણ કરી છે અને શું પગલાં લેવાયા એ અંગેનો એટીઆર ૧૫ દિવસમાં પંચને મોકલવાની તાકીદ કરી છે. મધ્યપ્રદેશની સરકારે દેશનો સૌથી કડક ધર્મ પરિવર્તન વિરોધી કાયદો બનાવ્યો છે પરંતુ માનવ અધિકાર જૂથો અને રાજકીય નિરીક્ષકો સ્પષ્ટપણે કરી રહ્યા છે કે આ કાયદાનો હેતુ પાર પડતો નથી કેમ કે આ કાયદાને મુસ્લિમ સમાજ સામે રાજકીય હથિયાર તરીકે ઉપયોગમાં લેવામાં આવી રહ્યો છે અને મુસ્લિમ સંસ્થાઓ અને ખાસ કરીને એમની ધાર્મિક શિક્ષણ સંસ્થાઓ અને ચેરીટેબલ સંસ્થાઓને જ નિશાન બનાવવા માટે આ કાયદાનો રાજકીય હથિયાર તરીકે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે એટલે ધર્મ પરિવર્તન રોકવાનો હેતુ પાર પડતો નથી.



# ભેસાણ પો.ઇ. સલમા સુમરા દ્વારા ૫૧ દીકરીઓને સ્વખર્ચે કપડા વિતરણ કરી ભાવતા ભોજન પીરસાયા

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૨

જૂનાગઢ જિલ્લામાં ભેસાણ ખાતે પોલીસ ઇન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા સલમા સુમરા દ્વારા નવરાત્રી પર્વ ચાલી રહ્યો છે અને આ નવરાત્રી દરમિયાન આશીર્વાદ મેળવવા દીકરીઓને પોતાના ઘરે ગોરણી તરીકે બોલાવી હતી. એક પોલીસ અધિકારી ભેસાણ મુકામે પોતાની ફરજ હોય તેમ માની ૧૫ વર્ષથી નાનીવયની આશરે ૫૧ જેટલી ગરીબ દીકરીઓને મનગમતા કપડા તથા મનગમતા ભોજન કરાવી માનવતા દાખવી હતી.

આ અંગેની વિગત એવા પ્રકારની છે કે, ભેસાણ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર એસઆઇ સુમરા દ્વારા ગરીબ પરિવારની બાળકીઓને માટે રાસ ગરબાનું આયોજન કરવામાં આવેલ અને દરેક બાળકીઓને ગિફ્ટ આપવામાં આવેલ અને જમણવાર કરવામાં આવેલ. નવરાત્રીનું ખૂબ સારું આયોજન કરેલ,,,, ઝૂંપડપટ્ટીમાં રહેતા ગરીબ પરિવારને બાળકીઓ સાથે ભેસાણ પોલીસ સ્ટેશનના મહિલા પોલીસ ઇન્સ્પેક્ટર એસ.આઇ સુમરાની અનોખી પ્રેરણાદાયક નવરાત્રી રાસ ગરબા આયોજન કરવામાં આવેલ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, સુમરા અગાઉ વિસાવદર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા તે



(તસવીર : એસ.આઈ. બુખારી, જૂનાગઢ)

દરમિયાન પણ કોઈપણ જાતના ભેદભાવ વગર દરેક જ્ઞાતિના ધાર્મિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેતા. તેમના પતિ એડવોકેટ મંજૂર એસ.ગાહા પણ હાજર રહેતા હતા ત્યારે પ્રત્યેક સમાજે આવા કાર્યથી પ્રેરણા અને બોધ લેવો જોઇએ, અને સમજમાં સમરસતાનું વાતાવરણ સર્જવું જોઇએ. તેવું લોકો જણાવી રહ્યાં છે.



૧૯૨૦માં ગાંધીજીએ સ્થાપેલ ગુજરાત વિદ્યાપીઠમાં તારીખ ૨ ઓક્ટોબરના રોજ ગાંધીજી અને શાસ્ત્રીજીની જન્મજયંતિ નિમિત્તે વિદ્યાપીઠના કુલાધિપતિ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓએ સાથે વાર્તાલાપ, સ્વચ્છતા અભિયાન અને ખાદી ખરીદીના કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાજ્યના શિક્ષણ અને આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ, ગુજરાત સરકારના પૂર્વમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સુંદર આયોજન કુલપતિ ડૉ. હર્ષદભાઈ પટેલ અને કુલ સચિવ હિમાંશુભાઈ પટેલે કર્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાપીઠના સિનિયર ટ્રસ્ટી સુરેશભાઈ રામાનુજ અને આયશાબેન હાજર રહ્યા હતા.

# અરવલ્લી જિલ્લાના નવનિર્મિત શામળાજી તાલુકાને મળી પોતાની તાલુકા પંચાયત અને મામલતદાર કચેરી

## સાંસદ શોભનાબેન બારૈયાના અધ્યક્ષસ્થાને યોજાયો કાર્યક્રમ

(સંવાદદાતા દ્વારા) મોડાસા, તા.૨

રાજ્યના અવિરત વિકાસને ગતિ આપવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં રાજ્યમાં નવા ૧૭ તાલુકાઓની રચનાને રાજ્ય મંત્રીમંડળની મંજૂરી આપવામાં આવી છે. જે પૈકી અરવલ્લી જિલ્લામાં ભિલોડામાંથી શામળાજી નવો તાલુકો, બાયડમાંથી સાઠંબા નવો તાલુકો જાહેર કરવામાં આવ્યા છે.

નવા તાલુકાની રચના થકી લોકોને જિલ્લા-તાલુકા કક્ષાની કચેરીઓ સાથેના કામકાજમાં સુગમતા રહેશે તેમજ નવુ તાલુકા મથક નજીકમાં જ મળવાથી સામાજિક, આર્થિક, આરોગ્ય અને શૈક્ષણિક સહિતની સર્વગ્રાહી સુવિધામાં વધારો થશે તેમજ અંતરિયાળ ગામોમાંથી તાલુકા મથકે આવવા-જવામાંથી સમય, શક્તિ અને નાણાંનો પણ બચાવ થશે. આજે સાબરકાંઠા મતવિસ્તારના સાંસદ શોભનાબેન બારૈયાના અધ્યક્ષસ્થાને શામળાજી તાલુકાની મામલતદાર કચેરી અને તાલુકા પંચાયત કચેરીના શુભારંભનો કાર્યક્રમ યોજાયો.



(તસવીર : યુસુફ જમાદાર, મોડાસા)

આજના કાર્યક્રમમાં લોકોને સંબોધન કરતા સાંસદ શોભનાબેન બારૈયાએ લોકોને નવી તાલુકો મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા અને આગામી સમયમાં નવીન તાલુકા થકી થનારા લાભ પણ જણાવ્યા હતા. આજના કાર્યક્રમમાં લોકોને સંબોધન કરતા જિલ્લા કલેક્ટર પ્રશસ્તિ પારીકએ જણાવ્યું કે, નવીન તાલુકા થકી લોકોની કામગીરી સરળતાથી પૂર્ણ થશે. આ તાલુકા થકી લોકોને વહીવટી સુગમતા પણ થશે તેવી આશા વ્યક્ત કરી હતી. તો ભિલોડા ધારાસભ્ય પી.સી. બરંડાએ લોકોને નવીન તાલુકા બદલ શુભકામનાઓ પાઠવી. આગામી સમયમાં જે વેગથી અરવલ્લી જિલ્લો પ્રગતિ કરી રહ્યો છે તે જ વેગથી શામળાજી તાલુકાના વિકાસની પણ આશા વ્યક્ત કરી હતી. આજના કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી દિપેશ કેડિયા, પ્રાંત અધિકારી વિશાલ પટેલ, શામળાજી તાલુકા વિકાસ અધિકારી, શામળાજી મામલતદાર, જિલ્લા પંચાયતના સદસ્યો, તાલુકા પંચાયત પ્રમુખ, તાલુકા સંગઠનના સભ્યો સહિત મોટી સંખ્યામાં સરપંચો અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# પાલીતાણાના માલપરા ગામે પૂર્વ સરપંચ અને સદસ્યો 'આપ'માં જોડાયા

(સંવાદદાતા દ્વારા) પાલીતાણા, તા.૨

પાલીતાણા તાલુકાના પ્રમુખ અધ્યક્ષ એડવોકેટ આર.આર. ગોહિલની અધ્યક્ષતામાં પાલીતાણા તાલુકાના માલપરા ગામના માજી સરપંચ અને પૂર્વ તાલુકા પંચાયત સદસ્યો બાબુભાઈ જમોડ "આમ આદમી પાર્ટી ખેસ ટોપી પહેરી વિધિવત જોડાઈ ગયા. આગામી નગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ચૂંટણીઓ યોજાવાની છે. ત્યારે ગામ્ય વિસ્તારમાં આમ આદમી પાર્ટી સક્રિયતાથી કામ કરી પાર્ટીનો પ્રચાર કરી રહી છે. છેલ્લા ૬ માસમાં ગામડાઓમાં લોકો પાર્ટીની વિચારધારા સ્વીકારીને જોડાઈ રહ્યા છે. જ્યારે થોડા સમય પહેલા



ખીજડીયા, નોંઘણવદરના સરપંચ ગણેશભાઈ ખેરાળા પછી માલપરા ગામના માજી સરપંચ બાબુભાઈ સવજીભાઈ જમોડ પોતાના કાર્યકર્તાઓ સહિત આમ આદમી પાર્ટીમાં જોડાઈ ગયા છે. વર્તમાન તાલુકાના ગામડાઓ માં પાલીતાણા તાલુકા પ્રમુખ આર.આર. ગોહિલ (એડવોકેટ) પોતાની ટીમ સાથે જનસભા જનસંપર્ક કરી રહ્યા છે. પાર્ટીમાં જોડનારને પાર્ટી કાર્યકર્તા, હોદેદારો આવકારી રહ્યા છે.

# જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં રૂા. ૨૯૯ કરોડ ૭૯ લાખના ખર્ચને મંજૂરી

(સંવાદદાતા દ્વારા) જામનગર, તા.૨

જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક બુધવારે મળી હતી. જેમાં કુલ રૂા.૨૯૯ કરોડ ૭૯ લાખની રકમના જુદા જુદા વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી હતી આ બેઠકમાં અધ્યક્ષ સ્થાનેથી જ ૧૦ એજન્ડા આઈટમો રજૂ થઈ હતી અને તેમ કરોડોના ખર્ચાઓ મંજૂર કરાયા હતા.

સ્ટેન્ડિંગ કમિટીની બેઠક નિલેશ બી. કગથરાના અધ્યક્ષ સ્થાને મળી હતી. તેમાં કુલ ૧૦ સભ્યો ઉપરાંત મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, ડે. મેયર કિષ્નાબેન સોઢા, કમિશ્નર ડી.એન.મોદી, ડે. કમિશ્નર દેવેન્દ્રસિંહ ઝાલા, સીટી એન્જીનીયર ભાવેશભાઈ જાની, ઇચા. આસી. કમિશ્નર (વ.) મુકેશ વરણવા, ઇચા. આસી. કમિશ્નર ( ટે ) જીજ્ઞેશ નિર્મલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.સોલીડ વેસ્ટ મેને. શાખા ખાતે લાઈવ સ્ટોક ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા કોન્ટ્રાક્ટ બેઈઝ કર્મચારીને નવી નિમણૂંક આપવા અંગેની દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી.

જામનગર શહેરના એરપોર્ટ ગેઈટથી ખંભાળીયા હાઈવેને જોડતા રોડને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. દ્વારા ડેવલોપ અને બ્યુટીફીકેશન કરવાના કામનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો હતો.

સરકારના 'હર ઘર તિરંગા' કાર્યક્રમની રાષ્ટ્રવ્યાપી ઉજવણીના કાર્યક્રમ અંતર્ગત સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ સાદીન મટીરીયલ્સ રાષ્ટ્ર ધ્વજ ફરકાવવા માટે પી.વી.સી અને લાકડાની સ્ટીક સપ્લાય કરવાના કામ અંગે કમિશ્નરની દરખાસ્ત અન્વયે રૂા. ૪૫.૧૦ લાખનું તોતિંગ ખર્ચ મંજૂર કરવામાં આવ્યું હતું. વડાપ્રધાનની જામનગરની મુલાકાત સમયે કરવામાં આવેલ ખર્ચ માટે રૂા. ૧૭.૩૯ લાખ મંજૂર મંજૂર કરવામાં આવ્યા હતા.

## ધી મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી વડોદરા દ્વારા

# વિરમગામની મુસ્લિમ યતીમ વિદ્યાર્થિનીઓને સ્કોલરશીપ અપાઈ



(સંવાદદાતા દ્વારા) વિરમગામ, તા.૨

ધી મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી, વડોદરા દ્વારા વિરમગામની ૨૨ જેટલી મુસ્લિમ યતીમ વિદ્યાર્થિનીઓને અંદાજે ૯૫ હજાર રૂા.ની સ્કોલરશીપ ચૂકાવવામાં આવી ધી મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી સાથે સંકળાયેલા હમારા ઘર સંસ્થાના પ્રમુખ જનાબ ભીખુભાઈ મનસુરી તથા સેક્રેટરી ગુલામ અહેમદ માસ્તર તથા અલબદર પ્રાથમિક શાળાના આચાર્ય મહોતરમાં સૈયદ મુબીના બેન તેમજ એજ્યુકેશન શાળાના આચાર્ય જનાબ હનીફભાઈ ઘાંચી, મૌલાના સલાઉદ્દીન, શબીરભાઈ માસ્ટર, એડવોકેટ આબીદ હેમાણી તથા અન્ય કાર્યકર્તાઓએ મળીને અલબદર શાળામાં વિદ્યાર્થિનીઓને સ્કોલરશીપ આપવાનો કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# વરાછામાં ઓફિસમાંથી રૂા.૧૩.૬૫ લાખના હીરાની ચોરી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨

શહેરના વરાછા, મીનીબજારમાં સરદાર આવાસમાં આવેલ હીરાની ઓફિસમાં ડુપ્લીકેટ ચાવીથી ઓફિસનો દરવાજા ખોલી અંદર ટ્રાઉઝેલા તસ્કરો રૂા.૧૩.૬૫ લાખની મતાના કાચા અને તૈયાર હીરાનો જથ્થો ચોરી કરી ફરાર થઈ જતા ચકચાર મચી જવા પામી હતી.

ઉત્રાણ, મનીષા ગરનાળા પાસે, રાધે રેસીડેન્સીમાં ૧૨માં માળે રહેતા ૪૪ વર્ષીય સંજયભાઈ કરશનભાઈ ગાબાણી હીરાના ધંધા સાથે સંકળાયેલા છે અને વરાછા, મીનીબજાર, સરદાર આવાસમાં છેલ્લા આઠ મહિનાથી ઓફિસ ભાડે રાખી હીરા લે-વેચ કરવાની સાથે હીરાનું મેન્યુફેક્ચરિંગનું કામકાજ કરે છે.સંજયભાઈની ઓફિસમાં ત્રણ કારીગરો છે. ૨૪મીના રોજ રાત્રે ઓફિસમાં મોડુ થઈ જતા તેઓ તેમના મિત્ર રાજેશ નારણ હિરપરાને ત્યાં સેફમાં હિરા મુકવા માટે ગયા હતા અને પોતાની ઓફિસમાં હીરા મૂકી રાખ્યા હતા. દરમિયાન મોડી રાત્રેના સુમારે તેમની ઓફિસમાં તસ્કરો ઘુસ્યા હતા અને ડુપ્લિકેટ ચાવીથી ઓફિસ ખોલી અંદર ઘૂસેલા તસ્કરોએ ટેબલના ખાનામાંથી ૬૧૨૯ કેરેટના કાચા અને તૈયાર હીરા જેની કિંમત રૂપિયા ૧૩,૬૫,૦૦૦ના મતા ચોરી નાસી ગયા હતા. વધુમાં સંજયભાઈએ ૨૪મીના રોજ ઓફિસ બંધ કરી ઘરે ગયા બાદ રાત્રે બારેક વાગ્યે તેઓ મોબાઈલમાં ઓફિસમાં લાગેલા સીસીટીવી કેમેરા ચેક કરતા કંઈ દેખાતું ન હતું. તેમને એવુ કે નેટવર્કમાં પ્રોબ્લમ હશે જેથી તેઓ બાલકનીમાં જતાં ત્યાં પણ કંઈ નહી દેખાતા સીસીટીવી કેમેરા રિવર્સ કરતા દસેક વાગ્યાના અરસામાં એક અજાણ્યો ઓફિસમાં ઘૂસતા દેખાતા તેઓ ઘરેથી ઓફિસમાં ગયા ત્યારે ચોરી થઈ હોવાનું બહાર આવ્યું હતું. અજાણ્યાએ સીસીટીવી કેમેરા દેખાય નહી તે માટે કંઈ લગાવ્યું હતું. બનાવ અંગે સંજયભાઈ ગાબાણીએ ફરિયાદ નોંધાવતા વરાછા પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# ડિંડોલીમાં નરાધમે ૧૦ વર્ષના બે બાળકો સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨

શહેરના ડીંડોલી વિસ્તારમાં નવાગામ પાસે દસ વર્ષના બે બાળકો નવાગામ બ્રિજ નીચે વડાપાવ ખાવા માટે ગયા હતા. બંને મિત્રો વડાપાવ ખાઈને ઘરે પરત ફરતા હતા ત્યારે એક અજાણ્યા ઇસમે ચોકલેટ આપવાની લાલચ આપી તેમને રેલવે પટરી પાસે લઈ ગયો હતો અને બંને બાળકો સાથે અનૈતિક કૃત્ય કરી પોતાની હવસ સંતોષી હતી. એટલું જ નહીં પરંતુ આ વાત કોઈને કહેશો તો બંને બાળકોને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જેથી આખરે મામલે ડીંડોલી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કારનો ગુનો દાખલ કર્યો છે.બનાવની વિગત એવી છે કે શહેરના ડીંડોલી વિસ્તારમાં નવાગામમાં રહેતા ૧૦ વર્ષના બે બાળકો ગતરોજ ઘર પાસે આવેલ એક લારી પર નવાગામ બ્રિજની નીચે વડાપાવ ખાવા માટે ગયા હતા. બંને મિત્રો વડાપાવ ખાઈને ઘરે પરત આવતા હતા ત્યારે એક અજાણ્યો યુવક બ્રિજ નીચે મળી ગયો હતો અને તેમણે બંને બાળકોને ચોકલેટ આપવાની લાલચ આપી હતી. જેથી બંને બાળકો તેની વાતમાં ભોળવાઈ ગયા હતા. ત્યારબાદ યુવકે બંને બાળકોના ખભા પર હાથ મૂકી તેમને ડીંડોલી ચેતન નગર રોડ પર આવેલ મહાદેવ મંદિરની પાછળ રેલવે પટરી પાસે લઈ ગયો હતો. જ્યાં અનૈતિક કૃત્ય કર્યું એટલું જ નહીં પરંતુ બાદમાં આ વાતની જાણ કોઈને કરશે તો તેમને ચાકુ વડે જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. જેથી ગભરાઈ ગયેલા બંને બાળકો ત્યાંથી નીકળી ગયા હતા અને પોતાના ઘરે પરત આવી ગયા હતા. જોકે ત્યારબાદ બંને બાળકોએ માતા-પિતાને સઘળી હકીકત જણાવી હતી. બનાવને પગલે બંને બાળકોના માતા-પિતાએ સઘળી હકીકત જાણી લીધા બાદ તેઓએ ડિંડોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે અજાણ્યા ઇસમ સામે પોક્સો એક્ટ હેઠળની કલમો સાથે ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે. ઉલ્લેખનીય છે કે અજાણ્યો કોણ હતો તે હજુ સુધી જાણી શકાયું નથી પરંતુ પોલીસે આજુબાજુના સમગ્ર સીસીટીવી વિસ્તારોની ચકાસણી ચાલુ કરી છે.

# લીંબાયતમાં પતિએ મકાન માલિક સાથે મળી ઘરમાંથી પત્નીનો સામાન બહાર ફેંકી તોડફોડ કરી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨

શહેરના ગોપીપુરા વિસ્તારમાં રહેતી પરણીતાએ તેના પતિ અને મકાન માલિક સામે લિંબાયત પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

બનાવની વિગત એવી છે કે મૂળ ઉત્તર પ્રદેશના વતની અને સુરતના ગોપીપુરા વિસ્તારમાં ખ્વાજાદાના દરગાહ પાસે બડેખા ચકલા ખાતે બત્તીવાલા કોમ્પલેક્ષમાં માસાને ત્યાં રહેતી સમીરાએ ગતરોજ તેના પતિ ઝુલ્કર મુખ્તાર રંગરેજ અને મકાન માલિક તોસીફ શેખ (રહે. ડુંભાલ ટેનામેન્ટ લીંબાયત) સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદમાં તેમણે જણાવ્યું હતું કે અગાઉ તેના પતિએ તેમને તલાક આપી દીધા હતા. જેથી આખરે જે તે સમયે સમીરાએ તેમના પતિ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી અને હાલમાં તે કેસ કોર્ટમાં ચાલી રહ્યો છે. જેથી આખરે લિંબાયત ઓમ નગર ખાતે આવેલ ડુંભાલ ટેનામેન્ટમાં પતિ પત્ની રહેતા હતા તે મકાન હાલમાં બંધ હતું. આ સમયે ગત તારીખ ૧૦/૯/૨૦૨૫ના રોજ તેના પતિ ઝુલ્કર મુખ્તાર રંગરેજ અને તોસીફ શેખએ ભેગા મળી તેમના મકાનને નિશાન બનાવ્યું હતું તેમના પતિએ મુખ્તારે તોસીફ પાસેથી ચાવી મેળવી લઈ ઘરનો દરવાજો ખોલી ઘરમાં રાખેલો તમામ સામાન બહાર કાઢી નાખી બિલ્ડિંગના ગેટ આગળ નાખી દીધો હતો અને એટલું જ નહીં પરંતુ ઘરમાં લગાવેલા સીસીટીવી કેમેરા પણ તોડી નાખી રૂપિયા ૩૫,૦૦૦નું નુકસાન કર્યું હતું. આ ઉપરાંત સીસીટીવી કેમેરાનું ડીવીઆર તથા તેમની બચતના રૂપિયા ઘરમાં રાખી મૂક્યા હતા. તે પણ તેઓએ ચોરી લીધા હતા. ત્યારબાદ તેઓએ સમીરાને તેરે સે જો હોગા વો કરલે, અભી ઇધર દિખાઈ મત દેના વરના દેખ લુંગા તેવી ધમકી આપી હતી. જેથી આખરે સમીરા પોતાની દોઢ વર્ષની દીકરી સાથે ગોપીપુરામાં માસાના ઘરે રહેવા આવી ગઈ હતી અને બાદમાં તેઓએ ગતરોજ લિંબાયત પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બંને સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

## પીપળી નજીક સાસોઈ ડેમમાં ડૂબી જતાં યુવાનનું મોત

જામનગર, તા.૨

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના પીપળી ગામ નજીક આવેલા સાસોઈ ડેમના પાળા પરથી બપોરના અરસામાં મૂળ રાજસ્થાનનો વતની સુનિલ પુનિયા નામનો ૨૬ વર્ષનો યુવાન અકસ્માતે ડેમના પાણીમાં પડી ગયો હતો.

આ બનાવ અંગે ત્યાંથી પસાર થનારા કોઈ વ્યક્તિએ ૧૧૨ નંબરની સેવામાં કોલ કર્યો હતો, જેથી જામનગરમાં નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ તથા સિક્કા ૧૧૨ની ટીમ બનાવના સ્થળે પહોંચી હતી. ફાયર બ્રિગેડની ટુકડીએ પાણીમાં ડૂબી ગયેલા યુવાનને મૃતદેહ બહાર કાઢ્યો હતો.

સિક્કા પોલીસે મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે. મૃતક યુવાન ખાનગી કંપનીમાં ડ્રાઈવિંગ કામ કરતો હોવાનું મળ્યું છે.

# ભેંસાવહી છાત્રાલયમાં ગાંધી જયંતીની ઉજવણી : સ્વચ્છતાનો સંકલ્પ

(સંવાદદાતા દ્વારા) પાવીજેતપુર, તા.૨

પાવીજેતપુર તાલુકાના ભેંસાવહી ખાતે આવેલ સરદાર કુમાર છાત્રાલયમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરને 'સ્વચ્છતા'ના સંકલ્પ સાથે જોડીને છાત્રાલયના વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ આવે તેવા ઉદ્દેશ્યથી વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. છાત્રાલયના સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓને સ્વચ્છતાનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. તો વિદ્યાર્થીઓને દૈનિક જીવનમાં સ્વચ્છતાના નિયમોનું પાલન કરવા પ્રેરિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ માટે સ્વચ્છતા અભિયાન અને તેના સંદર્ભમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિઓમાં



(તસવીર : આસીફ ખત્રી, પાવીજેતપુર)

વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને પોતાની સર્જનાત્મકતા તેમજ સ્વચ્છતા પ્રત્યેની સમજણનું પ્રદર્શન કર્યું હતું. આ સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓના અંતે, પ્રથમ આવનારા તેજસ્વી વિદ્યાર્થીઓને છાત્રાલય તરફથી ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. છાત્રાલયના ગુરૂજી રાજુભાઈએ જણાવ્યું હતું કે, ઈનામ આપવાનો હેતુ માત્ર સન્માન કરવાનો જ નહીં, પરંતુ અન્ય વિદ્યાર્થીઓને પણ સ્વચ્છતાના કાર્યોમાં સક્રિય રીતે જોડાવા માટે પ્રેરણા આપવાનો છે. કાર્યક્રમની સમાપ્તિએ તમામ વિદ્યાર્થીઓએ પોતાના છાત્રાલય અને પરિસરને સ્વચ્છ રાખવાનો સંકલ્પ લીધો હતો, જે ગાંધીજી જયંતીના આ પાવન દિવસે સ્વચ્છ ભારત અભિયાનને સાચા અર્થમાં સાર્થક કરે છે.

# લિંબાયતના યુવકે પાલની યુવતીને લગ્નની લાલચ આપી શારીરિક શોષણ કર્યું

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨

લિંબાયત વિસ્તારમાં આવેલ શાંતિનગર સોસાયટીમાં રહેતો રિશી રાજેશભાઈ જયસ્વાલ સામે પાલ પોલીસ મથકમાં બળાત્કારની ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદ નોંધાવનાર યુવતી વર્ષ ૨૦૨૨માં કોલેજમાં અભ્યાસ કરતી હતી. આ સમયે તેમની મિત્રતા રિશી જયસ્વાલ સાથે થઈ હતી. તેમના પરિચયમાં આવ્યા બાદ તેની સાથે મિત્રતા કરી પોતે તેને પ્રેમ કરતો હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ ઋષિ જયસ્વાલે યુવતીને લગ્નની લાલચ આપી હતી અને પાલ વિસ્તારમાં આવેલ હોટલમાં લઈ ગયો હતો. જ્યાં યુવતીએ ના પાડી હોવા છતાં પણ તેની સાથે બળજબરીથી શારીરિક સંબંધો બાંધી બળાત્કાર ગુજાર્યો હતો. ત્યારબાદ અવારનવાર બે અલગ અલગ હોટલોમાં તેમની સાથે શારીરિક સંબંધ બાંધી સમય પસાર કર્યો હતો. પરંતુ યુવતીએ ઋષિને લગ્ન કરવા માટે જણાવતા તેણે લગ્ન નહીં કરી તરછોડી દીધી હતી. જેથી આખરે ભોગ બનનાર યુવતીએ આ મામલે પાલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કારનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પાંડેસરામાં વિશ્વકર્મા હોમ્સના ફલેટમાંથી ૧.૮૮ લાખની ચોરી

સુરત, તા.૨

પાંડેસરા ડુંડીગામમાં વિશ્વકર્મા હોમ્સ બિલ્ડિંગમાં રહેતા ડાયમંડ બુર્સમાં આવેલ એસ.આઈ.કે. કંપનીના પ્યુનના કલ્પેશ અશોકભાઈ તાંડેલકરની પત્ની તેના પિયરમાં ગઈ છે. અને તેની જ બિલ્ડિંગમાં રહેતા માતા-પિતા કામ અર્થે વતનમાં ગયા છે. કલ્પેશભાઈ ગત તા.૨૭મીના રોજ રાત્રે તેના ઘરને તાળુ મારી તેના માતા-પિતા વહેલી સવારે વતનથી આવનાર હોવાથી તેમના ફ્લેટમાં સુવા માટે ગયા હતા. આ દરમિયાન તસ્કરોએ તેમના બંધ ફ્લેટને નિશાન બનાવી લોખંડની જાળી અને મુખ્ય દરવાજાના મારેલ તાળુ કોઈ સાધનથી તોડી નાંખી અંદર ઘુસ્યા હતા. તસ્કરો કબાટમાંથી રોકડા ૪૦ હજાર અને દાગીના મળી કુલ રૂપીયા ૧,૮૮,૦૦૦ના મતાની ચોરી કરી નાસી ગયા હતા.

CHANGE OF NAME
I HAVE CHANGE OF MY OLD NAME FROM ZUBER SADIKBHAI PATEL TO NEW NAME ZUBER SADIK PATEL & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.
ADDRESS: 15-16, NURANI SOCIETY, NEAR NURANI MASJID, JAMBUSAR, TA: JAMBUSAR, DIST: BHARUCH. PIN. 392150, GUJARAT

CHANGE OF NAME
I HAVE CHANGE OF MY OLD NAME FROM SUMAIYABAHEN ZUBER PATEL TO NEW NAME SUMAIYA ZUBER PATEL & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.
ADDRESS: 15-16, NURANI SOCIETY, NEAR NURANI MASJID, JAMBUSAR, TA: JAMBUSAR, DIST: BHARUCH. PIN. 392150, GUJARAT

CHANGE OF NAME
I HAVE CHANGE OF MY OLD NAME FROM MAHAMAD ZUBERBHAI PATEL TO NEW NAME MUHAMMAD ZUBER PATEL & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.
ADDRESS: A-7, CITIZEN SOCIETY, JAMBUSAR, TA: JAMBUSAR, DIST: BHARUCH. PIN. 392150, GUJARAT

જાહેર નોટિસ (અસીલના હુકમથી)
જિલ્લા ભરૂચ અને તાલુકા-ભરૂચના મોજે ગામ પાલેજ ખાતે આવેલ ચંદનગર સોસાયટીના પ્લોટ નં.બી૧માં બાંધવામાં આવેલ મકાન કે જેનું ક્ષેત્રફળ ૧૧૬.૧૭ ચો.મી. તેના મૂળ માલિક યાસમીન હશન ગુલામનબીની તરફેણમાં તા.૧૪/૦૭/૨૦૦૯ના રોજ નોંધવામાં આવેલ દસ્તાવેજ નં.૪૬૭૩/૨૦૦૯ના અસલ દસ્તાવેજ, ઈન્ડેક્ષ તથા રજીસ્ટ્રેશનની પાવતી ખોવાઈ ગયેલ છે. જેથી ઉપરોક્ત દસ્તાવેજ કે મિલકત ઉપર કોઈ વ્યક્તિ સંસ્થા, કોઈનો હક્ક-હિસ્સો કે બોજો વગેરે હોય તો તેઓને તેના હક્ક બાબતના દસ્તાવેજમાં પુરાવા સહિત દિન-૧૦ અમોને નીચે દર્શાવેલ સરનામે લેખિતમાં જાણ કરવી નોટિસ મુદત વિત્યા પછી ઉપરોક્ત મિલકત બાબતે કોઈ વાંધો તકરાર વિરોધ ચાલશે નહિ અન્યથા મિલકતનો ટાઈટલ ક્લીયરન્સ સર્ટિફિકેટ આપી દેવામાં આવશે. ત્યારબાદ કોઈપણ તકરાર ચાલશે નહિ. તેની નોંધ લેવી.
જુબેરખાન હસનખાન પઠાણ
એડવોકેટ & નોટરી
તળાવ પાસે, પઠાણ સ્ટ્રીટ, ઈમામબાગ ફળિયું મુ. પોસ્ટ પાલેજ, ભરૂચ, ગુજરાત-૩૯૨૨૨૦/૩૯૨૨૨૦
મો.૯૦૯૯૪૪૦૬૮૯
તા.૦૨/૧૦/૨૦૨૫
સ્થળ : પાલેજ

# નડિયાદના વેપારી સાથે હિંગના વેપારમાં રૂા.૨.૧૬ કરોડની છેતરપિંડી

## મુંબઈની શુભ ફૂડ ઈન્ડસ્ટ્રીઝના બે ડિરેક્ટરો સામે વિશ્વાસઘાતની ફરિયાદ

નડિયાદ, તા.૨

નડિયાદ શહેરના મરીડા રોડ પર આવેલી એફ.કે. એગ્રો એક્સપોર્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ કંપની સાથે મુંબઈની શુભ ફૂડ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ અને તેના બે ડિરેક્ટરે એ કુલ રૂા.૨,૧૬,૩૦,૮૭૦/-ની કિંમતની હિંગ લઈ ગયા બાદ રૂપિયા ના આપી છેતરપિંડી કરી હોવા બાબતની ફરિયાદ નડિયાદ ટાઉનમાં નોંધાય છે. મળતી માહિતી મુજબ નડિયાદના અમદાવાદી બજારમાં રહેતા અને મરીડા રોડ પર એફ.કે. એગ્રો એક્સપોર્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની ચલાવતા અબ્દુલરહીમખાન પઠાણ હિંગનો વેપાર કરે છે. મહારાષ્ટ્રના થાણે સ્થિત શુભ ફૂડ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટરો ગૌરવ હરીશ ગંભીર અને નીતુ ભૂપેન્દ્ર શાહ તેમના જૂના અને કાયમી ગ્રાહકો છે. આ ગ્રાહકો પેઢી દર પેઢીથી તેમની પાસેથી કાચી હિંગની ખરીદી કરતા હતા, જેથી અબ્દુલખાનને તેમના પર સંપૂર્ણ વિશ્વાસ રાખ્યો હતો. આ વિશ્વાસના આધારે ગૌરવ ગંભીર અને નીતુ શાહે ગયા ઓક્ટોબર ૨૦૨૩માં નડિયાદ આવી કંપનીમાં ૧૮૦૦ કિલો હિંગનો જથ્થો ઉધારમાં ખરીદવાનું નક્કી કર્યું હતું. આ માલની કુલ કિંમત રૂા.૨,૭૯,૦૯,૦૦૦/-નક્કી કરવામાં આવી હતી. આરોપીઓએ આ રકમ પાંચ મહિનામાં પૂરેપૂરી ચૂકવી દેવાનો વાયદો કર્યો હતો. તા. ૧૮/૧૦/૨૦૨૩ના રોજ આ માલ પંચમહાલ ટ્રાન્સપોર્ટ કંપની મારફતે શુભ ફૂડ ઈન્ડસ્ટ્રીઝની ભીવંડી (થાણે, મહારાષ્ટ્ર) ખાતેની કંપનીમાં મોકલી આપવામાં આવ્યો હતો. ત્યારબાદ, તા. ૨૭/૧/૨૪ના રોજ આરોપીઓએ ફરીથી ૫૦૦ કિલો હિંગનો જથ્થો, જેની કિંમત રૂા.૪૨,૫૨,૫૦૦/- હતી, તે પણ ઉધારમાં ખરીદ્યો અને તે માલ પણ ટ્રાન્સપોર્ટ મારફતે મોકલી આપવામાં આવ્યો હતો. આમ, અબ્દુલખાનની કંપનીએ આરોપીઓને કુલ ૨૩૦૦ કિલો હિંગનો જથ્થો, જેની કુલ કિંમત રૂા.૩,૨૧,૬૧,૫૦૦/- (ત્રણ કરોડ એકવીસ લાખ એકસઠ હજાર પાંચસો રૂપિયા) થાય છે, તે પાંચ મહિનામાં ચૂકવવાની શરતે ઉધારમાં આપ્યો હતો. આ માલ પેટે આરોપીઓએ જુદા જુદા સમયે તા. ૧૨/૦૩/૨૦૨૪થી તા.૨૪/૦૬/૨૦૨૫ દરમિયાન ફરિયાદીના HDFC બેંકના ખાતામાં ટુકડે-ટુકડે કુલ રૂા.૧,૦૫,૦૦,૦૦૦/- (એક કરોડ પાંચ લાખ રૂપિયા) જમા કરાવ્યા હતા. આ ઉપરાંત, TDS તરીકે રૂા.૩૦,૬૩૦/-સરકારમાં જમા કરાવ્યા હતા. આમ, ફરિયાદીને કુલ રૂા.૧,૦૫,૩૦,૬૩૦/- મળ્યા હતા. જોકે હજુ હિંગના માલના કુલ રૂા.૨,૧૬,૩૦,૮૭૦/- (બે કરોડ સોળ લાખ ત્રીસ હજાર આઠ સો સિત્તેર રૂપિયા) બાકી નીકળતા હતા. આ અંગે વારંવાર માંગણી છતાં ગૌરવ ગંભીર અને નીતુ શાહે બાકી રકમ ચૂકવવામાં આનાકાની કરી ખોટા વાયદા બતાવ્યા હતા. છેલ્લે, સપ્ટેમ્બર મહિનાની ૨૦થી ૨૫ તારીખ સુધીમાં તમામ પૈસા ચૂકવી દેવાની ખાતરી આપ્યા બાદ પણ પૈસા ન મળતા, અબ્દુલ ખાનને ખાતરી થઈ કે આરોપીઓનો પૈસા ચૂકવવાનો કોઈ ઈરાદો નથી. તેઓએ વિશ્વાસ રાખી ઉધારમાં લીધેલા માલના પૈસા ન ચૂકવીને વિશ્વાસઘાત કર્યો છે. આથી, અબ્દુલખાન પઠાણે શુભ ફૂડ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર ગૌરવ હરીશ ગંભીર અને નીતુ ભૂપેન્દ્ર શાહ વિરૂદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીની કાયદેસરની કાર્યવાહી કરવા માટે પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# ગોધરામાં સરકારી અને ખાનગી મિલકતો ઉપર કરાયેલા ગેરકાયદેસર દબાણો-બાંધકામ દૂર કરાયા



(સંવાદદાતા દ્વારા) ગોધરા, તા.૨

દશેરાના દિવસે ગોધરા શહેરમાં તંત્રે કડક કાર્યવાહી હાથ ધરી હતી. સિગ્નલ ફળિયા નજીકના નાગા તલાવડી વિસ્તારમાં સરકારી જમીન પર વર્ષોથી ચાલતા ગેરકાયદેસર દબાણોને દૂર કરવાની મોટી કામગીરી તા ૨ ઓકટોબરના રોજ હાથ ધરવામાં આવી હતી, આ વિસ્તારમાં આશરે ૩૫ જેટલા કાચા અને પાકા મકાનો ગેરકાયદેસર રીતે દબાણો કરવામાં કરવામાં આવ્યા હતા. ત્યારે દશેરાના તહેવારે તંત્રે દબાણો પર બુલડોઝર ચલાવીને કાર્યવાહી કરી હતી. પોલીસ અધિક્ષક ડો.હરેશ દુધાતે જણાવ્યું હતું કે, આ ગેરકાયદેસર દબાણો તે જ આરોપીઓ દ્વારા કરવામાં આવ્યા હતા, જેઓ ગત માર્ચ માસમાં ગોધરાના ભામૈયા ગામના શિવ મંદિરમાં તોડફોડ અને ચોરીની ઘટનામાં સંકળાયેલા હતા. પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે, આવા જ તત્ત્વોએ નાગા તલાવડી વિસ્તારમાં સરકારી જમીન કબજે કરીને કાચા તથા પાકા મકાનો ઉભા કર્યા હતા, કાર્યવાહી દરમિયાન પોલીસનો કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો જેથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને. ગોધરા નગરપાલિકા, મહેસૂલ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, પોલીસ તેમજ મધ્ય ગુજરાત વીજ કંપનીના અધિકારીઓની હાજરીમાં સંયુક્ત ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું જિલ્લા પોલીસ અધિક્ષક ડો.હરેશ દુધાત દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ભવિષ્યમાં પણ આવા અસામાજિક પ્રવૃત્તિ આચરનારા ઈસમો વિરૂદ્ધ તેમજ ગોધરા શહેર બી ડિવિઝન પો.સ્ટે.માં નોંધાયેલ ગુનાના આરોપીઓની મિલ્કતો અંગે પણ જરૂરી ખરાઈ કરી ઝૂંબેશના ભાગ રૂપે ડિમોલિશનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# વડોદરામાં લાલબાગ બ્રિજ પરથી નીચે પટકાતા બુલેટના ચાલકનું કરૂણ મોત

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૨

વડોદરા શહેરના લાલબાગ બ્રિજ પર ગઈ રાત્રે બુલેટનો ચાલક રેલિંગ સાથે અથડાયા બાદ બ્રિજની નીચે પટકાતા તેનું કરૂણ મોત નિપજ્યું હતું. પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના માણેજા વિસ્તારમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ ખાતે સત્યનગરમાં રહેતો પ્રમોદકુમાર રોહિણીપ્રસાદ સેન (ઉ.વ.૨૭) પાલેજ ખાતે આવેલી કીર્તિ સ્કેમ્પી નામની કંપનીમાં નોકરી કરતો હતો. ગઈકાલે સાંજે તે પોતાનું બુલેટ લઈને જાંબુઆમાં પિતાની હેર સલૂનની દુકાને ગયો હતો અને બાદમાં તે નીકળી ગયો હતો. બાદમાં રાત્રે તેમની સોસાયટીના પ્રમુખનો ફોન રોહિણીપ્રસાદ પર ગયો હતો અને જણાવેલ કે તમારો પુત્ર પ્રમોદ રાત્રે સવા દશ વાગે શ્રેયસ સ્કૂલથી લાલબાગ બ્રિજ પરથી પસાર થતો હતો અને બુલેટની સ્પીડ વધારે હોવાથી બ્રિજના ટર્નિંગ વખતે અચાનક બુલેટ ડાબી બાજુની રેલિંગ સાથે અથડાયા બાદ તે બ્રિજની નીચે પટકાયો છે. રોહિણીપ્રસાદ તુરંત જ સયાજી હોસ્પિટલમાં દોડી ગયા ત્યારે તેમનો પુત્ર મૃત પામ્યો હતો. આ અંગે માંજલપુર પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# છોટાઉદેપુર જિલ્લાને મળ્યો સાતમો તાલુકો કદવાલનું પ્રભારી મંત્રીના હસ્તે લોકાર્પણ

પાવીજેતપુર, તા.૨

પાવીજેતપુર તાલુકામાંથી વિભાજન કરીને નવરચિત કદવાલ તાલુકાનું આજે, ૨જી ઓક્ટોબરના રોજ જિલ્લાના પ્રભારી મંત્રી ભીખુસિંહ પરમારના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વહીવટી સરળતા અને સ્થાનિક લોકોની સુવિધાને ધ્યાનમાં રાખીને કરાયેલું આ વિભાજન છોટાઉદેપુર જિલ્લા માટે એક સીમાચિહ્નરૂપ પગલું છે. છોટાઉદેપુર જિલ્લામાં અત્યાર સુધી કુલ છ તાલુકાઓ હતા, જેમાં કદવાલની ઉમેરણ થતાં હવે જિલ્લામાં કુલ સાત તાલુકાઓ થયા છે. લાંબા સમયથી ચાલી રહેલી કદવાલને અલગ તાલુકો બનાવવાની માંગણી આખરે પૂર્ણ થતાં સ્થાનિક લોકોમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે. આ નવા તાલુકાની રચનાથી પાવીજેતપુરના છેવાડાના ગામોના લોકોને હવે સરકારી કામો અને વહીવટી પ્રક્રિયાઓ માટે લાંબુ અંતર કાપવું નહીં પડે, જેનાથી સમય અને શક્તિનો બચાવ થશે. કદવાલ તાલુકાના લોકાર્પણ પ્રસંગે યોજાયેલા ભવ્ય કાર્યક્રમમાં જિલ્લાના રાજકીય અને સામાજિક અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રભારી મંત્રી ભીખુસિંહ પરમારે આ પ્રસંગે જણાવ્યું હતું કે, "સરકાર અંતરિયાળ વિસ્તારના લોકો સુધી વહીવટી તંત્રને વધુ નજીક લાવવા માટે કટિબદ્ધ છે, અને કદવાલ તાલુકાની રચના એ જ દિશામાંનું એક પગલું છે." આ અવસરે સાંસદ જશુભાઈ રાઠવા, ધારાસભ્ય



(તસવીર : આશીફ ખત્રી, પાવીજેતપુર)

રાજેન્દ્રસિંહ રાઠવા, અને જીલ્લા પંચાયત પ્રમુખ મલકાબેન પટેલ સહિત અન્ય પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં સ્થાનિક જનતાએ ઉત્સાહભેર હાજરી આપી હતી. મહાનુભાવોએ નવરચિત તાલુકા માટે લોકોને શુભેચ્છાઓ પાઠવી હતી અને વિકાસના કાર્યોને વધુ વેગ આપવાની ખાતરી આપી હતી. નવરચિત કદવાલ તાલુકામાં કુલ ૧૭ ગ્રામ પંચાયત સહિત ૪૩ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગામોના લાખો નાગરિકોને હવે તાલુકા કક્ષાની તમામ સરકારી સેવાઓ અને યોજનાઓનો લાભ પોતાના ઘરની નજીક મળી શકશે. કદવાલ ખાતે ટૂંક સમયમાં જ તમામ તાલુકા કક્ષાની કચેરીઓ પણ કાર્યરત કરવામાં આવશે, જેથી વિકાસના કામોને ઝડપથી આગળ ધપાવી શકાશે.

# આમોદ તાલુકા કોંગ્રેસ દ્વારા ગાંધીજીની જન્મજયંતીનો કાર્યક્રમ યોજાયો

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૨

આમોદ તાલુકા કોંગ્રેસ દ્વારા ૨ ઓક્ટોબરના અવસરે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતીનું ભવ્ય અને ભાવસભર આયોજન કરવામાં આવ્યું. આ પ્રસંગે તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરેન્દ્ર પટેલ અને અન્ય કાર્યકરો સહિત મોટી સંખ્યામાં સભ્યો ઉપસ્થિત રહ્યા. સમગ્ર કાર્યક્રમ ગાંધી આશ્રમ ખાતે યોજાયો. જ્યાં ભાગ લઈ રહેલા કાર્યકરો અને આગેવાનો દ્વારા મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિ રૂપે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. આ કાર્યક્રમ દરમિયાન કોંગ્રેસના કાર્યકરો દ્વારા ગાંધીજીના જીવન અને સંઘર્ષ વિશે જાણકારી આપવા માટે આશ્રમના ઐતિહાસિક દાંડી સૂચના દશ્યો અને તેમની સફર દર્શાવતા વિવિધ દસ્તાવેજો અને તસવીરો પ્રદર્શિત કરવામાં આવ્યા.




૧૯૨૦માં ગાંધીજીએ સ્થાપેલ ગુજરાત વિદ્યાપીઠમાં તારીખ ૨ ઓકટોબરના રોજ ગાંધીજી અને શાસ્ત્રીજીની જન્મજયંતિ નિમિત્તે વિદ્યાપીઠના કુલાધિપતિ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓએ સાથે વાર્તાલાપ, સ્વચ્છતા અભિયાન અને ખાદી ખરીદીના કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા.આ પ્રસંગે રાજ્યના શિક્ષણ અને આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ, ગુજરાત સરકારના પૂર્વમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સુંદર આયોજન કુલપતિ ડો, હર્ષદભાઈ પટેલ અને કુલ સચિવ હિમાંશુભાઈ પટેલે કર્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાપીઠના સિનિયર ટ્રસ્ટી સુરેશભાઈ રામાનુજ અને આયશાબેન હાજર રહ્યા હતા.

# અંકલેશ્વર નોટિફાઈડ એરિયા કોંગ્રેસ સમિતિ દ્વારા મહાત્મા ગાંધી અને લાલ બહાદુર શાસ્ત્રીની જન્મજયંતી નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરાઈ



અંકલેશ્વર નોટિફાઈડ એરિયા કોંગ્રેસ સમિતિ દ્વારા મહાત્મા ગાંધી અને પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીની જન્મજયંતિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરી જન્મ જયંતી ઉજવવામાં આવી હતી. અને ગાંધી જયંતી નિમિત્તે વડીલને સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે ઉપસ્થિત અંકલેશ્વર નોટિફાઇડના પ્રમુખ જીવનભાઈ સાવલિયા, ભરૂચ જિલ્લાના મહામંત્રી શૈલેષ પ્રજાપતિ, અનિલભાઈ નેવે, ભરતસિંહ યાદવ, હર્ષદભાઈ ગઢવી, દેવરામભાઈ, રામકુબેર પાંડે, સુરેશભાઈ પાંડે, ગંગાબેન વાઘેલા, સેજલબેન દરબાર કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. (તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

# ભરૂચના ભોલાવ એસ.ટી. ડેપો ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે ભરૂચ એસ.ટી. વિભાગ દ્વારા પણ પંદર દિવસીય વિશિષ્ટ કાર્યક્રમોની શ્રેણી હાથ ધરવામાં આવી હતી. આજરોજ ભરૂચ ભોલાવ સ્થિત એસ.ટી. ડેપો ખાતે વિભાગીય નિયામક આર.પી. શ્રીમાળીના માર્ગદર્શન હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ ધર્મેશ મિસ્ત્રી, ડેપો મેનેજર વિશાલ છત્રીવાલા તથા અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. તેઓએ વૃક્ષારોપણ કરીને પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો અને સાથે એસ.ટી. ડેપો પર સ્વચ્છતા અભિયાનમાં પણ સહભાગી થયા હતા. વિશેષ રૂપે, સેવાકીય કાર્યક્રમો દરમિયાન સ્વચ્છતા અભિયાનમાં અગ્રેસર રહેલા અને શ્રેષ્ઠ કામગીરી બજાવનારા એસ.ટી. વિભાગના કર્મચારીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.ભરૂચ એસ.ટી. વિભાગના તમામ પાંચ ડેપોમાં તા.૧૭ સપ્ટેમ્બરથી ૨ ઓક્ટોબર સુધી યોજાયેલા આ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં કર્મચારીઓ, અધિકારીઓ તેમજ સ્થાનિક લોકોએ સહભાગી બની સેવાકીય ભાવનાને વાસ્તવિક રૂપ આપ્યું હતું.

### ગાંધી જયંતી નિમિત્તે

# અંકલેશ્વર ઉમરવાડા ગ્રામ પંચાયતની વિશેષ ગ્રામસભા યોજાઈ, વિવિધ મુદ્દે ચર્ચા કરાઈ



(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

(સંવાદદાતા દ્વારા) અંકલેશ્વર, તા.૨

બીજી ઓકટોબર ગાંધી જયંતિ નિમિત્તે અંકલેશ્વરના ઉમરવાડા ગ્રામ પંચાયત ખાતે વિશેષ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું. ગામના સરપંચ ઈમ્તિયાઝ માકરોડની અધ્યક્ષતામાં આ બેઠક રાજ્ય સરકારના પરિપત્ર અને તાલુકા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી.

આ બેઠકમાં તાલુકા પંચાયત સભ્ય સુરેખાબેન, તલાટી ભરત આહીર, મદદનીશ તાલુકા વિકાસ અધિકારી ચેતના પટેલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામસભામાં ગામના વિકાસ અને સામાજિક ઉત્થાનને લગતા મહત્ત્વના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

# કોસંબાની હાજી એ.એમ.મોતાલા સાર્વજનિક હાઈસ્કૂલ 'નવીન વિકસતી ટેક્નોલોજી'માં પ્રથમ ક્રમે




કોસંબા, તા.૨

એસ.વી.એસ ૧૪ અંબિકાનુ વિજ્ઞાન ગણિત પ્રદર્શન માધવ તપોવન શાળા ધામડોદ મુકામે યોજાયેલ હતું, જેમાં વિભાગ-૪ નવીન વિકસતી ટેક્નોલોજીમાં હાજી એ.એમ.મોતાલા સાર્વજનિક ઉચ્ચતર માધ્યમિક શાળાએ ભાગ લઈ પ્રથમ ક્રમ મેળવ્યો હતો. તેમના માર્ગદર્શક શિક્ષક ધારાબેન જોશી તથા બાળ વૈજ્ઞાનિકો મુલ્લા રાબિયા મોહમ્મદ અનવર અને પઠાણ આઈશા મુદસ્સરનઝર છે. તેઓની કૃતિનું નામ બિયોન્ડ ઈમેજીનેશન છે તેઓની આ સિદ્ધિ બદલ શાળાના પ્રમુખ ફૈઝલભાઈ બાવા, સેક્રેટરી યાસ્મીનબેન ફૈસલભાઈ દાઉદજી, ઉપપ્રમુખ આસિફભાઈ વેડછીયા, તમામ ટ્રસ્ટીગણ આચાર્ય યુનુસભાઈ પટેલ તથા શાળા પરિવાર તેમને હાર્દિક અભિનંદન પાઠવે છે અને આગળ જિલ્લા કક્ષાએ પણ શાળાનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવે છે. (તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

### શહેરના મુખ્ય બસ સ્ટેન્ડ પર સફાઈ ઝુંબેશ યોજાઈ

# હિંમતનગરમાં સ્વચ્છતા ચિત્ર સ્પર્ધાના વિજેતાઓને ધારાસભ્યના હસ્તે ઈનામ

(સંવાદદાતા દ્વારા) હિંમતનગર, તા.૨

ગાંધી જયંતિ નિમિત્તે હિંમતનગરમાં સ્વચ્છતા વિષયક ચિત્ર સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને ધારાસભ્યના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, શહેરના મુખ્ય બસ સ્ટેન્ડ ખાતે સ્વચ્છતા અભિયાન પણ યોજાયું.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે હિંમતનગર શહેર સંગઠન દ્વારા આ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ પોતાની કલાત્મક અભિવ્યક્તિ દ્વારા સ્વચ્છતાના સંદેશાને કાગળ પર ઉતાર્યો. સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થયેલા વિદ્યાર્થીઓને ધારાસભ્ય વી.ડી. ઝાલા તેમજ નગરપાલિકા અને શહેર સંગઠનના હોદ્દેદારોના હસ્તે



(તસવીર : એફ.કે.મનસુરી, હિંમતનગર)

સન્માનિત કરવામાં આવ્યા. આ પ્રસંગે લગભગ ૧૦૦૦ પોસ્ટકાર્ડનું વિતરણ પણ કરાયું હતું, જેના દ્વારા વિદ્યાર્થીઓ વડાપ્રધાનને જી.એસ.ટી. ઘટાડવા બદલ આભાર વ્યક્ત કરતા પત્ર લખશે. આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ વિમલભાઈ ઉપાધ્યાય, શહેર ભાજપ પ્રમુખ કુલદીપભાઈ પાઠક, શહેર પ્રભારી નિર્ભયસિંહ રાઠોડ, ગોપાલસિંહ રાઠોડ (NG ગ્રુપ), અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રતિકાત્મક સફાઈ અભિયાનમાં ધારાસભ્ય વી.ડી. ઝાલા, પાલિકા પ્રમુખ વિમલભાઈ ઉપાધ્યાય, ચીફ ઓફિસર ઉપેન્દ્રભાઈ ગઢવી, પાલિકાના વિવિધ સમિતિના ચેરમેન, સદસ્યો, સ્થાનિકો તેમજ હિંમતનગર એસટી ડેપોના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા.

### ડો.હેડગેવાર સ્મારક સમિતિ દ્વારા

# ગુંજ સોશિયલ ગ્રુપને 'હમારી નવરાત્રી હરિત નવરાત્રી'નો સન્માન પત્ર એનાયત કરાયો

(સંવાદદાતા દ્વારા)અંકલેશ્વર, તા.૨

અંકલેશ્વર ગુંજ સોશિયલ ગ્રુપ દ્વારા ગુપ્તા ફાર્મ ખાતે આયોજિત ગરબા મહોત્સવના અંતિમ દિવસે ખેલૈયાઓ ઓપરેશન સિંદૂરની થીમ સાથે ગરબામાં રમઝટ બોલાવી મન મૂકી ગરબે ઘૂમ્યા હતા, અંતિમ દિને ડો.હેડગેવાર સ્મારક સમિતિ દ્વારા પર્યાવરણ સરંક્ષણ અંતર્ગત ગુંજ સોશિયલ ગ્રુપને હમારી નવરાત્રી હરિત નવરાત્રીનો સન્માન પત્ર એનાયત કરાયો હતો.

અંકલેશ્વર ગુંજ સોશિયલ ગ્રુપ દ્વારા જૂની દીવી ગામ પાસે ગુપ્તા ફાર્મ ખાતે નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે, ગરબા મહોત્સવના અંતિમ દિવસે ખેલૈયાઓ દેશ ભક્તિના રંગે રંગાયને ગરબે ઘૂમ્યા હતા, ખેલૈયાઓ ઓપરેશન સિંદૂરની થીમ ઉપર ગરબામાં રમઝટ બોલાવી મન મૂકી ગરબે ઘૂમ્યા હતા.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા તેની સ્થાપનાના ૧૦૦ વર્ષ નિમિત્તે શતાબ્દી મહોત્સવની ઉજવણી થઈ રહી છે, ત્યારે સંઘચાલક જવાહર વરેલાની દ્વારા ગુંજ ગરબામાં પ્લાસ્ટિકની વસ્તુઓનો ઉપયોગ ન કરવા બદલ ડો.હેડગેવાર સ્મારક સમિતિ ગુજરાત અને પર્યાવરણ સરંક્ષણ ગતિવિધિ આયોજિત હમારી નવરાત્રિ હરિત નવરાત્રિમાં



(તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

સહભાગી થવા બદલ ગુંજ સોશિયલ ગ્રુપના પ્રમુખ સુધીર ગુપ્તાને સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

# જૂનાડીસા ખાતે ગ્રામસભામાં ગામના વિકાસ અને સુખાકારી માટે ચર્ચાઓ

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૨

ડીસા તાલુકાના જુનાડીસાની ડી.જે.એન. મહેતા હાઈસ્કૂલ ખાતે આજે ગાંધી જયંતિ નિમિત્તે એક વિશેષ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભાનો મુખ્ય ઉદ્દેશ્ય ગામના સર્વાંગી વિકાસ, સુખાકારી અને સમૃદ્ધિ માટેના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ ગ્રામસભા સરપંચ અમૃતભાઈ પુનડીયાની અધ્યક્ષતામાં આયોજન કરવામાં આવ્યું હતું, ડેપ્યુટી સરપંચ દિનેશભાઈ દરજી (ઉર્ફે પેન્ટિંગ), સનાતન સમાજના પ્રમુખ દિલીપભાઈ બ્રહ્મભટ્ટ, તેમજ ગામના અગ્રણીઓ ફારૂકભાઈ દાણી, મોઈનભાઈ સિંધી અને ઈકબાલભાઈ ઘાસુરા સહિત મોટી સંખ્યામાં ચૂંટાયેલા સભ્યો, આગેવાનો અને જાગૃત યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. ગામના તલાટી કમ મંત્રી ગીરીશભાઈ પટેલે ગામના વિકાસ કાર્યોની નોંધ લેતા જણાવ્યું કે, "ગામમાં પડતી તમામ અગવડોને ધ્યાનમાં રાખીને વિકાસના કામોને પ્રાથમિકતા આપવામાં આવશે અને ગામને સમૃદ્ધ બનાવવા માટે પંચાયત કટિબદ્ધ છે." સભાના અંતે, ગામના વરિષ્ઠ અને જાગૃત નાગરિક દાઉદકાકા પટાવતે આભારવિધિ કરી હતી. આ સમગ્ર આયોજન કોમી એકતા અને ભાઈચારાના માહોલમાં સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

# અંકલેશ્વરમાં દશેરા નિમિત્તે ફાફડા-જલેબીનું ધૂમ વેચાણ



દશેરા પર્વનિમિત્તે અંકલેશ્વરમાં લોકોએ ફાફડા જલેબી ખરીદવા લાઈન લગાવી દીધી હતી. છેલ્લા નોરતા સુધી મન મૂકીને ગરબા ખેલૈયાઓ ગાતા હોય છે. ભલે રાત્રે મોડે સુધી ગરબા રમ્યાં હોય પરંતુ બીજા દિવસે વહેલા ઉઠીને ફાફડા તથા જલેબી ખાવાનો અનેરો જ ઉત્સાહ રહેતો હોય છે. વહેલી સવારથી જ તો કેટલાક આગલી રાતથી જ ફરસાણની દુકાને પહોંચી જતા હોય છે. તાજા તળેલાં ફાફડા, તીખું તમતમતું પપૈયાનું છીણ અને સાથે મરચા અને ઘીથી લથબથ જલેબી ખાવા માટે લોકો લાઈનમાં ઉભા રહી જાય છે. અંકલેશ્વરમાં ૪૦૦ રૂપિયા પ્રતીકિલો ફાફડા તો ૩૦૦ રૂપિયે પ્રતિ કિલોના ભાવે જલેબીનું વેચાણ થયું હતું.

# ભરૂચ જિલ્લા ભાજપે ગાંધીજી અને લાલ બહાદુર શાસ્ત્રીને પુષ્પાંજલિ અર્પણ કરી

ભરૂચ, તા.૨

ભરૂચ જિલ્લા ભાજપ દ્વારા સ્ટેચ્યુ પાર્ક ખાતે દિનદશા ઉપરાંત દ્વિપ્રતિષ્ઠિત પર્વ, ગાંધી જયંતી અને લાલ બહાદુર શાસ્ત્રી જન્મ જયંતી નિમિત્તે પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જન્મદિવસની ઉજવણી અને દેશભક્તિ તેમજ સામાજિક સેવાઓને પ્રોત્સાહન આપવાના સેવાનિષ્ઠ અભિયાન હેઠળ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા પ્રમુખ પ્રકાશ મોદીએ કહ્યું કે, "ગાંધીજી સ્વચ્છતા અને સમાજ સેવામાં લોકોને જાગૃત કરતા હતા. આપણે પણ તેમના માર્ગદર્શનમાં સ્વચ્છતા અને સેવા પર ભાર મૂકી દેશને સ્વચ્છ અને સુંદર બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ." કાર્યક્રમમાં ભરૂચ ધારાસભ્ય રમેશ મિસ્ત્રી, જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ ધર્મેશ મિસ્ત્રી, નગરપાલિકા પ્રમુખ વિભૂતિ યાદવ, પાલિકા કારોબારી અધ્યક્ષ ધર્મેન્દ્ર પ્રજાપતિ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા.

# વડોદરામાં મકરપુરા ખાતે ગેસનો બોટલ બ્લાસ્ટ થતાં એક વ્યક્તિ દાઝી ગઈ

વડોદરા, તા.૨

વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં આવેલા ઓમકાર ગ્રીનમાં ગેસનો બોટલ બ્લાસ્ટ થતા એક વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરા શહેરના મકરપુરા વિસ્તારમાં ઓમકાર ગ્રીન કોમ્પ્લેક્સના ત્રીજા માળે ફ્લેટમાં ગેસનો બોટલ બ્લાસ્ટ થયો હતો. જેના કારણે ફ્લેટમાં હાજર એક વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી હતી. મોટો ધડાકો થતા જ આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા. તાત્કાલિક ઈજાગ્રસ્તને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. કોમ્પ્લેક્સમાં રહેતા રહીશોએ જણાવ્યું હતું કે અમે સુઈ રહ્યા હતા અવાજ આવ્યો એટલે બહાર નીકળ્યા પછી ખબર પડી કે ગેસનો બોટલ ફાટ્યો છે.

**CHANGE OF NAME**

I HAVE CHANGE OF MY OLD NAME FROM **ZUBER SADIKBHAI PATEL** TO NEW NAME **ZUBER SADIK PATEL** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.

ADDRESS: 15-16, NURANI SOCIEY, NEAR NURANI MASJID, JAMBUSAR, TA: JAMBUSAR, DIST: BHARUCH. PIN. 392150, GUJARAT

**CHANGE OF NAME**

I HAVE CHANGE OF MY OLD NAME FROM **SUMAIYABAHEN ZUBER PATEL** TO NEW NAME **SUMAIYA ZUBER PATEL** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.

ADDRESS: 15-16, NURANI SOCIETY, NEAR NURANI MASJID, JAMBUSAR, TA: JAMBUSAR, DIST: BHARUCH. PIN. 392150, GUJARAT

**CHANGE OF NAME**

I HAVE CHANGE OF MY OLD NAME FROM **MAHAMAD ZUBERBHAI PATEL** TO NEW NAME **MUHAMMAD ZUBER PATEL** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.

ADDRESS: A-7, CITIZEN SOCIETY, JAMBUSAR, TA: JAMBUSAR, DIST: BHARUCH. PIN. 392150, GUJARAT

**જાહેર નોટિસ (અસીલના હુકમથી)**

જિલ્લા ભરૂચ અને તાલુકા-ભરૂચના મોજે ગામ પાલેજ ખાતે આવેલ ચંદ્રનગર સોસાયટીના પ્લોટ નં.બી૧માં બાંધવામાં આવેલ મકાન કે જેનું ક્ષેત્રફળ ૧૧૬.૧૭ ચો.મી. તેના મૂળ માલિક યાસ્મીન હશન ગુગળનાઓની તરફેણમાં તા.૧૪/૦૭/૨૦૦૯ના રોજ નોંધવામાં આવેલ દસ્તાવેજ નં.૪૬૭૩/૨૦૦૯ના અસલ દસ્તાવેજ, ઈન્ડેક્ષ તથા રજિસ્ટ્રેશનની પાવતી ખોવાઇ ગયેલ છે. જેથી ઉપરોક્ત દર્શાવેલ કે મિલકત ઉપર કોઈ વ્યક્તિ સંસ્થા, કોઈનો હક્ક-હિસ્સો કે બોજો વગેરે હોય તો તેઓને તેના હક્ક બાબતના દસ્તાવેજમાં પુરાવા સહિત દિન-૧૦ અમોને નીચે દર્શાવેલ સરનામે લેખિતમાં જાણ કરવી નોટિસ મુદત વિત્યા પછી ઉપરોક્ત મિલકત બાબતે કોઈ વાંધો તકરાર વિરોધ ચાલશે નહિ અન્યથા મિલકતનો ટાઇટલ કલીયરન્સ સર્ટિફિકેટ આપી દેવામાં આવશે. ત્યારબાદ કોઈપણ તકરાર ચાલશે નહિ. તેની નોંધ લેવી.

**જુબેરખાન હસનખાન પઠાણ**
એડવોકેટ & નોટરી
તળાવ પાસે, પઠાણ સ્ટ્રીટ, ઈમામખાન ફળિયું
મુ. પોસ્ટ પાલેજ, ભરૂચ, ગુજરાત-૩૯૨૨૨૦/૩૯૨૨૦
મો.૯૦૯૯૪૪૦૬૮૯

તા.૦૨/૧૦/૨૦૨૫
સ્થળ : પાલેજ

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ ગુજરાત આવશે ગીર અભ્યારણ્યની મુલાકાત લેશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨

ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના સંભવિત ગુજરાત પ્રવાસ અને સિંહ દર્શન કાર્યક્રમને કારણે, સામાન્ય રીતે ચોમાસાના ચાર મહિના માટે બંધ રહેતું ગીર જંગલ આ વર્ષે નિર્ધારિત સમય કરતાં લગભગ ૧૦ દિવસ વહેલું ખુલવાની સંભાવના છે. સામાન્ય રીતે, વન્યજીવોના સંવર્ધન અને સંરક્ષણ માટે ગીર અભ્યારણ્ય દર વર્ષે તા.૧૫મી જૂનથી ૧૬મી ઓક્ટોબર સુધી પ્રવાસીઓ માટે બંધ રાખવામાં આવે છે. જો કે, વન વિભાગના આંતરિક સૂત્રો પાસેથી મળતી



માહિતી મુજબ, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂનો સંભવિત કાર્યક્રમ તા.૧૦ અને ૧૧ ઓક્ટોબર દરમિયાન ગીર જંગલની બે દિવસીય મુલાકાત લેવાનો બની રહ્યો છે.

રાષ્ટ્રપતિના આ કાર્યક્રમને

## અભ્યારણ્ય ૧૦ દિવસ વહેલું ખૂલશે

ધ્યાનમાં રાખીને, વન વિભાગે મોટો નિર્ણય લીધો છે કે પ્રવાસીઓ માટે ગીર અભ્યારણ્યના દ્વાર ૧૬ ઓક્ટોબરના બદલે, સંભવતઃ ૭ ઓક્ટોબરથી જ ખુલ્લા મૂકી દેવામાં આવશે. આ નિર્ણયથી પ્રકૃતિ પ્રેમી પ્રવાસીઓમાં ખુશીની લહેર દોડી ગઈ છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂની આ સંભવિત મુલાકાત માત્ર ગીર માટે જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત રાજ્ય માટે ગૌરવની વાત છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સાસણ ગીરમાં વન વિભાગ ઉપરાંત જિલ્લાના અન્ય વહીવટી વિભાગના અધિકારીઓની દોડધામ જોવા મળી રહી છે. જિલ્લા તંત્ર દ્વારા રાષ્ટ્રપતિની મુલાકાતને લઈને સુરક્ષા અને વ્યવસ્થાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ભાલછેલ ખાતેના હેલિપેડની સઘન ચકાસણી અને તૈયારીઓ કરવામાં આવી રહી છે. રાષ્ટ્રપતિની સુરક્ષા અને બંદોબસ્ત માટે આવનારા સ્ટાફની ઉત્તમ વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે ઉચ્ચ અધિકારીઓ સાસણના સતત ચક્કર લગાવી રહ્યા છે.

# મહાત્મા ગાંધીજીએ સૂતરના તાંતણે ખાદી અને સ્વદેશીથી આઝાદ ભારત માટેની પીઠિકા ઘડીને આઝાદી અપાવી : ભૂપેન્દ્ર પટેલ

## મુખ્યમંત્રીએ મહાત્મા ગાંધીની જન્મજયંતિ નિમિત્તે પોરબંદર કિર્તી મંદિર ખાતે બાપુને પુષ્પાંજલિ અર્પી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે તેમના જન્મસ્થળ પોરબંદર કિર્તીમંદિર ખાતે પૂજ્ય બાપુને પુષ્પાંજલિ અર્પણ કરી હતી અને પ્રાર્થનાસભામાં સહભાગી થયાં હતાં. મુખ્યમંત્રીએ બાપુને શ્રદ્ધાસુમન અર્પણ કરતા કહ્યું કે, મહાત્મા ગાંધીજીએ સૂતરના તાંતણે ખાદી અને સ્વદેશીથી આઝાદ ભારત માટેની પીઠિકા ઘડીને આઝાદી અપાવી છે. મુખ્યમંત્રીએ વિજયાદશમી પાર્વની શુભકામનાઓ પાઠવી હતી. બાપુની દિવ્ય ચેતનાને વંદન કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, મહાત્મા ગાંધીજીને યાદ કરતાં જ આપણી નજર સમક્ષ એક સેવાભાવી સંત, અહિંસાના ઉપાસક અને વિશ્વમાનવનું ચિત્ર ઉપસી આવે છે. પોરબંદરની આ માટીમાંથી જન્મેલા મોહનદાસ ગાંધીજી આજે સાબરમતિના સંત અને અહિંસાના પૂજારી તરીકે સમગ્ર વિશ્વમાં પૂજાય છે.

મુખ્યમંત્રીએ અહિંસાનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, અહિંસા એ નમ્રતાની પરાકાષ્ઠા છે. નમ્રતા વગર મુક્તિ કોઈ કાળે શક્ય નથી. બાપુએ ગરીબ અને ગામડાના નાગરિકોના ઉત્થાન માટેની અહાલેક જગાવી હતી. ગરીબ, વંચિત અને છેવાડાના માનવી સુધી સુખ-સુવિધા પહોંચાડવાની નેમ અને વિકાસ સાથે બાપુએ જોયેલું સપનું આજે સાકાર થઈ રહ્યું છે. મુખ્યમંત્રીએ ઉપસ્થિત સૌને હૃદયમાં પ્રેમ, જીવનમાં અહિંસા, સમાજમાં સમરસતા અને રાષ્ટ્રપ્રથમના ભાવ સાથે કર્તવ્યરત રહેવા અનુરોધ કર્યો હતો. જિલ્લા પ્રભારી મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, ગાંધીજીની આ ભૂમિ આપણને હકારાત્મક સંવેદનાઓનો અનુભવ કરાવે છે. બાપુ સ્વચ્છતા અને સ્વદેશીના આગ્રહી હતા. તેમની આ સ્વદેશી અને સ્વચ્છતા પહેલને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આગળ વધારી છે, જેનાથી દેશ આત્મનિર્ભર અને સમૃદ્ધ બનશે. વધુમાં, તેમણે 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી'ના સૂત્ર સાથે આગળ વધવા અપીલ કરી હતી અને ગાંધીજીની જન્મજયંતિ તથા લાલ બહાદુર શાસ્ત્રી જન્મજયંતિની શુભકામનાઓ પાઠવી હતી.

# સુરતમાં મગદલ્લા જેટી નજીક મધદરિયે ભારે ભરખમ ક્રેનનો એક ભાગ તૂટી પડ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨

સુરત શહેરમાં મગદલ્લા જેટી નજીક મધદરિયે સદનસીબે મોટી દુર્ઘટના બનતા ટળી છે. ભારે પવનને કારણે જામનગર સ્થિત શ્રીજી શિપિંગના વેસલ્સમાંથી કોલસો ખાલી કરવા ગયેલી ક્રેનનો આગળનો ભાગ તૂટી પડ્યો હોવાનો વીડિયો વાઈરલ થયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સોમવારે પ્રતિ કલાક ૬૦થી ૭૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાતા મધદરિયે રહેલી ભારેભરખમ ક્રેન હિલોળા ખાવા લાગી હતી અને અચાનક તેનો મુખ્ય ભાગ ધડામ કરતો સમુદ્રમાં તૂટી પડ્યો હતો. જોકે, છેલ્લા ત્રણ દિવસથી જેટી બંધ હોવાના કારણે કોલસો ખાલી કરવાની કામગીરી બંધ હતી, જેના પગલે કોઈ જાનહાનિ થઈ નહોતી અને મોટી દુર્ઘટના ટળી હતી. આ સમગ્ર ઘટના અંગે ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે અને રિપોર્ટના આધારે કસૂરવાર સામે પગલાં લેવાશે. ગત શનિવાર સાંજથી સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ભારે પવન ફૂંકાઈ રહ્યો છે, જેના કારણે વલસાડ અને ચીખલી સહિતના વિસ્તારોમાં નુકસાન થયું છે. પવનની ઝડપમાં વધારો થવાની આગાહીના પગલે ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા સલામતીના ભાગરૂપે મગદલ્લા જેટીને બંધ કરી દેવામાં આવી હતી. સોમવારના રોજ જ્યારે પવનની ઝડપ પ્રતિ કલાક ૬૦થી ૭૦ કિલોમીટર સુધી પહોંચી ત્યારે જામનગરની શ્રીજી શિપિંગ કંપનીનું કોલસા ભરેલું વેસલ્સ જેટી તરફ મધદરિયે પાર્ક કરેલું હતું. આ વેસલ્સમાંથી કોલસો બાર્જમાં ખાલી કરવા માટે ક્રેનને મધદરિયે લઈ જવામાં આવી હતી, પરંતુ જેટી બંધ થવાના કારણે ક્રેનને ત્યાં જ વેસલ્સ સાથે બાંધીને પાર્ક કરી દેવામાં આવી હતી. ભારે પવનને કારણે મધદરિયે પાર્ક કરાયેલી આ ભારેભરખમ ક્રેન હિલોળા ખાવા લાગી હતી. પવનનું જોર એટલું વધારે હતું કે વેસલ્સ સાથે બાંધેલી હોવા છતાં ક્રેનનો આગળનો મુખ્ય ભાગ તૂટીને સમુદ્રમાં ગરકાવ થઈ ગયો હતો. સૌથી રાહતની વાત એ છે કે, ભારે પવનની આગાહીને કારણે ગુજરાત મેરીટાઈમ બોર્ડે જેટી બંધ કરી દીધી હતી. જેને કારણે ક્રેન દ્વારા કોલસો ખાલી કરવાની કામગીરી સંપૂર્ણપણે બંધ હતી. જો કામગીરી ચાલુ હોત, તો ત્યાં હાજર કર્મચારીઓ માટે મોટી જાનહાનિ થઈ શકી હોત. જેટી બંધ હોવાથી સમયસર મોટી દુર્ઘટના ટળી હતી. ક્રેન તૂટી પડવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં GMBએ સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરી છે. મેરીટાઈમ બોર્ડના રિપોર્ટ બાદ જે કોઈ કસૂરવાર ઠરશે, તેમની સામે કડક પગલાં લેવાશે.

# રાજ્યના નવા સચિવાલયમાં રિનોવેશન દરમિયાન મહિલા કર્મચારીના માથા પર ૨૦થી ૨૫ લોખંડની પાઈપો પડતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨

રાજ્યના નવા સચિવાલય ખાતે હાલમાં ચાલી રહેલ રિનોવેશનની કામગીરીમાં સચિવાલયના બ્લોક નં. ૧૩માં ચાલી રહેલ કન્સ્ટ્રક્શન કામ દરમ્યાન અચાનક જ ૨૦થી ૨૫ લોખંડની પાઈપો મહિલા કર્મચારી પર પડી જતાં તેઓને માથા તેમજ શરીરના અનેક ભાગોમાં ગંભીર ઈજાઓ થઈ હતી. આ ઘટના બાદ સચિવાલયના સ્ટાફ અને અન્ય કર્મચારીઓમાં હાહાકાર મચી ગયો હતો.

મહિલા કર્મચારીના જણાવ્યા અનુસાર, ૨૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સાંજે લગભગ ૬:૦૦થી ૬:૧૫ દરમિયાન તેઓ ઓફિસ છૂટી ઘરે જવા નીકળ્યા હતા. તે સમયે તેઓ બ્લોક નં. ૧૪માંથી

## સેક્ટર-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ

પસાર થઈ બ્લોક નં. ૧૩ તરફ જઈ રહ્યા હતા. અચાનક જ બ્લોક નં. ૧૩માં ઉપર ચાલી રહેલ કામ દરમ્યાન લોખંડની પાઈપો નીચે તૂટી પડી. આશરે ૨૦થી ૨૫ જેટલી ભારે પાઈપો સીધા જ તેમના માથા અને શરીર પર પડતાં તેઓ જમીન પર ઢળી પડ્યા હતા. ઈજાઓ એટલી ગંભીર હતી કે, મહિલાનું મોત થવાનું સંભવિત હતું, પરંતુ તાત્કાલિક સહકર્મચારીઓએ તેમને ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા. જ્યાં સારવાર મળતાં સદનસીબે તેમનો જીવ બચી ગયો. હાલ તેઓ સારવાર હેઠળ છે. ઘટનાથી ઘવાયેલા કર્મચારીએ જણાવ્યું કે તેઓ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાથી વ્યક્તિગત રીતે પોલીસ સ્ટેશન જઈ શકતા નથી. તેમ છતાં, તેમણે ગાંધીનગર સેક્ટર ૭ પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી દ્વારા તમામ જવાબદાર સામે કાયદેસરની કાર્યવાહી કરવા માંગણી કરી છે. અરજદારએ સ્પષ્ટ કર્યું છે કે, આ ઘટના ગંભીર બેદરકારીનું પરિણામ છે. રિનોવેશનનું કામ ચાલી રહ્યું હોવા છતાં સલામતીના પૂરતા પગલાં લેવાયા ન હતા. આવી ઘટનામાં માનવજીવન જોખમાય છે અને તેનું જવાબદારીપૂર્વક નિરાકરણ જરૂરી છે.

સેક્ટર ૭ પોલીસ સ્ટેશન દ્વારા મહિલા કર્મચારીની લેખિત અરજી સ્વીકારી લેવામાં આવી છે અને પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસ દ્વારા ઘટનાસ્થળનું નિરીક્ષણ, સાક્ષીઓના નિવેદનો તથા કન્સ્ટ્રક્શન સાઈટ પર રહેલા કામદારો અને કોન્ટ્રાક્ટરની પૂછપરછ કરવામાં આવશે. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું છે કે જો બેદરકારી સાબિત થશે તો સંબંધિત કોન્ટ્રાક્ટર, સુપરવાઈઝર તેમજ જવાબદાર અધિકારીઓ વિરૂદ્ધ ગુનાહિત કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

નવા સચિવાલયમાં રોજિંદા હજારો કર્મચારીઓ ફરજ બજાવે છે. આવી ઘટના બાદ કર્મચારીઓમાં ભય અને ચિંતા વ્યાપી છે. રિનોવેશન અથવા કન્સ્ટ્રક્શન કાર્ય દરમ્યાન સલામતીના પૂરતા ઉપાયો ફરજિયાત કરાવવાં જોઈએ. તેવી તેઓએ માંગણી કરી છે.

### વિરોચનનગરની અનોખી દશેરા

# ૧૦૦ વર્ષથી અશ્વ રેસની પરંપરા અકબંધ, હિન્દુ-મુસ્લિમ એકતાનું ઉત્તમ ઉદાહરણ

## આ સ્પર્ધા માત્ર એક રમત નહીં, પણ ગામની ઐતિહાસિક ધરોહર, સાંસ્કૃતિક વિરાસત અને સામુદાયિક સૌહાર્દનું ઉત્તમ ઉદાહરણ બની રહી હતી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨

અમદાવાદ શહેર નજીક આવેલા સાણંદ તાલુકાના વિરોચનનગર ગામે આજે (૨ ઓક્ટોબર) દશેરાના પવિત્ર તહેવાર નિમિત્તે ૧૦૦ વર્ષ જૂની પરંપરા મુજબ ભવ્ય અશ્વ રેસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા માત્ર એક રમત નહીં, પણ ગામની ઐતિહાસિક ધરોહર, સાંસ્કૃતિક વિરાસત અને સામુદાયિક સૌહાર્દનું ઉત્તમ ઉદાહરણ બની રહી હતી.

આ અનોખી સ્પર્ધામાં ગામના હિન્દુ અને મુસ્લિમ સમાજના લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જે કોમી એકતા અને ભાઈચારાનું પ્રેરણાદાયી દૃશ્ય પૂરૂં પાડે છે. વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ, આ વર્ષે પણ ગ્રામજનોએ આ અશ્વ રેસને જીવંત રાખી હતી.લોકો પોતાના અશ્વોને ખાસ રીતે શણગારી, સજાવીને રેસમાં ભાગ લેવા લાવ્યા હતા. આશરે ૪૦થી ૫૦ અશ્વોએ આ રોમાંચક સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ અશ્વ દોડ જોવા માટે હિન્દુ-મુસ્લિમ સમાજના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.ગામના સરપંચ હિતેન્દ્રસિંહ બારડએ આ પરંપરાનો ઈતિહાસ જણાવતાં કહ્યું કે, 'અમારા ગામના વડવાઓ ખેડૂતો હતા અને ખેતરોમાં જવા માટે અશ્વોનો ઉપયોગ કરતા. નવરાત્રિ અને ખાસ કરીને દશેરાના દિવસે, તમામ ખેડૂતો અને વડવાઓ પોતાના અશ્વો સાથે ગામના શક્તિ માતાના મંદિરે દર્શન કરવા આવતા. 'પહેલાના સમયમાં જીતેલાઓને ઈનામ પણ અપાતા, જોકે હવે ઈનામ અપાતા નથી. તેમ છતાં, ગ્રામજનોએ આ વર્ષો જૂની અશ્વોની રેસની પરંપરાને આજે પણ પૂરા ઉત્સાહ અને એકતા સાથે જાળવી રાખી છે.

# ગલેન્ડા ગ્રામ પંચાયતને આર્થિક નુકસાન પહોંચાડવા બદલ સરપંચને પદભ્રષ્ટ કરાયા

(સંવાદદાતા દ્વારા)

વાગરા. તા.૨

વાગરા તાલુકાની ગલેન્ડા ગ્રામ પંચાયતના મહિલા સરપંચને ટાંકીના કાટમાળમાં ગોબચારી આચરવા મામલે જિલ્લા વિકાસ અધિકારીએ સસ્પેન્ડ કરતા પંથકમાં ચકચાર વ્યાપી જવા પામી છે. વાગરા તાલુકાની ગલેન્ડા ગ્રામ પંચાયતના સરપંચ તેમજ સરપંચ પતિ દ્વારા એકબીજાના મેળાપીપણામાં જર્જરિત પાણીની ટાંકી તોડતા નીકળેલ લોખંડના સળિયા તેમજ પાણીની પાઈપો સહિતનો કાટમાળ ઠરાવ, ટેન્ડર પ્રક્રિયા કે હરાજી વિના નિયમોને અભરાઈએ ચઢાવી બારોબાર વેચાણ કર્યો હોવાના આક્ષેપો ગલેન્ડા ગામના ફિરોઝ ઉદેસંગ રાજ દ્વારા કરાયા છે. આ બાબતે તેઓએ ઉચ્ચ કક્ષાએ લેખિતમાં રજૂઆતો કરી સરપંચ વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી માટે માગણી પણ કરવામાં આવી હતી. ફરિયાદ સંદર્ભે ઉચ્ચ અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરી કસૂરવાર જણાતા સરપંચને હોદ્દા પરથી દૂર કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. ફીરોજ ઉદેસંગ રાજ દ્વારા કરાયેલ લેખિત રજૂઆતમાં જણાવ્યા અનુસાર ગલેન્ડા ગામની જર્જરિત પાણીની ટાંકી તોડવાની મજૂરી કાટમાળની અવેજમાંથી આપવામાં આવી હતી અને તમામ કામગીરી સપંચના પતિ દ્વારા કરવામાં આવી હતી. સરપંચ પતિએ કાટમાળ વેચેલ છે તેમજ તેમાંથી મજૂરી પેટે પૈસા પણ ચૂકવવામાં આવ્યા હતા. વધુમાં ટાંકીનો કાટમાળ સરપંચ અને તેઓના પતિ દ્વારા એકબીજાના મેળાપીપણામાં બારોબાર વેચી મારી ઉપજેલ રકમ આજદિન સુધી ગ્રામ પંચાયતના સ્વભંડોળમાં જમા કરવાને બદલે પોતાના અંગત હેતુ માટે ઉપયોગ કરવામાં આવ્યો હતો તેમ અરજદાર થકી રજૂઆત કરવામાં આવી હતી. આમ કરી સરપંચ દ્વારા ગ્રામ પંચાયત તેમજ સરકારને આર્થિક નુકસાન પહોંચાડેલ છે. અરજદાર ફીરોજ રાજની ફરિયાદને આધારે તપાસ હાથ ધર્યા બાદ ભરૂચ જિલ્લા વિકાસ અધિકારી યોગેશ કાપસેએ ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૫૭(૧) હેઠળ ગલેન્ડા ગ્રામ પંચાયતના મહિલા સરપંચ ગીતાબેન જયંતિભાઈ રાઠોડને સરપંચ પદેથી દૂર કરવાનો હુકમ કર્યો હતો. હાલ ગ્રામ પંચાયતનો ચાર્જ ડેપ્યુટી સરપંચ હમીદાબેન યુનુસખાનને સોંપવામાં આવ્યો છે. નોંધનિય છે કે, ફિરોજ રાજ દ્વારા ગ્રામ પંચાયત પાસે આરટીઆઈ એકટ હેઠળ અરજી કરી પાણીની ટાંકી વિશે ઠરાવો, મંજૂરીઓ તેમજ કાયદેસરની કામગીરી વિશેની માહિતીની માગણી પણ કરવામાં આવી હતી. એક લાખ રૂપિયાની આસપાસની કિંમતનો ભંગાર બારોબાર વેચી માર્યાની ચર્ચાઓ ગલેન્ડા ગામ સહિત પંથકમાં જોરશોરથી ચર્ચાઈ રહી છે.

## સરપંચ પતિ વિરૂદ્ધ પોલીસ ફરિયાદની માંગ

પાણીની ટાંકી તોડયા બાદ કાટમાળ સરપંચ પતિ દ્વારા નિયમોને નેવે મૂકી વેચી નાખવા બાબતે ફિરોજ ઉદેસંગ રાજે સરપંચ પતિ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ કરવા તલાટીને લેખિત પત્ર પાઠવી માંગ કરવામાં આવી હતી. તલાટીએ આ બાબતે કોઈ નક્કર પગલાં ન લેતાં અરજદારે તાલુકા વિકાસ અધિકારી તેમજ જિલ્લા વિકાસ અધિકારીને આ બાબતે અરજી કરી રજૂઆત કરાઈ હતી. પરંતુ આજદિન સુધી પરિણામ શૂન્ય રહેવા પામ્યું છે. અરજદાર ફીરોજ ઉદેસંગ રાજે સરપંચ પતિ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવા કોર્ટના દ્વાર ખટખટાવવા ચક્રો ગતિમાન કર્યા છે.



મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે અમદાવાદમાં ગાંધી આશ્રમમાં પ્રાર્થના કરવામાં આવી હતી જે પ્રસ્તુત તસવીરમાં દૃશ્યમાન થાય છે.

# નડિયાદના વેપારી સાથે હિંગના વેપારમાં રૂા. ૨.૧૬ કરોડની છેતરપિંડી

## મુંબઈની શુભ ફૂડ ઈન્ડસ્ટ્રીઝના બે ડિરેક્ટરો સામે વિશ્વાસઘાતની ફરિયાદ

નડિયાદ, તા.૨

નડિયાદ શહેરના મરીડા રોડ પર આવેલી એફ.કે. એગ્રો એક્સપોર્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ કંપની સાથે મુંબઈની શુભ ફૂડ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ અને તેના બે ડિરેક્ટર એ કુલ રૂા.૨,૧૬,૩૦,૮૭૦ /-ની કિંમતની હિંગ લઈ ગયા બાદ રૂપિયા ના આપી છેતરપિંડી કરી હોવા બાબતની ફરિયાદ નડિયાદ ટાઉનમાં નોંધાય છે. મળતી માહિતી મુજબ નડિયાદના અમદાવાદી બજારમાં રહેતા અને મરીડા રોડ પર એફ.કે. એગ્રો એક્સપોર્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની ચલાવતા અબ્દુલ્લાખાન અબ્દુલરહીમખાન પઠાણ હિંગનો વેપાર કરે છે. મહારાષ્ટ્રના થાણે સ્થિત શુભ ફૂડ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટરો ગૌરવ હરીશ ગંભીર અને નીતુ ભૂપેન્દ્ર શાહ તેમના જૂના અને કાયમી ગ્રાહકો છે. આ ગ્રાહકો પેઢી દર પેઢીથી તેમની પાસેથી કાચી હિંગની ખરીદી કરતા હતા, જેથી અબ્દુલ્લાખાનને તેમના પર સંપૂર્ણ વિશ્વાસ રાખ્યો હતો. આ વિશ્વાસના આધારે ગૌરવ ગંભીર અને નીતુ શાહે ગયા ઓક્ટોબર ૨૦૨૩માં નડિયાદ આવી કંપનીમાંથી ૧૮૦૦ કિલો હિંગનો જથ્થો ઉધારમાં ખરીદવાનું નક્કી કર્યું હતું. આ માલની કુલ કિંમત રૂા.૨,૭૯,૦૯,૦૦૦/-નક્કી કરવામાં આવી હતી. આરોપીઓએ આ રકમ પાંચ મહિનામાં પૂરેપૂરી ચૂકવી દેવાનો વાયદો કર્યો હતો. તા. ૧૮/૧૦/૨૦૨૩ના રોજ આ માલ પંચમહાલ ટ્રાન્સપોર્ટ કંપની મારફતે શુભ ફૂડ ઈન્ડસ્ટ્રીઝની ભીવંડી (થાણે, મહારાષ્ટ્ર) ખાતેની કંપનીમાં મોકલી આપવામાં આવ્યો હતો. ત્યારબાદ, તા. ૨૭/૧/૨૪ના રોજ આરોપીઓએ ફરીથી ૫૦૦ કિલો હિંગનો જથ્થો, જેની કિંમત રૂા.૪૨,૫૨,૫૦૦/- હતી, તે પણ ઉધારમાં ખરીદ્યો અને તે માલ પણ ટ્રાન્સપોર્ટ મારફતે મોકલી આપવામાં આવ્યો હતો. આમ, અબ્દુલ્લાખાનની કંપનીએ આરોપીઓને કુલ ૨૩૦૦ કિલો હિંગનો જથ્થો, જેની કુલ કિંમત રૂા.૩,૨૧,૬૧,૫૦૦/- (ત્રણ કરોડ એકવીસ લાખ એકસઠ હજાર પાંચસો રૂપિયા) થાય છે, તે પાંચ મહિનામાં ચૂકવવાની શરતે ઉધારમાં આપ્યો હતો.

# હિંમતનગર ખાતે ગાયને બચાવવા કેનાલમાં ઊતરેલ યુવાનનું મોત



(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૨

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાંથી પસાર થતી હાથમતી કેનાલમાંથી તણાયેલા એક યુવકનો મૃતદેહ ૨૪ કલાકની શોધખોળ બાદ આજે સવારે મળી આવ્યો હતો. ફાયર વિભાગ દ્વારા મૃતદેહને હિંમતનગર એ-ડિવિઝન પોલીસને સોંપવામાં આવ્યો હતો, જે બાદ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, બુધવારે સવારે મોતીપુરા હાથમતી કેનાલમાં એક ગાય પાણીમાં તણાઈ હતી. આ ગાયને બચાવવા માટે ચાર યુવકો પાણીમાં ઉતર્યા હતા. તેમાંથી ત્રણ યુવકો સુરક્ષિત બહાર આવી ગયા હતા, જ્યારે ગાય પણ બહાર નીકળી ગઈ હતી. જોકે, એક યુવક પાણીના પ્રવાહમાં તણાઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં ફાયર વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને તણાયેલા યુવકની શોધખોળ શરૂ કરી હતી. જોકે, બુધવારે મોડી સાંજ સુધી યુવકનો કોઈ પત્તો લાગ્યો ન હતો. ગુરૂવારે સવારે કેનાલમાં પાણી બંધ કરાયા બાદ GIDC પાસે સ્ટારસિટી સામેના ભાગેથી ૧૫ વર્ષીય પારસભાઈ અન્નાભાઈ શરાણીયાનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહને તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યો હતો. આ અંગે હિંમતનગર એ-ડિવિઝન પોલીસે જાણ થતાં વધુ તપાસ હાથ ધરી છે.





૧૯૨૦માં ગાંધીજીએ સ્થાપેલ ગુજરાત વિદ્યાપીઠમાં તારીખ ૨ ઓકટોબરના રોજ ગાંધીજી અને શાસ્ત્રીજીની જન્મજયંતિ નિમિત્તે વિદ્યાપીઠના કુલાધિપતિ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓએ સાથે વાર્તાલાપ, સ્વચ્છતા અભિયાન અને ખાદી ખરીદીના કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા.આ પ્રસંગે રાજ્યના શિક્ષણ અને આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ, ગુજરાત સરકારના પૂર્વમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સુંદર આયોજન કુલપતિ ડો, હર્ષદભાઈ પટેલ અને કુલ સચિવ હિમાંશુભાઈ પટેલે કર્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાપીઠના સિનિયર ટ્રસ્ટી સુરેશભાઈ રામાનુજ અને આયશાબેન હાજર રહ્યા હતા.

## ધાર્મિક કાર્યક્રમ

હઝરત ચાંદ શહીદ બાવા, હઝરત રોશન શહીદ બાવા હઝરત કાલુ શહીદ બાવા (ર.અ.)ના ૯૮મો સંદલ શરીફ સાનો શોકતથી આસતાના શરીફ પર મનાવવામાં આવશે. તા.૩/૧૦/૨૦૨૫ના રોજ ઈશાની નમાઝ બાદ ઈમામ બાડા આસતાના છોટી અલી પોલથી જુલૂસ નીકળશે. જેમાં અકીદતમંદોને હાજર રહેવા બુરહાનબાબા દ્વારા અપીલ કરાઈ છે.

## ડીએસપી નિફ્ટી ૫૦૦ ફ્લેક્સીકેપ ક્વોલિટી ૩૦ ઈટીએફ લોન્ચ કર્યું

અમદાવાદ, તા.૨

ડીએસપી મ્યુચ્યુઅલ ફંડે ભારતના પ્રથમ ફ્લેક્સી કેપ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ-ડીએસપી નિફ્ટી ૫૦૦ ફ્લેક્સીકેપ ક્વોલિટી ૩૦ ઈટીએફના લોન્ચિંગની જાહેરાત કરી છે. આ ઈટીએફ નિફ્ટી ૫૦૦ ફ્લેક્સીકેપ ક્વોલિટી ૩૦ ટીઆરઆઈને ટ્રેક કરે છે, જે એક અનોખો બેન્ચમાર્ક છે અને ક્વોલિટી વ્યવસાયો પર ધ્યાન કેન્દ્રિત કરતી વખતે લાર્જ, મિડ અને સ્મોલ-કેપ કંપનીઓમાં ગતિશીલ રીતે રોકાણ કરે છે.

ભારતીય ઈક્વિટી બજારો વારંવાર ચક્રીય ગતિમાં હોય છે, જેમાં લાર્જ, મિડ અને સ્મોલ-કેપ કંપનીઓ વારાફરતી વધુ સારું પ્રદર્શન કરતી હોય છે. મોટાભાગના રોકાણકારો માટે, ક્યાં રોકાણ કરવું, કેટલું રોકાણ કરવું અને ક્યારે સ્વિચ કરવું તે નક્કી કરવું મુશ્કેલ અને ખર્ચાળ બની શકે છે. આ ઈટીએફ આ જટિલતાને દૂર કરે છે. તે એક પારદર્શક, નિયમ-આધારિત માળખાનો ઉપયોગ કરે છે.

**નામ બદલેલ છે**

મારૂં જૂનું નામ : **શેખ ઝુબેદા કાદરભાઈ** હતું તે સુધારીને નવું નામ : **બાવરચી ઝુબેદાબાનુ મોહંમદસાકીર** કરેલ છે.

સરનામું : ૧૩૩૦, સૈયદવાડા, દરગાહ સામે, વટવા, અમદાવાદ-૩૮૨૪૪૦

# પરિવર્તન માટેનો એક માત્ર માર્ગ લોકશાહી છે : પડોશી દેશોમાં અશાંતિના વાતાવરણ વચ્ચે આરએસએસના વડાનું મંતવ્ય

## પહેલગામમાં ૨૬ નાગરિકોની હત્યા કરનાર આતંકવાદીઓના હુમલાને યાદ કરતા મોહન ભાગવતે ભારત સરકારના મજબૂત જવાબ અને ભારતીય સૈન્ય અને નાગરિકોએ બતાવેલી એકતાની પ્રશંસા કરી

(એજન્સી) તા.૨

RSSના વડા મોહન ભાગવતે કહ્યું કે જે સરકાર લોકોથી દૂર રહે છે અને તેમની ચિંતાઓને અવગણે છે તેને તેમના ગુસ્સાનો સામનો કરવો પડે છે. તેમણે નેપાળમાં તાજેતરના રાજકીય ઉથલપાથલનો ઉલ્લેખ કરીને ભારતના પડોશમાં અરાજકતા વિશે ચેતવણી આપી હતી. RSS મુખ્યાલયમાં વિજયાદશમીના સંબોધનમાં ભાગવતે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતમાં આવી અશાંતિ પેદા કરવાનો પ્રયાસ કરી રહેલા પરિબળો દેશની અંદર અને બહાર સક્રિય છે. તેમણે કહ્યું કે, શ્રીલંકા, બાંગ્લાદેશ અને તાજેતરમાં નેપાળમાં હિંસક લોકોના ગુસ્સાને કારણે શાસન પરિવર્તન એ આપણા માટે ચિંતાનો વિષય છે. જ્યારે સરકાર લોકોથી દૂર રહે છે અને તેમની સમસ્યાઓથી મોટે ભાગે અજાણ હોય છે અને નીતિઓ તેમના હિતમાં બનાવવામાં આવતી નથી, ત્યારે લોકો સરકારનો વિરોધ કરે છે. છેલ્લા ત્રણ વર્ષોમાં ભારતના પડોશમાં આવું પરિવર્તન જોવા મળ્યું છે, જેમાં શ્રીલંકા, બાંગ્લાદેશ અને નેપાળમાં યુવાનો દ્વારા કરવામાં આવેલા હિંસક વિરોધ પ્રદર્શનોને કારણે શાસન પરિવર્તન જોવા મળ્યું છે. ૨૦૨૨માં આર્થિક કટોકટી વચ્ચે શ્રીલંકામાં થયેલા આંદોલનને કારણે શક્તિશાળી રાજપક્ષેની આગેવાની હેઠળની સરકારનું પતન થયું, ત્યારે બાંગ્લાદેશમાં વિદ્યાર્થીઓના વિરોધને કારણે શેખ હસીનાને પદભ્રષ્ટ કરવાની ફરજ પડી. આવી જ અશાંતિ તાજેતરમાં નેપાળમાં થઈ હતી જ્યાં ભ્રષ્ટાચાર સામેના જનરેશન ઝેડના વિરોધમાં કેપી શર્મા ઓલી સરકારનું પતન થયું હતું. ભાગવતે એ વાત પર ભાર મૂક્યો કે સરકાર લોકોલક્ષી અને સંવેદનશીલ હોવી જોઈએ, અને



તેમણે એમ પણ કહ્યું કે હિંસક વિરોધ પ્રદર્શનો કોઈને લાભ આપતા નથી. પરિવર્તન લોકશાહી માધ્યમથી લાવી શકાય છે. જો આપણે અત્યાર સુધીની બધી રાજકીય ક્રાંતિઓનો ઈતિહાસ જોઈએ, તો તેમાંથી કોઈ પણ ક્યારેય પોતાનો ઉદ્દેશ્ય પ્રાપ્ત કરી શક્યું નથી... સરકારો ધરાવતા દેશોમાં થયેલી બધી ક્રાંતિએ આગળના રાષ્ટ્રોને મૂડીવાદી રાષ્ટ્રોમાં રૂપાંતરિત કર્યા છે. હિંસક વિરોધ પ્રદર્શનોમાં કોઈ ઉદ્દેશ્ય પ્રાપ્ત થતો નથી, પરંતુ દેશની બહાર બેઠેલી શક્તિઓને તેમની રમત રમવા માટે પ્લેટફોર્મ મળે છે. RSSના વડાએ 'સ્વદેશી' આહ્‌વાન આપ્યું અને આત્મનિર્ભરતાના મહત્વ પર ભાર મૂક્યો, જે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ભારત સામે ટેરિફ આક્રમણની પૃષ્ઠભૂમિમાં આવે છે. તેમણે ચેતવણી પણ આપી કે આયાત પર નિર્ભરતા એ આપણી "મજબૂરી" ન બનવી જોઈએ. તાજેતરમાં, અમેરિકાએ નવી ટેરિફ નીતિ અપનાવી છે. તે તેમના પોતાના ફાયદા માટે હોઈ શકે છે, પરંતુ તેની અસર દરેકને અનુભવાઈ રહી છે. આપણી નિર્ભરતા મજબૂરીમાં ન ફેરવવી જોઈએ. તેથી, આપણે આત્મનિર્ભર બનવું પડશે. ભારત પર ટ્રમ્પ દ્વારા ૫૦% ટેરિફ લાદવામાં આવ્યો છે, જે અમેરિકા દ્વારા તેના વેપાર ભાગીદારો પર સૌથી વધુ લાદવામાં આવેલા ટેરિફ પૈકી એક છે. ભારતીય માલ પર ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ યુદ્ધ વચ્ચે, RSS વડા મોહન ભાગવતે ગુરુવારે કહ્યું કે સ્વદેશી માલ અપનાવવો અને આત્મનિર્ભરતા અપનાવવી એ જ આગળ વધવાનો એકમાત્ર રસ્તો છે. નાગપુરમાં RSS મુખ્યાલયથી વિજયાદશમી પર સંબોધન કરતા, ભાગવતે કહ્યું કે એકબીજા સાથે જોડાયેલા વિશ્વમાં, વેપાર ભાગીદારો પર ભારતની નિર્ભરતા લાચારીમાં ન ફેરવાય અને દેશે સ્વદેશી ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ભારતના પાડોશમાં આવી ક્રાંતિને "સારી નિશાની" ન ગણાવતા ભાગવતે કહ્યું કે સરકાર સાથેના મતભેદો હંમેશા કાનૂની માર્ગ દ્વારા વ્યક્ત કરવા જોઈએ. અરાજકતાનું રાજકારણ બંધ કરવાની જરૂર છે. ભાગવતે એમ પણ નિર્દેશ કર્યો કે આવી હિંસક ક્રાંતિઓ કોઈ નક્કર પરિણામ લાવતી નથી. પોતાની નારાજગી વ્યક્ત કરવા માટે આ રીતે ઉપયોગ કરવાથી કોઈને ફાયદો થતો નથી. જો આપણે અત્યાર સુધીની બધી રાજકીય ક્રાંતિઓનો ઈતિહાસ જોઈએ, તો તેમાંથી કોઈએ ક્યારેય પોતાનો ઉદ્દેશ્ય પ્રાપ્ત કર્યો નથી. નાગપુરમાં સંગઠનના વિજયાદશમી ઉત્સવ પ્રસંગે ભાગવતે 'શસ્ત્ર પૂજા' કરી હતી. આરએસએસ મુખ્યાલયના રેશીમબાગ મેદાનમાં શસ્ત્ર પૂજા દરમિયાન પરંપરાગત શસ્ત્રો ઉપરાંત, આધુનિક શસ્ત્રોની પ્રતિકૃતિઓ, જેમાં પિનાક એમકે-૧, પિનાક એન્હાન્સ અને પિનાકનો સમાવેશ થાય છે, અને ડ્રોન પણ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ પણ હાજર હતા.

# સરદાર પટેલના RSS વિશેના મંતવ્યો પીએમ નરેન્દ્ર મોદીને યાદ કરાવતી કોંગ્રેસ, શું વડાપ્રધાન એ વિધાનોથી વાકેફ છે ખરા એવો સવાલ પૂછતી કોંગ્રેસ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આરએસએસની ભરપૂર પ્રશંસા કરી હતી અને એવું કહ્યું હતું કે આ સંગઠને તેના પર અનેક હુમલા થયા છતાં કદી પણ કડવાશ બતાવી નથી. રાષ્ટ્રના નિર્માણમાં આરએસએસની ભૂમિકા હોવાનું કહેનાર નરેન્દ્ર મોદીએ સંઘની ભારે પ્રશંસા કર્યા પછી કોંગ્રેસે એમને સરદાર વલ્લભભાઈ પટેલના આરએસએસ વિશેના મંતવ્યની યાદી આપી હતી અને કહ્યું હતું કે સરદાર પટેલે એક સમયે સ્પષ્ટ શબ્દોમાં એવું જણાવ્યું હતું કે સંઘની પ્રવૃત્તિઓને કારણે જે વાતાવરણ ઊભું થયું હતું તેના કારણે જ મહાત્મા ગાંધીજીની હત્યા થઈ.

કોંગ્રેસના નેતા જયરામ રમેશ દ્વારા સોશિયલ મીડિયા પર એક પોસ્ટ મારફત દર્શાવવામાં આવ્યું હતું કે પીએમ નરેન્દ્ર મોદી આરએસએસ વિશે સવારે ઘણું બધું બોલ્યા છે પરંતુ સરદાર પટેલે ૧૮ જુલાઈ ૧૯૪૮ના રોજ ડોક્ટર શ્યામા પ્રસાદ મુખર્જીને પત્ર લખ્યો હતો તેનાથી વડાપ્રધાન મોદી વાકેફ છે ખરા? કોંગ્રેસના નેતાએ તત્કાલીન ગૃહમંત્રી સરદાર પટેલે લખેલા પત્રના અંશ પણ સોશિયલ મીડિયા પર મૂક્યા હતા જેમાં મુખરજીને લખેલા પત્રમાં સરદાર પટેલે એવું નિરીક્ષણ કર્યું હતું કે "આરએસએસ અને હિન્દુ મહાસભાને લાગે



વળગે છે ત્યાં સુધી ગાંધીજીની હત્યાનો કેસ અત્યારે અદાલતમાં છે એટલે હું આ બે સંગઠનોની હત્યામાં ભૂમિકા વિશે અત્યારે કશું બોલી શકું તેમ નથી પરંતુ ગૃહખાતા ને મળેલા અહેવાલો એ હકીકતને પુરવાર કરે છે કે આ બે સંગઠનો આરએસએસ અને હિન્દુ મહાસભાની પ્રવૃત્તિઓને કારણે અને ખાસ કરીને આરએસએસની પ્રવૃત્તિઓને કારણે દેશમાં જે વાતાવરણ ઊભું થયું હતું તેના કારણે આટલી મોટી કરુણ ઘટના દેશમાં બની ગઈ છે." સરદાર પટેલે આગળ લખ્યું હતું કે "આરએસએસની પ્રવૃત્તિઓ એ સરકાર અને દેશ સામેનો અને સરકાર તથા દેશના અસ્તિત્વ સામેનો મોટો ખતરો બની છે એ સ્પષ્ટ દેખાય છે. આપણને મળેલા અહેવાલો દર્શાવે છે કે પ્રતિબંધ છતાં આ સંગઠનની પ્રવૃત્તિઓ બંધ થઈ નથી અને વાસ્તવમાં જેમ જેમ સમય પસાર થતો જાય છે તેમ આરએસએસ વધુને વધુ લડાયક અને પ્રતિકાર કરતો બનતો જાય છે અને એમની વિભાજનકારી પ્રવૃત્તિઓનું પ્રમાણ પણ વધતું જાય છે."

બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંઘના શતાબ્દી વર્ષની ઉજવણીના સમારંભમાં બોલતી વખતે સંઘની ભારે પ્રશંસા કરી હતી અને એવું કહ્યું હતું કે આ સંગઠન ઉપર અનેક હુમલા થયા છતાં સંઘ દ્વારા કદી કડવાશ બતાવવામાં આવી નથી અને એમના માટે ભારત પ્રથમની નીતિ પ્રાથમિકતા રહી છે. રાષ્ટ્રના નિર્માણમાં આરએસએસની ભૂમિકા વિશે પણ વડાપ્રધાને વાત કરી હતી અને એવું કહ્યું હતું કે બ્રિટિશ દમન સામે આરએસએસ દ્વારા લડત આપવામાં આવી હતી અને એમનું એક જ હિત રહ્યું છે અને એ છે દેશ પ્રત્યેનો પ્રેમ. સંઘના નેતાઓએ પણ આઝાદી માટેની લડાઈમાં ભાગ લીધો હતો અને જેલ પણ ભોગવી હતી.

મોદીએ આગળ કહ્યું હતું કે પ્રતિબંધો મુકાયા છતાં અને ખોટા કેસો કરવામાં આવ્યા છતાં આરએસએસ દ્વારા કદી કડવાશ બતાવવામાં આવી નથી કેમ કે આપણે સમાજમાંથી આવીએ છીએ જ્યાં સારા અને નરસા એ બધાનું આપણે સ્વીકાર કરી લઈએ છીએ.

# ઉત્તર પ્રદેશ : અંડાકાર ગુંબજ ડિઝાઈન અંગે સમર્થન મેળવવામાં નિષ્ફળતા પછી અયોધ્યા મસ્જિદ પરંપરાગત શૈલીમાં નિર્માણ કરવામાં આવશે

(એજન્સી) લખનૌ, તા.૨

સુપ્રીમ કોર્ટના ૨૦૧૯ના ચુકાદાના ભાગ રૂપે જાહેર કરાયેલ અયોધ્યાના ધન્નીપુર ગામની મસ્જિદમાં મોટા પરિવર્તનની તૈયારી થઈ રહી છે. પાંચ વર્ષની ચર્ચા અને ખચકાટ પછી, ઈન્ડો-ઈસ્લામિક કલ્ચરલ ફાઉન્ડેશન (IICF)એ અંડાકાર કાચના ગુંબજ સાથેની તેની અગાઉની ડિઝાઈનને છોડી દેવાનો અને અવધી સ્થાપત્યને પ્રતિબિંબિત કરતી પરંપરાગત શૈલી પસંદ કરવાનો નિર્ણય લીધો છે. ૨૦૨૦માં મૂળ બ્લુપ્રિન્ટનું અનાવરણ કરવામાં આવ્યું હતું, ત્યારે તેની આધુનિક રેખાઓ અને કાચના રવેશને સંમેલનથી બોલ્ડ પ્રસ્થાન તરીકે વર્ણવવામાં આવ્યું હતું. પરંતુ સમુદાયના ઘણા લોકો માટે, ડિઝાઈન મસ્જિદ જેવી ઓછી અને ઓડિટોરિયમ અથવા કન્વેન્શન હોલ જેવી વધુ દેખાય છે. મિનારાઓ વિના અને ઈંટ અને મોર્ટારને બદલે



**૨૦૨૦માં મૂળ બ્લુપ્રિન્ટનું અનાવરણ કરવામાં આવ્યું હતું, ત્યારે તેની આધુનિક રેખાઓ અને કાચના રવેશને સંમેલનથી બોલ્ડ પ્રસ્થાન તરીકે વર્ણવવામાં આવ્યું હતું. પરંતુ સમુદાયના ઘણા લોકો માટે, ડિઝાઈન મસ્જિદ જેવી ઓછી અને ઓડિટોરિયમ અથવા કન્વેન્શન હોલ જેવી વધુ દેખાય છે. મિનારાઓ વિના અને ઈંટ અને મોર્ટારને બદલે સ્ટીલ અને કાચના ઉપયોગથી મુસ્લિમ અનુયાયીઓ નિરાશ હતા**

સ્ટીલ અને કાચના ઉપયોગથી મુસ્લિમ અનુયાયીઓ નિરાશ હતા. લોકોની સાથે પરામર્શથી પરિચિત એક ટ્રસ્ટ સભ્યએ કહ્યું. "તેઓ એક એવું માળખું ઈચ્છતા હતા જે મસ્જિદ જેવું દેખાતું હોય અને અનુભવાય. આધુનિક ડિઝાઈન નવીન હોઈ શકે છે, પરંતુ તે હૃદયને સ્પર્શી શક્યું નહીં. તેના લીધે ઉત્સાહનો અભાવ ભંડોળમાં પણ પ્રતિબિંબિત થયો. દાતાઓ યોગદાન આપવા માટે અનિચ્છા ધરાવતા હતા, અને ઘણા વર્ષોથી એકત્રિત પ્રતિસાદ એ દૃષ્ટિકોણને મજબૂત બનાવે છે કે પ્રોજેક્ટને વધુ પરંપરાગત પાત્રની જરૂર છે. વ્યાપક સમર્થન વિના, આ યોજના ક્યારેય આગળ વધી શકી નહીં. આર્કિટેક્ટ ઈમરાન શેખ અને તેમની ટીમ દ્વારા તૈયાર કરાયેલ સુધારેલ બ્લુપ્રિન્ટ અવધી પરંપરામાંથી પ્રેરણા લે છે. તેમાં પાંચ મિનારા, એક શાસ્ત્રીય ગુંબજ અને સ્થાનિક સામગ્રીનો ઉપયોગ છે. ટ્રસ્ટના ચેરમેન ઝુફર અહમદ ફારૂકી, જે ઉત્તર પ્રદેશ સુન્ની સેન્ટ્રલ વક્ફ બોર્ડના વડા પણ છે, તેમણે કહ્યું કે સમુદાયની ભાવના સાથે સુસંગત રહેવા માટે આ ફેરફાર જરૂરી હતો. આ નવી ડિઝાઈન ધાર્મિક લાગણીઓ અને પ્રાદેશિક વારસા બંનેનો આદર કરે છે. મસ્જિદ સંકુલને સમુદાય સેવાના કેન્દ્ર તરીકે પણ કલ્પના કરવામાં આવી રહી છે. યોજનાઓમાં ૫૦૦ બેડની હોસ્પિટલ, શાળાઓ, સ્વાતંત્ર્ય સેનાની અહમદુલ્લાહ શાહને સમર્પિત સંગ્રહાલય અને જાહેર સુવિધાઓનો સમાવેશ થાય છે. આ સુવિધાઓને સમાવવા માટે, ટ્રસ્ટ વધારાની જમીન શોધી રહ્યું છે. અયોધ્યા વિકાસ સત્તામંડળે સરકારી વિભાગોમાંથી નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ ગુમ થવાને કારણે નકારી કાઢતાં અગાઉના પ્રસ્તાવને વધુ આંચકો લાગ્યો. આ વખતે, ટ્રસ્ટ નવી ભંડોળ ઊભું કરવાની ઝુંબેશ શરૂ કરતા પહેલા તમામ મંજૂરીઓ મેળવવા માટે કામ કરી રહ્યું છે. જનતા તરફથી યોગદાન સમર્થનનો પ્રાથમિક સ્ત્રોત રહેશે. રામ જન્મભૂમિ-બાબરી મસ્જિદ વિવાદમાં સુપ્રીમ કોર્ટના ચુકાદા હેઠળ ધન્નીપુરમાં પાંચ એકરનો પ્લોટ મુસ્લિમ સમુદાયને ફાળવવામાં આવ્યો હતો. મંજૂરી મળ્યા પછી, બાંધકામ મક્કાથી ઔપચારિક કાળી ઈંટથી શરૂ થશે, જેના પર કુરાનની આયાતો સોનામાં લખેલી હશે. ટ્રસ્ટ માટે, ભવિષ્યવાદી ડિઝાઈનથી પરંપરાગત ડિઝાઈનમાં પરિવર્તન ફક્ત એક સ્થાપત્ય પરિવર્તન છે. તે વિભાજનને દૂર કરવાનો અને વર્ષોથી વિલંબિત મસ્જિદ પ્રોજેક્ટને આખરે આધ્યાત્મિકતા, વારસો અને સમુદાય કલ્યાણને મિશ્રિત કરતી સ્વરૂપમાં આકાર આપવાનો પ્રયાસ દર્શાવે છે.

# બરેલી પોલીસે IMC નેતા તન્ઝીમને પગમાં ગોળી મારી; 'આઈ લવ મુહમ્મદ (સ.અ.વ.)' ઝુંબેશ અંગે ૧૭ વધુ લોકોની ધરપકડ

(એજન્સી) બરેલી, તા.૨

મંગળવારે ઉત્તરપ્રદેશ પોલીસે 'આઈ લવ મુહમ્મદ (સ.અ.વ.)' ઝુંબેશ પર રાજ્ય દ્વારા મંજૂર ગેરકાયદેસર હુમલા દરમિયાન ઈત્તેહાદ-એ-મિલ્લત કાઉન્સિલના નેતા તન્ઝીમને પગમાં ગોળી મારી હતી. રઝાના વધુ બે સહયોગીઓ, મોહમ્મદ ઈદ્રીસ અને ઈકબાલની બુધવારે સવારે ધરપકડ કરવામાં આવી હતી. ગયા અઠવાડિયે બરેલીમાં થયેલા વિરોધ પ્રદર્શનના સંદર્ભમાં પોલીસની એક ટીમ તન્ઝીમની ધરપકડ કરવા ગઈ હતી, જે ઝુંબેશમાં ભાગ લેવા બદલ અનેક મુસ્લિમો સામે નોંધાયેલી એફઆઈઆરના વિરોધમાં ૨૬ સપ્ટેમ્બરના રોજ યોજાયો હતો. પોલીસનું કહેવું છે કે, જ્યારે ટીમ તઝીમની ધરપકડ કરવા ગઈ, ત્યારે તેણે કથિત રીતે પોલીસ પર ગોળીબાર કર્યો, જેના કારણે પોલીસને વળતો જવાબ આપવા માટે મજબૂર કરવામાં આવી. મીડિયા સાથે વાત કરતા અધિક પોલીસ અધિક્ષક માનુષ પારીકે જણાવ્યું હતું કે, 'જ્યારે અમે તેને ધરપકડ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા, ત્યારે તેણે પોતાની દેશી બનાવટની પિસ્તોલથી ટીમ પર ગોળીબાર કર્યો. સ્વબચાવમાં ટીમે તેના પગમાં ગોળી મારીને જવાબ આપ્યો.' પારીકે વધુમાં સમજાવ્યું કે તઝીમ પર અગાઉ યુપી ગેંગસ્ટર એક્ટ હેઠળ ગુનો નોંધાયેલો હતો અને કથિત ગૌહત્યા સંબંધિત કેસનો પણ સામનો કરી રહ્યો છે. તન્ઝીમ જાણીતા મૌલવી અને આઈએમસીના વડા મૌલાના તૌકીર રઝાના જાણીતા સહયોગીઓમાંનો એક છે, જેમની શનિવારે ધરપકડ કરવામાં આવી હતી અને તે ૧૪ દિવસથી ન્યાયિક કસ્ટડીમાં છે. રઝાએ ભારતના રાષ્ટ્રપતિને એક મેમોરેન્ડમ સુપરત કરીને અને ફરિયાદોના આધારે યુવક સામે દાખલ કરાયેલી એફઆઈઆર પાછી ખેંચવાની માગણી કરીને વિરોધ પ્રદર્શનનું આયોજન કર્યું હતું. બરેલીમાં પોલીસે ઝુંબેશમાં ભાગ લેનારા મુસ્લિમો પર કડક કાર્યવાહી કરી છે. 'આઈ લવ મુહમ્મદ (સ.અ.વ.)' પોસ્ટર પ્રદર્શિત કરવા બદલ ઘણા મુસ્લિમ યુવાનોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે અહેવાલ મુજબ ઘણા યુવાનો અને સગીરોને તેમના ઘરમાંથી ઉપાડી લીધા છે. સ્થાનિકો, કાર્યકરો અને પરિવારો કહે છે કે, ઘણા લોકોએ વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો ન હતો અને ફક્ત તેમની ઓળખને કારણે તેમની ધરપકડ કરવામાં આવી હતી. મંગળવારે વધુ સત્તર લોકોની ધરપકડ



કરવામાં આવી હતી. બરેલીમાં થયેલી અથડામણ બાદ અત્યાર સુધીમાં ૭૩થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસનું કહેવું છે કે, અથડામણ દરમિયાન પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. જો કે, સોશિયલ મીડિયા પર ફરતા વીડિયો ફૂટેજ કંઈક અલગ જ વાર્તા કહે છે.

## હુરૂન ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૫માં સુરતના ૯ ઉદ્યોગપતિઓ સામેલ

# KP ગ્રુપના ડો. ફારૂક પટેલ સુરતમાં સૌથી ધનિક બિઝનેસમેન

## ૧૧,૯૩૦ કરોડની સંપત્તિ ધરાવનાર ડો.ફારૂક ધનિક વ્યક્તિ તરીકે દેશભરમાં ૨૬૫મા ક્રમે

### સુરતના ટોપ ૧૦ ધનિક લોકોની યાદી

| ક્રમ | નામ | કંપની | સંપત્તિ (કરોડમાં) |
|---|---|---|---|
| (૧) | ડો. ફારૂક પટેલ | કે.પી. ગ્રુપ | ૧૧,૯૩૦ |
| (૨) | અશ્વિનભાઈ દેસાઈ | એથર ઈન્ડસ્ટ્રીઝ | ૯,૦૦૦ |
| (૩) | નીરજ ચોક્સી | એનજે ઈન્ડિયા ઈન્વેસ્ટમેન્ટ | ૮,૨૨૦ |
| (૪) | જયંતીભાઈ જરીવાલા | કલર ટેક્સ | ૭,૧૮૦ |
| (૫) | ગોવિંદભાઈ ધોળકિયા | SRK એક્સપોર્ટ | ૬,૦૪૦ |
| (૬) | બાબુભાઈ લખાણી | કિરણ જેમ્સ | ૫,૯૮૦ |
| (૭) | માવુટી રામનન્ના | GMR ટેક્સટાઈલ | ૫,૨૦૦ |
| (૮) | હાર્દિક કોટડિયા, ચિરાગ નાકરાણી | RAYZON સોલાર | ૪,૮૭૦ |
| (૯) | સવજીભાઈ ધોળકિયા | હરિ કૃષ્ણ એક્સપોર્ટ્સ | ૩,૯૭૦ |
| (૧૦) | આનંદ સુરેશ દેસાઈ | અનુપમ રસાયણ | ૩,૭૦૦ |

સુરત, તા.૨

હુરૂન ઈન્ડિયા દ્વારા ભારત, ગુજરાત અને સુરતના સૌથી ધનિક વ્યક્તિઓની યાદી પ્રકાશિત કરવામાં આવી છે. ભારતના સૌથી ધનિક ૫૦૦ લોકોની યાદીમાં સુરતના સોલાર કિંગ કે.પી. ગ્રુપ ઓફ કંપનીઝના ચેરમેન ડો. ફારૂક જી. પટેલ (KP)ને સુરતના સૌથી ધનિક વ્યક્તિ તરીકે નંબર -૧ પર સ્થાન મળ્યું છે, ૧૧,૯૩૦ કરોડની સંપત્તિ ધરાવનાર ફારૂક પટેલ દેશભરમાં ૨૬૫મા ક્રમે અને સુરતમાં પ્રથમ ક્રમે સ્થાન પામ્યા છે. તેઓની કંપનીઓ કેપીઆઈ ગ્રીન એનર્જી, કેપી એનર્જી અને કેપી ગ્રીન એન્જિનિયરિંગમાં આવેલું છે. સંઘર્ષ અને મહેનતના આધારે રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે દેશ-દુનિયામાં નામના મેળવનાર ડો. ફારૂકની આ સફળતા બિઝનેસ સફરે અનેક યુવાઓના સપનાઓને પાંખ આપી છે અને સુરત તેમજ ભરૂચ જિલ્લાનું ગૌરવ પણ અપાવ્યું છે. એક બસ કંડક્ટરના દિકરાએ ૩૧ વર્ષની એકધારી મહેનત અને ઈનોવેશન થકી બિઝનેસમાં ઊંચાઈ હાંસલ કરતાં સમાજમાં પણ હરખની હેલી ફેલાય છે . વૈશ્વિક હીરા રાજધાની અને ભારતના સૌથી ઝડપથી વિકસતા ઔદ્યોગિક શહેરો પૈકી એક, સુરત ફરી એકવાર M3M હુરૂન ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૫માં ચમકી રહ્યું છે. આ વર્ષે, સુરતના ૯ ઉદ્યોગ સાહસિકો આ રેન્કિંગમાં સ્થાન ધરાવે છે, જે ગ્રીન એનર્જી, રસાયણો, નાણાકીય સેવાઓ, કાપડ અને ઝવેરાત જેવા વિવિધ ઉદ્યોગોનું પ્રતિનિધિત્વ કરે છે. તેમાં અગ્રણી સ્થાને KPI ગ્રીન એનર્જીના ડૉ. ફારૂકભાઈ ગુલામભાઈ પટેલ છે, જેઓ રૂા.૧૧,૯૩૦ કરોડની સંપત્તિ સાથે સુરતના સૌથી ધનિક વ્યક્તિ છે. ગયા વર્ષે સુરતના ટોપર, એથર ઈન્ડસ્ટ્રીઝના અશ્વિન દેસાઈએ સ્થાનિક સ્તરે બીજું સ્થાન મેળવ્યું છે. આ દસ નામો સુરતના હીરા ઉદ્યોગથી આગળ નવીનીકરણીય ઊર્જા અને નાણાકીય ક્ષેત્રો જેવા નવા યુગના ક્ષેત્રોમાં ઉત્ક્રાંતિને દર્શાવે છે. સુરતના ટોપ ૧૦ ધનિકોની વાત કરીએ તો, કેપી ગ્રુપના ડો. ફારૂક જી. પટેલ ૧૧,૯૩૦ કરોડની સંપત્તિ સાથે પ્રથમ સ્થાને છે. તેમની કંપનીઓ રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં કાર્યરત છે. બીજા ક્રમે એથર ઈન્ડસ્ટ્રીઝના અશ્વિનભાઈ દેસાઈ ૯,૦૦૦ કરોડની સંપત્તિ સાથે છે, ત્યારબાદ એનજે ઈન્ડિયા ઈન્વેસ્ટમેન્ટના નીરજ ચોક્સી ૮,૨૨૦ કરોડની સંપત્તિ સાથે સુરતમાં ત્રીજા ક્રમે છે. કલર ટેક્સના




જયંતીભાઈ જરીવાલા ૭,૧૮૦ કરોડની સંપત્તિ સાથે ચોથા ક્રમે છે અને શ્રી રામકૃષ્ણ એક્સપોર્ટ (SRK)ના ગોવિંદભાઈ ધોળકિયા ૬,૦૪૦ કરોડની સંપત્તિ સાથે પાંચમા સ્થાને છે. કિરણ જેમ્સના બાબુભાઈ લખાણી ૫,૯૮૦ કરોડની સંપત્તિ સાથે છઠ્ઠા ક્રમે છે. ત્યાર પછી GMR ટેક્સટાઈલના માવુટી રામનન્ના ૫,૨૦૦ કરોડની સંપત્તિ સાથે સાતમા સ્થાને છે. RAYZON સોલારના હાર્દિક કોટડિયા અને ચિરાગ નાકરાણી ૪,૮૭૦ કરોડની સંપત્તિ સાથે આઠમા ક્રમે છે. હરિ કૃષ્ણ એક્સપોર્ટ્સના સવજીભાઈ ધોળકિયા ૩,૯૭૦ કરોડની સંપત્તિ સાથે નવમા ક્રમે છે. અને અનુપમ રસાયણના આનંદ સુરેશ દેસાઈ ૩,૭૦૦ કરોડની સંપત્તિ સાથે દસમા ક્રમે છે. આ યાદી હુરૂન ઈન્ડિયાના ૨૦૨૫ના ડેટાના આધારે તૈયાર કરવામાં આવી છે.

# બિહાર SIR : અંતિમ યાદીમાં સરહદી જિલ્લાઓમાં મોટા પાયે મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા ત્યારે ભાજપના ગઢમાં મતદારોમાં વધારો

## પૂર્વ ચંપારણ, કિશનગંજ અને પૂર્ણિયા સહિત અન્ય જિલ્લાઓમાં લાખો નામો ગાયબ છે

(એજન્સી) તા.૨

ભારતીય ચૂંટણી પંચ (ECI) દ્વારા મંગળવાર, ૩૦ સપ્ટેમ્બરના રોજ જાહેર કરાયેલ બિહાર માટે અંતિમ મતદાર યાદી પર નજર નાખવાથી જાણવા મળે છે કે અગાઉની યાદીની તુલનામાં ઘણા જિલ્લાઓમાં મતદારોની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે, જ્યારે કેટલાક અન્યમાં વધારો જોવા મળ્યો છે. જે જિલ્લાઓમાં ઘટાડો જોવા મળ્યો છે તેમાં સીમાંચલમાં કિશનગંજ અને લાલુ યાદવના ગૃહ જિલ્લા ગોપાલગંજનો સમાવેશ થાય છે. બીજી બાજુ, શહેરી વિસ્તારો ધરાવતા કેટલાક જિલ્લાઓ, જેમ કે પટના, સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. ECI યાદીમાં બિહારમાં મતદારોની સંખ્યા ૭.૪૨ કરોડ દર્શાવે છે. આ આંકડો ત્રણ મહિનાના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) કવાયત પછી આવ્યો છે. SIR શરૂ થાય તે પહેલાં, ૨૪ જૂને, EC એ અંદાજ લગાવ્યો હતો કે બિહારમાં ૭.૮૯ કરોડ મતદારો હતા. આમ, ત્રણ મહિનાની કવાયત પછી, તાજેતરની યાદી મુજબ, બિહારમાં લગભગ ૪૭ લાખ મતદારો ગુમાવ્યા છે એવું કહી શકાય. ECI એ કહ્યું છે કે ૧ ઓગસ્ટના રોજ બહાર પાડવામાં આવેલી ડ્રાફ્ટ યાદીમાંથી ૬૫ લાખ મતદારો કાઢી નાખવામાં આવ્યા હતા. જો કે, એક મહિનાની અંદર, ૩૬.૬ લાખ વધુ મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા હતા, જ્યારે ૨૧.૫૩ લાખ નામ ઉમેરવામાં આવ્યા હતા. જો કે, ECI એ ખુલાસો કર્યો નથી કે આ મતદારોમાંથી કેટલા નવા અથવા પહેલી વાર મતદાતા છે અને ૨૧.૫૩ લાખ મતદારોમાંથી કેટલા ઉમેરાયા છે તેમના નામ ડ્રાફ્ટ યાદીમાંથી પ્રથમ વખત કાઢી નાખવામાં આવ્યા પછી ફરીથી ઉમેરવામાં આવ્યા છે. અંતિમ યાદી મુજબ, જે જિલ્લાઓમાં મતદારોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે તેમાં પૂર્વ ચંપારણ, પશ્ચિમ ચંપારણ, સીતામઢી, મધુબની, સુપૌલ, કિશનગંજ અને પૂર્ણિયાનો સમાવેશ થાય છે - જે બધા બાંગ્લાદેશ અને નેપાળ સરહદોની નજીક છે અને ઘુસણખોરોના સંદર્ભમાં સમાચારમાં રહ્યા છે. આ સાત જિલ્લાઓમાં પણ મતદારોની સંખ્યામાં વધારો જોવા મળ્યો નથી. આ સાત ઉપરાંત, ગોપાલગંજ અને ભાગલપુરમાં પણ મતદારોની સંખ્યામાં ઘટાડો થયો છે. જો કોઈ જિલ્લાવાર પરિસ્થિતિ પર નજીકથી નજર કરીએ તો, ૨૪ જૂને SIR કવાયત શરૂ થઈ ત્યારે ગોપાલગંજ જિલ્લામાં કુલ ૨,૦૫૫,૮૪૫ મતદારો હતા. ૩૦ સપ્ટેમ્બરની યાદીમાં, આ સંખ્યા ૧,૮૦૬,૪૬૫ છે - આશરે ૨.૫ લાખ અથવા ૧૨ ટકાનો ઘટાડો. ગોપાલગંજ ભૂતપૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવનો ગૃહ જિલ્લો છે, પરંતુ એવું લાગે છે કે તેમની પાર્ટી - રાષ્ટ્રીય જનતા દળનો જિલ્લામાં બહુ પ્રભાવ નથી. ૧૯૫૧ થી અહીં યોજાયેલી ૧૯ ચૂંટણીઓમાં, આરજેડી ફક્ત એક જ વાર જીતી શક્યું છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં જેડીયુએ આ બેઠક જીતી હતી. જિલ્લાની વસ્તી વિષયક રચના પણ ચૂંટણી ગતિશીલતામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે જ્યાં એસસી વસ્તીનો હિસ્સો ૧૧.૯૩ ટકા, એસટી ૨.૦૫ ટકા અને મુસ્લિમોનો હિસ્સો આશરે ૨૨.૬ ટકા છે. ગ્રામીણ મતદારો ૮૪.૭ ટકા છે. એ જ રીતે, કિશનગંજમાં તેની પાછલી યાદીની



તુલનામાં ૧૦૪,૪૮૮ મતદારોનો ઘટાડો જોવા મળ્યો છે. ૨૪ જૂને કુલ મતદારોની સંખ્યા ૧૨.૧૯ લાખ હતી, જે હવે ઘટીને ૧૧.૨ લાખ થઈ ગઈ છે. કિશનગંજને સીમાંચલનું રાજકીય કેન્દ્ર માનવામાં આવે છે. જિલ્લામાં મુસ્લિમ વસ્તી આશરે ૬૮ ટકા છે. છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં અસદુદ્દીન ઓવૈસીની પાર્ટીએ આ પ્રદેશમાં નોંધપાત્ર સફળતા મેળવી હતી, પરંતુ તેમના ઘણા ધારાસભ્યો પાછળથી રાજીનામું આપીને આરજેડીમાં જોડાયા હતા. વધુમાં, સારણ જિલ્લામાં ૨૪ જૂનના રોજ ૩૧.૨૭ લાખ મતદારો હતા તે હવે ૨.૨૪ લાખ મતદારો ઘટીને ૨૯.૦૨ લાખ થયા છે. છેલ્લી લોકસભા ચૂંટણીમાં, સારણમાં યાદવો અને રઘુવંશીઓ વચ્ચે સ્પર્ધા જોવા મળી હતી. આરજેડી ઉમેદવાર અને લાલુ યાદવની પુત્રી રોહિણી આચાર્યનો ભાજપના રાજીવ પ્રતાપ રૂડી સામે પરાજય થયો હતો. સારણને કુલ ક્રાંતિના પિતા જય પ્રકાશ નારાયણનું જન્મસ્થળ પણ માનવામાં આવે છે. છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં, સારણ જિલ્લામાં છમાંથી ચાર બેઠકો પર આરજેડી જીત્યું હતું, જ્યારે ભાજપને ફક્ત બે બેઠકો મળી હતી. સમસ્તીપુરમાં પણ, સમાન વલણ ૨.૧૮ લાખ મતદારોનો ઘટાડો જોવા મળી શકે છે, ત્યારબાદ પૂર્ણિયા (૧.૯૦ લાખ), ભોજપુર (૧.૪૧ લાખ), બેગુસરાય (૧.૧૫ લાખ) અને બક્સર (૬૮,૦૦૦ થી વધુ)નો ક્રમ આવે છે. મધુબની જિલ્લામાં, ૨,૬૬,૯૦૦ મતદારોનો ઘટાડો થયો છે, જ્યારે સીતામઢીમાં ૧,૭૭,૪૭૪, સુપૌલમાં ૧,૦૩,૬૭૫ અને પૂર્વ ચંપારણમાં ૭,૮૩૪ મતદારોનો ઘટાડો થયો છે. પટણા જિલ્લો ૧,૬૩,૬૦૦ નામો સાથે મતદારોના વધારામાં સૌથી આગળ છે-જ્યાં ૪,૬૫૧,૬૯૪થી વધુનો વધારો છે. રાજ્યની રાજધાની ભાજપનો ગઢ માનવામાં આવે છે, જે લગભગ ત્રણ દાયકાથી જિલ્લાના રાજકારણમાં પ્રભુત્વ ધરાવે છે. ભાજપનો બીજો ગઢ, દરભંગામાં ૮૦,૯૪૭ મતદારોનો વધારો જોવા મળ્યો. ૧૯૯૯ની લોકસભા ચૂંટણી પછી, ભાજપ અહીંથી સતત જીતી રહ્યું છે, સિવાય કે છેલ્લી વખત જ્યારે દરભંગા ગ્રામીણને RJD એ આંચકી લીધું હતું. જિલ્લામાં છ વિધાનસભા બેઠકો છે અને બાકીની પાંચ NDA પાસે છે. મુઝફ્ફરપુર (૮૮,૧૦૮) અને નવાદા (૩૦,૪૯૧) બે અન્ય જિલ્લા છે જ્યાં મતદારોની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે.

# મહાત્મા ગાંધીએ RSSને 'સાંપ્રદાયિક, સર્વાધિકારવાદી' સંગઠન ગણાવ્યું હતું : કોંગ્રેસે તેમના નજીકના સહયોગીના પુસ્તકનો ઉલ્લેખ કર્યો

## જયરામ રમેશે પ્યારેલાલના પુસ્તકમાંથી એક સ્ક્રીનશોટ શેર કર્યો, જેમાં ગાંધીજીએ સંઘ વિશે તીવ્ર વાંધો વ્યક્ત કર્યો હતો એવા દાવાને મજબૂત બનાવે છે

(એજન્સી) તા.૨

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)એ બુધવાર, ૧ ઓક્ટોબરના રોજ ૧૦૦ વર્ષ પૂર્ણ કર્યા છે, ત્યારે કોંગ્રેસે ગુરૂવારે એક પુસ્તકમાંથી અમુક અંશો ટાંકીને જણાવ્યું છે કે, મહાત્મા ગાંધીએ સંઘને 'સર્વાધિકારવાદી દૃષ્ટિકોણ ધરાવતી સાંપ્રદાયિક સંસ્થા' તરીકે વર્ણવ્યું હતું.

કોંગ્રેસના સંદેશાવ્યવહારના પ્રભારી મહાસચિવ જયરામ રમેશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ સંદર્ભ શેર કર્યો, જેમાં ગાંધીજીના નજીકના સહાયકો પૈકી એક પ્યારેલાલના લેખન તરફ ધ્યાન દોર્યું. પ્યારેલાલ જે લગભગ ત્રણ દાયકા સુધી ગાંધીજીના અંગત સ્ટાફનો ભાગ રહ્યા હતા અને ૧૯૪૨માં મહાદેવ દેસાઈના મૃત્યુ પછી તેમના સચિવ બન્યા હતા, તેમને વ્યાપકપણે ગાંધીજીના જીવનના એક અધિકૃત ઈતિહાસકાર તરીકે ગણવામાં આવે છે.

રમેશે કહ્યું કે, મહાત્મા ગાંધી પરના પ્યારેલાલના પુસ્તકો પ્રમાણભૂત સંદર્ભ ગ્રંથો બની ગયા છે. ૧૯૫૬માં તેમણે તેમના પુસ્તક 'મહાત્મા ગાંધી: ધ લાસ્ટ ફેઝ'નો પહેલો ગ્રંથ પ્રકાશિત કર્યો, જે નવજીવન પબ્લિશિંગ હાઉસ, અમદાવાદ દ્વારા પ્રકાશિત થયો હતો. તેમાં રાષ્ટ્રપતિ ડૉ.રાજેન્દ્ર પ્રસાદ દ્વારા લાંબી પ્રસ્તાવના અને ઉપરાષ્ટ્રપતિ ડૉ.એસ. રાધાકૃષ્ણન દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું અને બીજો ગ્રંથ બે વર્ષ પછી પ્રકાશિત થયો હતો. બીજા ગ્રંથના પાના નંબર ૪૪૦ પર, પ્યારેલાલ ૧૨ સપ્ટેમ્બર, ૧૯૪૭ના રોજ થયેલી વાતચીતનું વર્ણન કરે છે, જેમાં મહાત્મા ગાંધીએ કથિત રીતે RSSને 'સત્તાવાદી દૃષ્ટિકોણ ધરાવતી સાંપ્રદાયિક સંસ્થા' તરીકે વર્ણવ્યું હતું. રમેશે કહ્યું કે, આ વાતચીતના પાંચ મહિના પછી તત્કાલીન કેન્દ્રીય ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલે તેની પ્રવૃત્તિઓ અંગે ચિંતાઓને કારણે RSS પર અસ્થાયી



રૂપે પ્રતિબંધ મૂક્યો હતો. રમેશે પ્યારેલાલના પુસ્તકમાંથી એક સ્ક્રીનશોટ શેર કર્યો, જે એવા દાવાને મજબૂત બનાવે છે કે, ગાંધીએ સંઘ વિશે વાંધો વ્યક્ત કર્યો હતો. કોંગ્રેસની આ ટિપ્પણી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શતાબ્દી ઉજવણી દરમિયાન રાષ્ટ્રનિર્માણમાં RSSની ભૂમિકાની પ્રશંસા કર્યાના એક દિવસ પછી આવી છે. મોદીની ટિપ્પણીનો જવાબ આપતા રમેશે પ્રશ્ન કર્યો કે શું વડાપ્રધાન સરદાર પટેલના RSSના ઐતિહાસિક મૂલ્યાંકનથી વાકેફ છે? બુધવારે એક X પોસ્ટમાં રમેશે ૧૮ જુલાઈ, ૧૯૪૮ના રોજ ડૉ.શ્યામા પ્રસાદ મુખર્જીને લખેલા પત્રનો ઉલ્લેખ કર્યો, જેમાં લખ્યું હતું કે, 'RSS અને હિન્દુ મહાસભાના સંદર્ભમાં, ગાંધીજીની હત્યાનો કેસ ન્યાયાલયમાં છે અને હું બંને સંગઠનોની ભાગીદારી વિશે કંઈ કહેવા માંગતો નથી, પરંતુ અમારા અહેવાલો પુષ્ટિ કરે છે કે, આ બે સંગઠનો, ખાસ કરીને પૂર્વ સંગઠનોની પ્રવૃત્તિઓના પરિણામે, દેશમાં એક એવું વાતાવરણ સર્જાયું હતું જેમાં આવી ભયાનક દુર્ઘટના શક્ય બની હતી. RSSની પ્રવૃત્તિઓ સરકાર અને રાજ્યના અસ્તિત્વ માટે સ્પષ્ટ ખતરો હતો. અમારા અહેવાલો દર્શાવે છે કે, પ્રતિબંધ હોવા છતાં તેમની આ પ્રવૃત્તિઓ બંધ થઈ નથી. ખરેખર, જેમ-જેમ સમય પસાર થઈ રહ્યો છે, તેમ RSS વર્તુળો વધુને વધુ ઉદ્ધત બની રહ્યા છે અને તેમની વિધ્વંસક પ્રવૃત્તિઓમાં સામેલ થઈ રહ્યા છે.

રમેશે ૧૯ ડિસેમ્બર, ૧૯૪૮ના રોજ જયપુરમાં પટેલના ભાષણનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં તત્કાલીન ગૃહમંત્રીએ RSS વિરૂદ્ધ ચેતવણી આપી હતી, જેમાં સ્વતંત્રતા પછીના વર્ષોમાં રાષ્ટ્રીય સ્થિરતા માટે તેનાથી ઊભા થયેલા જોખમો દર્શાવ્યા હતા.

રમેશે એક બીજી પોસ્ટમાં કહ્યું કે, સરદાર પટેલે ૧૯ ડિસેમ્બર, ૧૯૪૮ના રોજ જયપુરમાં એક વિશાળ જાહેર સભાને સંબોધિત કરી હતી અને RSS વિરૂદ્ધ વાત કરી હતી. બુધવારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના શતાબ્દી ઉજવણીમાં ભાગ લેતા પીએમ મોદીએ કહ્યું હતું કે, આ સંગઠને તેના પર અનેક હુમલાઓ છતાં ક્યારેય કોઈ કડવાશ દર્શાવી નથી કારણ કે, તે રાષ્ટ્ર પ્રથમના સિદ્ધાંત પર કામ કરે છે. આ પ્રસંગને ચિહ્નિત કરતા મોદીએ એક ખાસ ટપાલ ટિકિટ અને એક સ્મારક સિક્કો પણ બહાર પાડ્યો, જેમાં ભારતીય ચલણ પર ભારત માતાનું ચિત્રણ છે. વડાપ્રધાન પર પ્રહાર કરતા કોંગ્રેસના મહાસચિવ કે.સી. વેણુગોપાલે કહ્યું કે, 'RSSના સન્માન માટે સ્મારક સિક્કો અને સ્ટેમ્પનું ઉદ્ઘાટન કરવું એ ભારતના સ્વતંત્રતા સંગ્રામ અને બંધારણનું અપમાન છે.' તેમણે કહ્યું કે, ભારતના વસાહતી શાસકો સાથે સક્રિય રીતે સહયોગ કરનાર અને આજ સુધી સમાજમાં ઝેર ફેલાવનાર સંગઠનનું સન્માન કરવાને ઈતિહાસના કાળા દિવસ તરીકે જોવું જોઈએ. સરદાર પટેલ દ્વારા પ્રતિબંધિત સંગઠનનું આજે ભારત સરકાર દ્વારા સન્માન કેવી રીતે કરી શકાય? જેઓ આપણા બંધારણને ફરીથી લખવાની અને ડૉ.આંબેડકર દ્વારા આપણને આપવામાં આવેલા સામાજિક ન્યાયના એજન્ડાને નષ્ટ કરવાની હિમાયત કરે છે તેમને રાષ્ટ્રીય ગૌરવ ગણીને કેવી રીતે ઉજવી શકાય?

# ભાજપ-RSS અસત્યના માર્ગે ચાલી રહ્યા છે, ગાંધીજીનો માર્ગ એ સત્યનો માર્ગ છે : રાહુલ ગાંધી

(એજન્સી) તા.૨

આજે ૨ ઓક્ટોબર ગાંધી જયંતીના દિવસે કોંગ્રેસે મહાત્મા ગાંધીને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપી અને સત્ય, અહિંસા અને સત્યાગ્રહના તેમના વારસાને માન આપ્યું હતું. કોંગ્રેસે ભાજપ અને તેના વૈચારિક માર્ગદર્શક, RSS સામે કડક વલણ અપનાવ્યું હતું અને તેમના પર રાષ્ટ્રપિતા દ્વારા પ્રકાશિત પવિત્ર માર્ગથી દૂર જવાનો અને દગો કરવાનો આરોપ મૂક્યો છે. આ શ્રદ્ધાંજલિ આપતા કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ મહાત્મા ગાંધીને 'ભારતના સ્વતંત્રતા ચળવળના મહાન શિલ્પી' અને 'રાષ્ટ્રપિતા' તરીકે બિરદાવ્યા અને તેમના દર્શનની કાલાતીત સુસંગતતા પર ભાર મૂક્યો હતો. ખડગેએ કહ્યું કે, સત્ય, અહિંસા અને સત્યાગ્રહ જેવા સર્વોચ્ચ મૂલ્યો દ્વારા સમગ્ર વિશ્વને શાંતિનો માર્ગ બતાવનાર મહાત્મા ગાંધીજીના આદર્શો હંમેશા આપણા માટે પ્રેરણાસ્ત્રોત રહેશે. આજના નફરત, સરમુખત્યારશાહી અને હિંસા દ્વારા વર્ગીકૃત થયેલ વિશ્વને બાપુના શાંતિ, સંવાદિતા અને ન્યાયના દૃષ્ટિકોણને આજના વિશ્વમાં નવેસરથી મહત્ત્વ મળ્યું છે. આજે જ્યારે તેમના સિદ્ધાંતો પડકારોનો સામનો કરી રહ્યા છે, ત્યારે આપણે બાપુના ઉપદેશો અને માર્ગદર્શનનું પાલન કરીને તેમનો સામનો કરી રહ્યા છીએ. ગાંધી જયંતી નિમિત્તે તમામ સાથી નાગરિકોને હાર્દિક શુભેચ્છાઓ. કોંગ્રેસ નેતા રાહુલ



ગાંધીએ આ પ્રસંગે મહાત્મા ગાંધીના દર્શન અને વર્તમાન શાસક સંસ્થાના રાજકારણ વચ્ચે સ્પષ્ટ વિરોધાભાસ દર્શાવ્યો હતો. તેમણે કહ્યું કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનો માર્ગ સત્યનો માર્ગ છે. તે પ્રેમ, એકતા અને અહિંસાનો માર્ગ છે. પરંતુ ભાજપ અને RSSનો માર્ગ અસત્ય અને હિંસાનો છે. તેમણે ભાજપ-RSS પર વિભાજન અને અસહિષ્ણુતાને પ્રોત્સાહન આપવાનો આરોપ મૂક્યો અને દાવો કર્યો કે તેમની વિચારધારા મહાત્મા ગાંધીના સમાવેશીતા અને સાંપ્રદાયિક સંવાદિતાના દૃષ્ટિકોણની વિરુદ્ધ છે. તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસ ન્યાયી અને અખંડ ભારતના નિર્માણ માટે માર્ગદર્શક સિદ્ધાંતો તરીકે મહાત્મા ગાંધીના ઉપદેશો પ્રત્યે પ્રતિબદ્ધ છે. બે નૈતિક પસંદગીઓ વચ્ચે વિભાજિત ભારત અંગે તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસે પડકારો છતાં મહાત્માના પગલે ચાલવાનું પસંદ કર્યું છે. તેમના મતે મહાત્મા ગાંધીના સત્યની ભાવનામાં વિભાજનને દૂર કરવા, સમુદાયોને સુધારવા અને ન્યાયમાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરવાની શક્તિ છે અને તેમણે ભાજપ પર આ મૂલ્યોને નબળા પાડવાનો આરોપ મૂક્યો હતો. રાહુલ ગાંધીએ યાદ અપાવ્યું કે મહાત્મા ગાંધીનો સંદેશ કોઈ સમયમાં બંધાયેલો નથી; તે આજે પણ એટલો જ મહત્ત્વપૂર્ણ છે જેટલો તે સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન હતો. તેમણે કહ્યું કે, ભારત ફરી એકવાર એવા વળાંક પર છે જ્યાં નાગરિકોએ નક્કી કરવું પડશે કે ગાંધીના સત્ય અને અહિંસાને સમર્થન આપવું કે વિભાજનકારી રાજકારણ અને નફરતનો ભોગ બનવું. દેશભરમાં કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોએ પ્રાર્થના સભાઓ, શાંતિ કૂચ, સ્વચ્છતા અભિયાનો અને જાહેર કાર્યક્રમો સાથે ગાંધી જયંતીની ઉજવણી કરી. તેઓએ 'ગાંધીનું ભારત પાછું મેળવો'ના નારા લગાવ્યા હતા અને પાર્ટી પોતાને મહાત્માના વારસાના યોગ્ય રક્ષક તરીકે સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહી હતી. રાજ્ય મુખ્યાલય ખાતે મહાત્મા ગાંધીની પ્રતિમાઓ પર પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી અને લોકોમાં સત્ય અને અહિંસાના તેમના સંદેશને ફેલાવવા માટે આઉટરીચ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

# કોંગ્રેસ પ્રમુખ ખડગે પરની પેસમેકર શસ્ત્રક્રિયા સફળ થઈ, ત્રીજી ઓક્ટોબરથી કામ શરૂ કરશે

## ભારે તાવ તથા થાક અને પગમાં કળતર અને દુખાવાને લઈને એમને મંગળવારે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને લાંબી ચકાસણી પછી પેસમેકર સર્જરીનું નક્કી થયું હતું

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૨

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે પરની પેસમેકરની શસ્ત્રક્રિયા સફળતાપૂર્વક સંપન્ન થઈ ગઈ હતી. બુધવારે બેંગ્લોરની એક ખાનગી હોસ્પિટલમાં શસ્ત્રક્રિયા કરવામાં આવી હતી. એમના પરિવારજનો એ જણાવ્યા મુજબ એમની તબિયત સારી છે અને ત્રીજી ઓક્ટોબરથી તેઓ એમની કામગીરી શરૂ કરી દેવાના છે. આયોજિત પેસમેકર બેસાડવાની પ્રક્રિયા એ ખૂબ જ ટૂંકી શસ્ત્રક્રિયા ગણાય છે અને એમએસ રમૈયા હોસ્પિટલમાં આ શસ્ત્રક્રિયા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવી હતી તેમ તેમના પુત્ર અને કર્ણાટકના ગ્રામ વિકાસ મંત્રી પ્રિયાંક ખડગે એ જણાવ્યું હતું. પ્રિયાંક ખડગે એ જાહેર કરેલા નિવેદનમાં જણાવ્યું હતું કે આ ખૂબ જ ટૂંકી અને નાની પ્રક્રિયા છે અને શસ્ત્રક્રિયા પછી તેમની તબિયત ઘણી સારી છે. ત્રીજી ઓક્ટોબરથી રાબેતા મુજબ તેમના તમામ કાર્યક્રમમાં હાજરી આપવાનું શરૂ કરશે. મારા પિતાની તબિયત વિશે ચિંતા વ્યક્ત કરનાર અને અમને સધિયારો આપનાર તથા લાગણી વ્યક્ત કરનાર તમામનો હું આભાર માનું છું. ખડગેને ભારે તાવ તથા થાક અને પગમાં દુખાવા પછી મંગળવારે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા ત્યારે પેસમેકર મૂકવાની પ્રક્રિયા અંગે તબીબોએ નિર્ણય લીધો હતો. કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધા રમૈયાએ પણ ખડગેની તબિયત પૂછવા માટે હોસ્પિટલની મુલાકાત લીધી હતી.

# 'ઈઝરાયેલમાં ઝાયોનિસ્ટ અને ભારતમાં RSS બંને જોડિયા ભાઈઓ છે' : સંઘની ૧૦૦મી વર્ષગાંઠ પર કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને RSS પર પ્રહાર કર્યા

## કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ટીકા કરી હતી અને તેની તુલના ઈઝરાયેલના ઝાયોનિસ્ટ્સ શાસન સાથે કરી હતી

(એજન્સી) તા.૨

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) તેની શતાબ્દી ઉજવણી કરી રહ્યું છે ત્યારે કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને સંઘની તુલના ઈઝરાયેલમાં ઝાયોનિસ્ટ્સ સાથે કરી હતી. બુધવારે કન્નુરમાં એક જાહેર સભામાં વિજયને કહ્યું કે, 'ઈઝરાયેલમાં ઝાયોનિસ્ટ અને ભારતમાં RSS એ બંને જોડિયા ભાઈઓ છે.' તેમણે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા H-1B વિઝા ફી વધારા અંગે મોદી પર કટાક્ષ કરતા કહ્યું કે, 'ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નમ્ર સેવક છે. ટ્રમ્પ વહીવટીતંત્રએ ભારતીય નાગરિકોને હાથકડી પહેરાવી કે વિઝા ફી વધારી ત્યારે પણ મોદી એક પણ શબ્દ બોલ્યા નહીં. જો તે સ્વાભિમાની રાષ્ટ્રભક્ત છે, તો તેમનું લોહી ઉકળી ઊઠવું જોઈએ. પરંતુ આપણે એવા શાસકો જોયા છે જે નમ્ર સેવક બની જાય છે.' કેરળના મુખ્યમંત્રીએ રાષ્ટ્રમાં RSSના યોગદાનને પ્રકાશિત કરતી ખાસ ડિઝાઈન કરેલી સ્મારક ટપાલ ટિકિટ અને સિક્કો બહાર પાડવા બદલ મોદીની ટીકા કરી હતી અને તેને ભારતીય બંધારણનું ગંભીર અપમાન ગણાવ્યું હતું. કેરળના વિપક્ષી નેતા વી.ડી. સતીસને પણ સ્મારક ટપાલ ટિકિટ અને સિક્કાના પ્રકાશન પર મોદી પર પ્રહારો કરતા કહ્યું હતું કે, આ શરમજનક છે! મોદીએ એ RSS માટે સ્ટેમ્પ અને સિક્કો બહાર પાડ્યો તે આપણા સ્વતંત્રતા સંગ્રામનું અપમાન છે. RSSએ ક્યારેય સ્વતંત્રતા માટે લાદ્યું નથી તેણે રાષ્ટ્ર સાથે દગો કર્યો છે. તેમનો મહિમા કરવો એ ઈતિહાસનું પુનર્લેખન છે અને ભારતના લોકો આ અપમાનને ક્યારેય સ્વીકારશે નહીં. RSSના ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે રાષ્ટ્રમાં સંઘના યોગદાનને પ્રકાશિત કરતી ખાસ ડિઝાઈન કરેલી સ્મારક ટપાલ ટિકિટ અને સિક્કો બહાર પાડ્યો હતો. RSS તેની સ્થાપનાના ૧૦૦ વર્ષ પૂરા કરી રહ્યું છે અને આ સંગઠન ૨ ઓક્ટોબર વિજયાદશમીના રોજ નાગપુરમાં શતાબ્દી ઉજવણીનું આયોજન કરી રહ્યું છે. ૧૯૨૫માં મહારાષ્ટ્રના નાગપુરમાં કેશવ બલીરામ હેડગેવાર દ્વારા સ્થાપિત, RSSની સ્થાપના નાગરિકોમાં સાંસ્કૃતિક જાગૃતિ, શિસ્ત, સેવા અને સામાજિક જવાબદારીને પ્રોત્સાહન આપવાના ધ્યેય સાથે સ્વયંસેવક-આધારિત સંગઠન તરીકે કરવામાં આવી હતી.

# માન્ચેસ્ટર સિનાગોગ હુમલામાં બે લોકોનાં મોત, શંકાસ્પદને ગોળી વાગી; બોમ્બ સ્ક્વોડ ઘટનાસ્થળે

(એજન્સી) તા.૨

પોલીસના જણાવ્યા અનુસાર ગુરૂવારે સવારે ઉત્તર માન્ચેસ્ટરમાં એક સિનાગોગની બહાર કાર અકસ્માત અને છરાબાજીના હુમલામાં બે લોકોનાં મોત થયા હતા. ત્રીજા વ્યક્તિ, શંકાસ્પદ હુમલાખોર, જેને પોલીસે ઘટનાસ્થળે ગોળી મારી હતી, તેનું પણ મોત નિપજ્યું હતું. ગ્રેટર માન્ચેસ્ટર પોલીસ (GMP)એ જણાવ્યું હતું કે, સવારે ૯:૩૦ વાગ્યા પછી ક્રમ્પસોલમાં હીટન પાર્ક હિબ્રુ સિનાગોગમાં એક પ્રત્યક્ષદર્શીએ એક કાર લોકોને ટક્કર મારી અને એક વ્યક્તિને છરાબાજીનો ભોગ બનવાની જાણ કરી હતી. થોડીવારમાં જ સશસ્ત્ર પોલીસ અધિકારીઓએ કથિત હુમલાખોરને રોક્યો અને તેને ગોળી મારી દીધી. એક અપડેટેડ નિવેદનમાં પોલીસે જણાવ્યું હતું કે, શંકાસ્પદ વ્યક્તિના મૃત્યુની પુષ્ટિ થઈ શકી નથી કારણ કે, તે શંકાસ્પદ વસ્તુઓ લઈને જઈ રહ્યો હતો. ઘટનાસ્થળે બોમ્બ સ્ક્વોડ તૈનાત કરવામાં આવી છે. યહૂદી કેલેન્ડરના સૌથી પવિત્ર દિવસ યોમ કિપ્પુર પર હુમલો થયો હતો. ચાર લોકો ઘાયલ થયા હતા. નોર્થ વેસ્ટ એમ્બ્યુલન્સ સર્વિસે તેને એક મોટી ઘટના જાહેર કરી અને વધારાના સંસાધનો મોકલ્યા. એમ્બ્યુલન્સ ક્રૂ રક્ષણાત્મક ગિયર અને હેલ્મેટ પહેરેલા જોવા મળ્યા. વડાપ્રધાન કીર સ્ટાર્મરે આ હુમલાની નિંદા કરી, તેને 'ભયાનક' ગણાવ્યો. તેમણે કહ્યું, 'ક્રમ્પસોલમાં પૂજા સ્થળ પર થયેલા હુમલાથી હું આઘાત પામ્યો છું. યોમ કિપ્પુર પર બનેલી આ ઘટના તેને વધુ ભયાનક બનાવે છે.' 'મારૂં હૃદય આ ઘટનાથી પ્રભાવિત બધા લોકો પ્રત્યે દુઃખી છે અને હું કટોકટી સેવાઓ અને તમામ પ્રથમ પ્રતિભાવ આપનારાઓનો આભાર માનું છું.' ગ્રેટર માન્ચેસ્ટરના મેયર એન્ડી બર્નહામે તેને 'ગંભીર ઘટના' ગણાવી હતી પરંતુ લોકોને શાંત રહેવાની અપીલ કરી હતી. 'ગ્રેટર માન્ચેસ્ટર પોલીસ દ્વારા હાલનો ખતરો કાબૂમાં આવી ગયો છે અને ખૂબ જ ઝડપથી તેને કાબૂમાં લેવામાં આવ્યો છે,' તેમણે બીબીસીને જણાવ્યું. તેમણે લોકોને આ વિસ્તારથી દૂર રહેવાની સલાહ આપી. પોલીસે હજુ સુધી પીડિતો અથવા શંકાસ્પદ વ્યક્તિ વિશે કોઈ માહિતી જાહેર કરી નથી અને તેનો હેતુ સ્પષ્ટ નથી. તપાસ ચાલુ છે.

# આસામ પોલીસે ઝુબીન ગર્ગના મેનેજર, ફેસ્ટિવલ આયોજક પર હત્યાનો આરોપ લગાવ્યો

(એજન્સી) તા.૨

આસામ પોલીસે સ્વર્ગસ્થ ગાયક ઝુબીન ગર્ગના સિંગાપોરમાં મૃત્યુના સંદર્ભમાં તેમના મેનેજર સિદ્ધાર્થ શર્મા અને ઉત્સવના આયોજક શ્યામકાનુ મહંત વિરૂદ્ધ હત્યાનો કેસ નોંધ્યો છે. બંનેની બુધવારે દિલ્હીથી ધરપકડ કરવામાં આવી હતી. આસામ પોલીસના ક્રિમિનલ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ (CID)ના સ્પેશિયલ DGP મુન્ના પ્રસાદ ગુપ્તાએ PTIને જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલા બંને વ્યક્તિઓને અહીંની કોર્ટે ૧૪ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલ્યા બાદ તેમની પૂછપરછ કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું, 'તપાસ ચાલુ છે અને હું વધુ વિગતો શેર કરી શકતો નથી. અમે હવે FIRમાં BNSની કલમ ૧૦૩ ઉમેરી છે. 'ભારતીય દંડ સંહિતા (BNS)ની કલમ ૧૦૩ હત્યાની સજા સાથે સંબંધિત છે. તે મુજબ, જે કોઈ હત્યા કરે છે તેને મૃત્યુદંડ અથવા આજીવન કેદ અને દંડની સજા થઈ શકે છે.

# રામચંદ્ર ગુહાને કર્ણાટકનો ૨૦૨૫નો મહાત્મા ગાંધી સેવા પુરસ્કાર

## ગાંધીવાદી મૂલ્યોને પ્રોત્સાહન આપવા બદલ ઈતિહાસકાર રામચંદ્ર ગુહાને બેંગલુરૂમાં ૨૦૨૫નો મહાત્મા ગાંધી સેવા પુરસ્કાર એનાયત કરવામાં આવશે

(એજન્સી) તા.૨

રાજ્ય સરકારે જાહેરાત કરી હતી કે પ્રખ્યાત ઈતિહાસકાર અને લેખક રામચંદ્ર ગુહાનું ૨૦૨૫નો મહાત્મા ગાંધી સેવા પુરસ્કાર - કર્ણાટકના પ્રાપ્તકર્તા તરીકે નામ આપવામાં આવ્યું છે. માહિતી અને જનસંપર્ક વિભાગ દ્વારા દર વર્ષે આપવામાં આવતો આ પ્રતિષ્ઠિત પુરસ્કાર સત્ય, અહિંસા, શાંતિ અને સમાજ સેવા સહિત મહાત્મા ગાંધીના મૂળ મૂલ્યોને સમર્થન આપતી અને પ્રોત્સાહન આપતી વ્યક્તિઓ અને સંસ્થાઓને માન્યતા આપે છે. અમચાર એજન્સીના અહેવાલ અનુયાર,આ જાહેરાત ત્યારે કરવામાં આવી છે જ્યારે કર્ણાટક શાળાઓ, કોલેજો અને સમુદાય જૂથોને સંડોવતા રાજ્યવ્યાપી કાર્યક્રમોની શ્રેણી સાથે ગાંધી જયંતિની ઉજવણી માટે તૈયારી કરી રહ્યું છે. આ વર્ષના ઉજવણીનું મુખ્ય આકર્ષણ આ પુરસ્કાર માટે ગુહાની પસંદગી છે. સત્તાવાર નિવેદન અનુસાર, ગુહાને ગાંધીવાદી ફિલસૂફી, મૂલ્યો અને સામાજિક લક્ષી વિચારોને લોકોમાં ફેલાવવામાં તેમની "ઉત્તમ ભૂમિકા" માટે પસંદ કરવામાં આવ્યા હોવાનું એજન્સી દ્વારા પ્રાપ્ત પ્રકાશનમાં જણાવાયું છે. તેમના વિદ્વતાપૂર્ણ છતાં સુલભ લેખન માટે પ્રખ્યાત, ગુહાએ ભારતના આધુનિક ઈતિહાસ, રાજકારણ, પર્યાવરણીય ચળવળો અને ક્રિકેટ પરના તેમના કાર્ય માટે વૈશ્વિક સ્તરે માન્યતા મેળવી છે. તેમના કેટલાક સૌથી પ્રભાવશાળી પુસ્તકોમાં શામેલ છેઃ ૧. ઈન્ડિયા આફ્ટર ગાંધી ૨. ગાંધી બિફોર ઈન્ડિયા ૩. ગાંધીઃ ધ યર્સ ધેટ ચેન્જડ ધ વર્લ્ડ ૪. અ કોર્નર ઓફ અ ફોરેન ફિલ્ડ ૫. ધ અનક્વાયટ વુડ્સ પ્રકાશનમાં નોંધ્યું છે કે, આ કાર્યો "માત્ર ઐતિહાસિક શિષ્યવૃત્તિને સમૃદ્ધ બનાવતા નથી પરંતુ સામાન્ય વાચકો સુધી પણ સુલભ શૈલીમાં પહોંચે છે, જે સમાજમાં બૌદ્ધિક પ્રતિબિંબને પ્રેરણા આપે છે." સરકારે ગુહાની સમકાલીન ભારતના સંદર્ભમાં ગાંધીના વારસાને શોધવાની અનન્ય ક્ષમતાની પ્રશંસા કરી, નોંધ્યું કે ગાંધીના તેમના વ્યાપક બે ખંડના જીવનચરિત્રનું કન્નડ સહિત અનેક ભાષાઓમાં ભાષાંતર કરવામાં આવ્યું છે, જે તેની અસરને વધુ વિસ્તૃત કરે છે. આ પુરસ્કાર દ્વારા, રાજ્ય સરકારે જણાવ્યું હતું કે તેનો ઉદ્દેશ્ય યુવા પેઢીને ગાંધીજીના સિદ્ધાંતો સાથે જોડાવા અને આજના વિશ્વમાં તેમની સુસંગતતા પર ચિંતન કરવા પ્રોત્સાહિત કરવાનો છે.

# દિલ્હીની શાળાઓમાં RSSના નેતાઓની પ્રશંસા કરતાં પાઠ રજૂ કરવામાં આવશે

## 'રાષ્ટ્રનીતિ કાર્યક્રમ' હેઠળ કરવામાં આવનારા આ ફેરફારો લોકશાહી મૂલ્યોને પ્રોત્સાહન આપવાનો દાવો કરતા આ પગલાં સમુદાયોમાં પૂર્વગ્રહ અને હાંસિયામાં ધકેલાઈ જવા અંગે ચિંતા ઊભી કરે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

દિલ્હીની શાળાઓ હવે સરકારના નવા શરૂ કરાયેલા રાષ્ટ્રનીતિ કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) પર પાઠ રજૂ કરશે. આ કાર્યક્રમ ભારતના સ્વતંત્રતા સંગ્રામ અને લોકશાહી મૂલ્યોને પણ આવરી લેવાનો દાવો કરવામાં આવ્યો છે. આ પગલાએ ઘણા વાલીઓ અને શિક્ષણ નિષ્ણાતોમાં ચિંતા જગાવી છે. દિલ્હીના શિક્ષણપ્રધાન આશિષ સોઢીના જણાવ્યા અનુસાર આ અભ્યાસક્રમ, જે હજુ તૈયારીના અંતિમ તબક્કામાં છે, તેમાં RSSના ઈતિહાસ, વિચારધારા અને સામાજિક પ્રવૃત્તિઓ પર પાઠ સામેલ હશે. અભ્યાસક્રમમાં મુખ્ય RSS નેતાઓ અને તેમની સામાજિક પહેલો, તેમજ તેની ઐતિહાસિક રચનાનો સમાવેશ થશે. એકવાર ડ્રાફ્ટ તૈયાર થઈ જાય પછી અમે વધુ વિગતો શેર કરીશું. ૧૮ સપ્ટેમ્બરના રોજ નમોવિદ્યા ઉત્સવ દરમિયાન મુખ્યમંત્રી રેખા ગુપ્તા અને મંત્રી સોઢી દ્વારા ઉદ્ઘાટન કરાયેલ રાષ્ટ્રનીતિ કાર્યક્રમ, દિલ્હીની તમામ સરકારી શાળાઓમાં, કિન્ડરગાર્ટનથી લઈને ધો.૧૨ સુધી લાગુ કરવામાં આવશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ અભ્યાસક્રમમાં કેશવ બલીરામ હેડગેવારે ૧૯૨૫માં RSSની સ્થાપના કેવી રીતે કરી હતી તે દર્શાવવામાં આવશે, જેમાં પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત સંગઠન સાથે જોડાયેલા અગ્રણી નેતાઓના યોગદાનનો સમાવેશ કરવામાં આવશે. જો કે, ટીકાકારો દલીલ કરે છે કે, RSS-કેન્દ્રિત સામગ્રીનો સમાવેશ ભારતીય ઈતિહાસના એકતરફી દૃષ્ટિકોણને પ્રોત્સાહન આપીને લઘુમતી વિદ્યાર્થીઓ, ખાસ કરીને મુસ્લિમોને હાંસિયામાં ધકેલી દેવાનું જોખમ ધરાવે છે. એક વાલીએ નામ ન આપવાની વિનંતી કરતાં જણાવ્યું કે, આપણા બાળકોએ સ્વતંત્રતા સંગ્રામમાં યોગદાન આપનારા તમામ સમુદાયો વિશે શીખવું જોઈએ, ફક્ત એક સંગઠન સાથે સંકળાયેલા લોકો વિશે નહીં, અમને ડર છે કે, આનાથી યુવાનોના મનમાં સાંપ્રદાયિક પૂર્વગ્રહ પેદા થઈ શકે છે. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓને 'અનસંગ હીરો'ને સમર્પિત વિભાગ હેઠળ અન્ય સ્વાતંત્ર્ય સેનાનીઓ અને રાષ્ટ્રવાદી નેતાઓ જેમ કે સાવરકર, શ્યામા પ્રસાદ મુખર્જી, સરદાર વલ્લભભાઈ પટેલ અને સુભાષચંદ્ર બોઝ વિશે શિક્ષિત કરવાનો પણ હેતુ ધરાવે છે. ભાગ લેનારા વિદ્યાર્થીઓ પેટા સમિતિઓ, યુવા સંસદો, ચૂંટણી સાક્ષરતા ક્લબ અને ક્ષેત્ર મુલાકાતો કરશે. આ રાષ્ટ્રનીતિ વર્ગો દર મહિનાના પહેલા અને ત્રીજા અઠવાડિયામાં યોજાશે. એક સરકારી શાળાના શિક્ષકે ધ ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું કે, હજુ સુધી કોઈ પુસ્તિકા જારી કરવામાં આવી નથી, તેથી શિક્ષકો આ પાઠ કેવી રીતે લેવા તે અંગે અનિશ્ચિત છે. કાર્યક્રમનું નિરીક્ષણ કરી રહેલા એક શિક્ષકે કહ્યું કે, હાલમાં શાળાઓ સમિતિઓ બનાવવા માટે ચૂંટણીઓ યોજી રહી છે. એકવાર તે પૂર્ણ થઈ જાય પછી અમે નવા પાઠ શરૂ કરીશું. શિક્ષક માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે અને રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (એસસીઈઆરટી) ખાતે તાલીમ સત્રો ચાલી રહ્યા છે અને અધિકારીઓ હજુ નક્કી કરી રહ્યા છે કે, કયા વર્ગોમાં આ નવો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવશે.

# નવજાત શિશુઓના ચિત્રો માટે પ્રખ્યાત પેલેસ્ટીની ફોટો જર્નાલિસ્ટનું મોત

(એજન્સી) તા.૨

૭ ઓક્ટોબર, ૨૦૨૩ પહેલા તેમના આકર્ષક નવજાત શિશુઓના ચિત્રો માટે પ્રખ્યાત અને જાણીતા પેલેસ્ટીની ફ્રીલાન્સ ફોટો જર્નાલિસ્ટ યાહિયા બરઝાક ૩૦ સપ્ટેમ્બરના રોજ મધ્ય ગાઝાના દેઈર અલ-બલાહમાં ઈઝરાયેલી હવાઈ હુમલામાં માર્યા ગયા હતા.

ઈઝરાયેલના લશ્કરી કાર્યવાહી પહેલા ૩૪ વર્ષીય ફોટો જર્નાલિસ્ટ યાહિયા બરઝાક સ્ટુડિયોના માલિક હતા, જે ગાઝામાં નવજાત શિશુઓના ફોટોગ્રાફીમાં નિષ્ણાત એકમાત્ર સ્ટુડિયો હતો. ઈઝરાયેલી બોમ્બમારા અને વિસ્થાપનની ધમકીઓ સામે આવ્યા બાદ તેમને ત્યાંથી જવાની ફરજ પડી હતી. બરઝાક તુર્કી બ્રોડકાસ્ટર TRT વર્લ્ડ માટે કામ કરવાનું શરૂ કર્યું અને નાગરિકો, મુખ્યત્વે બાળકો પર યુદ્ધની અસરનું દસ્તાવેજીકરણ કર્યું. ઈઝરાયેલી દળો દ્વારા હુમલો કરાયેલા એક કાફેમાં તેમના એક કાર્યને અપલોડ કરતી વખતે તેમનું મોત થયું. અન્ય ચાર વ્યક્તિઓ પણ માર્યા ગયા છે.

તેમણે જે ઘણા પેલેસ્ટીની બાળકોનો ફોટોગ્રાફ લીધો હતો તે ઈઝરાયેલના લશ્કરી કાર્યવાહીમાં માર્યા ગયા હતા. તેમણે કહ્યું હતું કે, હું તેમના કોમળ, નિર્દોષ શરીરને સળગતા જોઉં છું તે કેવી રીતે સહન કરી શકું જ્યારે હું તેમને દરરોજ તેમના સૌથી સુંદર સ્વરૂપમાં જોતો હતો. તેમના મૃત્યુ પહેલાં બાર્ઝકે કાટમાળ નીચે દટાયેલા નવજાત શિશુના ફોટોગ્રાફ્સ જોયો હતો અને કહ્યું કે, મેં ક્યારેય કલ્પના પણ કરી ન હતી કે, અમે લીધેલા આ સુંદર ચિત્રોનો નાશ થશે. તેમણે શહીદ બાળકોના સન્માનમાં તે ચિત્રોનો ઉપયોગ કર્યો અને યુદ્ધ પ્રત્યે જાગૃતિ ફેલાવી હતી.

ચાર દિવસ પહેલા તેમની છેલ્લી ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં બરઝાકે કહ્યું કે, કેવી રીતે તેમને ગાઝા છોડીને ભાગી જવાની ફરજ પડી હતી અને તે સ્ટુડિયોને છોડી દીધો હતો જેને તેઓ 'મારૂં પોતાનું ઘર નાશ પામ્યા પછીનું પહેલું ઘર' ગણતા હતા. આજે અમને સ્ટુડિયો છોડવાની અને ગાઝા શહેરથી ફરી એકવાર વિસ્થાપિત થવાની ફરજ પડી છે. તે સાથે હું યાહિયા બરઝાક સ્ટુડિયોની વાર્તાનો અંત જાહેર કરૂં છું. ગાઝા પટ્ટીનો પહેલો અને એકમાત્ર સ્ટુડિયો જે નવજાત શિશુઓના ફોટોગ્રાફિંગમાં નિષ્ણાત છે.

બુધવારે અલ-અક્સા શહીદ હોસ્પિટલમાં બરઝાકની અંતિમવિધિમાં અનેક લોકો હાજર રહ્યા હતા. તેમણે એક પોસ્ટમાં લખ્યું હતું કે, મારૂં શરીર દક્ષિણ તરફ સ્થળાંતરિત કરવામાં આવ્યું હતું, પરંતુ મારૂં હૃદય હજુ પણ ગાઝા શહેરમાં છે. ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ જર્નાલિસ્ટ્સ (IFJ) અનુસાર ગાઝામાં યુદ્ધ દરમિયાન ઓછામાં ઓછા ૨૨૩ પેલેસ્ટીની પત્રકારો અને મીડિયા કર્મચારીઓ માર્યા ગયા છે અને ઘણા ઘાયલ થયા છે અને અન્ય સેંકડો ગુમ છે.

# ઐશ્વર્યા રાય અને અભિષેક બચ્ચને કથિત AI વીડિયો માટે યુટ્યુબ પર ૪ કરોડ રૂપિયાનો દાવો કર્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

ઐશ્વર્યા રાય બચ્ચન અને અભિષેક બચ્ચને યુટ્યુબ અને તેની પેરેન્ટ કંપની ગૂગલ સામે રૂ.૪ કરોડ (આશરે ૪,૫૦,૦૦૦ ડૉલર)ના નુકસાનની માગણી સાથે દાવો દાખલ કર્યો છે. ઐશ્વર્યા રાય અને અભિષેક બચ્ચનના વ્યક્તિત્વ અધિકારોનું રક્ષણ કરવાના હેતુથી દિલ્હી હાઈકોર્ટના તાજેતરના આદેશને અનુસરીને, યુટ્યુબ પર તેમના કથિત AI-જનરેટેડ ડીપફેક વીડિયોઝની શ્રેણી સામે આવ્યા બાદ દંપતીએ આ કાનૂની કાર્યવાહી કરી. ૬ સપ્ટેમ્બરના રોજ દાખલ કરાયેલી કાનૂની અરજીમાં દંપતીના બૌદ્ધિક સંપદા અધિકારોનું ઉલ્લંઘન કરતા વીડિયોઝને દૂર કરવા અને કાયમી પ્રતિબંધ મૂકવાની વિનંતી કરવામાં આવી છે. સામગ્રી બનાવટમાં AIના દુરૂપયોગ અંગે વધતી ચિંતાઓને ટાંકીને, બચ્ચન પરિવારે કોર્ટને યુટ્યુબને એવા પગલાં અમલમાં મૂકવા માટે નિર્દેશ આપવા વિનંતી પણ કરી છે જે તેમના વીડિયોઝનો ઉપયોગ હરીફ AI મોડેલોને તાલીમ આપવા માટે થતો અટકાવવામાં આવે.

રોઈટર્સ દ્વારા સમીક્ષા કરાયેલા કાનૂની દસ્તાવેજો અનુસાર મુકદ્દમો 'અશ્લીલ' અને 'જાતીય રીતે સ્પષ્ટ' AI-જનરેટેડ સામગ્રીને લક્ષ્ય બનાવે છે. બચ્ચન પરિવાર દલીલ કરે છે કે, યુટ્યુબે તેમના નામ, અવાજો અથવા છબીઓનો દુરૂપયોગ કરતી કોઈપણ સામગ્રીને કૃત્રિમ બુદ્ધિ દ્વારા શોષણ ન થાય તે માટે સુરક્ષા પગલાં રજૂ કરવા જોઈએ. તેઓ દલીલ કરે છે કે, વર્તમાન પ્લેટફોર્મ નીતિઓ AI તકનિકોના વિકાસ સાથે વધુ દુરૂપયોગને મંજૂરી આપે છે. આ દંપતીએ ખાસ કરીને યુટ્યુબ ચેનલ, AI બોલીવુડ ઈશ્કનો ઉલ્લેખ કર્યો છે, જેમાં ૨૫૯થી વધુ વીડિયોઝ છે જેમાં છેડછાડ ક્લિપ્સ છે અને ૧ કરોડ ૬૫ લાખથી વધુ વખત જોવામાં આવી છે. એક વ્યાપકપણે જોવામાં આવેલા વીડિયોમાં કથિત રીતે ઐશ્વર્યા રાય બચ્ચન અને સલમાન ખાનને પૂલમાં બતાવે છે, જ્યારે બીજામાં અભિષેક બચ્ચનને બનાવટી દૃશ્યોમાં બતાવે છે, જેમ કે અચાનક કોઈ અભિનેત્રીને ચુંબન કરવું અથવા તેની પત્નીને સંડોવતા AI-સંશોધિત દૃશ્યો પર ગુસ્સે પ્રતિક્રિયા આપવી. તેમની અરજીમાં કલાકારોએ AI મોડેલોને તાલીમ આપવા માટે આવી સામગ્રીનો ઉપયોગ કરવાનું જોખમ ઊઠાવ્યું હતું, જે ઉલ્લંઘન કરનારા વીડિયોઝનો ફેલાવો વધારી શકે છે. તેઓએ કહ્યું, 'AI મોડેલોને તાલીમ આપવા માટે ઉપયોગમાં લેવાતી આવી સામગ્રી કોઈપણ ઉલ્લંઘન કરતી સામગ્રીના ઉપયોગના કિસ્સાઓને વધારી શકે છે, એટલે કે પહેલા યુટ્યુબ પર અપલોડ કરીને અને પછી તાલીમ માટે ઉપયોગ કરીને.'

# મોડાસામાં IT વિભાગની કાર્યવાહી ૭૨ કલાક બાદ પણ યથાવત્, EDની એન્ટ્રીથી શહેરમાં ચકચાર

(સંવાદદાતા દ્વારા) મોડાસા, તા.૨

મોડાસા શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી આવકવેરા વિભાગની વિશાળ રેડ યથાવત છે. સતત ૭૨ કલાકથી ચાલી રહેલા આ સર્ચ ઓપરેશનમાં અત્યાર સુધી શહેરના અગ્રણી બિલ્ડર્સ, વેપારીઓ અને ડૉક્ટરોના ધંધાકીય તેમજ રહેણાંક સ્થળોએ તપાસ ચાલી રહી છે. કેટલાક સ્થળોએ તપાસ પૂર્ણ કરી પંચનામું પણ હાથ ધરાયું છે, પરંતુ અનેક સ્થળોએ હજી તપાસ ચાલુ છે. વિભાગના સૂત્રો અનુસાર, આ તપાસ દરમિયાન કરોડો રૂપિયાનું કાળું નાણું, બેનામી સંપત્તિ તથા શંકાસ્પદ નાણાકીય વહેવારોની વિગતો બહાર આવી હોવાની શક્યતા છે. EDની એન્ટ્રી બાદ મામલો વધુ ગંભીર બન્યો છે. સતત ત્રણ દિવસથી બિલ્ડરો, વેપારીઓ અને ડોક્ટરોના પરિવારોમાં નજરકેદ જેવી સ્થિતિ સર્જાઈ છે. સગા-સંબંધીઓ પણ માનસિક તાણ અનુભવી રહ્યા છે. શહેરમાં ચર્ચા છે કે અરવલ્લી જિલ્લામાં આ અત્યાર સુધીની સૌથી મોટી રેડ છે. વિદેશી નાણાંની હેરફેરને લઈને બહાર આવેલી વિગતો પરથી લાગણી છે કે આવનારા દિવસોમાં અન્ય એજન્સીઓ પણ જોડાઈ શકે છે. હાલ આ કાર્યવાહીથી માત્ર મોડાસા જ નહીં પરંતુ સમગ્ર જિલ્લામાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# વિજયાદશમીએ સુરત પોલીસ હેડક્વાર્ટર ખાતે હર્ષ સંઘવીએ શસ્ત્રપૂજા કરી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨

દશેરા પર્વ નિમિત્તે ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં શસ્ત્રપૂજા કરી હતી. આ વખતે પરંપરાગત શસ્ત્રોની સાથે આધુનિક ડ્રોનની પણ પૂજા કરવામાં આવી હતી, સાથે તેઓએ ગોધરા કાર્યવાહીને લઈ પણ નિવેદન આપતા જણાવ્યું હતું કે, સરકારી જગ્યા પર મકાન બનાવવા અને બીજી તરફ દંગાઓ કરવા, આ બંને એકસાથે નહીં ચલાવી શકાય. શસ્ત્રપૂજા બાદ હર્ષ સંઘવીએ રાજ્યની જનતાને દશેરાની શુભકામનાઓ પાઠવી જણાવ્યું કે, આજે દશેરાના દિવસે ગુજરાત પોલીસના દરેક યુનિટમાં શસ્ત્રપૂજા કરવામાં આવે છે. અહીં વર્ષો જૂના શસ્ત્રો અને આજના લેટેસ્ટ હથિયારો નજરે પડી રહ્યા છે. પોલીસ દ્વારા નાગરિકોની સુરક્ષા માટેના આ શસ્ત્રોની આજે પૂજા કરવામાં આવી છે. કાયદો-વ્યવસ્થા જાળવવામાં પોલીસને મદદરૂપ થતા ડ્રોન જેવા આધુનિક સાધનો પણ હવે પોલીસના શસ્ત્રાગારનો ભાગ બની ચૂક્યા છે, અને તેમની પણ પૂજા કરીને ટેકનોલોજીના મહત્વને સ્વીકારવામાં આવ્યું છે.

શસ્ત્રપૂજન બાદ હર્ષ સંઘવીએ ગોધરામાં તાજેતરમાં થયેલી બુલડોઝર કાર્યવાહી અંગે કહ્યું હતું કે, ગોધરાના નાગરિકોની સુરક્ષા માટે અને ભવિષ્યમાં સામાજિક પ્રોજેક્ટ માટે સુરક્ષિત રાખવામાં આવેલી સરકારી જગ્યાઓ પર અસામાજિક તત્વો દ્વારા ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવ્યું હતું. એક તરફ સરકારી જગ્યા પર મકાન બનાવવા અને બીજી તરફ દંગાઓ કરવા, આ બંને એકસાથે નહીં ચલાવી શકાય. ગેરકાયદે બાંધકામ કરનારા અને રાજ્યમાં અશાંતિ ફેલાવનારા લોકો સામે ગુજરાત પોલીસ કડકથી કડક પગલાં ભરી રહી છે. સરકારી જગ્યા પર કોઈપણ પ્રકારના કબજાઓ અને સરકારી જગ્યા પર કબજા કરીને ફરી રાજ્યમાં અશાંતિ ફેલાવવી, રાજ્યના સામાન્ય નાગરિકો પર કોઈપણ પ્રકારનો અડચણ ઊભો કરવો, આવા લોકોને શોધી શોધીને ગુજરાત પોલીસ કડક પગલાં ભરી રહી છે, અને જો કોઈ આવી ભૂલ કરશે, તો આનાથી પણ વધુ કડક પગલાં ભરવામાં આવશે.

# મહાત્મા ગાંધીએ RSSને 'સાંપ્રદાયિક, સર્વાધિકારવાદી' સંગઠન ગણાવ્યું હતું : કોંગ્રેસે તેમના નજીકના સહયોગીના પુસ્તકનો ઉલ્લેખ કર્યો

## જયરામ રમેશે પ્યારેલાલના પુસ્તકમાંથી એક સ્ક્રીનશોટ શેર કર્યો, જેમાં ગાંધીજીએ સંઘ વિશે તીવ્ર વાંધો વ્યક્ત કર્યો હતો એવા દાવાને મજબૂત બનાવે છે

(એજન્સી) તા.૨

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)એ બુધવાર, ૧ ઓક્ટોબરના રોજ ૧૦૦ વર્ષ પૂર્ણ કર્યા છે, ત્યારે કોંગ્રેસે ગુરૂવારે એક પુસ્તકમાંથી અમુક અંશો ટાંકીને જણાવ્યું છે કે, મહાત્મા ગાંધીએ સંઘને 'સર્વાધિકારવાદી દૃષ્ટિકોણ ધરાવતી સાંપ્રદાયિક સંસ્થા' તરીકે વર્ણવ્યું હતું.

કોંગ્રેસના સંદેશાવ્યવહારના પ્રભારી મહાસચિવ જયરામ રમેશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ સંદર્ભ શેર કર્યો, જેમાં ગાંધીજીના નજીકના સહાયકો પૈકી એક પ્યારેલાલના લેખન તરફ ધ્યાન દોર્યું. પ્યારેલાલ જે લગભગ ત્રણ દાયકા સુધી ગાંધીજીના અંગત સ્ટાફનો ભાગ હતા અને ૧૯૪૨માં મહાદેવ દેસાઈના મૃત્યુ પછી તેમના સચિવ બન્યા હતા, તેમને વ્યાપકપણે ગાંધીજીના જીવનના એક અધિકૃત ઈતિહાસકાર તરીકે ગણવામાં આવે છે.

રમેશે કહ્યું કે, મહાત્મા ગાંધી પરના પ્યારેલાલના પુસ્તકો પ્રમાણભૂત સંદર્ભ ગ્રંથો બની ગયા છે. ૧૯૫૬માં તેમણે તેમના પુસ્તક 'મહાત્મા ગાંધીઃ ધ લાસ્ટ ફેઝ'નો પહેલો ગ્રંથ પ્રકાશિત કર્યો, જે નવજીવન પબ્લિશિંગ હાઉસ, અમદાવાદ દ્વારા પ્રકાશિત થયો હતો. તેમાં રાષ્ટ્રપતિ ડૉ.રાજેન્દ્ર પ્રસાદ દ્વારા લાંબી પ્રસ્તાવના અને ઉપરાષ્ટ્રપતિ ડૉ.એસ. રાધાકૃષ્ણન દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું અને બીજો ગ્રંથ બે વર્ષ પછી પ્રકાશિત થયો હતો. બીજા ગ્રંથના પાના નંબર ૪૪૦ પર, પ્યારેલાલ ૧૨ સપ્ટેમ્બર, ૧૯૪૭ના રોજ થયેલી વાતચીતનું વર્ણન કરે છે, જેમાં મહાત્મા ગાંધીએ કથિત રીતે RSSને 'સત્તાવાદી દૃષ્ટિકોણ ધરાવતી સાંપ્રદાયિક સંસ્થા' તરીકે વર્ણવ્યું હતું. રમેશે કહ્યું કે, આ વાતચીતના પાંચ મહિના પછી તત્કાલીન કેન્દ્રીય ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલે તેની પ્રવૃત્તિઓ અંગે ચિંતાઓને કારણે RSS પર અસ્થાયી



રૂપે પ્રતિબંધ મૂક્યો હતો. રમેશે પ્યારેલાલના પુસ્તકમાંથી એક સ્ક્રીનશોટ શેર કર્યો, જે એવા દાવાને મજબૂત બનાવે છે કે, ગાંધીએ સંઘ વિશે વાંધો વ્યક્ત કર્યો હતો. કોંગ્રેસની આ ટિપ્પણી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શતાબ્દી ઉજવણી દરમિયાન રાષ્ટ્રનિર્માણમાં RSSની ભૂમિકાની પ્રશંસા કર્યાના એક દિવસ પછી આવી છે. મોદીની ટિપ્પણીનો જવાબ આપતા રમેશે પ્રશ્ન કર્યો કે શું વડાપ્રધાન સરદાર પટેલના RSSના ઐતિહાસિક મૂલ્યાંકનથી વાકેફ છે? બુધવારે એક X પોસ્ટમાં રમેશે ૧૮ જુલાઈ, ૧૯૪૮ના રોજ ડૉ.શ્યામા પ્રસાદ મુખર્જીને લખેલા પત્રનો ઉલ્લેખ કર્યો, જેમાં લખ્યું હતું કે, RSS અને હિન્દુ મહાસભાના સંદર્ભમાં, ગાંધીજીની હત્યાનો કેસ ન્યાયાલયમાં છે અને હું બંને સંગઠનોની ભાગીદારી વિશે કંઈ કહેવા માંગતો નથી, પરંતુ અમારા અહેવાલો પુષ્ટિ કરે છે કે, આ બે સંગઠનો, ખાસ કરીને પૂર્વ સંગઠનોની પ્રવૃત્તિઓના પરિણામે, દેશમાં એક એવું વાતાવરણ સર્જાયું હતું જેમાં આવી ભયાનક દુર્ઘટના શક્ય બની હતી. RSSની પ્રવૃત્તિઓ સરકાર અને રાજ્યના અસ્તિત્વ માટે સ્પષ્ટ ખતરો હતો. અમારા અહેવાલો દર્શાવે છે કે, પ્રતિબંધ હોવા છતાં તેમની આ પ્રવૃત્તિઓ બંધ થઈ નથી. ખરેખર, જેમ-જેમ સમય પસાર થઈ રહ્યો છે, તેમ RSS વર્તુળો વધુને વધુ ઉદ્ધત બની રહ્યા છે અને તેમની વિધ્વંસક પ્રવૃત્તિઓમાં સામેલ થઈ રહ્યા છે.

રમેશે ૧૯ ડિસેમ્બર, ૧૯૪૮ના રોજ જયપુરમાં પટેલના ભાષણનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં તત્કાલીન ગૃહમંત્રીએ RSS વિરુદ્ધ વાત કરી હતી, જેમાં સ્વતંત્રતા પછીના વર્ષોમાં રાષ્ટ્રીય સ્થિરતા માટે તેનાથી ઊભા થયેલા જોખમો દર્શાવ્યા હતા.

રમેશે એક બીજી પોસ્ટમાં કહ્યું કે, સરદાર પટેલે ૧૯ ડિસેમ્બર, ૧૯૪૮ના રોજ જયપુરમાં એક વિશાળ જાહેર સભાને સંબોધિત કરી હતી અને RSS વિરુદ્ધ વાત કરી હતી. બુધવારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના શતાબ્દી ઉજવણીમાં ભાગ લેતા પીએમ મોદીએ કહ્યું હતું કે, આ સંગઠને તેના પર અનેક હુમલાઓ છતાં ક્યારેય કોઈ કડવાશ દર્શાવી નથી કારણ કે, તે રાષ્ટ્ર પ્રથમના સિદ્ધાંત પર કામ કરે છે. આ પ્રસંગને ચિહ્નિત કરવા માટે મોદીએ એક ખાસ ટપાલ ટિકિટ અને એક સ્મારક સિક્કો પણ બહાર પાડ્યો, જેમાં ભારતીય ચલણ પર ભારત માતાનું ચિત્રણ છે. વડાપ્રધાન પર પ્રહાર કરતા કોંગ્રેસના મહાસચિવ કે.સી. વેણુગોપાલે કહ્યું કે, 'RSSના સન્માન માટે સ્મારક સિક્કો અને સ્ટેમ્પનું ઉદ્‌ઘાટન કરવું એ ભારતના સ્વતંત્રતા સંગ્રામ અને બંધારણનું અપમાન છે.' તેમણે કહ્યું કે, ભારતના વસાહતી શાસકો સાથે સક્રિય રીતે સહયોગ કરનાર અને આજ સુધી સમાજમાં ઝેર ફેલાવનાર સંગઠનનું સન્માન કરવાને ઈતિહાસના કાળા દિવસ તરીકે જોવું જોઈએ. સરદાર પટેલ દ્વારા પ્રતિબંધિત સંગઠનનું આજે ભારત સરકાર દ્વારા સન્માન કેવી રીતે કરી શકાય? જેઓ આપણા બંધારણને ફરીથી લખવાની અને ડૉ.આંબેડકર દ્વારા આપણને આપવામાં આવેલા સામાજિક ન્યાયના એજન્ડાને નષ્ટ કરવાની હિમાયત કરે છે તેમને રાષ્ટ્રીય ગૌરવ ગણીને કેવી રીતે ઉજવી શકાય?

# ભાજપ-RSS અસત્યના માર્ગે ચાલી રહ્યા છે, ગાંધીજીનો માર્ગ એ સત્યનો માર્ગ છે : રાહુલ ગાંધી

(એજન્સી) તા.૨

આજે ૨ ઓક્ટોબર ગાંધી જયંતીના દિવસે કોંગ્રેસે મહાત્મા ગાંધીને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપી અને સત્ય, અહિંસા અને સત્યાગ્રહના તેમના વારસાને માન આપ્યું હતું. કોંગ્રેસે ભાજપ અને તેના વૈચારિક માર્ગદર્શક, RSS સામે કડક વલણ અપનાવ્યું હતું અને તેમના પર રાષ્ટ્રપિતા દ્વારા પ્રકાશિત પવિત્ર માર્ગથી દૂર જવાનો અને દગો કરવાનો આરોપ મૂક્યો છે. આ શ્રદ્ધાંજલિ આપતા કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ મહાત્મા ગાંધીને 'ભારતના સ્વતંત્રતા ચળવળના મહાન શિલ્પી' અને 'રાષ્ટ્રપિતા' તરીકે બિરદાવ્યા અને તેમના દર્શનની કાલાતીત સુસંગતતા પર ભાર મૂક્યો હતો. ખડગેએ કહ્યું કે, સત્ય, અહિંસા અને સત્યાગ્રહ જેવા સર્વોચ્ચ મૂલ્યો દ્વારા સમગ્ર વિશ્વને શાંતિનો માર્ગ બતાવનાર મહાત્મા ગાંધીજીના આદર્શો હંમેશા આપણા માટે પ્રેરણાસ્ત્રોત રહેશે. આજના નફરત, સરમુખત્યારશાહી અને હિંસા દ્વારા વર્ગીકૃત થયેલ વિશ્વને બાપુના શાંતિ, સંવાદિતા અને ન્યાયના દૃષ્ટિકોણને આજના વિશ્વમાં નવેસરથી મહત્ત્વ મળ્યું છે. આજે જ્યારે તેમના સિદ્ધાંતો પડકારોનો સામનો કરી રહ્યા છે, ત્યારે આપણે બાપુના ઉપદેશો અને માર્ગદર્શનનું પાલન કરીને તેમનો સામનો કરી રહ્યા છીએ. ગાંધી જયંતી નિમિત્તે તમામ સાથી નાગરિકોને હાર્દિક શુભેચ્છાઓ. કોંગ્રેસ નેતા રાહુલ



ગાંધીએ આ પ્રસંગે મહાત્મા ગાંધીના દર્શન અને વર્તમાન શાસક સંસ્થાના રાજકારણ વચ્ચે સ્પષ્ટ વિરોધાભાસ દર્શાવ્યો હતો. તેમણે કહ્યું કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનો માર્ગ સત્યનો માર્ગ છે. તે પ્રેમ, એકતા અને અહિંસાનો માર્ગ છે. પરંતુ ભાજપ અને RSSનો માર્ગ અસત્ય અને હિંસાનો છે. તેમણે ભાજપ-RSS પર વિભાજન અને અસહિષ્ણુતાને પ્રોત્સાહન આપવાનો આરોપ મૂક્યો અને દાવો કર્યો કે તેમની વિચારધારા મહાત્મા ગાંધીના સમાવેશીતા અને સાંપ્રદાયિક સંવાદિતાના દૃષ્ટિકોણની વિરુદ્ધ છે. તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસ ન્યાયી અને અખંડ ભારતના નિર્માણ માટે માર્ગદર્શક સિદ્ધાંતો તરીકે મહાત્મા ગાંધીના ઉપદેશો પ્રત્યે પ્રતિબદ્ધ છે. બે નૈતિક પસંદગીઓ વચ્ચે વિભાજિત ભારત અંગે તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસે પડકારો છતાં મહાત્માના પગલે ચાલવાનું પસંદ કર્યું છે. તેમના મતે મહાત્મા ગાંધીના સત્યની ભાવનામાં વિભાજનને દૂર કરવા, સમુદાયોને સુધારવા અને ન્યાયમાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરવાની શક્તિ છે અને તેમણે ભાજપ પર આ મૂલ્યોને નબળા પાડવાનો આરોપ મૂક્યો હતો. રાહુલ ગાંધીએ યાદ અપાવ્યું કે મહાત્મા ગાંધીનો સંદેશ કોઈ સમયમાં બંધાયેલો નથી; તે આજે પણ એટલો જ મહત્ત્વપૂર્ણ છે જેટલો તે સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન હતો. તેમણે કહ્યું કે, ભારત ફરી એકવાર એવા વળાંક પર છે જ્યાં નાગરિકોએ નક્કી કરવું પડશે કે ગાંધીના સત્ય અને અહિંસાને સમર્થન આપવું કે વિભાજનકારી રાજકારણ અને નફરતનો ભોગ બનવું. દેશભરમાં કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોએ પ્રાર્થના સભાઓ, શાંતિ કૂચ, સ્વચ્છતા અભિયાનો અને જાહેર કાર્યક્રમો સાથે ગાંધી જયંતીની ઉજવણી કરી. તેઓએ 'ગાંધીનું ભારત પાછું મેળવો'ના નારા લગાવ્યા હતા અને પાર્ટી પોતાને મહાત્માના વારસાના યોગ્ય રક્ષક તરીકે સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહી હતી. રાજ્ય મુખ્યાલય ખાતે મહાત્મા ગાંધીની પ્રતિમાઓ પર પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી અને લોકોમાં સત્ય અને અહિંસાના તેમના સંદેશને ફેલાવવા માટે આઉટરીચ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

# કોંગ્રેસ પ્રમુખ ખડગે પરની પેસમેકર શસ્ત્રક્રિયા સફળ થઈ, ત્રીજી ઓક્ટોબરથી કામ શરૂ કરશે

## ભારે તાવ તથા થાક અને પગમાં કળતર અને દુખાવાને લઈને એમને મંગળવારે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને લાંબી ચકાસણી પછી પેસમેકર સર્જરીનું નક્કી થયું હતું

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૨

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે પરની પેસમેકરની શસ્ત્રક્રિયા સફળતાપૂર્વક સંપન્ન થઈ ગઈ હતી. બુધવારે બેંગ્લોરની એક ખાનગી હોસ્પિટલમાં શસ્ત્રક્રિયા કરવામાં આવી હતી. એમના પરિવારજનો એ જણાવ્યા મુજબ એમની તબિયત સારી છે અને ત્રીજી ઓક્ટોબરથી તેઓ એમની કામગીરી શરૂ કરી દેવાના છે. આયોજિત પેસમેકર બેસાડવાની પ્રક્રિયા એ ખૂબ જ ટૂંકી શસ્ત્રક્રિયા ગણાય છે અને એમએસ રમૈયા હોસ્પિટલમાં આ શસ્ત્રક્રિયા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવી હતી તેમ તેમના પુત્ર અને કર્ણાટકના ગ્રામ વિકાસ મંત્રી પ્રિયાંક ખડગે એ જણાવ્યું હતું. પ્રિયાંક ખડગે એ જાહેર કરેલા નિવેદનમાં જણાવ્યું હતું કે આ ખૂબ જ ટૂંકી અને નાની પ્રક્રિયા છે અને શસ્ત્રક્રિયા પછી તેમની તબિયત ઘણી સારી છે. ત્રીજી ઓક્ટોબરથી રાબેતા મુજબ તેમના તમામ કાર્યક્રમમાં હાજરી આપવાનું શરૂ કરશે. મારા પિતાની તબિયત વિશે ચિંતા વ્યક્ત કરનાર અને અમને સધિયારો આપનાર તથા લાગણી વ્યક્ત કરનાર તમામનો હું આભાર માનું છું. ખડગેને ભારે તાવ તથા થાક અને પગમાં દુખાવા પછી મંગળવારે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા ત્યારે પેસમેકર મૂકવાની પ્રક્રિયા અંગે તબીબોએ નિર્ણય લીધો હતો. કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધા રમૈયાએ પણ ખડગેની તબિયત પૂછવા માટે હોસ્પિટલની મુલાકાત લીધી હતી.

# 'ઈઝરાયેલમાં ઝાયોનિસ્ટ અને ભારતમાં RSS બંને જોડિયા ભાઈઓ છે' : સંઘની ૧૦૦મી વર્ષગાંઠ પર કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને RSS પર પ્રહાર કર્યા

## કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ટીકા કરી હતી અને તેની તુલના ઈઝરાયેલના ઝાયોનિસ્ટ્સ શાસન સાથે કરી હતી

(એજન્સી) તા.૨

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) તેની શતાબ્દી ઉજવણી કરી રહ્યું છે ત્યારે કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને સંઘની તુલના ઈઝરાયેલમાં ઝાયોનિસ્ટ્સ સાથે કરી હતી. બુધવારે કન્નુરમાં એક જાહેર સભામાં વિજયને કહ્યું કે, 'ઈઝરાયેલમાં ઝાયોનિસ્ટ અને ભારતમાં RSS એ બંને જોડિયા ભાઈઓ છે.' તેમણે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા H-1B વિઝા ફી વધારા અંગે મોદી પર કટાક્ષ કરતા કહ્યું કે, 'ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નમ્ર સેવક છે. ટ્રમ્પ વહીવટીતંત્રએ ભારતીય નાગરિકોને હાથકડી પહેરાવી કે વિઝા ફી વધારી ત્યારે પણ મોદી એક પણ શબ્દ બોલ્યા નહીં. જો તે સ્વાભિમાની રાષ્ટ્રભક્ત છે, તો તેમનું લોહી ઉકળી ઊઠવું જોઈએ. પરંતુ આપણે એવા શાસકો જોયા છે જે નમ્ર સેવક બની જાય છે.' કેરળના મુખ્યમંત્રીએ રાષ્ટ્રમાં RSSના યોગદાનને પ્રકાશિત કરતી ખાસ ડિઝાઈન કરેલી સ્મારક ટપાલ ટિકિટ અને સિક્કો બહાર પાડવા બદલ મોદીની ટીકા કરી હતી અને તેને ભારતીય બંધારણનું ગંભીર અપમાન ગણાવ્યું હતું. કેરળના વિપક્ષી નેતા વી.ડી. સતીસને પણ સ્મારક ટપાલ ટિકિટ અને સિક્કાના પ્રકાશન પર મોદી પર પ્રહારો કરતા કહ્યું હતું કે, આ શરમજનક છે! મોદીએ એ RSS માટે સ્ટેમ્પ અને સિક્કો બહાર પાડ્યો તે આપણા સ્વતંત્રતા સંગ્રામનું અપમાન છે. RSSએ ક્યારેય સ્વતંત્રતા માટે લાઢ્યું નથી તેણે રાષ્ટ્ર સાથે દગો કર્યો છે. તેમનો મહિમા કરવો એ ઈતિહાસનું પુનર્લેખન છે અને ભારતના લોકો આ અપમાનને ક્યારેય સ્વીકારશે નહીં. RSSના ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે રાષ્ટ્રમાં સંઘના યોગદાનને પ્રકાશિત કરતી ખાસ ડિઝાઈન કરેલી સ્મારક ટપાલ ટિકિટ અને સિક્કો બહાર પાડ્યો હતો. RSS તેની સ્થાપનાના ૧૦૦ વર્ષ પૂરા કરી રહ્યું છે અને આ સંગઠન ૨ ઓક્ટોબર વિજયાદશમીના રોજ નાગપુરમાં શતાબ્દી ઉજવણીનું આયોજન કરી રહ્યું છે. ૧૯૨૫માં મહારાષ્ટ્રના નાગપુરમાં કેશવ બલીરામ હેડગેવાર દ્વારા સ્થાપિત, RSSની સ્થાપના નાગરિકોમાં સાંસ્કૃતિક જાગૃતિ, શિસ્ત, સેવા અને સામાજિક જવાબદારીને પ્રોત્સાહન આપવાના ધ્યેય સાથે સ્વયંસેવક-આધારિત સંગઠન તરીકે કરવામાં આવી હતી.

# માન્ચેસ્ટર સિનાગોગ હુમલામાં બે લોકોનાં મોત, શંકાસ્પદને ગોળી વાગી; બોમ્બ સ્ક્વોડ ઘટનાસ્થળે

(એજન્સી) તા.૨

પોલીસના જણાવ્યા અનુસાર ગુરૂવારે સવારે ઉત્તર માન્ચેસ્ટરમાં એક સિનાગોગની બહાર કાર અકસ્માત અને છરાબાજીના હુમલામાં બે લોકોનાં મોત થયા હતા. ત્રીજા વ્યક્તિ, શંકાસ્પદ હુમલાખોર, જેને પોલીસે ઘટનાસ્થળે ગોળી મારી હતી, તેનું પણ મોત નિપજ્યું હતું. ગ્રેટર માન્ચેસ્ટર પોલીસ (GMP)એ જણાવ્યું હતું કે, સવારે ૯:૩૦ વાગ્યા પછી ક્રમ્પ્સોલમાં હીટન પાર્ક હિબ્રુ સિનાગોગમાં એક પ્રત્યક્ષદર્શીએ એક કાર લોકોને ટક્કર મારી અને એક વ્યક્તિને છરાબાજીનો ભોગ બનવાની જાણ કરી હતી. થોડીવારમાં જ સશસ્ત્ર પોલીસ અધિકારીઓએ કથિત હુમલાખોરને રોક્યો અને તેને ગોળી મારી દીધી. એક અપડેટેડ નિવેદનમાં પોલીસે જણાવ્યું હતું કે, શંકાસ્પદ વ્યક્તિના મૃત્યુની પુષ્ટિ થઈ શકી નથી કારણ કે, તે શંકાસ્પદ વસ્તુઓ લઈને જઈ રહ્યો હતો. ઘટનાસ્થળે બોમ્બ સ્ક્વોડ તૈનાત કરવામાં આવી છે. યહૂદી કેલેન્ડરના સૌથી પવિત્ર દિવસ યોમ કિપ્પુર પર હુમલો થયો હતો. ચાર લોકો ઘાયલ થયા હતા. નોર્થ વેસ્ટ એમ્બ્યુલન્સ સર્વિસે તેને એક મોટી ઘટના જાહેર કરી અને વધારાના સંસાધનો મોકલ્યા. એમ્બ્યુલન્સ ક્રૂ રક્ષણાત્મક ગિયર અને હેલ્મેટ પહેરેલા જોવા મળ્યા. વડાપ્રધાન કીર સ્ટાર્મરે આ હુમલાની નિંદા કરી, તેને 'ભયાનક' ગણાવ્યો. તેમણે કહ્યું, 'ક્રમ્પ્સોલમાં પૂજા સ્થળ પર થયેલા હુમલાથી હું આઘાત પામ્યો છું. યોમ કિપ્પુર પર બનેલી આ ઘટના તેને વધુ ભયાનક બનાવે છે.' 'મારૂં હૃદય આ ઘટનાથી પ્રભાવિત બધા લોકો પ્રત્યે દુઃખી છે અને હું કટોકટી સેવાઓ અને તમામ પ્રથમ પ્રતિભાવ આપનારાઓનો આભાર માનું છું.' ગ્રેટર માન્ચેસ્ટરના મેયર એન્ડી બર્નહામે તેને 'ગંભીર ઘટના' ગણાવી હતી પરંતુ લોકોને શાંત રહેવાની અપીલ કરી હતી. 'ગ્રેટર માન્ચેસ્ટર પોલીસ દ્વારા હાલનો ખતરો કાબૂમાં આવી ગયો છે અને ખૂબ જ ઝડપથી તેને કાબૂમાં લેવામાં આવ્યો છે,' તેમણે બીબીસીને જણાવ્યું. તેમણે લોકોને આ વિસ્તારથી દૂર રહેવાની સલાહ આપી. પોલીસે હજુ સુધી પીડિતો અથવા શંકાસ્પદ વ્યક્તિ વિશે કોઈ માહિતી જાહેર કરી નથી અને તેનો હેતુ સ્પષ્ટ નથી. તપાસ ચાલુ છે.

# બરેલી : પોલીસ 'એન્કાઉન્ટર'માં બેને ઈજા, તમામ બજારો સૂનકાર; અનેક મિલકતોને તોડી પાડવામાં આવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

બરેલી શરીફમાં ગયા શુક્રવારે 'આઈ લવ મુહમ્મદ (સ.અ.વ.)' લખેલા બેનર સાથે દેખાવોના પગલે હિંસા થયા બાદ પાંચ દિવસ પછી પણ બરેલી શરીફમાં પરિસ્થિતિ અત્યંત તણાવગ્રસ્ત છે, પોલીસની સંખ્યામાં હજુ પણ વધારો કરી દેવામાં આવ્યો છે અને બજારો તથા મકાનો લોકોએ ડરને કારણે બંધ રાખ્યા છે. ઉત્તરપ્રદેશની પોલીસ દ્વારા વધુને વધુ ધરપકડો કરવામાં આવી છે અને બે વ્યક્તિઓની તો કથિત એન્કાઉન્ટર પછી ધરપકડ કરવામાં આવી હતી. આ રીતે અટકાયતમાં લેવાયેલા લોકોની સંખ્યા વધીને ૮૨ પર પહોંચી ગઈ છે.

અસરગ્રસ્ત વિસ્તારો અને ખાસ કરીને આલા હઝરતની દરગાહ શરીફ તથા નૌમહલા મસ્જિદ વિસ્તાર પાસેના તમામ બજારો હજુ પણ બંધ છે. મોટાભાગના બજારોમાં સૂનકાર વ્યાપી ગયેલો દેખાય છે. મોટાભાગના મકાનો પણ બંધ છે અને લોકો એવી ફરિયાદ કરી રહ્યા છે કે, એમના પરિવારના જે લોકોને અટકાયત કરી છે એમને અમને મળવા પણ દેવાતા નથી. હિંસામાં સંડોવણીના નામે અનેક અટકાયતીઓના મકાનો ઉપર પણ બુલડોઝર ફેરવવામાં આવી રહ્યા છે અને ડિમોલિશનની આ કાર્યવાહી બંધ કરવા માટે સ્થાનિક મુસ્લિમોએ વહીવટીતંત્રને અપીલ કરી છે. બરેલી શરીફના એસ.પી. અનુરાગ આર્યએ જણાવ્યું હતું કે, જે લોકોએ હિંસા ભડકાવવાનો અને અશાંતિ જગાવવાનો પ્રયાસ કર્યો છે એમની સામેની કાર્યવાહી ચાલુ રહેશે અને અત્યારે સીટ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે અને અમને એવા પુરાવા મળ્યા છે કે, બહારના લોકોએ તોફાનોમાં ભાગ લીધો હતો.

દરમિયાન ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ શાહજહાંપુર વિસ્તારના મોહમ્મદ ઈદ્રીસ ઉર્ફે બોરા ઉંમર ૫૦ વર્ષ અને ઈકબાલ ઉર્ફે બુંદન ખાન ઉંમર ૪૮ની કથિત એન્કાઉન્ટર પછી



પોલીસે ધરપકડ કરી હતી અને એ બંનેને પોલીસની ગોળી વાગવાથી ઈજા થઈ હતી. પોલીસે એવો આક્ષેપ કર્યો છે કે, આ બંને આરોપીઓએ તોફાનો દરમિયાન એક કોન્સ્ટેબલની એન્ટી રાયટ બંદૂક છીનવી લીધી હતી અને ગોળીબાર કર્યો હતો.

SOG અને સી.બી.ની ટુકડીએ દાવો કર્યો હતો કે, આ બંને વ્યક્તિએ પોલીસથી બચવા માટે નાસી જવાનો પ્રયાસ કર્યો હતો અને પોલીસ પર ગોળીબાર કર્યો હતો. આથી પોલીસે વળતો ગોળીબાર કરતા બંનેને પગમાં ગોળી વાગી હતી અને દવાખાને ખસેડાયા હતા.

એસ.પી.એ કહ્યું હતું કે, ઈદ્રીસ સામે ચોરી અને લૂંટ જેવા ૨૦ કેસ નોંધાયેલા છે જ્યારે ઈકબાલ સામે આર્મ્સ એક્ટ અને લૂંટ સહિતના ૧૭ ફોજદારી ગુના નોંધાયેલા છે. મંગળવારે પોલીસે ડૉ.નફીસ ખાન ઉંમર ૬૫, એમના પુત્ર ફરહાન ખાન ઉંમર ૩૨, શાન ઉંમર ૩૨, મોહમ્મદ નદીમ ઉંમર ૪૫, રિઝવાન ઉમર ૨૪, તાજિમ ઉંમર ૨૬ અને અમાન હુસૈન ઉંમર ૨૪ની ધરપકડ કરી હતી. ડૉ.નફીસ ખાન અને એમના પુત્ર પાસેથી મોબાઈલ ફોન અને લેનોવો કંપનીનું લેપટોપ કબજે કરવામાં આવ્યા હતા. ગઈકાલે પોલીસના કહેવાતા એન્કાઉન્ટરમાં આઈએમસીના જિલ્લા પ્રમુખ તન્ઝીમની પણ ધરપકડ થઈ હતી અને પોલીસ ગોળીબારથી તેને પગમાં ઈજા થઈ હતી. વિરોધ પક્ષોએ યોગી આદિત્યનાથ સરકાર દ્વારા કરવામાં આવી રહેલી કાર્યવાહીની સખત ટીકા કરી છે. સરકાર આવી કામગીરી કરીને તણાવમાં વધારો કરી રહી છે એવું વિરોધ પક્ષો જણાવે છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અજય રાય જણાવે છે કે, આ સરકારને શાંતિ જોઈતી નથી અને એ લોકો રાજકીય પ્રચારનો મુદ્દો બનાવીને તેનો ઉપયોગ કરીને પગલાં લઈ રહ્યા છે અને સંભલ જેવી કામગીરી કરી રહ્યા છે. રાહુલ ગાંધીએ મત ચોરીના જે આક્ષેપો કર્યા છે તેનાથી લોકોનું ધ્યાન બીજે ખેંચવા માટે આ કામગીરી થઈ રહી છે. સહારનપુરના કોંગ્રેસના સાંસદ ઈમરાન મસૂદે જણાવ્યું હતું કે, હું બરેલી શરીફ જવાનો હતો પરંતુ મને નજરકેદ કરી દેવામાં આવ્યો હતો. સહારનપુરની પોલીસ આ વાતનો ઈન્કાર કરી રહી છે અને એવો દાવો કરે છે કે, સુરક્ષા માટે તેમના ઘરની બહાર પોલીસ મૂકવામાં આવી હતી.

દરમિયાન બરેલીના જૂના વિસ્તારોમાં હજુ પણ ઘરો ઉપર 'આઈ લવ મુહમ્મદ (સ.અ.વ.)' લખેલા બેનર લખેલા અને લટકતા દેખાય છે પરંતુ શેરીઓ સૂમસામ છે. લોકોના ધંધા પડી ભાંગ્યા છે અને બહુ ઓછા ગ્રાહકો બજારોમાં દેખાય છે એવું વેપારીઓ કહે છે કેમ કે લોકો ડરી ગયા છે.

અનેક પરિવારો તેમના ઘરોને તાળાં મારીને આ વિસ્તારોમાંથી ચાલ્યા ગયા છે તેવું પણ જાણવા મળ્યું છે અને જે લોકો રોકાઈ ગયા છે એ ઘરોમાં જ પૂરાઈ રહ્યા છે અને બહાર આવતા ડરે છે. ઘણા બધા પરિવારોએ ફરિયાદ કરી છે કે, એમના સ્વજનોને પકડી ગયા પછી એમની સાથે અમને મુલાકાત કરવા દેવાતી નથી. રોહલી ટોલા વિસ્તારની એક બહેન કહે છે કે, મારા બંને ભાઈઓ મોઈન ઉંમર ૩૬, તેમજ મુબીન અહેમદ સિદ્દીકી ઉંમર ૩૨ને પકડીને લઈ ગયા હતા અને બંને ઘરમાં જતા અને બાળકોને ટ્યુશન કરાવી રહ્યા હતા પણ ત્યાર પછી અમે એમનો ચહેરો જોયો નથી.

આઈએમસીના કાઉન્સિલર અનીસ મિયાંનો પરિવાર કહે છે કે, એમના પુત્રો પણ ગુમ થઈ ગયા છે અત્યારે ઘરમાં માત્ર બે મહિલાઓ જ છે અને એમના ભાઈઓ ક્યાં છે એ અમને ખબર નથી. દરમિયાન મૌલાના તૌકીર રઝા સાથે સંકળાયેલા તેમના સાથીદારોના મકાનો અને મિલકતોને તોડી પાડવાની કામગીરી મંગળવાર રાતથી શરૂ કરવામાં આવી હતી. તૌકીર રઝાના ભાઈ તૌસીફ રઝાએ વહીવટીતંત્રને ડિમોલિશન કામગીરી અટકાવી દેવા અને નિર્દોષ લોકોને છોડી મૂકવા માટે વહીવટીતંત્રને અપીલ કરી હતી.

# દિલ્હીની શાળાઓમાં RSSના નેતાઓની પ્રશંસા કરતાં પાઠ રજૂ કરવામાં આવશે

## 'રાષ્ટ્રનીતિ કાર્યક્રમ' હેઠળ કરવામાં આવનારા આ ફેરફારો લોકશાહી મૂલ્યોને પ્રોત્સાહન આપવાનો દાવો કરતા આ પગલાં સમુદાયોમાં પૂર્વગ્રહ અને હાંસિયામાં ધકેલાઈ જવા અંગે ચિંતા ઊભી કરે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

દિલ્હીની શાળાઓ હવે સરકારના નવા શરૂ કરાયેલા રાષ્ટ્રનીતિ કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) પર પાઠ રજૂ કરશે. આ કાર્યક્રમ ભારતના સ્વતંત્રતા સંગ્રામ અને લોકશાહી મૂલ્યોને પણ આવરી લેવાનો દાવો કરવામાં આવ્યો છે. આ પગલાએ ઘણા વાલીઓ અને શિક્ષણ નિષ્ણાતોમાં ચિંતા જગાવી છે. દિલ્હીના શિક્ષણપ્રધાન આશિષ સોઢીના જણાવ્યા અનુસાર આ અભ્યાસક્રમ, જે હજુ તૈયારીના અંતિમ તબક્કામાં છે, તેમાં RSSના ઈતિહાસ, વિચારધારા અને સામાજિક પ્રવૃત્તિઓ પર પાઠ સામેલ હશે. અભ્યાસક્રમમાં મુખ્ય RSS નેતાઓ અને તેમની સામાજિક પહેલો, તેમજ તેની ઐતિહાસિક રચનાનો સમાવેશ થશે. એકવાર ડ્રાફ્ટ તૈયાર થઈ જાય પછી અમે વધુ વિગતો શેર કરીશું. ૧૮ સપ્ટેમ્બરના રોજ નમોવિદ્યા ઉત્સવ દરમિયાન મુખ્યમંત્રી રેખા ગુપ્તા અને મંત્રી સોઢી દ્વારા ઉદ્‌ઘાટન કરાયેલ રાષ્ટ્રનીતિ કાર્યક્રમ, દિલ્હીની તમામ સરકારી શાળાઓમાં, કિન્ડરગાર્ટનથી લઈને ધો.૧૨ સુધી લાગુ કરવામાં આવશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ અભ્યાસક્રમમાં કેશવ બલીરામ હેડગેવારે ૧૯૨૫માં RSSની સ્થાપના કેવી રીતે કરી હતી તે દર્શાવવામાં આવશે, જેમાં પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત સંગઠન સાથે જોડાયેલા અગ્રણી નેતાઓના યોગદાનનો સમાવેશ કરવામાં આવશે. જો કે, ટીકાકારો દલીલ કરે છે કે, RSS-કેન્દ્રિત સામગ્રીનો સમાવેશ ભારતીય ઈતિહાસના એકતરફી દૃષ્ટિકોણને પ્રોત્સાહન આપીને લઘુમતી વિદ્યાર્થીઓ, ખાસ કરીને મુસ્લિમોને હાંસિયામાં ધકેલી દેવાનું જોખમ ધરાવે છે. એક વાલીએ નામ ન આપવાની વિનંતી કરતાં જણાવ્યું કે, આપણા બાળકોએ સ્વતંત્રતા સંગ્રામમાં યોગદાન આપનારા તમામ સમુદાયો વિશે શીખવું જોઈએ, ફક્ત એક સંગઠન સાથે સંકળાયેલા લોકો વિશે નહીં, અમને ડર છે કે, આનાથી યુવાનોના મનમાં સાંપ્રદાયિક પૂર્વગ્રહ પેદા થઈ શકે છે. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓને 'અનસંગ હીરો'ને સમર્પિત વિભાગ હેઠળ અન્ય સ્વાતંત્ર્ય સેનાનીઓ અને રાષ્ટ્રવાદી નેતાઓ જેમ કે સાવરકર, શ્યામા પ્રસાદ મુખર્જી, સરદાર વલ્લભભાઈ પટેલ અને સુભાષચંદ્ર બોઝ વિશે શિક્ષિત કરવાનો પણ હેતુ ધરાવે છે.

ભાગ લેનારા વિદ્યાર્થીઓ પેટા સમિતિઓ, યુવા સંસદો, ચૂંટણી સાક્ષરતા ક્લબ અને ક્ષેત્ર મુલાકાતો કરશે. આ રાષ્ટ્રનીતિ વર્ગો દર મહિનાના પહેલા અને ત્રીજા અઠવાડિયામાં યોજાશે. એક સરકારી શાળાના શિક્ષકે ધ ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું કે, હજુ સુધી કોઈ પુસ્તિકા જારી કરવામાં આવી નથી, તેથી શિક્ષકો આ પાઠ કેવી રીતે લેવા તે અંગે અનિશ્ચિત છે.

# વિજયાદશમીએ સુરત પોલીસ હેડક્વાર્ટર ખાતે હર્ષ સંઘવીએ શસ્ત્રપૂજા કરી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨

દશેરા પર્વ નિમિત્તે ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં શસ્ત્રપૂજા કરી હતી. આ વખતે પરંપરાગત શસ્ત્રોની સાથે આધુનિક ડ્રોનની પણ પૂજા કરવામાં આવી હતી, સાથે તેઓએ ગોધરા કાર્યવાહીને લઈ પણ નિવેદન આપતા જણાવ્યું હતું કે, સરકારી જગ્યા પર મકાન બનાવવા અને બીજી તરફ દંગાઓ કરવા, આ બંને એકસાથે નહીં ચલાવી શકાય. શસ્ત્રપૂજા બાદ હર્ષ સંઘવીએ રાજ્યની જનતાને દશેરાની શુભકામનાઓ પાઠવી જણાવ્યું કે, આજે દશેરાના દિવસે ગુજરાત પોલીસના દરેક યુનિટમાં શસ્ત્રપૂજા કરવામાં આવે છે. અહીં વર્ષો જૂના શસ્ત્રો અને આજના લેટેસ્ટ હથિયારો નજરે પડી રહ્યા છે. પોલીસ દ્વારા નાગરિકોની સુરક્ષા માટેના આ શસ્ત્રોની આજે પૂજા કરવામાં આવી છે. કાયદો-વ્યવસ્થા જાળવવામાં પોલીસને મદદરૂપ થતા ડ્રોન જેવા આધુનિક સાધનો પણ હવે પોલીસના શસ્ત્રાગારનો ભાગ બની ચૂક્યા છે, અને તેમની પણ પૂજા કરીને ટેકનોલોજીના મહત્વને સ્વીકારવામાં આવ્યું છે.

શસ્ત્રપૂજન બાદ હર્ષ સંઘવીએ ગોધરામાં તાજેતરમાં થયેલી બુલડોઝર કાર્યવાહી અંગે કહ્યું હતું કે, ગોધરાના નાગરિકોની સુરક્ષા માટે અને ભવિષ્યમાં સામાજિક પ્રોજેક્ટ માટે સુરક્ષિત રાખવામાં આવેલી સરકારી જગ્યાઓ પર અસામાજિક તત્વો દ્વારા ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવ્યું હતું. એક તરફ સરકારી જગ્યા પર મકાન બનાવવા અને બીજી તરફ દંગાઓ કરવા, આ બંને એકસાથે નહીં ચલાવી શકાય. ગેરકાયદે બાંધકામ કરનારા અને રાજ્યમાં અશાંતિ ફેલાવનારા લોકો સામે ગુજરાત પોલીસ કડકથી કડક પગલાં ભરી રહી છે. સરકારી જગ્યા પર કોઈપણ પ્રકારના કબજાઓ અને સરકારી જગ્યા પર કબજા કરીને ફરી રાજ્યમાં અશાંતિ ફેલાવવી, રાજ્યના સામાન્ય નાગરિકો પર કોઈપણ પ્રકારનો અડચણ ઊભો કરવો, આવા લોકોને શોધી શોધીને ગુજરાત પોલીસ કડક પગલાં ભરી રહી છે, અને જો કોઈ આવી ભૂલ કરશે, તો આનાથી પણ વધુ કડક પગલાં ભરવામાં આવશે.

# ઐશ્વર્યા રાય અને અભિષેક બચ્ચને કથિત AI વીડિયો માટે યુટ્યુબ પર ૪ કરોડ રૂપિયાનો દાવો કર્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

ઐશ્વર્યા રાય બચ્ચન અને અભિષેક બચ્ચને યુટ્યુબ અને તેની પેરેન્ટ કંપની ગૂગલ સામે રૂ.૪ કરોડ (આશરે ૪,૫૦,૦૦૦ ડૉલર)ના નુકસાનની માગણી સાથે દાવો દાખલ કર્યો છે. ઐશ્વર્યા રાય અને અભિષેક બચ્ચનના વ્યક્તિત્વ અધિકારોનું રક્ષણ કરવાના હેતુથી દિલ્હી હાઈકોર્ટના તાજેતરના આદેશને અનુસરીને, યુટ્યુબ પર તેમના કથિત AI-જનરેટેડ ડીપફેક વીડિયોઝની શ્રેણી સામે આવ્યા બાદ દંપતીએ આ કાનૂની કાર્યવાહી કરી. ૬ સપ્ટેમ્બરના રોજ દાખલ કરાયેલી કાનૂની અરજીમાં દંપતીના બૌદ્ધિક સંપદા અધિકારોનું ઉલ્લંઘન કરતા વીડિયોઝને દૂર કરવા અને કાયમી પ્રતિબંધ મૂકવાની વિનંતી કરવામાં આવી છે. સામગ્રી બનાવટમાં AIના દુરૂપયોગ અંગે વધતી ચિંતાઓને ટાંકીને, બચ્ચન પરિવારે કોર્ટને યુટ્યુબને એવા પગલાં અમલમાં મૂકવા માટે નિર્દેશ આપવા વિનંતી પણ કરી છે જે તેમના વીડિયોઝનો ઉપયોગ હરીફ AI મોડેલોને તાલીમ આપવા માટે થતો અટકાવવામાં આવે. રોઈટર્સ દ્વારા સમીક્ષા કરાયેલા કાનૂની દસ્તાવેજો અનુસાર મુકદ્દમો 'અશ્લીલ' અને 'જાતીય રીતે સ્પષ્ટ' AI-જનરેટેડ સામગ્રીને લક્ષ્ય બનાવે છે. બચ્ચન પરિવાર દલીલ કરે છે કે, યુટ્યુબે તેમના નામ, અવાજો અથવા છબીઓનો દુરૂપયોગ કરતી કોઈપણ સામગ્રીને કૃત્રિમ બુદ્ધિ દ્વારા શોષણ ન થાય તે માટે સુરક્ષા પગલાં રજૂ કરવા જોઈએ. તેઓ દલીલ કરે છે કે, વર્તમાન પ્લેટફોર્મ નીતિઓ AI તકનિકોના વિકાસ સાથે વધુ દુરૂપયોગને મંજૂરી આપે છે.

# મોડાસામાં IT વિભાગની કાર્યવાહી ૭૨ કલાક બાદ પણ યથાવત્, EDની એન્ટ્રીથી શહેરમાં ચકચાર

(સંવાદદાતા દ્વારા) મોડાસા, તા.૨

મોડાસા શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી આવકવેરા વિભાગની વિશાળ રેડ યથાવત છે. સતત ૭૨ કલાકથી ચાલી રહેલા આ સર્ચ ઓપરેશનમાં અત્યાર સુધી શહેરના અગ્રણી બિલ્ડર્સ, વેપારીઓ અને ડૉક્ટરોના ધંધાકીય તેમજ રહેણાંક સ્થળોએ તપાસ ચાલી રહી છે. કેટલાક સ્થળોએ તપાસ પૂર્ણ કરી પંચનામું પણ હાથ ધરાયું છે, પરંતુ અનેક સ્થળોએ હજી તપાસ ચાલુ છે. વિભાગના સૂત્રો અનુસાર, આ તપાસ દરમિયાન કરોડો રૂપિયાનું કાળું નાણું, બેનામી સંપત્તિ તથા શંકાસ્પદ નાણાકીય વહેવારોની વિગતો બહાર આવી હોવાની શક્યતા છે. EDની એન્ટ્રી બાદ મામલો વધુ ગંભીર બન્યો છે. સતત ત્રણ દિવસથી બિલ્ડરો, વેપારીઓ અને ડોક્ટરોના પરિવારોમાં નજરકેદ જેવી સ્થિતિ સર્જાઈ છે. સગા-સંબંધીઓ પણ માનસિક તાણ અનુભવી રહ્યા છે. શહેરમાં ચર્ચા છે કે અરવલ્લી જિલ્લામાં આ અત્યાર સુધીની સૌથી મોટી રેડ છે. વિદેશી નાણાંની હેરફેરને લઈને બહાર આવેલી વિગતો પરથી લાગણી છે કે આવનારા દિવસોમાં અન્ય એજન્સીઓ પણ જોડાઈ શકે છે. હાલ આ કાર્યવાહીથી માત્ર મોડાસા જ નહીં પરંતુ સમગ્ર જિલ્લામાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

# મહાત્મા ગાંધીએ RSSને 'સાંપ્રદાયિક, સર્વાધિકારવાદી' સંગઠન ગણાવ્યું હતું : કોંગ્રેસે તેમના નજીકના સહયોગીના પુસ્તકનો ઉલ્લેખ કર્યો

## જયરામ રમેશે પ્યારેલાલના પુસ્તકમાંથી એક સ્ક્રીનશોટ શેર કર્યો, જેમાં ગાંધીજીએ સંઘ વિશે તીવ્ર વાંધો વ્યક્ત કર્યો હતો એવા દાવાને મજબૂત બનાવે છે

(એજન્સી) તા.૨

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)એ બુધવાર, ૧ ઓક્ટોબરના રોજ ૧૦૦ વર્ષ પૂર્ણ કર્યા છે, ત્યારે કોંગ્રેસે ગુરૂવારે એક પુસ્તકમાંથી અમુક અંશો ટાંકીને જણાવ્યું છે કે, મહાત્મા ગાંધીએ સંઘને 'સર્વાધિકારવાદી દૃષ્ટિકોણ ધરાવતી સાંપ્રદાયિક સંસ્થા' તરીકે વર્ણવ્યું હતું.



કોંગ્રેસના સંદેશાવ્યવહારના પ્રભારી મહાસચિવ જયરામ રમેશે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ સંદર્ભ શેર કર્યો, જેમાં ગાંધીજીના નજીકના સહાયકો પૈકી એક પ્યારેલાલના લેખન તરફ ધ્યાન દોર્યું. પ્યારેલાલ જે લગભગ ત્રણ દાયકા સુધી ગાંધીજીના અંગત સ્ટાફનો ભાગ હતા અને ૧૯૪૨માં મહાદેવ દેસાઈના મૃત્યુ પછી તેમના સચિવ બન્યા હતા, તેમને વ્યાપકપણે ગાંધીજીના જીવનના એક અધિકૃત ઈતિહાસકાર તરીકે ગણવામાં આવે છે.

રમેશે કહ્યું કે, મહાત્મા ગાંધી પરના પ્યારેલાલના પુસ્તકો પ્રમાણભૂત સંદર્ભ ગ્રંથો બની ગયા છે. ૧૯૫૬માં તેમણે તેમના પુસ્તક 'મહાત્મા ગાંધીઃ ધ લાસ્ટ ફેઝ'નો પહેલો ગ્રંથ પ્રકાશિત કર્યો, જે નવજીવન પબ્લિશિંગ હાઉસ, અમદાવાદ દ્વારા પ્રકાશિત થયો હતો. તેમાં રાષ્ટ્રપતિ ડૉ.રાજેન્દ્ર પ્રસાદ દ્વારા લાંબી પ્રસ્તાવના અને ઉપરાષ્ટ્રપતિ ડૉ.એસ. રાધાકૃષ્ણન દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું અને બીજો ગ્રંથ બે વર્ષ પછી પ્રકાશિત થયો હતો. બીજા ગ્રંથના પાના નંબર ૪૪૦ પર, પ્યારેલાલ ૧૨ સપ્ટેમ્બર, ૧૯૪૭ના રોજ થયેલી વાતચીતનું વર્ણન કરે છે, જેમાં મહાત્મા ગાંધીએ કથિત રીતે RSSને 'સત્તાવાદી દૃષ્ટિકોણ ધરાવતી સાંપ્રદાયિક સંસ્થા' તરીકે વર્ણવ્યું હતું. રમેશે કહ્યું કે, આ વાતચીતના પાંચ મહિના પછી તત્કાલીન કેન્દ્રીય ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલે તેની પ્રવૃત્તિઓ અંગે ચિંતાઓને કારણે RSS પર અસ્થાયી રૂપે પ્રતિબંધ મૂક્યો હતો. રમેશે પ્યારેલાલના પુસ્તકમાંથી એક સ્ક્રીનશોટ શેર કર્યો, જે એવા દાવાને મજબૂત બનાવે છે કે, ગાંધીએ સંઘ વિશે વાંધો વ્યક્ત કર્યો હતો. કોંગ્રેસની આ ટિપ્પણી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શતાબ્દી ઉજવણી દરમિયાન રાષ્ટ્રનિર્માણમાં RSSની ભૂમિકાની પ્રશંસા કર્યાના એક દિવસ પછી આવી છે. મોદીની ટિપ્પણીનો જવાબ આપતા રમેશે પ્રશ્ન કર્યો કે શું વડાપ્રધાન સરદાર પટેલના RSSના ઐતિહાસિક મૂલ્યાંકનથી વાકેફ છે ? બુધવારે એક X પોસ્ટમાં રમેશે ૧૮ જુલાઈ, ૧૯૪૮ના રોજ ડૉ.શ્યામા પ્રસાદ મુખર્જીને લખેલા પત્રનો ઉલ્લેખ કર્યો, જેમાં લખ્યું હતું કે, RSS અને હિન્દુ મહાસભાના સંદર્ભમાં, ગાંધીજીની હત્યાનો કેસ ન્યાયાલયમાં છે અને હું બંને સંગઠનોની ભાગીદારી વિશે કંઈ કહેવા માંગતો નથી, પરંતુ અમારા અહેવાલો પુષ્ટિ કરે છે કે, આ બે સંગઠનો, ખાસ કરીને પૂર્વ સંગઠનોની પ્રવૃત્તિઓના પરિણામે, દેશમાં એક એવું વાતાવરણ સર્જાયું હતું જેમાં આવી ભયાનક દુર્ઘટના શક્ય બની હતી. RSSની પ્રવૃત્તિઓ સરકાર અને રાજ્યના અસ્તિત્વ માટે સ્પષ્ટ ખતરો હતો. અમારા અહેવાલો દર્શાવે છે કે, પ્રતિબંધ હોવા છતાં તેમની આ પ્રવૃત્તિઓ બંધ થઈ નથી. ખરેખર, જેમ-જેમ સમય પસાર થઈ રહ્યો છે, તેમ RSS વર્તુળો વધુને વધુ ઉદ્ધત બની રહ્યા છે અને તેમની વિધ્વંસક પ્રવૃત્તિઓમાં સામેલ થઈ રહ્યા છે.

રમેશે ૧૯ ડિસેમ્બર, ૧૯૪૮ના રોજ જયપુરમાં પટેલના ભાષણનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં તત્કાલીન ગૃહમંત્રીએ RSS વિરુદ્ધ વાત કરી હતી, જેમાં સ્વતંત્રતા પછીના વર્ષોમાં રાષ્ટ્રીય સ્થિરતા માટે તેનાથી ઊભા થયેલા જોખમો દર્શાવ્યા હતા.

રમેશે એક બીજી પોસ્ટમાં કહ્યું કે, સરદાર પટેલે ૧૯ ડિસેમ્બર, ૧૯૪૮ના રોજ જયપુરમાં એક વિશાળ જાહેર સભાને સંબોધિત કરી હતી અને RSS વિરુદ્ધ વાત કરી હતી. બુધવારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના શતાબ્દી ઉજવણીમાં ભાગ લેતા પીએમ મોદીએ કહ્યું હતું કે, આ સંગઠને તેના પર અનેક હુમલાઓ છતાં ક્યારેય કોઈ કડવાશ દર્શાવી નથી કારણ કે, તે રાષ્ટ્ર પ્રથમના સિદ્ધાંત પર કામ કરે છે. આ પ્રસંગને ચિહ્નિત કરવા માટે મોદીએ એક ખાસ ટપાલ ટિકિટ અને એક સ્મારક સિક્કો પણ બહાર પાડ્યો, જેમાં ભારતીય ચલણ પર ભારત માતાનું ચિત્રણ છે. વડાપ્રધાન પર પ્રહાર કરતા કોંગ્રેસના મહાસચિવ કે.સી. વેણુગોપાલે કહ્યું કે, 'RSSના સન્માન માટે સ્મારક સિક્કો અને સ્ટેમ્પનું ઉદ્‌ઘાટન કરવું એ ભારતના સ્વતંત્રતા સંગ્રામ અને બંધારણનું અપમાન છે.' તેમણે કહ્યું કે, ભારતના વસાહતી શાસકો સાથે સક્રિય રીતે સહયોગ કરનાર અને આજ સુધી સમાજમાં ઝેર ફેલાવનાર સંગઠનનું સન્માન કરવાને ઈતિહાસના કાળા દિવસ તરીકે જોવું જોઈએ. સરદાર પટેલ દ્વારા પ્રતિબંધિત સંગઠનનું આજે ભારત સરકાર દ્વારા સન્માન કેવી રીતે કરી શકાય ? જેઓ આપણા બંધારણને ફરીથી લખવાની અને ડૉ.આંબેડકર દ્વારા આપણને આપવામાં આવેલા સામાજિક ન્યાયના એજન્ડાને નષ્ટ કરવાની હિમાયત કરે છે તેમને રાષ્ટ્રીય ગૌરવ ગણીને કેવી રીતે ઉજવી શકાય ?

# ભાજપ-RSS અસત્યના માર્ગે ચાલી રહ્યા છે, ગાંધીજીનો માર્ગ એ સત્યનો માર્ગ છે : રાહુલ ગાંધી

(એજન્સી) તા.૨

આજે ૨ ઓક્ટોબર ગાંધી જયંતીના દિવસે કોંગ્રેસે મહાત્મા ગાંધીને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપી અને સત્ય, અહિંસા અને સત્યાગ્રહના તેમના વારસાને માન આપ્યું હતું. કોંગ્રેસે ભાજપ અને તેના વૈચારિક માર્ગદર્શક, RSS સામે કડક વલણ અપનાવ્યું હતું અને તેમના પર રાષ્ટ્રપિતા દ્વારા પ્રકાશિત પવિત્ર માર્ગથી દૂર જવાનો અને દગો કરવાનો આરોપ મૂક્યો છે. આ શ્રદ્ધાંજલિ આપતા કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ મહાત્મા ગાંધીને 'ભારતના સ્વતંત્રતા ચળવળના મહાન શિલ્પી' અને 'રાષ્ટ્રપિતા' તરીકે બિરદાવ્યા અને તેમના દર્શનની કાલાતીત સુસંગતતા પર ભાર મૂક્યો હતો. ખડગેએ કહ્યું કે, સત્ય, અહિંસા અને સત્યાગ્રહ જેવા સર્વોચ્ચ મૂલ્યો દ્વારા સમગ્ર વિશ્વને શાંતિનો માર્ગ બતાવનાર મહાત્મા ગાંધીજીના આદર્શો હંમેશા આપણા માટે પ્રેરણાસ્ત્રોત રહેશે. આજના નફરત, સરમુખત્યારશાહી અને હિંસા દ્વારા વર્ગીકૃત થયેલ વિશ્વને બાપુના શાંતિ, સંવાદિતા અને ન્યાયના દૃષ્ટિકોણને આજના વિશ્વમાં નવેસરથી મહત્ત્વ મળ્યું છે. આજે જ્યારે તેમના સિદ્ધાંતો પડકારોનો સામનો કરી રહ્યા છે, ત્યારે આપણે બાપુના ઉપદેશો અને માર્ગદર્શનનું પાલન કરીને તેમનો સામનો કરી રહ્યા છીએ. ગાંધી જયંતી નિમિત્તે તમામ સાથી નાગરિકોને હાર્દિક શુભેચ્છાઓ. કોંગ્રેસ નેતા રાહુલ



ગાંધીએ આ પ્રસંગે મહાત્મા ગાંધીના દર્શન અને વર્તમાન શાસક સંસ્થાના રાજકારણ વચ્ચે સ્પષ્ટ વિરોધાભાસ દર્શાવ્યો હતો. તેમણે કહ્યું કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનો માર્ગ સત્યનો માર્ગ છે. તે પ્રેમ, એકતા અને અહિંસાનો માર્ગ છે. પરંતુ ભાજપ અને RSSનો માર્ગ અસત્ય અને હિંસાનો છે. તેમણે ભાજપ-RSS પર વિભાજન અને અસહિષ્ણુતાને પ્રોત્સાહન આપવાનો આરોપ મૂક્યો અને દાવો કર્યો કે તેમની વિચારધારા મહાત્મા ગાંધીના સમાવેશીતા અને સાંપ્રદાયિક સંવાદિતાના દૃષ્ટિકોણની વિરુદ્ધ છે. તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસ ન્યાયી અને અખંડ ભારતના નિર્માણ માટે માર્ગદર્શક સિદ્ધાંતો તરીકે મહાત્મા ગાંધીના ઉપદેશો પ્રત્યે પ્રતિબદ્ધ છે. બે નૈતિક પસંદગીઓ વચ્ચે વિભાજિત ભારત અંગે તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસે પડકારો છતાં મહાત્માના પગલે ચાલવાનું પસંદ કર્યું છે. તેમના મતે મહાત્મા ગાંધીના સત્યની ભાવનામાં વિભાજનને દૂર કરવા, સમુદાયોને સુધારવા અને ન્યાયમાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરવાની શક્તિ છે અને તેમણે ભાજપ પર આ મૂલ્યોને નબળા પાડવાનો આરોપ મૂક્યો હતો. રાહુલ ગાંધીએ યાદ અપાવ્યું કે મહાત્મા ગાંધીનો સંદેશ કોઈ સમયમાં બંધાયેલો નથી; તે આજે પણ એટલો જ મહત્ત્વપૂર્ણ છે જેટલો તે સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન હતો. તેમણે કહ્યું કે, ભારત ફરી એકવાર એવા વળાંક પર છે જ્યાં નાગરિકોએ નક્કી કરવું પડશે કે ગાંધીના સત્ય અને અહિંસાને સમર્થન આપવું કે વિભાજનકારી રાજકારણ અને નફરતનો ભોગ બનવું. દેશભરમાં કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોએ પ્રાર્થના સભાઓ, શાંતિ કૂચ, સ્વચ્છતા અભિયાનો અને જાહેર કાર્યક્રમો સાથે ગાંધી જયંતીની ઉજવણી કરી. તેઓએ 'ગાંધીનું ભારત પાછું મેળવો'ના નારા લગાવ્યા હતા અને પાર્ટી પોતાને મહાત્માના વારસાના યોગ્ય રક્ષક તરીકે સ્થાપિત કરવાનો પ્રયાસ કરી રહી હતી. રાજ્ય મુખ્યાલય ખાતે મહાત્મા ગાંધીની પ્રતિમાઓ પર પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી અને લોકોમાં સત્ય અને અહિંસાના તેમના સંદેશને ફેલાવવા માટે આઉટરીચ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

# કોંગ્રેસ પ્રમુખ ખડગે પરની પેસમેકર શસ્ત્રક્રિયા સફળ થઈ, ત્રીજી ઓક્ટોબરથી કામ શરૂ કરશે

## ભારે તાવ તથા થાક અને પગમાં કળતર અને દુખાવાને લઈને એમને મંગળવારે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને લાંબી ચકાસણી પછી પેસમેકર સર્જરીનું નક્કી થયું હતું

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૨

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે પરની પેસમેકરની શસ્ત્રક્રિયા સફળતાપૂર્વક સંપન્ન થઈ ગઈ હતી. બુધવારે બેંગ્લોરની એક ખાનગી હોસ્પિટલમાં શસ્ત્રક્રિયા કરવામાં આવી હતી. એમના પરિવારજનો એ જણાવ્યા મુજબ એમની તબિયત સારી છે અને ત્રીજી ઓક્ટોબરથી તેઓ એમની કામગીરી શરૂ કરી દેવાના છે. આયોજિત પેસમેકર બેસાડવાની પ્રક્રિયા એ ખૂબ જ ટૂંકી શસ્ત્રક્રિયા ગણાય છે અને એમએસ રમૈયા હોસ્પિટલમાં આ શસ્ત્રક્રિયા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવી હતી તેમ તેમના પુત્ર અને કર્ણાટકના ગ્રામ વિકાસ મંત્રી પ્રિયાંક ખડગે એ જણાવ્યું હતું. પ્રિયાંક ખડગે એ જાહેર કરેલા નિવેદનમાં જણાવ્યું હતું કે આ ખૂબ જ ટૂંકી અને નાની પ્રક્રિયા છે અને શસ્ત્રક્રિયા પછી તેમની તબિયત ઘણી સારી છે. ત્રીજી ઓક્ટોબરથી રાબેતા મુજબ તેમના તમામ કાર્યક્રમમાં હાજરી આપવાનું શરૂ કરશે. મારા પિતાની તબિયત વિશે ચિંતા વ્યક્ત કરનાર અને અમને સધિયારો આપનાર તથા લાગણી વ્યક્ત કરનાર તમામનો હું આભાર માનું છું. ખડગેને ભારે તાવ તથા થાક અને પગમાં દુખાવા પછી મંગળવારે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા ત્યારે પેસમેકર મૂકવાની પ્રક્રિયા અંગે તબીબોએ નિર્ણય લીધો હતો. કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ પણ ખડગેની તબિયત પૂછવા માટે હોસ્પિટલની મુલાકાત લીધી હતી.

# 'ઈઝરાયેલમાં ઝાયોનિસ્ટ અને ભારતમાં RSS બંને જોડિયા ભાઈઓ છે' : સંઘની ૧૦૦મી વર્ષગાંઠ પર કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને RSS પર પ્રહાર કર્યા

## કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ટીકા કરી હતી અને તેની તુલના ઈઝરાયેલના ઝાયોનિસ્ટ્સ શાસન સાથે કરી હતી

(એજન્સી) તા.૨

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) તેની શતાબ્દી ઉજવણી કરી રહ્યું છે ત્યારે કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને સંઘની તુલના ઈઝરાયેલમાં ઝાયોનિસ્ટ્સ સાથે કરી હતી. બુધવારે કન્નુરમાં એક જાહેર સભામાં વિજયને કહ્યું કે, 'ઈઝરાયેલમાં ઝાયોનિસ્ટ અને ભારતમાં RSS એ બંને જોડિયા ભાઈઓ છે.' તેમણે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા H-1B વિઝા ફી વધારા અંગે મોદી પર કટાક્ષ કરતા કહ્યું કે, 'ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નમ્ર સેવક છે. ટ્રમ્પ વહીવટીતંત્રએ ભારતીય નાગરિકોને હાથકડી પહેરાવી કે વિઝા ફી વધારી ત્યારે પણ મોદી એક પણ શબ્દ બોલ્યા નહીં. જો તે સ્વાભિમાની રાષ્ટ્રભક્ત છે, તો તેમનું લોહી ઉકળી ઊઠવું જોઈએ. પરંતુ આપણે એવા શાસકો જોયા છે જે નમ્ર સેવક બની જાય છે.' કેરળના મુખ્યમંત્રીએ રાષ્ટ્રમાં RSSના યોગદાનને પ્રકાશિત કરતી ખાસ ડિઝાઈન કરેલી સ્મારક ટપાલ ટિકિટ અને સિક્કો બહાર પાડવા બદલ મોદીની ટીકા કરી હતી અને તેને ભારતીય બંધારણનું ગંભીર અપમાન ગણાવ્યું હતું. કેરળના વિપક્ષી નેતા વી.ડી. સતીસને પણ સ્મારક ટપાલ ટિકિટ અને સિક્કાના પ્રકાશન પર મોદી પર પ્રહારો કરતા કહ્યું હતું કે, આ શરમજનક છે ! મોદીએ એ RSS માટે સ્ટેમ્પ અને સિક્કો બહાર પાડ્યો તે આપણા સ્વતંત્રતા સંગ્રામનું અપમાન છે. RSSએ ક્યારેય સ્વતંત્રતા માટે લાડ્યું નથી તેણે રાષ્ટ્ર સાથે દગો કર્યો છે. તેમનો મહિમા કરવો એ ઈતિહાસનું પુનર્લેખન છે અને ભારતના લોકો આ અપમાનને ક્યારેય સ્વીકારશે નહીં. RSSના ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે રાષ્ટ્રમાં સંઘના યોગદાનને પ્રકાશિત કરતી ખાસ ડિઝાઈન કરેલી સ્મારક ટપાલ ટિકિટ અને સિક્કો બહાર પાડ્યો હતો. RSS તેની સ્થાપનાના ૧૦૦ વર્ષ પૂરા કરી રહ્યું છે અને આ સંગઠન ૨ ઓક્ટોબર વિજયાદશમીના રોજ નાગપુરમાં શતાબ્દી ઉજવણીનું આયોજન કરી રહ્યું છે. ૧૯૨૫માં મહારાષ્ટ્રના નાગપુરમાં કેશવ બલીરામ હેડગેવાર દ્વારા સ્થાપિત, RSSની સ્થાપના નાગરિકોમાં સાંસ્કૃતિક જાગૃતિ, શિસ્ત, સેવા અને સામાજિક જવાબદારીને પ્રોત્સાહન આપવાના ધ્યેય સાથે સ્વયંસેવક-આધારિત સંગઠન તરીકે કરવામાં આવી હતી.

# માન્ચેસ્ટર સિનાગોગ હુમલામાં બે લોકોનાં મોત, શંકાસ્પદને ગોળી વાગી; બોમ્બ સ્ક્વોડ ઘટનાસ્થળે

(એજન્સી) તા.૨

પોલીસના જણાવ્યા અનુસાર ગુરૂવારે સવારે ઉત્તર માન્ચેસ્ટરમાં એક સિનાગોગની બહાર કાર અકસ્માત અને છરાબાજીના હુમલામાં બે લોકોનાં મોત થયા હતા. ત્રીજા વ્યક્તિ, શંકાસ્પદ હુમલાખોર, જેને પોલીસે ઘટનાસ્થળે ગોળી મારી હતી, તેનું પણ મોત નિપજ્યું હતું. ગ્રેટર માન્ચેસ્ટર પોલીસ (GMP)એ જણાવ્યું હતું કે, સવારે ૯:૩૦ વાગ્યા પછી ક્રમ્પસોલમાં હીટન પાર્ક હિબ્રુ સિનાગોગમાં એક પ્રત્યક્ષદર્શીએ એક કાર લોકોને ટક્કર મારી અને એક વ્યક્તિને છરાબાજીનો ભોગ બનવાની જાણ કરી હતી. થોડીવારમાં જ સશસ્ત્ર પોલીસ અધિકારીઓએ કથિત હુમલાખોરને રોક્યો અને તેને ગોળી મારી દીધી. એક અપડેટેડ નિવેદનમાં પોલીસે જણાવ્યું હતું કે, શંકાસ્પદ વ્યક્તિના મૃત્યુની પુષ્ટિ થઈ શકી નથી કારણ કે, તે શંકાસ્પદ વસ્તુઓ લઈને જઈ રહ્યો હતો. ઘટનાસ્થળે બોમ્બ સ્ક્વોડ તૈનાત કરવામાં આવી છે. યહૂદી કેલેન્ડરના સૌથી પવિત્ર દિવસ યોમ કિપ્પુર પર હુમલો થયો હતો. ચાર લોકો ઘાયલ થયા હતા. નોર્થ વેસ્ટ એમ્બ્યુલન્સ સર્વિસે તેને એક મોટી ઘટના જાહેર કરી અને વધારાના સંસાધનો મોકલ્યા. એમ્બ્યુલન્સ ક્રૂ રક્ષણાત્મક ગિયર અને હેલ્મેટ પહેરેલા જોવા મળ્યા. વડાપ્રધાન કીર સ્ટાર્મરે આ હુમલાની નિંદા કરી, તેને 'ભયાનક' ગણાવ્યો. તેમણે કહ્યું, 'ક્રમ્પસોલમાં પૂજા સ્થળ પર થયેલા હુમલાથી હું આઘાત પામ્યો છું. યોમ કિપ્પુર પર બનેલી આ ઘટના તેને વધુ ભયાનક બનાવે છે.' 'મારૂં હૃદય આ ઘટનાથી પ્રભાવિત બધા લોકો પ્રત્યે દુઃખી છે અને હું કટોકટી સેવાઓ અને તમામ પ્રથમ પ્રતિભાવ આપનારાઓનો આભાર માનું છું.' ગ્રેટર માન્ચેસ્ટરના મેયર એન્ડી બર્નહામે તેને 'ગંભીર ઘટના' ગણાવી હતી પરંતુ લોકોને શાંત રહેવાની અપીલ કરી હતી. 'ગ્રેટર માન્ચેસ્ટર પોલીસ દ્વારા હાલનો ખતરો કાબૂમાં આવી ગયો છે અને ખૂબ જ ઝડપથી તેને કાબૂમાં લેવામાં આવ્યો છે,' તેમણે બીબીસીને જણાવ્યું. તેમણે લોકોને આ વિસ્તારથી દૂર રહેવાની સલાહ આપી. પોલીસે હજુ સુધી પીડિતો અથવા શંકાસ્પદ વ્યક્તિ વિશે કોઈ માહિતી જાહેર કરી નથી અને તેનો હેતુ સ્પષ્ટ નથી. તપાસ ચાલુ છે.

# બરેલી : પોલીસ 'એન્કાઉન્ટર'માં બેને ઈજા, તમામ બજારો સૂનકાર; અનેક મિલકતોને તોડી પાડવામાં આવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

બરેલી શરીફમાં ગયા શુક્રવારે 'આઈ લવ મુહમ્મદ (સ.અ.વ.)' લખેલા બેનર સાથે દેખાવોના પગલે હિંસા થયા બાદ પાંચ દિવસ પછી પણ બરેલી શરીફમાં પરિસ્થિતિ અત્યંત તણાવગ્રસ્ત છે, પોલીસની સંખ્યામાં હજુ પણ વધારો કરી દેવામાં આવ્યો છે અને બજારો તથા મકાનો લોકોએ ડરને કારણે બંધ રાખ્યા છે. ઉત્તરપ્રદેશની પોલીસ દ્વારા વધુને વધુ ધરપકડો કરવામાં આવી છે અને બે વ્યક્તિઓની તો કથિત એન્કાઉન્ટર પછી ધરપકડ કરવામાં આવી હતી. આ રીતે અટકાયતમાં લેવાયેલા લોકોની સંખ્યા વધીને ૮૨ પર પહોંચી ગઈ છે.



અસરગ્રસ્ત વિસ્તારો અને ખાસ કરીને આલા હઝરતની દરગાહ શરીફ તથા નૌમહલા મસ્જિદ વિસ્તાર પાસેના તમામ બજારો હજુ પણ બંધ છે. મોટાભાગના બજારોમાં સૂનકાર વ્યાપી ગયેલો દેખાય છે. મોટાભાગના મકાનો પણ બંધ છે અને લોકો એવી ફરિયાદ કરી રહ્યા છે કે, એમના પરિવારના જે લોકોને અટકાયત કરી છે એમને અમને મળવા પણ દેવાતા નથી. હિંસામાં સંડોવણીના નામે અનેક અટકાયતીઓના મકાનો ઉપર પણ બુલડોઝર ફેરવવામાં આવી રહ્યા છે અને ડિમોલિશનની આ કાર્યવાહી બંધ કરવા માટે સ્થાનિક મુસ્લિમોએ વહીવટીતંત્રને અપીલ કરી છે. બરેલી શરીફના એસ.પી. અનુરાગ આર્યએ જણાવ્યું હતું કે, જે લોકોએ હિંસા ભડકાવવાનો અને અશાંતિ જગાવવાનો પ્રયાસ કર્યો છે એમની સામેની કાર્યવાહી ચાલુ રહેશે અને અત્યારે સીટ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે અને અમને એવા પુરાવા મળ્યા છે કે, બહારના લોકોએ તોફાનોમાં ભાગ લીધો હતો. દરમિયાન ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ શાહજહાંપુર વિસ્તારના મોહમ્મદ ઈદ્રીસ ઉર્ફે બોરા ઉંમર ૫૦ વર્ષ અને ઈકબાલ ઉર્ફે બુંદન ખાન ઉંમર ૪૮ની કથિત એન્કાઉન્ટર પછી પોલીસે ધરપકડ કરી હતી અને એ બંનેને પોલીસની ગોળી વાગવાથી ઈજા થઈ હતી. પોલીસે એવો આક્ષેપ કર્યો છે કે, આ બંને આરોપીઓએ તોફાનો દરમિયાન એક કોન્સ્ટેબલની એન્ટી રાયટ બંદૂક છીનવી લીધી હતી અને ગોળીબાર કર્યો હતો. SOG અને સી.બી.ની ટુકડીએ દાવો કર્યો હતો કે, આ બંને વ્યક્તિએ પોલીસથી બચવા માટે નાસી જવાનો પ્રયાસ કર્યો હતો અને પોલીસ પર ગોળીબાર કર્યો હતો. આથી પોલીસે વળતો ગોળીબાર કરતા બંનેને પગમાં ગોળી વાગી હતી અને દવાખાને ખસેડાયા હતા. એસ.પી.એ કહ્યું હતું કે, ઈદ્રીસ સામે ચોરી અને લૂંટ જેવા ૨૦ કેસ નોંધાયેલા છે જ્યારે ઈકબાલ સામે આર્મ્સ એક્ટ અને લૂંટ સહિતના ૧૭ ફોજદારી ગુના નોંધાયેલા છે. મંગળવારે પોલીસે ડૉ.નફીસ ખાન ઉંમર ૬૫, એમના પુત્ર ફરહાન ખાન ઉંમર ૩૨, શાન ઉંમર ૩૨, મોહમ્મદ નદીમ ઉંમર ૪૫, રિઝવાન ઉંમર ૨૪, તાજિમ ઉંમર ૨૬ અને અમાન હુસૈન ઉંમર ૨૪ની ધરપકડ કરી હતી. ડૉ.નફીસ ખાન અને એમના પુત્ર પાસેથી મોબાઈલ ફોન અને લેનોવો કંપનીનું લેપટોપ કબજે કરવામાં આવ્યા હતા. ગઈકાલે પોલીસના કહેવાતા એન્કાઉન્ટરમાં આઈએમસીના જિલ્લા પ્રમુખ તન્ઝીમની પણ ધરપકડ થઈ હતી અને પોલીસ ગોળીબારથી તેને પગમાં ઈજા થઈ હતી. વિરોધ પક્ષોએ યોગી આદિત્યનાથ સરકાર દ્વારા કરવામાં આવી રહેલી કાર્યવાહીની સખત ટીકા કરી છે. સરકાર આવી કામગીરી કરીને તણાવમાં વધારો કરી રહી છે એવું વિરોધ પક્ષો જણાવે છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અજય રાય જણાવે છે કે, આ સરકારને શાંતિ જોઈતી નથી અને એ લોકો રાજકીય પ્રચારનો મુદ્દો બનાવીને તેનો ઉપયોગ કરીને પગલાં લઈ રહ્યા છે અને સંભલ જેવી કામગીરી કરી રહ્યા છે. રાહુલ ગાંધીએ મત ચોરીના જે આક્ષેપો કર્યા છે તેનાથી લોકોનું ધ્યાન બીજે ખેંચવા માટે આ કામગીરી થઈ રહી છે. સહારનપુરના કોંગ્રેસના સાંસદ ઈમરાન મસૂદે જણાવ્યું હતું કે, હું બરેલી શરીફ જવાનો હતો પરંતુ મને નજરકેદ કરી દેવામાં આવ્યો હતો. સહારનપુરની પોલીસ આ વાતનો ઈન્કાર કરી રહી છે અને એવો દાવો કરે છે કે, સુરક્ષા માટે તેમના ઘરની બહાર પોલીસ મૂકવામાં આવી હતી.

દરમિયાન બરેલીના જૂના વિસ્તારોમાં હજુ પણ ઘરો ઉપર 'આઈ લવ મુહમ્મદ (સ.અ.વ.)' લખેલા બેનર લખેલા અને લટકતા દેખાય છે પરંતુ શેરીઓ સૂમસામ છે. લોકોના ધંધા પડી ભાંગ્યા છે અને બહુ ઓછા ગ્રાહકો બજારોમાં દેખાય છે એવું વેપારીઓ કહે છે કેમ કે લોકો ડરી ગયા છે. અનેક પરિવારો તેમના ઘરોને તાળાં મારીને આ વિસ્તારોમાંથી ચાલ્યા ગયા છે તેવું પણ જાણવા મળ્યું છે અને જે લોકો રોકાઈ ગયા છે એ ઘરોમાં જ પૂરાઈ રહ્યા છે અને બહાર આવતા ડરે છે. ઘણા બધા પરિવારોએ ફરિયાદ કરી છે કે, એમના સ્વજનોને પકડી ગયા પછી એમની સાથે અમને મુલાકાત કરવા દેવાતી નથી. રોહલી ટોલા વિસ્તારની એક બહેન કહે છે કે, મારા બંને ભાઈઓ મોઈન ઉંમર ૩૬, તેમજ મુબીન અહેમદ સિદ્દીકી ઉંમર ૩૨ને પકડીને લઈ ગયા હતા અને બંને ઘરમાં જતા અને બાળકોને ટ્યુશન કરાવી રહ્યા હતા પણ ત્યાર પછી અમે એમનો ચહેરો જોયો નથી.

આઈએમસીના કાઉન્સિલર અનીસ મિયાંનો પરિવાર કહે છે કે, એમના પુત્રો પણ ગુમ થઈ ગયા છે અત્યારે ઘરમાં માત્ર બે મહિલાઓ જ છે અને એમના ભાઈઓ ક્યાં છે એ અમને ખબર નથી. દરમિયાન મૌલાના તૌકીર રઝા સાથે સંકળાયેલા તેમના સાથીદારોના મકાનો અને મિલકતોને તોડી પાડવાની કામગીરી મંગળવાર રાતથી શરૂ કરવામાં આવી હતી. તૌકીર રઝાના ભાઈ તૌસીફ રઝાએ વહીવટીતંત્રને ડિમોલિશન કામગીરી અટકાવી દેવા અને નિર્દોષ લોકોને છોડી મૂકવા માટે વહીવટીતંત્રને અપીલ કરી હતી.

# દિલ્હીની શાળાઓમાં RSSના નેતાઓની પ્રશંસા કરતાં પાઠ રજૂ કરવામાં આવશે

## 'રાષ્ટ્રનીતિ કાર્યક્રમ' હેઠળ કરવામાં આવનારા આ ફેરફારો લોકશાહી મૂલ્યોને પ્રોત્સાહન આપવાનો દાવો કરતા આ પગલાં સમુદાયોમાં પૂર્વગ્રહ અને હાંસિયામાં ધકેલાઈ જવા અંગે ચિંતા ઊભી કરે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨

દિલ્હીની શાળાઓ હવે સરકારના નવા શરૂ કરાયેલા રાષ્ટ્રનીતિ કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) પર પાઠ રજૂ કરશે. આ કાર્યક્રમ ભારતના સ્વતંત્રતા સંગ્રામ અને લોકશાહી મૂલ્યોને પણ આવરી લેવાનો દાવો કરવામાં આવ્યો છે. આ પગલાએ ઘણા વાલીઓ અને શિક્ષણ નિષ્ણાતોમાં ચિંતા જગાવી છે. દિલ્હીના શિક્ષણપ્રધાન આશિષ સોઢીના જણાવ્યા અનુસાર આ અભ્યાસક્રમ, જે હજુ તૈયારીના અંતિમ તબક્કામાં છે, તેમાં RSSના ઈતિહાસ, વિચારધારા અને સામાજિક પ્રવૃત્તિઓ પર પાઠ સામેલ હશે. અભ્યાસક્રમમાં મુખ્ય RSS નેતાઓ અને તેમની સામાજિક પહેલો, તેમજ તેની ઐતિહાસિક રચનાનો સમાવેશ થશે. એકવાર ડ્રાફ્ટ તૈયાર થઈ જાય પછી અમે વધુ વિગતો શેર કરીશું. ૧૮ સપ્ટેમ્બરના રોજ નમોવિદ્યા ઉત્સવ દરમિયાન મુખ્યમંત્રી રેખા ગુપ્તા અને મંત્રી સોઢી દ્વારા ઉદ્‌ઘાટન કરાયેલ રાષ્ટ્રનીતિ કાર્યક્રમ, દિલ્હીની તમામ સરકારી શાળાઓમાં, કિન્ડરગાર્ટનથી લઈને ધો.૧૨ સુધી લાગુ કરવામાં આવશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ અભ્યાસક્રમમાં કેશવ બલીરામ હેડગેવારે ૧૯૨૫માં RSSની સ્થાપના કેવી રીતે કરી હતી તે દર્શાવવામાં આવશે, જેમાં પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત સંગઠન સાથે જોડાયેલા અગ્રણી નેતાઓના યોગદાનનો સમાવેશ કરવામાં આવશે. જો કે, ટીકાકારો દલીલ કરે છે કે, RSS-કેન્દ્રિત સામગ્રીનો સમાવેશ ભારતીય ઈતિહાસના એકતરફી દૃષ્ટિકોણને પ્રોત્સાહન આપીને લઘુમતી વિદ્યાર્થીઓ, ખાસ કરીને મુસ્લિમોને હાંસિયામાં ધકેલી દેવાનું જોખમ ધરાવે છે. એક વાલીએ નામ ન આપવાની વિનંતી કરતાં જણાવ્યું કે, આપણા બાળકોએ સ્વતંત્રતા સંગ્રામમાં યોગદાન આપનારા તમામ સમુદાયો વિશે શીખવું જોઈએ, ફક્ત એક સંગઠન સાથે સંકળાયેલા લોકો વિશે નહીં, અમને ડર છે કે, આનાથી યુવાનોના મનમાં સાંપ્રદાયિક પૂર્વગ્રહ પેદા થઈ શકે છે. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓને 'અનસંગ હીરો'ને સમર્પિત વિભાગ હેઠળ અન્ય સ્વાતંત્ર્ય સેનાનીઓ અને રાષ્ટ્રવાદી નેતાઓ જેમ કે સાવરકર, શ્યામા પ્રસાદ મુખર્જી, સરદાર વલ્લભભાઈ પટેલ અને સુભાષચંદ્ર બોઝ વિશે શિક્ષિત કરવાનો પણ હેતુ ધરાવે છે.

ભાગ લેનારા વિદ્યાર્થીઓ પેટા સમિતિઓ, યુવા સંસદો, ચૂંટણી સાક્ષરતા ક્લબ અને ક્ષેત્ર મુલાકાતો કરશે. આ રાષ્ટ્રનીતિ વર્ગો દર મહિનાના પહેલા અને ત્રીજા અઠવાડિયામાં યોજાશે. એક સરકારી શાળાના શિક્ષકે ધ ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું કે, હજુ સુધી કોઈ પુસ્તિકા જારી કરવામાં આવી નથી, તેથી શિક્ષકો આ પાઠ કેવી રીતે લેવા તે અંગે અનિશ્ચિત છે.

# દિલ્હીના ધર્મગુરૂને સંસ્થાના કેમ્પસમાં લઈ જવામાં આવ્યો; અશ્લીલ સામગ્રી જપ્ત કરવામાં આવી

## કથિત રીતે તેણે એક મહિલાને પૂછ્યું હતું કે, 'દુબઈના એક શેખને સેક્સ પાર્ટનર જોઈએ છે, શું તમારી કોઈ સારી મિત્ર છે ?'

(એજન્સી) તા.૨

દિલ્હી પોલીસ બુધવારે ૧૭ વિદ્યાર્થીઓનું જાતીય શોષણ કરવાના આરોપી સ્વ-શૈલીના ધર્મગુરૂ ચૈતન્યાનંદ સરસ્વતીને શહેરની એક ખાનગી મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટમાં લઈ ગઈ જ્યાં આ કથિત ગુનાઓ થયા હતા. આ અઠવાડિયાની શરૂઆતમાં તેમની ધરપકડ થયા પછી પોલીસ તેમને બીજી વખત પરિસરમાં લઈ ગઈ છે. તપાસમાં સામેલ વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર કેમ્પસમાં સરસ્વતીના રહેણાંક ક્વાર્ટર્સની નવી શોધખોળ હાથ ધરવામાં આવી હતી, જે એક કલાકથી વધુ સમય સુધી ચાલી હતી. આ કાર્યવાહી દરમિયાન પોલીસે એક સેક્સ ટોય, અશ્લીલ સામગ્રી ધરાવતી પાંચ સીડી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી, પૂર્વ યુએસ રાષ્ટ્રપતિ બરાક ઓબામા અને બ્રિટિશ રાજકીય વ્યક્તિ સહિત અગ્રણી વિશ્વ નેતાઓ સાથે આરોપીને દર્શાવતા ત્રણ નકલી ફોટોગ્રાફ્સ જપ્ત કર્યા હોવાના અહેવાલ છે. આ વસ્તુઓ ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવી છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, આ નકલી છબીઓનો ઉપયોગ સરસ્વતી દ્વારા પ્રભાવ બનાવવા અને પીડિતો અને અનુયાયીઓનો વિશ્વાસ મેળવવા માટે કરવામાં આવ્યો હોઈ શકે છે. તપાસકર્તાઓએ સરસ્વતીના મોબાઈલ ફોન પર અનેક અજાણી મહિલાઓ સાથે થયેલી 'અશ્લીલ' ચેટ્સનો પણ



પર્દાફાશ કર્યો છે. એક હેરાન કરનાર વાતચીતમાં તેણે એક મહિલાને પૂછ્યું હતું કે, 'દુબઈના એક શેખને સેક્સ પાર્ટનર જોઈએ છે, શું તમારી કોઈ સારી મિત્ર છે ?' 'બેબી ડોલ' જેવા નામોથી ભરેલી આ ચેટ્સ ચાલાકી અને શોષણનો એક નમૂનો સૂચવે છે. ઘણા દિવસો સુધી ધરપકડથી બચ્યા બાદ રવિવારે સરસ્વતીની આગ્રામાં ધરપકડ કરવામાં આવી હતી. તેની ધરપકડ બાદ તેનો સામનો તેની ત્રણ મહિલા સહાયકો સાથે થયો જેમણે પીડિતોને કથિત રીતે ધમકી આપી હતી અને તેમને તેમના ફોનમાંથી ગુનાહિત સંદેશાઓ અને ફોટા કાઢી નાખવા દબાણ કર્યું હતું. પોલીસ માને છે કે, આ મહિલાઓએ કથિત ગેરવર્તણૂકને છૂપાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. સત્તાવાળાઓનો આરોપ છે કે, સરસ્વતીએ વિદ્યાર્થીઓ અને સ્ટાફના ફોટા તેમની સંમતિ વિના ગુપ્ત રીતે લીધા હતા. તેના ફોનમાં મહિલા ફ્લાઈટ એટેન્ડન્ટ્સ સાથેની છબીઓ અને મહિલાઓના સોશિયલ મીડિયા પ્રોફાઈલ ચિત્રોના સ્ક્રીનશોટ પણ હતા, જેમાંથી ઘણી પરવાનગી વિના રાખવામાં આવી હોવાના અહેવાલ છે. એવું કહેવાય છે કે, આરોપીએ મહિલાઓને એરલાઈન્સ અથવા તેની સંસ્થામાં નોકરીનું વચન આપીને લલચાવી હતી, આ ઓફરોનો ઉપયોગ વ્યક્તિગત વાતચીત શરૂ કરવા માટે બહાના તરીકે કર્યો હતો. તેની ઓફિસ કથિત રીતે એક વૈભવી હોટેલ સ્યુટ જેવી બનાવવામાં આવી હતી, જે ભવ્ય સજાવટથી ભરેલી હતી, જેથી તે તેના લક્ષ્યોને પ્રભાવિત કરી શકે અને તેમની સાથે છેડછાડ કરી શકે. તેણે મોંઘા ભેટો પણ આપી હતી - જેમાં ઘરેણાંનો પણ સમાવેશ થાય છે અને મહિલાઓને યોગ કરતા ફોટા અને વીડિયો મોકલવા કહ્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે, સરસ્વતી ઘણીવાર ઉચ્ચ સ્તરીય રાજકીય જોડાણો હોવાની વાત કરી હતી, ખોટી રીતે વડાપ્રધાન કાર્યાલય સાથે સંબંધોનો દાવો કરતો હતો અને ભારતના મુખ્ય ન્યાયાધીશનું નામ લઈને અધિકારીઓને ધમકી પણ આપી હતી. આ તપાસ ચાલુ છે, પોલીસ ટીમોએ બાગેશ્વર, અલ્મોરા અને અન્ય સ્થળોની મુલાકાત લીધી છે જ્યાં આરોપી ફરાર હતો ત્યારે રોકાયો હતો.

# 'આઈ લવ મુહમ્મદ (સ.અ.વ.)' પોસ્ટરોના વિવાદ વચ્ચે ઉત્તરપ્રદેશ સરકારે બરેલીમાં ૪૮ કલાક માટે ઈન્ટરનેટ સેવા સ્થગિત કરી

## સોશિયલ મીડિયાનો દુરૂપયોગ અટકાવવા અને વ્યવસ્થા જાળવવા માટે બરેલીમાં ૪ ઓક્ટોબર સુધી મોબાઈલ ઈન્ટરનેટ, બ્રોડબેન્ડ અને SMS સ્થગિત કરવામાં આવ્યા છે

(એજન્સી) તા.૨

દશેરાના તહેવારને ધ્યાનમાં રાખીને ગુરૂવારે ઉત્તરપ્રદેશના બરેલી વિભાગના ચાર જિલ્લાઓમાં સુરક્ષા વધારી દેવામાં આવી હતી, સુરક્ષા કર્મચારીઓ રસ્તાઓ પર નીકળ્યા હતા અને હવામાં ડ્રોન ઉડાવ્યા હતા, જ્યારે સરકારે બરેલી જિલ્લામાં ૪૮ કલાક માટે ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરવાનો આદેશ પણ આપ્યો છે. ગૃહ વિભાગ દ્વારા જારી કરાયેલા એક જાહેરનામા અનુસાર બરેલીમાં ૨ ઓક્ટોબરના રોજ બપોરે ૩ વાગ્યાથી ૪ ઓક્ટોબરના રોજ બપોરે ૩ વાગ્યા સુધી મોબાઈલ ઈન્ટરનેટ, બ્રોડબેન્ડ અને SMS સેવાઓ સ્થગિત રહેશે. ગૃહ સચિવ ગૌરવ દયાલે એક આદેશમાં જણાવ્યું હતું કે, ફેસબુક, યુટ્યુબ અને વ્હોટ્સએપ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને મેસેજિંગ સેવાઓનો દુરૂપયોગ અફવાઓ ફેલાવવા અને સાંપ્રદાયિક તણાવ ઉશ્કેરવા માટે થઈ શકે છે અને શાંતિ અને જાહેર વ્યવસ્થા જાળવવા માટે ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સમયગાળા દરમિયાન મોબાઈલ સેવા પ્રદાતાઓની તમામ SMS સેવાઓ, મોબાઈલ ઈન્ટરનેટ અને ડેટા સેવાઓ, તેમજ બ્રોડબેન્ડ કનેક્શન અથવા વાયરલેસ, સ્થગિત રહેશે. આ નિર્દેશ ભારતીય ટેલિગ્રાફ અધિનિયમ, ૧૮૮૫ની કલમ ૭ અને ટેલિકોમ સેવાઓના કામચલાઉ સસ્પેન્શન (જાહેર કટોકટી અથવા જાહેર સલામતી) નિયમો, ૨૦૧૭ હેઠળ જારી કરવામાં આવ્યો છે. આ સેવાઓના સસ્પેન્શન અંગેની સૂચના રાજ્યના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી), જિલ્લા મેજિસ્ટ્રેટ (ડીએમ) અને બરેલીના વરિષ્ઠ પોલીસ અધિક્ષક (એસએસપી)ને મોકલવામાં આવી છે, ઉપરાંત બીએસએનએલ, જિયો, એરટેલ, વોડાફોન-આઈડિયા અને ઈન્ટરનેટ સેવા પ્રદાતાઓ સહિત તમામ ટેલિકોમ ઓપરેટરોને પણ મોકલવામાં આવી છે. બરેલીના ડી.એમ. અવનીશ સિંહે લોકોને અફવાઓ પર ધ્યાન ન આપવા અને શાંતિ જાળવવા અપીલ કરી છે. ડિવિઝનલ કમિશનર ભૂપેન્દ્ર એસ. ચૌધરીએ બરેલી, શાહજહાંપુર, પીલીભીત અને બુદૌન જિલ્લાઓ માટે હાઈ એલર્ટ જારી કર્યું છે. પોલીસ, પ્રાંતીય સશસ્ત્ર કોન્સ્ટેબલરી (પીએસી) અને રેપિડ એક્શન ફોર્સ (આરએએફ)ના કર્મચારીઓ રસ્તાઓ પર છે. રામલીલા મેદાન, દુર્ગા પૂજા મેળાઓ અને રાવણ દહન કાર્યક્રમોમાં પોલીસને સતર્ક રહેવા કહેવામાં આવ્યું છે, જ્યાં મોટી સંખ્યામાં લોકો દર્શનાર્થે આવે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ગુપ્તચર એજન્સીઓને પણ સતર્ક રાખવામાં આવી છે અને ટીમો મેદાનમાં તૈનાત કરવામાં આવી છે. સંવેદનશીલ સ્થળોએ સશસ્ત્ર પોલીસ દળોને તૈનાત કરવામાં આવી રહ્યા છે. અમે ખાતરી કરી રહ્યા છીએ કે, બરેલીમાં જોવા મળેલી અશાંતિ પડોશી જિલ્લાઓમાં ન ફેલાય તે માટે સંપૂર્ણ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવે.

૨૬ સપ્ટેમ્બરના રોજ બરેલીના કોતવાલી વિસ્તારમાં શુક્રવારની નમાઝ પછી એક મસ્જિદની બહાર ભેગા થયેલા લગભગ ૨૦૦૦ લોકો અને પોલીસ વચ્ચે અથડામણ થઈ હતી. મૌલવી તૌકીર ખાન દ્વારા આયોજિત 'આઈ લવ મુહમ્મદ (સ.અ.વ.)' પોસ્ટર વિવાદ પર વિરોધ પ્રદર્શન રદ કરવાથી અશાંતિ ફેલાઈ હતી. ૨૬ સપ્ટેમ્બરની હિંસાના સંદર્ભમાં બુધવાર સુધીમાં ૮૧ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

# અમરેલી : વડિયાના વિકાસ બાબતે આપ અને ભાજપના નેતાઓનું સોશિયલ મીડિયામાં વીડિયો વોર હવે પડકારમાં બદલાયું

## આપના નેતા દિલીપ શીંગાળાએ ધારાસભ્ય કૌશિક વેકરીયાને વડિયાના વિકાસ બાબતે ચર્ચા કરવા ખુલ્લો પડકાર ફેંક્યો

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૨

અમરેલી વિધાનસભાના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક છેલ્લા એક વર્ષથી કોઈને કોઈ વિવાદમાં સતત રહેતા જોવા મળે છે. અમરેલી વિધાનસભામાં આવતા વડિયામાં ધારાસભ્ય કૌશિક વેકરીયાએ સાડા સાત કરોડના વિકાસ કાર્યો કર્યા તે બાબતનો અલગ અલગ ફોટા સાથેનો એક વીડિયો ભાજપ પ્રેરિત લોકો દ્વારા વોટ્સઅપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ પર વાયરલ કરવામાં આવ્યો હતો. આ વીડિયો જોઈને વડિયાના એક વોટ્સઅપ ગ્રુપમાં તેનો ભારે વિરોધ થયો તો અનેક વતનપ્રેમી લોકોએ પણ આ વિરોધમાં સોશિયલ મીડિયામાં



કોમેન્ટ કરીને પોતાનો સુર પુરાવતા જોવા મળ્યા.

આ વિરોધ બાદ બીજા દિવસે આમ આદમી પાર્ટીના સ્થાનિક નેતા દિલીપભાઈ શીંગાળાનો એક વીડિયો વાયરલ થયો જેમાં તેને ધારાસભ્ય કૌશિક વેકરીયાએ જો પોતાની ગ્રાન્ટમાંથી એક પણ રૂપિયાનું વિકાસ કાર્ય કર્યું હોય તો તેની તકતી વડિયા ગામમાં આવીને બતાવે આ બાબતે ૫મી ઓક્ટોબરને રવિવારે સાંજે ૫:૦૦ વાગ્યે વડીયાના શિવાજી ચોકમાં જાહેરમાં ચર્ચા કરવા માટે આવવાનો ધારાસભ્યને પડકાર ફેંક્તો એક વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે.

આ વીડિયો વાયરલ થતાની સાથે જ વડિયાના સોશ્યલ મીડિયામાં છવાયો હતો અને ધારાસભ્યના નામે જે કામગીરી બતાવાઈ રહી છે તે વાસ્તવમાં કોની છે તે તો લોકો જાણવા ઉત્સુક બન્યા છે. હવે આ બાબતે સ્પષ્ટતા કરવા માટે વડિયા કુંકાવાવ અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયા આમ આદમી પાર્ટીના નેતાનો પડકાર સ્વીકારી પાંચ તારીખે શિવાજી ચોકમાં આવશે કે નહિ તે તો આવનારો સમય જ બતાવશે પણ હાલ વડિયાના વિકાસમાં ધારાસભ્યના યોગદાન બાબતે ભાગ્યે જ મુખ્ય બજારની કોઈ દુકાન બાકી હશે કે ત્યાં ચર્ચા થતી નહિ હોય ગામના ચારે બાજુ હાલ આ ચર્ચાએ જોર પકડ્યું છે ત્યારે લોકોમાં એક જ સવાલ ચર્ચાઈ રહ્યો છે કે શું કૌશિક વેકરીયા પોતાની ગ્રાન્ટમાંથી કરેલા વિકાસ કામોની તકતી બાતવવા અને ચર્ચા કરવા આવશે ? જો આવે તો વિકાસ કોનો તેના પારખા થઈ જાય ત્યારે આ બાબતે વડિયાના લોકો હવે ૫મી ઓક્ટોબરના પાંચ વાગ્યાંના સમયની રાહ જોતા હોય તેવું લાગી રહ્યું છે.

### રાજનાથ સિંહે ભૂજમાં સૈનિકો સાથે કરી મુલાકાત

# જો પાકિસ્તાન તરફથી સરક્રીક વિસ્તારમાં ચેષ્ટા કરાશે તો તેનો સખત જવાબ અપાશે : સંરક્ષણ મંત્રી

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૨

વિજય દશમીના દિવસે ભૂજમાં રક્ષા મંત્રી રાજનાથ સિંહે સૈનિકો સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન તેમણે પાકિસ્તાનને ચેતવણી આપી હતી. રાજનાથ સિંહે જણાવ્યું હતું કે, જો પાકિસ્તાન તરફથી સરક્રીક વિસ્તારમાં કોઈપણ પ્રકારની હરકત કરવામાં આવશે, તો તેનો સખત જવાબ આપવામાં આવશે.

રાજ્ય મંત્રીએ કહ્યું કે, થોડા સમય પહેલાં પણ હું ભુજ આવ્યો હતો, પણ ત્યારે સૈનિકો સાથે ભોજન નહોતું થઈ શક્યું. મેં ત્યારે વચન આપ્યું હતું કે હું જલદી પાછો આવીશ અને સાથે ભોજન કરીશ. આજે



તે શક્ય બન્યું છે. રાજનાથ સિંહે કચ્છના બોર્ડર પર તૈનાત સૈનિકોની બહાદુરીના વખાણ કર્યા હતા. તેમણે કહ્યું કે આ ધરતીની રેતીમાં વીરતા છે. અહીંના લોકો કઠિન પરિસ્થિતિઓમાં પણ ખુશીથી જીવે છે. ૨૦૦૧ના ભૂકંપ બાદ ભુજના લોકો અને આપણા સૈનિકોએ તેને ફરીથી ફોનિક્સ પક્ષીની જેમ ઊભું કર્યું છે. અહીં લાંબી સમુદ્રી સીમા છે, જે આપણને અહીં સક્રિય રહેવાનું શીખવે છે.

રાજનાથ સિંહે જણાવ્યું કે, 'બડા ખાના' (સૈનિકો સાથે બેસીને ભોજન) કોઈપણ ભેદભાવને દૂર કરે છે અને ભારતની પ્રાચીન સંસ્કૃતિની યાદ અપાવે છે. તેમણે સૈનિકોને ખાતરી આપી કે, સરકાર તેમની જરૂરિયાતો પૂરી કરવામાં ક્યારેય પાછળ નહીં રહે અને સૈનિકોના કલ્યાણ સાથે કોઈ સમાધાન નહીં થાય.

### 'પરખ'ના રાષ્ટ્રીય સર્વેક્ષણમાં ચોંકાવનારો ખુલાસો

# શિક્ષણમાં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનારા તળિયાના ૧૦ રાજ્યોની યાદીમાં ગુજરાત

## ગુજરાતમાં શાળાકીય શિક્ષણનું સ્તર સાવ તળિયે હોવાનું કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલયના અહેવાલમાં સાબિત થયું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨

ભારત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રજૂ કરાયેલા 'પરખ' (PARAKH) રાષ્ટ્રીય સર્વેક્ષણ ૨૦૨૪ના રિપોર્ટમાં ગુજરાતના શિક્ષણ સ્તર મામલે ચોંકાવનારા ખુલાસા સામે આવ્યા છે. આ રિપોર્ટ અનુસાર, ગુજરાતનું શિક્ષણનું સ્તર અપેક્ષા કરતા ઘણુ જ નબળુ જોવા મળ્યું છે. સર્વેક્ષણના તારણો અનુસાર સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનારા (ટોપ-૧૦ પરફોર્મિંગ સ્ટેટ્સ)ની યાદીમાં ગુજરાત રાજ્યનો સમાવેશ થઈ શક્યો નથી. તેનાથી વિપરીત ગુજરાતનો સમાવેશ ઓછુ પ્રદર્શન કરનારા (લો-પરફોર્મિંગ) ૧૦ રાજ્યોની યાદીમાં થયો છે. ગુજરાતમાં શાળાકીય શિક્ષણનું સ્તર સુધારવા ૨૦૧૯માં સરકારે ૫ કરોડ રૂપિયાના ખર્ચે ગાંધીનગરમાં વિદ્યા સમીક્ષા કેન્દ્ર બનાવ્યું. આ પછીના વર્ષોમાં સરકારે આ કેન્દ્ર ચલાવવા માટે ૬૦ લાખથી ૮૫ લાખનાં બજેટનું આંધણ કર્યું, છતાંય ગુજરાતમાં શાળાકીય શિક્ષણનું સ્તર સાવ તળીયે હોવાનું કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલયના અહેવાલમાં સાબિત થયું છે. પરખ નામે રજૂ થયેલાં અહેવાલમાં ધોરણ-૩, ૬ અને ૯માં શિક્ષણનું સ્તર તેમજ ગણિત, વિજ્ઞાન, ભાષા તેમજ સામાજિક વિજ્ઞાનના વિષયોમાં વિદ્યાર્થીઓના જ્ઞાનની ચકાસણી કરવામાં આવી હતી. આ માટે કેન્દ્રએ ટોચના ૧૦ અને તળિયાના ૧૦ રાજ્યોની યાદી બનાવી છે. યાદીમાં ગુજરાતને તળિયાના રાજ્યમાં સ્થાન પ્રાપ્ત થયું છે. આમ આદમી પાર્ટીના શાસનમાં પંજાબે લગભગ તમામ કેટેગરીમાં ટોચનું સ્થાન હાંસલ કર્યું છે. રિપોર્ટમાં માત્ર રાજ્યનું સ્તર જ નહિ પરંતુ જિલ્લાવાર પ્રદર્શનની પણ સમીક્ષા કરવામાં આવી છે. દેશમાં સૌથી ઓછું પ્રદર્શન કરનારા ૫૦ જિલ્લાઓની યાદીમાં ગુજરાતના અનેક જિલ્લાઓનો સમાવેશ થયો છે. જેમાં જામનગર જિલ્લાનો ૨૧મો ક્રમ આપવામાં આવ્યો છે. ગીર સોમનાથ જિલ્લો ૨૮માં ક્રમે છે. ખેડા જિલ્લો ૪૪માં, છોટાઉદેપુર ૪૭માં, પોરબંદર જિલ્લો ૪૮માં ક્રમે આવે છે. રિપોર્ટ દર્શાવે છે કે રાજ્યના અંતરિયાળ અને અન્ય વિસ્તારોમાં શિક્ષણની ગુણવત્તા અને માળખાકીય સુવિધાઓ તાત્કાલિક સુધારવાની જરૂર છે. ૨૦૨૪ના વર્ષ માટે થયેલા આ સર્વેક્ષણમાં કેન્દ્ર સરકારે દેશની કુલ ૭૪ હજારથી વધુ શાળાના ૨૧ લાખથી વધુ બાળકોની સમીક્ષા કરી હતી, જેમાં વિવિધ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના ૭૮૧ જિલ્લાને આવરી લેવામાં આવ્યા હતા. આશ્ચર્યની વાત એ છે કે, આ પૈકી રીપોર્ટમાં શિક્ષણ ક્ષેત્રે સારો દેખાવ કરનારાં ટોચના ૫૦ જિલ્લાની તારવણી કરી હતી તેમાં પણ ગુજરાતનો એકેય જિલ્લો નથી. આ ઉપરાંત ગુજરાત સહિત કેટલાંક રાજ્યોમાં નવી તકનીકો, ડિજિટલ અને શૈક્ષણિક સાધનો, સ્કિલ એજ્યુકેશન તથા સ્વૈચ્છિક સંગઠનોનો શૈક્ષણિક ક્ષેત્રમાં સહયોગ જેવી બાબતોની પણ સમીક્ષા કરાઇ હતી અને તેમાં પણ ગુજરાતનું પ્રદર્શન ખાસ પ્રોત્સાહન જનક દેખાયું નથી. જો કે શાળામાં વર્ગખંડો, પીવાનું પાણી, શૌચાલય સહિતની સુવિધા બાબતે ગુજરાતનો દેખાવ ઠીકઠીક રહ્યો હોવાનું અહેવાલમાં નોંધાયું છે.

# વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને લો પ્રેશર સિસ્ટમના કારણે ગુજરાતમાં વરસાદી માહોલ છવાયો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને લો પ્રેશર સિસ્ટમના કારણે ગુજરાતમાં વરસાદી માહોલ છવાયો છે. ગુરૂવારે સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી વચ્ચે સવારથી જ જૂનાગઢ, અમરેલી, ભાવનગર સહિતના જિલ્લામાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. જૂનાગઢનો વિલિંગ્ડન ડેમ ગુરૂવારના રોજ ફરી એકવાર ઓવરફ્લો થયો. ખેતરોમાં હાલ પાક તૈયાર છે ત્યારે જ વરસાદ વરસતા ખેડૂતોને દિવાળી બગડવાની ભીતિ સેવાઈ રહી છે. અમરેલી અને જૂનાગઢમાં ગુરૂવારે વરસેલા ધોધમાર વરસાદના કારણે રસ્તા પર પાણી વહેતા થયા હતા. હવામાન વિભાગ દ્વારા રાજ્યના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં ખાસ કરીને પશ્ચિમ ગુજરાતના

## ગાંધીધામમાં ભારે વરસાદ; ૯ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ

જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. આગામી ૩ દિવસ માટે માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા ગુરૂવારે કચ્છ, મોરબી, જામનગર, દ્વારકા, પોરબંદર, જુનાગઢમાં ભારે વરસાદને લઈને યેલો એલર્ટ આપવામાં આવ્યું હતું. એટલે કે, સમગ્ર પશ્ચિમ ગુજરાતના ભાગોમાં ભારે વરસાદને લઈને યેલો એલર્ટ આપવામાં આવ્યું. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માના જણાવ્યા અનુસાર, અરબ સાગરમાં ડિપ્રેશન સક્રિય થતા વરસાદની આગાહી કરવામાં આવી છે. અને બંગાળની ખાડીમાં ડીપ ડિપ્રેશન બનતા ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. માછીમારોને ત્રણ દિવસ દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે. ગુજરાતમાં કચ્છ જિલ્લામાં સતત ત્રીજા દિવસે વરસાદ ખાબક્યો છે. જિલ્લામાં વરસાદ ખાબકતાં રસ્તા પર પાણી ફરી વળ્યાં હતા. ભારે વરસાદ અને પવનને કારણે ગાંધીધામમાં રાવણદહનનો કાર્યક્રમ મોકૂફ રાખવા ગામના અગ્રણીઓ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો. વરસાદને કારણે પાણી ભરાઈ જતાં નિર્ણય લેવાયો હતો. પ્રાપ્ત વિગતો પ્રમાણે કચ્છ જિલ્લામાં આ વખતે સૌથી વધુ વરસાદ ખાબક્યો છે. જિલ્લામાં ભુજ, રાપર, સામખિયાળી અને ગાંધીધામ સહિતના વિસ્તારોમાં વરસાદ ખાબક્યો છે. સતત ત્રણ દિવસથી વરસી રહેલા વરસાદે ખેલૈયાઓની ગરબા રમવાની મજા બગાડી છે. હવે ગાંધીધામમાં જ્યાં રાવણ દહનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો ત્યાં વરસાદી પાણી ભરાઈ જવાને કારણે સમગ્ર કાર્યક્રમ રદ કરવામાં આવ્યો છે.

કચ્છના રાપર સહિતના વિસ્તારોમાં ભારે વરસાદને કારણે પાણી ભરાઈ ગયાં છે. સામખિયાળી સહિત કાંઠા વિસ્તારમાં વરસાદ વરસ્યો છે. સામખિયાળીના જંગી, વાંઢીયા, લાલિયાણા અને લાકડીયા સહિતના પંથકમાં વરસાદ ખાબક્યો છે. આ ઉપરાંત ભુજ, ગાંધીધામ અને રાપર તાલુકાના વિસ્તારોમાં પણ વરસાદ ખાબકતાં રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયાં છે. સતત ત્રણ દિવસથી ખાબકી રહેલા વરસાદને કારણે લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે.

# રાજ્યની ધોરણ-૯થી ૧૨ની સ્કૂલોમાં આજથી પ્રથમ કસોટીનો પ્રારંભ થશે

## શુક્રવારથી શરૂ થનારી પ્રથમ પરીક્ષા ૧૩ ઓક્ટોબરે પૂર્ણ થશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૯થી ૧૨ની પ્રથમ પરીક્ષાનો શુક્રવારથી પ્રારંભ કરવામાં આવશે. અગાઉ ધોરણ-૯થી ૧૨ની પ્રથમ પરીક્ષા ૧૧ સપ્ટેમ્બરથી ૨૦ સપ્ટેમ્બર દરમિયાન લેવામાં આવનાર હતી. પરંતુ બોર્ડ દ્વારા કાર્યક્રમમાં ફેરફાર કરી પરીક્ષા ૩ સપ્તાહ પાછળ લઈ જવાનું નક્કી કરાયું હતું. જેથી હવે શુક્રવારથી શરૂ થનારી પ્રથમ પરીક્ષા ૧૩ ઓક્ટોબરના રોજ પૂર્ણ થશે. ૧૩ ઓક્ટોબરના રોજ પરીક્ષા પૂર્ણ થયા બાદ ૧૬ ઓક્ટોબરથી ૨૧ દિવસના દિવાળી વેકેશનનો પ્રારંભ થશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં જ એકેડેમિક કેલેન્ડર જાહેર કરી દેવામાં આવે છે. જેમાં સમગ્ર વર્ષ દરમિયાન અભ્યાસના દિવસો તથા પરીક્ષા ક્યારથી શરૂ થશે તે અંગેની વિગતો દર્શાવવામાં આવેલી હોય છે. એકેડેમિક કેલેન્ડર અનુસાર, રાજ્યમાં ધોરણ-૯થી ૧૨ની પ્રથમ કસોટી ૧૧ સપ્ટેમ્બરથી ૨૦ સપ્ટેમ્બર દરમિયાન યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જોકે, રાજ્યમાં યોજાનારી ધોરણ-૯થી ૧૨ની પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવા માટે શૈક્ષણિક સંઘો દ્વારા શિક્ષણ બોર્ડને રજૂઆત કરવામાં આવી હતી.

બોર્ડ દ્વારા ધોરણ-૯થી ૧૨ની પ્રથમ પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. જેથી શુક્રવારથી ધોરણ-૯થી ૧૨ની પ્રથમ કસોટીનો પ્રારંભ કરવામાં આવશે. ધોરણ-૯થી ૧૨ની પ્રથમ પરીક્ષા શુક્રવારથી શરૂ થશે અને ૧૩ ઓક્ટોબરના રોજ પૂર્ણ થશે. આ પરીક્ષા માટે જૂન માસથી સપ્ટેમ્બર માસ સુધીનો અભ્યાસક્રમ રહેશે. બોર્ડે જાહેર કરેલા અગાઉના કાર્યક્રમ અનુસાર નવારત્રીના તહેવારો પહેલા જ પરીક્ષા પૂર્ણ થઈ જતી હતી. પરંતુ સંઘોની રજૂઆત હતી કે નવરાત્રિ પછી પરીક્ષા યોજવામાં આવે, જેથી કાર્યક્રમમાં બદલાય કરાયો હતો. જોકે, રાજ્યની પ્રાથમિક સ્કૂલો દ્વારા તો અગાઉથી જ નવરાત્રિના તહેવારો પછી જ પ્રથમ કસોટી રાખવાનું આયોજન કર્યું હતું. પરીક્ષા પૂર્ણ થયા બાદ ૧૬ ઓક્ટોબરથી રાજ્યની તમામ સ્કૂલોમાં એક સાથે ૨૧ દિવસના દિવાળી વેકેશનનો પ્રારંભ થશે તેમ સૂત્રોએ જણાવ્યું છે.

### ભાજપના પ્રદેશ અધ્યક્ષની ચૂંટણી સંબંધિત કાર્યક્રમ જાહેર

# લાંબા સમયથી ચાલી રહેલી અટકળો વચ્ચે આવતીકાલે ગુજરાત ભાજપને નવા પ્રદેશ પ્રમુખ મળશે

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત ૩૦૦થી વધુ લોકો મતદાન કરશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨

તારીખ બે ઓક્ટોબરના રોજ ભાજપના પ્રદેશ અધ્યક્ષની ચૂંટણી સંબંધિત કાર્યક્રમ જાહેર થયો છે. લાંબા સમયથી ચાલી રહેલી અટકળો વચ્ચે હવે કાર્યકરોમાં આતુરતાનો અંત આવ્યો છે. ત્રણ ઓક્ટોબરના રોજ ભાજપના ગુજરાત રાજ્યના પ્રદેશ પ્રમુખ અને રાષ્ટ્રીય પરિષદના સભ્યોની ચૂંટણીની પ્રક્રિયા કરવામાં આવશે. પ્રદેશ પ્રમુખની પસંદગી પ્રક્રિયા માટે ભૂપેન્દ્ર યાદવને ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ જ નવા પ્રદેશ પ્રમુખનું નામ જાહેર કરશે. આ સાથે જ ગુજરાત ભાજપને ૧૧ પ્રમુખ મળશે.

ગુજરાત ભાજપના પ્રદેશ પરિષદના ૨૯૨ સભ્ય પ્રદેશ પ્રમુખ વોટિંગથી પસંદગી કરશે. આ જ ૨૯૨ સભ્ય રાષ્ટ્રીય પરિષદના ૨૯ સભ્યોની પણ પસંદગી કરશે. નોંધનીય છે કે, તમામ રાજ્યના રાષ્ટ્રીય પરિષદના સભ્યો રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી કરતા હોય છે.

સવારે ૧૧:૦૦ વાગ્યાથી ૨:૦૦ વાગ્યા સુધી ફોર્મ સ્વીકારવાની પ્રક્રિયા થશે. બપોરે ૩:૦૦ વાગ્યાથી ૪:૦૦ વાગ્યા સુધી ફોર્મ ચકાસણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે અને સાંજે ૫ વાગ્યાથી ૫:૩૦ વાગ્યા સુધી ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા કરવામાં આવશે. ૪ ઓક્ટોબરના રોજ સવારે ૧૦થી ૧૧ વાગ્યા સુધીમાં મતદાન થશે. મતગણતરી અને પ્રદેશ પ્રમુખની જાહેરાત ૧૨ વાગ્યાની આસપાસ કરવામાં આવશે. ભાજપ દર ૩ વર્ષે સંગઠનાત્મક ચૂંટણી કરાવે છે - સૌથી પહેલાં બૂથ, મંડળ, જિલ્લા ત્યારબાદ રાજ્ય સ્તરે ચૂંટણી થાય છે. મોટાભાગના રાજ્યોમાં (લગભગ ૫૦% જેટલા) આ ચૂંટણી પૂર્ણ થઈ જાય પછી જ રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણીની પ્રક્રિયા શરૂ થાય છે. અત્યાર સુધીમાં ૨૯ રાજ્યોમાં આ ચૂંટણી પ્રક્રિયા થઈ છે ગુજરાત ૩૦મા? નંબરે છે. આ ચૂંટણી પ્રક્રિયા સમગ્ર ભારતમાં પ્રથમ વખત યોજાઈ રહી છે

કમલમમાં છેલ્લા કેટલાક દિવસોથી બેઠકોનો દોર ચાલી રહ્યો છે. સંગઠનમાં નવા નેતૃત્વ માટે ચર્ચાઓ ચાલી રહી છે. કાર્યકરો અને નેતાઓમાં ઉત્સુકતા છે કે કયો ચહેરો નવા અધ્યક્ષ તરીકે સામે આવશે અને આગામી ચૂંટણીમાં પક્ષને વિજયી બનાવવા માટે નેતૃત્વ કરશે. ઉલ્લેખનીય છે કે, પ્રદેશ પ્રમુખની ચૂંટણી માટે યોજાનાર મતદાન પ્રક્રિયામાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ધારાસભ્યો સહિત ૩૦૦થી વધારે લોકો મતદાન કરશે.

# વડોદરામાં દારૂ પીધેલા કારચાલકે પહેલા યુવતીને ટક્કર મારી બાદમાં ટ્રાફિક પોલીસ સાથે ઝપાઝપી કરી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨

વડોદરા શહેરમાં અવાર નવાર નશામાં ધૂત થઈને કાર હંકારવાના કારણે અકસ્માત થાય છે. જેમાં ઘણા નિર્દોષ લોકોના ભોગ લેવાતા હોય છે. નવરાત્રિના નવમા નોરતે મકરપુરા રોડ પર એક ચિક્કાર દારૂનો નશો કરેલી હાલતમાં વૈભવી કારચાલકે યુવતીને પહેલા ટક્કર મારી હતી. ત્યારબાદ રોંગ સાઇડ કાર ચલાવતા ટ્રાફિક પોલીસે તેને રોકતા આ પીધેલાએ પોલીસ કર્મચારી સાથે પણ ઝપાઝપી કરી હતી. જેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જાહેરમાં ટ્રાફિક પોલીસ કર્મચારીને ગાળો દેતા આ કારચાલકને જાહેર જનતાએ મેથી પાક ચખાડ્યો હતો ત્યારબાદ આ વૈભવી કાર ચાલકને ઝડપી પાડ્યો છે.

મકરપુરા વિસ્તારમાં એક લેન્ડ રોવર ફ્રિલેન્ડર કારચાલકે સાઈડ ભવન્સ સ્કૂલ સર્કલ ફરવાના બદલે રોંગ સાઈડ વળાંક લીધો હતો. ત્યારબાદ



આ કારના ચાલકે પ્રતાપ નગર તરફ જતા એક બાઈકને ટક્કર મારી હતી. જેમાં પાછળ બેઠેલી યુવતીને સામાન્ય ઈજા થઈ હતી. ત્યાંથી પ્રતાપનગર તરફ જતા ટ્રાફિકમાં બાઈકને ટક્કર મારી હતી. આ અથડામણમાં બાઈક પર પાછળ બેઠેલી યુવતીના પગમાં ઈજા પહોંચી હતી. આ કારચાલક ચિક્કાર દારૂનો નશો કરેલી હાલતમાં હોય બાઈક સવારો સાથે ઝઘડો કરવા લાગ્યો હતો. ટ્રાફિક પોલીસે પણ કાર સાઈડમાં લેવાનું જણાવતાં આ ચાલકે ટ્રાફિક પોલીસના હેડ કોન્સ્ટેબલ કુલદીપસિંહ સાથે અસભ્ય વર્તન કરવા સાથે ગાળાગાળી અને હાથાપાઈ કરી હતી. નશામાં ધૂત કારચાલકે ભેગા થયેલા રાહદારીઓ સાથે પણ ઝઘડો કર્યો હતો. જેના કારણે જાહેર રોડ પર બખેડો થઈ ગયો હતો. હેડ કોન્સ્ટેબલ અલસીંગભાઈએ પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરી હતી. જે બાદ મકરપુરા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી પરંતુ માંજલપુર પોલીસ સ્ટેશનની હદ હોવાથી ચિક્કાર નશો કરેલા ચાલક દેવેન્દ્રસિંહ હરિસિંહ સિંધા (રહે.સત્વ અરોમા ફ્લેટ, સાંઈ ચોકડી પાસે, માંજલપુર, મૂળ. નવાબજાર, સ્વામી નારાયણ મંદિર પાસે, કરજણ, જિ.વડોદરા)ને માંજલપુર પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવ્યો હતો. પોલીસે કારમાં તપાસ કરતા દારૂની બોટલ પણ મળી આવી હતી.

ત્યારે નશો કરીને કાર ચલાવતા લોકોને જાણે પોલીસનો કોઈ પ્રકારનો ડર ન હોય તેમ બિન્દાસ્ત રીતે કાર લઈને નીકળી પડતા હોય છે અને અકસ્માત કરી નિર્દોષ લોકોનાં ભોગ લેતા હોય છે. થોડા મહિના અગાઉ વૈભવી કાર ચાલક રક્ષિત ચોરસિયાએ કારેલીબાગમાં ગાંજાનો નશો કરીને આઠ લોકોને અડફેટે લીધા હતા જેમાં મહિલાનું મોત થયું હતું. ત્યારે પોલીસે આરોપીની ધરપકડ કરવા સાથે વૈભવી લેન્ડ રોવર ફ્રિલેન્ડર કાર કબજે કરી છે.

# સેવન્થ ડે સ્કૂલમાં આજથી ધોરણ-૧૦ ૧૨ના ઓફલાઈન વર્ગો શરૂ થશે

## હાઈકોર્ટના નિર્દેશ બાદ DEO દ્વારા ઓફલાઈન વર્ગો શરૂ કરવાનો નિર્ણય કરાયો હતો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨

મણીનગરમાં આવેલી સેવન્થ ડે સ્કૂલમાં દોઢ માસ પછી શુક્રવારથી ધોરણ-૧૦ અને ૧૨ના વર્ગોમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ કરવામાં આવનાર છે. ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપેલા નિર્દેશ પછી અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા ઓફલાઈન શિક્ષણ શરૂ કરવા માટે નિર્ણય કર્યો હતો. જોકે, આ નિર્ણય કરાયા બાદ જિલ્લા શિક્ષણાધિકારીની ટીમ સ્કૂલમાં તપાસ માટે ગઈ હતી અને ત્યારબાદ હવે ઓફલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સેવન્થ ડે સ્કૂલમાં ૧૯ ઓગસ્ટના રોજ ધોરણ-૧૦ના વિદ્યાર્થીની હત્યાની ઘટના બની હતી અને ત્યારબાદ ૨૦ ઓગસ્ટના રોજ સ્કૂલ પર વાલીઓએ ભારે હોબાળો મચાવ્યો હતો અને તોડફોડ કરી હતી. જેના પગલે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં ઓફલાઈન શિક્ષણ બંધ કરવાનો નિર્ણય લીધો હતો અને ઓનલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન તપાસ માટે કમિટીની રચના કરવામાં આવી હતી અને હાઈકોર્ટમાં પણ કેસ દાખલ થયો હતો.

હાઈકોર્ટમાં કેસની મુદ્દત વખતે કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્દેશના પગલે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સ્કૂલમાં ઓફલાઈન વર્ગો શરૂ કરવા અંગે નિર્ણય કર્યો હતો. જે અનુસાર હવે શુક્રવારના રોજથી સ્કૂલમાં ધોરણ-૧૦ અને ૧૨ના ઓફલાઈન વર્ગો શરૂ કરવામાં આવશે. જ્યારે તબક્કાવાર અન્ય ધોરણમાં પણ ઓફલાઈન શિક્ષણ શરૂ કરવાનું નક્કી કરાશે.

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ સ્કૂલમાં નિરીક્ષણ માટે બે અધિકારીઓની નિમણુંક કરેલી છે, આ બંને અધિકારીઓ સ્કૂલમાં ઓફલાઈન શિક્ષણ શરૂ થાય તે પહેલા તપાસ માટે ગયા હતા અને સ્કૂલને જરૂરી સૂચનાઓ આપી હતી. ઉપરાંત વાલીઓની કમિટી દ્વારા પણ જે સૂચનો કર્યા હતા તે પૂર્ણ કરવા માટે તાકીદ કરાઈ હતી.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS